રાજસ્થાનના ઝુનઝુનુના નુઆન ગામના અધિકારીઓના પરિવાર તરફથી વધુ એક સારા સમાચાર આવ્યા છે. ગામની પુત્રી - હવે કર્નલ - ઈશરત અહેમદ, ભારતીય સેનામાં ઓર્ડનન્સ યુનિટની કમાન્ડ સંભાળવા માટે તૈયાર છે. ઈશરત અહેમદ નુઆનના રહેવાસી સ્વર્ગસ્થ કર્નલ ઝાકી અહેમદની પુત્રી છે. તેમના ભાઈ સાકિબ હુસૈન ભારતીય સેનામાં કૈમખાની સમુદાયના ઈતિહાસમાં પ્રથમ બ્રિગેડિયર બનવાનું ગૌરવ ધરાવે છે. દરમિયાન, ઈશરત અહેમદ પોતે રાજસ્થાનની પ્રથમ બેચની પ્રથમ મહિલા કર્નલ છે જેણે મુખ્ય આર્મી યુનિટ - ખાસ કરીને ઓર્ડનન્સ યુનિટની કમાન્ડ સંભાળી છે. નોંધનીય છે કે ઈશરત અહેમદના પિતા, કર્નલ ઝાકી અહેમદ, આર્મી એજ્યુકેશન કોર્પ્સમાં સેવા આપી હતી. તેઓ નુઆન ગામના પહેલા અધિકારી હતા જેમને ડાયરેક્ટ કમિશન મળ્યું હતું, જે તેમણે ૧૯૭૧માં મેળવ્યું હતું. ૧૯૯૫માં બિકાનેરમાં રહેતા હતા ત્યારે તેમનું અવસાન થયું.

**ઈશરત અહેમદના પરિવારના અધિકારીઓ**

ઈશરત અહેમદ એક એવા પરિવારમાંથી આવે છે જ્યાં જાહેર સેવાનો વારસો છે, જેમણે



ભારતીય વહીવટી સેવા (IAS) અને ભારતીય સેના બંનેમાં અનેક અધિકારીઓનું યોગદાન આપ્યું છે. તેમના પરિવારમાંથી, લિયાકત અલી રાજસ્થાનના પ્રથમ મુસ્લિમ પોલીસ મહાનિરીક્ષક (IG) તરીકે સેવા આપી હતી. ઈશરત અહેમદના કાકા, અશફાક હુસૈન અને ઝાકીર હુસૈન, IAS માટે લાયક હતા અને જિલ્લા કલેક્ટર તરીકે સેવા આપી હતી. તેમના ભાઈ, શાહીન અલી, રાજસ્થાન વહીવટી સેવા (RAS)માં વરિષ્ઠ અધિકારી છે, જ્યારે તેમની બહેન, ફરાહ હુસૈન, ભારતીય વિદેશ સેવા (IFS)માં અધિકારી છે. ફરાહના પતિ, કમર જવાન ચૌધરી, IAS અધિકારી છે. IAS અધિકારી ચૌધરી હાલમાં સીકરના જિલ્લા કલેક્ટર તરીકે સેવા આપે છે. તેમની બહેન, કાયનાત ખાન, જયપુર સચિવાલયમાં વિધાનસભા ડ્રાફ્ટ્સમેનનું પદ ધરાવે છે. વધુમાં, તેના કાકાઓ - રફીક ખાન, શફીક ખાન અને હામિદ ખાન - બધા સરકારી સેવામાંથી નિવૃત્ત થયા છે.

**૨૦૦૧માં કમિશન્ડ**

૨૦૦૧માં ચેન્નાઈમાં કમિશન્ડ ઈશરત અહેમદે આર્મી ઓફિસર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી; તેમને પહેલા એક દારૂગોળો કંપનીની કમાન સોંપવામાં આવી હતી અને હવે તેમને ડિવિઝનલ ઓર્ડનન્સ યુનિટની કમાન સોંપવામાં આવી છે. જનહિત એકતા સમિતિના પ્રમુખ ઝાકિર ઝુનઝુનુવાલા સહિત ઘણા લોકોએ ઈશરત અહેમદને નવી જવાબદારી મળવા પર ખુશી વ્યક્ત કરી.

### ઐતિહાસિક સ્થળોની જાણકારી અપાઈ

# આજે વિશ્વ વારસા દિવસ જૂનાગઢમાં હેરિટેજ વોક યોજાઈ

જૂનાગઢ, તા.૧૮

વિશ્વ વારસા દિવસના અવસરે જૂનાગઢ શહેરમાં ઈતિહાસ અને વારસાની જાગૃતિ વધારવાના ઉદ્દેશ સાથે ઈન્ટેક (INTACH) જૂનાગઢ ચેપ્ટર તથા ડો.સુભાષ મહિલા આર્ટસ, કોમર્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ, જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે એક માહિતીસભર અને રસપ્રદ હેરિટેજ વોકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવા પેઢી અને નાગરિકોમાં પોતાના શહેરના ઐતિહાસિક વારસા પ્રત્યે ગૌરવભાવ જગાડવાનો અને સંસ્કૃતિ સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવાનો હતો.



આ હેરિટેજ વોકનો રૂટ જૂનાગઢના અતિપ્રસિદ્ધ ઐતિહાસિક સ્મારક મહાબત મકબરાથી શરૂ થઈ સર્કલ ચોક સુધી રાખવામાં આવ્યો હતો. આ યાત્રામાં શહેરના ઈતિહાસપ્રેમી, વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો તેમજ જાગૃત નાગરિકો સહિત આશરે પચાસ જેટલા ભાઈઓ અને બહેનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન ભાગ લેનારાઓમાં ઉત્સાહ અને જિજ્ઞાસા સ્પષ્ટપણે જોવા મળી હતી.

હેરિટેજ વોકમાં જૂનાગઢના પ્રખ્યાત ઈતિહાસકાર અને ઈન્ટેકના કન્વીનર ડો.પ્રદ્યુમ્ન ખાચરે માર્ગદર્શન આપ્યું હતું. આ હેરિટેજ વોકને સોરઠની વિદ્યાપીઠ સમાન વિખ્યાત ઐતિહાસિક બહાઉદ્દીન કોલેજના પ્રિન્સિપાલ જે.આર. વાંઝાના હસ્તે લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. તેમણે સૌને બહાઉદ્દીન કોલેજની વિશેષતાઓની વાત કરી અને પોતાના વિદ્યાર્થીઓને પણ ભવિષ્યના હેરીટેજ વોકમાં જોડશે એમ કહી સૌને આવી પ્રવૃત્તિ કરવા બદલ અભિનંદન આપ્યા હતા.

આ કાર્યક્રમમાં ડો. સુભાષ મહિલા કોલેજના પ્રિન્સિપાલ અને યજમાન ડો. બલરામ ચાવડાએ આવકાર પ્રવચન આપતાં જણાવ્યું હતું કે, આવા પ્રયાસોથી નગરપ્રેમ, સંસ્કૃતિ જાગૃતિ અને વારસા સંરક્ષણ માટે મહત્ત્વપૂર્ણ સાબિત થાય છે.કાર્યક્રમના અંતે ઈન્ટેક જૂનાગઢ ચેપ્ટરના કો-કન્વીનર પ્રા.ચેતનાબેન ચુડાસમાએ ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમના લીધે શહેરમાં વારસા પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો એક સફળ પ્રયાસ સાબિત થયો હતો અને ઉપસ્થિત સહભાગીઓએ તેને ખૂબ જ સરાહનીય ગણાવ્યો હતો. આ હેરિટેજ વોકની નગરજનોની લોકમાંગણી આવશે તો દર મહિને હેરિટેજ વોક કરવામાં આવશે.

# ડીસાની રાજપુર પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

(સંવાદદાતા દ્વારા)

ડીસા, તા.૧૮

ડીસા તાલુકાની શ્રી રાજપુર પ્રાથમિક શાળા નંબર ૧માં ધોરણ ૮માં અભ્યાસ કરતા બાળકોનો વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ પોતાના શાળા જીવનના અનુભવો અને લાગણીઓ વ્યક્ત કરી હતી. જ્યાં વર્ષો સુધી જે શાળાના આંગણે શિક્ષણ મેળવ્યું તે જ શાળામાંથી આગળના અભ્યાસ અર્થે જઈ રહેલા વિદ્યાર્થીઓને શાળાનાં શિક્ષક મંગળગીરી ગોસાઈ, કિરણભાઈ સોલંકી અને આશાબેન ચાવડા દ્વારા તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વાદ અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય શ્રવણભાઈ અનાવાડીયા દ્વારા બાળકોને પ્રેરણાત્મક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને આવનારા દિવસોમાં મહેનત કરી શાળા તથા ગામનું નામ રોશન કરવા માટે અનુરોધ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નરેન્દ્રભાઈ ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું.

# ભાવનગરમાં SPએ સંવેદનશીલ મતદાન મથકોની મુલાકાત લીધી

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૧૮

આગામી તા.૨૬એપ્રિલના રોજ રાજયભરની સાથે ભાવનગરમાં મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીનું મતદાન થનાર છે. જેને લઈને પોલીસ દ્વારા પણ બંદોબસ્તના પ્લાનિંગ કરાઈ રહ્યા છે. તેમજ અટકાયતી પગલાં અને પેટ્રોલિંગ પણ વધારવામાં આવ્યું છે.

ચૂંટણી દરમિયાન વહીવટી શાખા દ્વારા શહેરના કેટલાક મતદાન મથકો સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા છે અને તેના બંદોબસ્ત માટે જિલ્લા પોલીસ વડાને જવાબદારી આપવામાં આવી હોય ગત રાત્રિના ભાવનગર જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડે તથા સિટી ડીવાયએસપી સિંઘાલ સહિત પોલીસ કાફલો શહેરના કરચલીયાપરા, વાલ્કેટગેટ, લીંબડીવાળી સડક, રાણીકા, પ્રભુદાસતળાવ, ખેડૂતવાસ સહીત વિસ્તારોમાં આવેલ મતદાન બુથની મુલાકાતે પહોંચ્યા હતા અને સંપૂર્ણ નિરીક્ષણ કરીને બંદોબસ્તની સ્કીમ બનાવીને અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું.

### નડિયાદ સ્પેશિયલ પોક્સો કોર્ટનો ચુકાદો

# મહુધાના હેરંજમાં સગી કાકી પર દુષ્કર્મ ગુજારવાના બનાવમાં ભત્રીજાને ૧૦ વર્ષની કેદ

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧૮

સમાજમાં માતા-પુત્ર સમાન ગણાતા કાકી-ભત્રીજાના પવિત્ર સંબંધને કલંકિત કરતી ઘટનામાં નડિયાદની સ્પેશિયલ પોક્સો અદાલતે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. પોતાની જ સગી કાકી પર દુષ્કર્મ ગુજારનાર મહુધા તાલુકાના હેરંજના નરાધમ ભત્રીજાને અદાલતે ૧૦ વર્ષની સખત કેદની સજા અને રોકડ દંડ ફટકારી સમાજમાં દાખલો બેસાડ્યો છે. મહુધા તાલુકાના હેરંજ શક્તિનગર વિસ્તારમાં રહેતા મુકેશ પ્રભાતભાઈ ઝાલાએ માનવીય સંબંધોની તમામ મર્યાદાઓ ઓળંગી ગત તારીખ ૧૫-૦૬-૨૦૨૩ અને ૨૬-૦૭-૨૦૨૩ના રોજ પોતાની સગી કાકીને શિકાર બનાવી હતી. કાકી ઘરે એકલા હોવાનો લાભ ઉઠાવી આરોપીએ તેમની મરજી વિરુદ્ધ બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું. આ અત્યાચાર આચર્યા બાદ નરાધમ મુકેશે ભોગ બનનાર મહિલાને ધમકી આપી હતી કે જો આ અંગે કોઈને જાણ કરવામાં આવશે તો તે તેને જાનથી મારી નાખશે. સતત મળતી ધમકીઓ અને અત્યાચાર વચ્ચે આખરે મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો, જ્યાં મહુધા પોલીસે આરોપી વિરુદ્ધ ઈ.પી.કો. કલમ ૩૭૬(૨)(એફ)(એન) અને ૫૦૬(૨) હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને આરોપીને પકડી તપાસ કર્યા બાદ ચાર્જશીટ કોર્ટમાં મૂકી હતી. આ કેસ નડિયાદની એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં ચાલવા ઉપર આવતા ન્યાયિક પ્રક્રિયા તેજ બની હતી. પ્રસ્તુત કેસમાં ભોગ બનનાર મહિલાએ સોગંદ પર આપેલું નિવેદન અને રજૂ કરવામાં આવેલા વૈજ્ઞાનિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ આરોપીને ગુનેગાર સાબિત કરવા માટે પૂરતા નિવડ્યા હતા. એડિશનલ સેશન્સ જજ પી.પી. પુરોહિતે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ અદાલતે આરોપી મુકેશ ઝાલાને દોષિત ઠેરવી ઈ.પી.કો. કલમ ૩૭૬(૨)(એફ)(એન) હેઠળ ૧૦ વર્ષની સખત કેદ અને ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. જો આરોપી દંડ ન ભરે તો તેણે વધુ એક વર્ષની કેદ ભોગવવી પડશે. આ ઉપરાંત, જાનથી મારી નાખવાની ધમકી આપવાના ગુનામાં કલમ ૫૦૬(૨) હેઠળ ૩ વર્ષની સખત કેદ અને ૫,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે, જેમાં દંડની રકમ ન ચૂકવાય તો વધુ ૬ માસની સજાનો હુકમ કરવામાં આવ્યો છે.

### મનપાની ચૂંટણીને અનુલક્ષીને

# જામનગર ખાતે પટણીવાડમાં પોલીસનું નાઈટ કોમ્બિંગ ઓપરેશન

(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા.૧૮

જામનગર શહેરમાં આગામી તા.૨૬ના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખી શહેરનું પોલીસ તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. ખાસ કરીને સિટી એ. ડિવિઝનના નવનિયુક્ત પી.આઈ. વી.એમ. ડોડિયા હાજર થયા ત્યારથી સતત એક્શન મોડમાં રહ્યા છે અને ખાસ કરીને શહેરના સંવેદનશીલ વિસ્તારમાં વિશેષ કોમ્બિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. શહેર તથા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વિવિધ વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.

આ અનુસંધાને જામનગર શહેરના સંવેદનશીલ ગણાતા પટણીવાડ વિસ્તારમાં સિટી-એ ડિવિઝન પોલીસ દ્વારા વિશેષ કોમ્બિંગ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં પીઆઈ વી.એમ. ડોડિયા અને પીએસઆઈ ડી.જી. રામાનુજ સહિતના પોલીસ સ્ટાફ દ્વારા જાહેર સ્થળો, રસ્તાઓ તથા શંકાસ્પદ સ્થળોએ તપાસ કરવામાં આવી હતી.ખાસ કરીને પટણીવાડ વિસ્તારમાં મોડી રાત સુધી ચા-પાનના ગલ્લાઓ પાસે વાહનો સાઈડમાં પાર્ક કરી જમાવડો કરીને બેસનારાઓ સામે પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસની હાજરી જોતા જ કેટલાક લોકો સ્થળ પરથી તાત્કાલિક ભાગી ગયા હતા.

### ગણતરીની કલાકોમાં આરોપીઓની ધરપકડ

# જૂનાગઢ તાલુકાના ખડિયા ગામે થયેલ યુવાનની હત્યાનો ભેદ ઉકેલાયો

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૧૮

જૂનાગઢના ખડિયા ગામ નજીક જંગલ વિસ્તારમાં ડુંગરપુરના યુવકની થયેલ હત્યાના બનાવમાં મૃતકની પત્નીની ફરિયાદના આધારે પોલીસે ગણતરીની કલાકોમાં આરોપીઓને ઝડપી લઈ કાર્યવાહી કરી છે.

પ્રાપ્ત થતી વિગતો અનુસાર, જૂનાગઢ તાલુકાના ડુંગરપુર ગામે યુવાનની હત્યાનો બનાવ બનવા પામતા પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ તપાસની કામગીરી હાથ ધરી હતી અને બે આરોપીની ધરપકડ કરી હતી દરમ્યાન આ બનાવ અંગે ડીવાયએસપી રવિરાજસિંહ પરમાર એ જણાવ્યું હતું કે, મૃતક રફિકશા કરીમશા રફાઈ ડુંગરપુર વિસ્તારમાં રહીને છૂટક મજૂરી કામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા તે પોતાના ઘરે હાજર હતા ત્યારે આ ગુનાના આરોપીઓ મિલન સોલંકી અને અનિલ ગુજરાતી તેમના ઘરે પહોંચ્યા હતા. આરોપીઓએ રફિકશાને પોતાની સાથે 'ધના મહારાજ'ના આશ્રમ પાસે આવવા માટે દબાણ કર્યું હતું. આ એક નશાના કારણે ઊભી થયેલી માથાકૂટનો કરૂણ અંજામ છે. પોલીસે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સોર્સની મદદથી અલગ-અલગ ટીમો બનાવી હતી અને ગણતરીના કલાકોમાં જ મિલન સોલંકી અને અનિલ ગુજરાતીને ઝડપી પાડવામાં સફળતા મળી છે. પ્રાથમિક તપાસમાં એવું જાણવા મળ્યું છે કે, આ ત્રણેય શખ્સો કોઈ નશાકારક પદાર્થનું સેવન કરવા માટે એકઠા થયા હતા. નશાની હાલતમાં કોઈ જૂની અદાવત અથવા તાત્કાલિક કોઈ વાત પર તકરાર થતા મામલો બિચક્યો હતો. આરોપીઓ મિલન સોલંકી અને અનિલ ગુજરાતી નશામાં ઉશ્કેરાઈ ગયા હતા અને રફિકશા સાથે ઉગ્ર બોલાચાલી બાદ મારામારી પર ઉતરી આવ્યા હતા દરમ્યાન નજીકમાં પડેલા લોખંડના સળિયા અને ધોકા વડે રફિકશા પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાખોરોએ એટલી હદે નિર્દયતા દાખવી હતી કે રફિકશાને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી અને હુમલાના કારણે તેમના પગમાં પણ ફેક્ચર થઈ ગયા હતા. ગંભીર ઈજાઓ અને વધુ પડતા રક્તસ્ત્રાવના કારણે રફિકશાનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. પોલીસે મૃતકની લાશને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડી આગળની કાર્યવાહી હાથ કરેલ અને મૃતકના પત્ની નજમાબેન રફિકશા રફાઈની ફરિયાદના આધારે આરોપીઓ મીલન સોલંકી અને અનીલ ગુજરાતીની વિરૂદ્ધ ગુનો નોંધી ગણતરીના કલાકોમાં ઝડપી લઈ કાર્યવાહી કરી છે.

# આમોદ નજીક ઢાઢર નદીમાં મગર યુવકને ખેંચી જતા ભય

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૧૮

આમોદ તાલુકાના દાદાપોર ગામ નજીક ઢાઢર નદીમાં મગરના હુમલાની હચમચાવી દેતી ઘટના સામે આવી છે. જંબુસર તાલુકાના જાફરપરા ગામના રહેવાસી કિશનભાઈ રાઠોડને મગર નદીમાં ખેંચી જતાં વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો છે.

મળતી માહિતી મુજબ, કિશનભાઈ રાઠોડ પોતાની સાસરી બોજાદરા ગામે આવ્યા હતા. દરમિયાન તેઓ ઢાઢર નદી પાર કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે અચાનક મગરના હુમલામાં સપડાયા હતા. ઘટનાને નજરે જોનારા સ્થાનિકોના જણાવ્યા અનુસાર, મગર તેમને પાણીમાં ખેંચી ગયો હતો.

ઘટનાની જાણ થતા જ બોજાદરા અને દાદાપોર ગામના લોકો મોટી સંખ્યામાં નદી કિનારે દોડી આવ્યા હતા. સ્થાનિક લોકો તથા બચાવ ટીમ દ્વારા બોટની મદદથી કિશનભાઈની શોધખોળ હાથ ધરવામાં આવી છે. જોકે કલાકો વીતી ગયા છતાં હજુ સુધી કોઈ પત્તો લાગ્યો નથી. આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભય અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ વનવિભાગ તથા તંત્ર પાસે મગરોની વધતી સંખ્યાને લઈને તાત્કાલિક પગલાં લેવા માંગ ઉઠાવી છે.

### ભરૂચમાં ચૂંટણીના માહોલ વચ્ચે

# વેજલપુર વિસ્તારમાં મોડી રાત્રે અસામાજિક તત્ત્વો દ્વારા વાહનોને આગ ચંપી

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૧૮

ભરૂચના વેજલપુરના ગામડિયાવાડ અને વાણિયાવાડ વિસ્તારમાં મોડી રાત્રે અજાણ્યા શખ્સોએ પાર્ક કરેલા વાહનોને નિશાન બનાવ્યા હતા. મળતી માહિતી મુજબ રાત્રિના આશરે ૧:૪૫ થી ૨:૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન ૪ બાઈક અને ૧ રિક્ષાને આગ ચાંપી દેવામાં આવી હતી.



(તસવીર : વાહીદ મશહદી, ભરૂચ)

આગ લાગતા જ વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક લોકો ઊંઘમાંથી જાગીને બહાર દોડી આવ્યા હતા, પરંતુ ત્યા સુધીમાં વાહનો બળીને ખાખ થઈ ગયા હતા. પોલીસ તંત્ર દ્વારા આસપાસના સીસીટીવી ફૂટેજની તપાસ શરૂ કરવામાં આવી છે અને આરોપીઓને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. હાલ સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છે અને લોકોમાં સુરક્ષા અંગે ચિંતા વ્યાપી છે. પોલીસ તપાસ બાદ જ સમગ્ર ઘટનાનો ખુલાસો થવાની સંભાવના છે.

# મોડાસા ખાતે દોઢ કરોડના ખર્ચે બનેલો મેરેજ હોલ શોભાના ગાંઠિયા સમાન !

## બાજુમાં જ ડમ્પિંગ સાઈડ બનાવી દેતા રોષ



(તસવીર : યુસુફ જમાદાર, મોડાસા)

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૧૮

મોડાસા નગરપાલિકાના શાસકોના અણઘડ વહીવટ અને આયોજનના અભાવે જનતાના પરસેવાની કમાણીના કરોડો રૂપિયા કચરામાં જઈ રહ્યા હોવાની વિગતો સામે આવી છે. મોડાસાના બાયપાસ રોડ પર નગરપાલિકા દ્વારા અંદાજે રૂ.૧.૫૦ કરોડના માતબર ખર્ચે મેરેજ હોલનું નિર્માણ કરવામાં આવ્યું હતું, આજે આ હોલ લોક ઉપયોગને બદલે સાવ વેરાન ભાસે છે. બાજુમાં જ ગંદકીના ગંજ ખડકાયેલા જોવા મળી રહ્યા છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, કરોડોના ખર્ચે બનેલો આ આલીશાન હોલ ઉદ્ઘાટન બાદ એક પણ દિવસ કોઈ નાગરિક દ્વારા ભાડે કે અન્ય સામાજિક પ્રસંગ માટે ઉપયોગમાં લેવાયો નથી. ઈમારતની જાળવણીના અભાવે આજે ત્યાં પશુઓનો વસવાટ છે અને ઠેર-ઠેર ગંદકીના થર જામ્યા છે. આશ્ચર્યની વાત તો એ છે કે, જે હેતુ માટે આ ઈમારત બની હતી તેને નેવે મૂકીને નગરપાલિકાએ હોલની પાછળના ભાગે જ શહેરની 'ડમ્પિંગ સાઈડ' બનાવી દીધી છે. મેરેજ હોલ જેવી જગ્યાએ જ્યાં લોકો શુદ્ધ વાતાવરણની અપેક્ષા રાખે, ત્યાં ચોવીસ કલાક કચરાની દુર્ગંધ ફેલાયેલી રહે છે.

આ મામલે વિપક્ષ અને જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મોડાસા શહેર અને જિલ્લા કોંગ્રેસ સમિતિએ આક્ષેપ કર્યો છે કે ભાજપ શાસિત આ નગરપાલિકામાં ભ્રષ્ટાચાર ચરમસીમાએ છે. કોન્ટ્રાક્ટરોને ફાયદો કરાવવા માટે વિના આયોજને કરોડોના પ્રોજેક્ટ્સ ઊભા કરી દેવામાં આવે છે, જે પાછળથી પ્રજા માટે સફેદ હાથી સાબિત થાય છે. મેરેજ હોલની બાજુમાં જ ડમ્પિંગ સાઈડ બનાવવી એ પાલિકાની બુદ્ધિનું પ્રદર્શન છે કે પછી જાણી જોઈને કરેલું પાપ? તેવા સવાલો ઉઠી રહ્યા છે.મોડાસા શહેર કોંગ્રેસ પ્રમુખ રાહુલભાઈ પટેલ અને જિલ્લા પ્રમુખ અરૂણભાઈ પટેલે આ ભ્રષ્ટાચાર સામે આક્રમક વિરોધ નોંધાવતા જણાવ્યું હતું કે, જનતાના પૈસાનો આવો દુર્વ્યય ચલાવી લેવામાં આવશે નહીં. જો સત્વરે આ હોલને ઉપયોગમાં લેવા લાયક બનાવવામાં નહીં આવે અને ગંદકી દૂર નહીં થાય તો આગામી દિવસોમાં પાલિકા સામે ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

### હિંમતનગરના પાણપુર સ્થિત

# દાર-અલ-અરકમ પબ્લિક સ્કૂલનું સીબીએસઈનું ૯૪.૮૭ ટકા પરિણામ




કેશરપુરા, તા.૧૮

હિંમતનગરના પાણપુર સ્થિત દાર-અલ-અરકમ પબ્લિક સ્કૂલ (ડીપીએસ) જે સીબીએસઈ એફીલીટેડ છે. જેનું અમદાવાદ ઝોનનું પરિણામ ૯૬.૬૧% આવ્યું છે ત્યારે ડીપીએસનું પરિણામ ૯૪.૮૭% આવ્યું છે. જેમાં મોહંમદ રકીમ અંસારી ૯૨.૬%, મોહંમદ રાજપુરા ૯૦.૨%, સના વિજાપુરા ૮૯.૬%, ખદીજાબાનુ મેમણ ૮૮.૮%, તૈયબાખાન ૮૮.૦%, રીદા વિજાપુરા ૮૭.૮%, હલીમા ડોડિયા ૮૭.૮%, નાયીરા રાજપુરા ૮૬.૨%, ઈકરા સાચોરા ૮૬.૦ મેળવી શાળાનું નામ રોશન કર્યું છે.

શાળાના વહીવટમાં જેમનું સતત માર્ગદર્શન છે અને સંચાલનમાં મુખ્ય ભાગ ભજવે છે એવા મૌલાના સૈફુદ્દીનસાહબ, તથા આ વિસ્તારના બિઝનેસમેન અબ્બાસભાઈ ગુલામભાઈ વિજાપુરા (મુખી) તથા હિફઝુરભાઈ નદેરીયાએ શાળાના પરિણામથી સંતોષ વ્યક્ત કરી શાળાનું નામ રોશન કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને તથા ઉત્તીર્ણ થયેલ તમામ બાળકોને અને શૈક્ષણિક સ્ટાફને મુબારકબાદી પાઠવી છે.

# દહેજ ખાતે અગરિયા પરિવારોમાં મતદાન અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

## પણિયાદરાના ગ્રામજનોએ લીધા સો ટકા મતદાનના શપથ

(સંવાદદાતા દ્વારા)

વાગરા, તા.૧૮

ભરૂચ જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી અંતર્ગત મતદાનની ટકાવારી વધારવાના હેતુથી ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના દહેજ ખાતે વિશેષ મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મીઠાના ઉદ્યોગમાં રોકાયેલા શ્રમિકો એટલે કે અગરિયાઓ લોકશાહીના આ પર્વમાં સહભાગી થાય તે માટે તંત્ર દ્વારા તેમના રહેઠાણોની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી. તેઓને મતદાનનું મહત્ત્વ સમજાવી, આગામી તારીખ ૨૬મી એપ્રિલના રોજ અચૂક મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ભરૂચ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા 'સ્વીપ' (SVEEP) પ્રવૃત્તિઓને છેવાડાના ગામો સુધી પહોંચાડવામાં આવી રહી છે. જે અંતર્ગત વાગરા તાલુકાના પણિયાદરા ગામે મતદાન જાગૃતિ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. પણિયાદરા ગામના ચોકમાં મોટી સંખ્યામાં એકત્ર થયેલા ગ્રામજનોએ સમગ્ર ગામ ઉત્સાહપૂર્વક અને શાંતિપૂર્ણ રીતે મતદાન પ્રક્રિયામાં સહભાગી બને તે માટે સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી. ગ્રામજનોએ 'મારો મત, મારો અધિકાર'ના નાદ સાથે લોકશાહીના આ મહોત્સવમાં ૧૦૦ ટકા યોગદાન આપવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

# ધોળકા ખાતે બજાર વિસ્તારમાં એક મહિનાથી રોડ ખોદી નંખાતા હાલાકી



(સંવાદદાતા દ્વારા)

ધોળકા, તા.૧૮

ધોળકા ખાતે મેઈન બજારમાં જવાનો મુખ્ય રોડ મલાવ તળાવથી જી.કે. મ્યુનિસિપલ દવાખાનાથી ખોજા ખાના થઈ રાધનપુરીવાડથી મદારઓટા સુધી ગટર લાઈન અને નવો રોડ બનાવવા માટે છેલ્લા એક મહિનાથી ખોદી નાખેલ છે. હાલ ગટર લાઈન નાખવાનું કામ ચાલુ છે પરંતુ ધીમી ગતિ એ કામ ચાલે છે. આથી બજારમાં ખરીદી કરવા આવનારા નગરજનોને ભારે હાલાકી વેઠવી પડે છે. દુકાનદારોના વેપાર ધંધા ઉપર પણ અસર પડે છે. ત્યારે ધોળકા નગરપાલિકાના વહીવટદાર અને ચીફ ઓફિસર આ બાબતને ગંભીર ગણી સ્થળની રૂબરૂ મુલાકાત લે અને ગટર લાઈન અને રોડનું કામ ઝડપથી પૂર્ણ કરાવે એમ નગરજનો ઈચ્છી રહ્યા છે.

# બોડેલીમાં જોખમી નાળું દુર્ઘટના સર્જે તેવી ભીતિ



બોડેલી છોટાઉદેપુર રોડ બોડેલીના ઢોકલીયા રેલવે ફાટક પાસે આવેલ નાળાની બને તરફની ફેરફીટ દીવાલ તૂટી જતાં કોઈ વાહન ખાસ બાઈક કોતરમાં ખાબકે તેવી સ્થિતિ સર્જાઈ છે કોઈ દુર્ઘટના સર્જાઈ તે પહેલા તંત્ર અહીં લોખંડની રેલિંગ કરે અથવા ફેરફીટ દીવાલ બનાવે તેવી માંગ ઉઠી છે. (તસવીર : સોયેબ ખત્રી, બોડેલી)

# હિંમતનગર બસ સ્ટેન્ડ સામે લારીમાંથી લાશ મળી

હિંમતનગર, તા.૧૮

હિંમતનગર બસ સ્ટેન્ડ સામે રોડ કિનારે એક લારીમાંથી અજાણ્યા શખ્સનો મૃતદેહ મળી આવ્યો છે. સ્થાનિકોએ આ અંગે ૧૦૮ અને બી ડિવિઝન પોલીસને જાણ કરી હતી. શનિવારે સવારે બસ સ્ટેન્ડ સામે રોડ કિનારે મૂકેલી એક લારીમાં આ અજાણ્યા શખ્સનો મૃતદેહ જોવા મળ્યો હતો.

માહિતી મળતા જ ૧૦૮ એમ્બ્યુલન્સ અને બી ડિવિઝન પોલીસ ઘટનાસ્થળે આવી પહોંચી હતી. મૃતક ભિક્ષુક જેવો લાગતો હતો અને તેની ઓળખ થઈ શકી ન હતી. પોલીસે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. હાલ પોલીસે મૃતકની ઓળખ કરવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# માલગઢના માહીરની ઈસરો યુવિકા-૨૦૨૬ માટે પસંદગી



ડીસા, તા.૧૮

ડીસા તાલુકાના માલગઢ ગામની શેઠ એલ.એચ. માળી આદર્શ હાઈસ્કૂલમાં ધો.૯માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી માહીર જીતેન્દ્રભાઈ આગઝાની ભારત સરકારની પ્રતિષ્ઠિત સંસ્થા ઈસરો દ્વારા આયોજીત "યુવિકા ૨૦૨૬" (યુવા વૈજ્ઞાનિક કાર્યક્રમ) માટે પસંદગી થતાં શાળા અને બનાસકાંઠા જિલ્લામાં ગૌરવની લાગણી ફેલાઈ છે. આ વર્ષે સમગ્ર ભારતમાંથી રેકોર્ડ બ્રેક ૪ લાખથી વધુ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમ માટે નોંધણી કરાવી હતી. જેમાંથી માત્ર ૪૫૬ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે. ગુજરાતમાંથી માત્ર ૧૪ વિદ્યાર્થીઓ આ પ્રતિષ્ઠિત કાર્યક્રમ માટે પસંદગી પામ્યા છે. માલગઢના માહીર આગઝાનો સમાવેશ થયો છે.

### અમદાવાદ પ્લેન ક્રેશમાં પરિવાર ગુમાવ્યા બાદ હવે વધુ એક આફત !

# યુ.કે. સરકારે ગુજરાતી યુવકને ભારત તગેડવાનો આદેશ આપ્યો

## વડોદરાનો યુવક વિઝાના કાયદા સામે હવે કોર્ટ કેસ કરશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ પ્લેન ક્રેશની દુર્ઘટનામાં અનેક લોકોએ પોતાના પરિવાર ગુમાવ્યા. જેમાં વડોદરાના રહેવાસી યુવકે મહંમદમિયાં મહંમદ આસિફ શેઠવાલાએ અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં પત્ની અને બે વર્ષની માસુમ દીકરી ગુમાવી હતી. પરંતુ યુ.કે. સ્થાયી થયેલા ગુજરાતી યુવક પર આભ તૂટી પડ્યું છે. કારણ કે, બ્રિટનની સરકારે તેને તાત્કાલિક દેશ છોડવાનો આદેશ આપ્યો છે. આખરે શું છે આ મામલો જાણીએ.

વાત એમ છે કે, મૂળ વડોદરાના મહંમદ શેઠવાલા હાલ ૨૮ વર્ષના છે. પાંચ વર્ષ પહેલા વર્ષ ૨૦૨૧માં તેમના લગ્ન સાદીકાબાનુ તપેલીવાલા સાથે થયા હતા. જેના બાદ તેઓ વર્ષ ૨૦૨૨માં બ્રિટનમાં સ્થાયી થયા. પત્નીએ લંડનની યુનિવર્સિટીમાંથી ઈન્ટરનેશનલ બિઝનેસનો કોર્સ કર્યો હતો. જેના થકી સાદીકાબાનુને બે વર્ષન પોસ્ટ સ્ટડી વિઝા મળ્યા હતા. અભ્યાસ બાદ સાદીકાને એક કંપનીમાં નોકરી પણ મળી હતી. આ દરમયાન તેમના પરિવારમાં એક દીકરીનો જન્મ થયો હતો.

પરંતુ ૧૨ જૂન, ૨૦૨૫ના રોજ મહંમદ શેઠવાલા સાથે એવુ બન્યું કે તેઓએ આખો પરિવાર ગુમાવ્યો. મહંમદ શેઠવાલાએ અમદાવાદની એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં પત્ની અને દીકરી બંનેને ગુમાવ્યા હતા. પરંતુ હવે સાદીકાબાનુના મોત બાદ મહંમદ શેઠવાલાને યુ.કે. સરકારે ૨૨ તારીખ સુધીમાં UK છોડી દેવાનું કહી દીધું છે.

આ વાતની જાણ થતા જ ગુજરાતી યુવકના પગ તળેથી જમીન સરકી ગઈ છે. આ વિશે માહિતી સામે આવી કે, મહંમદ શેઠવાલા સ્પાઉસ વિઝા પર લંડન ગયા હતા. તેઓ પત્નીના ડિપેન્ડન્ટ વિઝા પર યુ.કે.માં રહેતા હતા. પરંતુ ૨૩ જાન્યુઆરીના રોજ તેમના વિઝા પૂરા થયા હતા. આ બાદ તેઓએ ફર્ધર લિવ ટુ રિમેન (FLR) માટે અરજી કરી હતી. પરંતુ તેમની અરજી નામંજૂર કરાઈ છે. જેથી યુ.કે. સરકારે તેમને ૧૪ દિવસમાં દેશ છોડી દેવા આદેશ આપ્યો છે.

આ સમગ્ર મામલે મહંમદ શેઠવાલા હવે કાયદાકીય પગલા ભરવાનું વિચારી રહ્યા છે. કારણ કે, કોઈ દુર્ઘટના કે અનિચ્છનીય બનાવ બને તો યુ.કે. સરકારે નાગરિકોની મદદ માટે કાયદો બનાવ્યો છે.

યુવકે હવે કોર્ટમાં જવાનું મન બનાવી લીધું છે. તેનું કહેવુ છે કે, આવી ઘટના બનવી સામાન્ય નથી. તેથી યુ.કે. સરકાર એ એંગલથી વિચારે તો સારૂં. ગુજરાતી યુવકે કહ્યું કે, આ દુર્ઘટના પહેલા મારી પત્નીને વર્ક પરમિટ મળવાની હતી. પરંતુ મારા ભાઈના નિકાહ હતા એટલે એ દરમિયાન વડોદરા આવ્યા હતા. આ દરમિયાન પ્લેનક્રેશની ઘટના બની હતી. હું નિકાહમાં નહોતો આવ્યો.

હવે યુ.કે.માં પત્ની અને દીકરીના મોત બાદ મહંમદ શેઠવાલા સાવ એકલા પડી ગયા છે. જો કોર્ટ તેમને રાહત નહિ આપે તો તેમને લંડન છોડીને પરત ભારત આવી જવું પડશે. તેઓ પત્ની અને દીકરીની સારી યાદો સાથે ભારત પરત ફરશે.

### પત્નીના ભરણપોષણ મામલે સાચી વિગતો છૂપાવવા બદલ હાઈકોર્ટ ખફા

# સુપ્રીમ કોર્ટના આદેશોનો અનાદર કરવા બદલ પતિ સામે કન્ટેમ્પ્ટ કાર્યવાહી કરવાનો હુકમ

## પત્ની અને સગીર પુત્રીને દર મહિને ૫૦ હજાર ભરણપોષણ ચૂકવવા આદેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

ગુજરાત હાઈકોર્ટમાં એક પત્નીએ ઝાલોદની ફેમિલી કોર્ટના હુકમ સામે અપીલ દાખલ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ફેમિલી કોર્ટે પત્ની અને પુત્રી માટે ભરણપોષણની માંગણી કરતી અરજી ફગાવી દીધી હતી. અરજદાર પત્નીએ પોતાના માટે રૂ.૩૦ હજાર અને પુત્રી માટે રૂ.૨૦ હજાર પ્રતિ માસ ભરણપોષણની માંગણી કરી હતી. જેનો હાઈકોર્ટે સ્વીકાર કરતો ચુકાદો આપ્યો છે.

પત્નીનો દાવો હતો કે, તેનો પતિ ઝવેરાતનો વ્યવસાય કરે છે અને વાર્ષિક રૂ.૨૦ લાખથી વધુ કમાણી કરે છે. સામા પક્ષે પતિએ દલીલ કરી હતી કે, તે માત્ર તેના પિતાને વ્યવસાયમાં મદદ કરે છે અને તેની પાસે કોઈ સ્વતંત્ર આવક નથી, તમામ મિલકતો પણ તેના પિતા અને પરિવારની છે. જોકે, હાઈકોર્ટે પતિના ઈન્કમટેક્સ રિટર્ન સહિતના વિવિધ દસ્તાવેજોની ચકાસણી કરી હતી, જેના આધારે પત્નીનો દાવો યોગ્ય જણાયો હતો.

હાઈકોર્ટે પતિને "ધનવાન પિતાનો ગરીબ પુત્ર" કહીને કટાક્ષ કર્યો હતો. કોર્ટે પતિના વલણને "My way or the highway" જેવી ફિલસૂફી ગણાવી નોંધ્યું કે, પતિ જાણી જોઈને તેની સાચી આવક છુપાવી રહ્યો છે. પતિએ સુપ્રીમ કોર્ટના દિશાનિર્દેશો મુજબ એફિડેવિટ તો ફાઈલ કરી હતી, પરંતુ તેમાં આવક અને મિલકતની કોલમ જાણી જોઈને ખાલી છોડી દીધી હતી.

સાચી નાણાકીય વિગતો ન આપીને સુપ્રીમ કોર્ટના આદેશોનો અનાદર કરવા બદલ હાઈકોર્ટે પતિ સામે કન્ટેમ્પ્ટ (અદાલતની અવમાનના)ની કાર્યવાહી શરૂ કરવાનો આદેશ આપ્યો છે. આ સાથે જ હાઈકોર્ટે ફેમિલી કોર્ટના નિર્ણયને રદ કરી, પતિને તેની પત્ની અને સગીર પુત્રીને દર મહિને કુલ રૂ.૫૦ હજાર ભરણપોષણ તરીકે ચૂકવવાનો નિર્દેશ આપ્યો છે. હાઈકોર્ટે નોંધ્યું હતું કે, પતિ પાસે મોંઘી લક્ઝરી કાર અને અનેક મિલકતો હોવા છતાં તે પોતાની જવાબદારીમાંથી બચવા માટે ખોટા બહાના બનાવી રહ્યો છે. પત્નીએ રજૂઆત કરી હતી કે તે પોતે ડેન્ટિસ્ટ છે, પરંતુ સાસરી પક્ષના આગ્રહથી તેણે પ્રેક્ટિસ છોડી દીધી હતી અને હાલ તેની પાસે આવકનું કોઈ સાધન નથી. વધુમાં તેણે પતિ પર બીજા લગ્ન કર્યા હોવાનો પણ આક્ષેપ કર્યો હતો.

# વડોદરાના સયાજીબાગ ઝૂમાં ૪૦ વર્ષ બાદ સફેદ વાઘના બચ્ચાનો જન્મ

## જો કે ત્રણ બચ્ચા પૈકી બેનાં મોત થતાં ત્રીજા બચ્ચાને બચાવવા ડોક્ટરોની જહેમત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

વડોદરાના સયાજીબાગ પ્રાણી સંગ્રહાલયમાં ૪૦ વર્ષના લાંબા વિરામ બાદ સફેદ વાઘના પરિવારમાં નવા મહેમાનનું આગમન થયું છે, પરંતુ આ ખુશીની સાથે શોકનો માહોલ પણ જોવા મળ્યો છે. ડિસેમ્બર ૨૦૨૫માં રાજકોટ ઝૂથી લાવવામાં આવેલી સફેદ વાઘણ 'રાધા'એ ગત ૯ એપ્રિલના રોજ ત્રણ બચ્ચાને જન્મ આપ્યો હતો. જોકે, પ્રથમ વખત માતા બનેલી રાધા બચ્ચાને સ્તનપાન ન કરાવી શકતા કમનસીબે બે બચ્ચાના ગણતરીના દિવસોમાં જ મોત નિપજ્યા છે, જ્યારે એક બચ્ચાને બચાવવા માટે ઝૂ પ્રશાસને રાત-દિવસ એક કર્યા છે.આ ઘટના બાદ વન્યજીવ પ્રોટોકોલ મુજબ, ઝૂના વેટરનરી ડૉક્ટરોએ ત્રીજા બચ્ચાને બચાવવા માટે તેને પોતાની દેખરેખ હેઠળ લીધું છે. પ્રાણી સંગ્રહાલયના ક્યુરેટર પ્રત્યુશ પાટણકરે જણાવ્યું હતું કે, બચ્ચાને અત્યારે ઝૂની હોસ્પિટલના ખાસ નિયોનેટલ કેર યુનિટમાં 'હેન્ડ-રેરિંગ' (માનવીય દેખરેખ) હેઠળ રાખવામાં આવ્યું છે. ચેપથી બચાવવા માટે આ બચ્ચાને ક્વોરેન્ટાઈન ફેસિલિટીમાં રાખવામાં આવ્યું છે અને તેની તબિયત હાલ સ્થિર અને સારી છે. માતા રાધા પણ સંપૂર્ણ સ્વસ્થ છે. આ નવા મહેમાનના આગમન સાથે હવે વડોદરા ઝૂમાં સફેદ વાઘની કુલ સંખ્યા વધીને ત્રણ થઈ ગઈ છે.

# સરખેજ રોઝા ખાતે 'વર્લ્ડ હેરીટેઝ ડે'ની ઉજવણી



આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા, વડોદરા, સર્કલ દ્વારા અમદાવાદના સરખેજ રોઝા ખાતે તા.૧૮ એપ્રિલ 'વર્લ્ડ હેરિટેજ ડે'ના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ફોર્ટ એક્ઝિબિશન તથા ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી આ પ્રસંગે એ.એસ.આઈ.ના અમદાવાદના અધિકારી રિઝવાનભાઈ, સરખેજ રોઝા કમિટીના અબરારઅલી સૈયદ, આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા, વડોદરા સર્કલના હેડ ડો. શુભા મજમુદાર, પ્રિન્સિપાલ રફીક કોઠારિયા, ડો. ઉત્પલા દેસાઈ અને ભાવનાબેન રામ રખીયાની તેમજ અન્ય અગ્રણીઓ અને સ્પર્ધકો ઉપસ્થિત રહ્યા હતા.

### બંને દીકરીઓ સાથે પરિવારના મોભીની મહેનત રંગ લાવી

# ધંધુકાના ખેડૂત પરિવારની બબ્બે દીકરીઓ મહેરીન તથા સાનિયા મોદન બની ડોક્ટર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

શિક્ષણ એ સફળતાનો પાયો છે. તેને આત્મસાત કરી ચૂકેલા ધંધુકાના વ્યવસાયે ખેડૂત એવા મોદન પરિવારે સરકારના 'બેટી બચાવો બેટી પઢાવો' સૂત્રને આર્થક કર્યું છે. એક જ પરિવારની બબ્બે દીકરીઓ ચાલુ વર્ષે MBBSની ડિગ્રી હાંસલ કરી સમગ્ર સમાજ માટે પ્રેરણાદાયી બની છે. તો ઈસ્લામે પ્રબોધેલ ઈલ્મ હાંસલ કરવા જરૂર પડે તો ચીન પણ જાઓ. તેને સાર્થક કરતા દીકરીઓને સારી રીતે ભણાવવા માટે ધંધુકાથી અમદાવાદ સ્થળાંતર કર્યું હતું. ખેતી કરતા કરતા નથ્થુભાઈએ પોતાના નાના પુત્ર ઉમરફારૂકને એમ.એ., બી.એડ. ભણાવી શિક્ષક બનાવ્યો હતો. જે શિક્ષક તરીકે સરકારી શાળામાં સૌરાષ્ટ્ર ખાતે નોકરી સ્વીકારી હતી. દરમ્યાન તે જ મોદન પરિવારની બે દીકરીઓએ પ્રાથમિક અભ્યાસ ધંધુકાની સરકારી શાળામાં






કર્યો હતો. દીકરીઓની હીર પારખી ગયેલ પરિવાર ધો.૧૦ના અભ્યાસ માટે અમદાવાદ ખાતે સ્થાયી થયા હતા. જેમાં મહેરીન ઉસ્માનગની મોદનને અમદાવાદની દીવાન બલ્લુભાઈ શાળામાં પ્રવેશ મળતા ધો.૧૨ સાયન્સ સુધી ત્યાં અભ્યાસ કર્યો'તો. સાનિયા ઉમરફારૂક જુહાપુરાની ધી ન્યુ એજ હાઈસ્કૂલમાં ધો.૧૧-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી હતી. બંને બહેનો ૨૦૨૦ની બેન્ચમાં શાળા કક્ષાએ તથા નીટની પરીક્ષામાં સખત અને સતત મહેનત કરી ટોપર્સ બની હતી. જેના પગલે મોદન મહેરીનને એમ.કે.શાહ મેડિકલ કોલેજમાં તથા સાનિયા મોદનને શ્રીમતી એન.એચ.એલ. મ્યુ. મેડિકલ કોલેજમાં સરકારી ક્વોટામાં એડમિશન મળ્યું હતું. બંને પિતરાઈ બહેનોએ સાડા પાંચ વર્ષ મન દઈને અભ્યાસ પાછળ મહેનત કરતા ચાલુ વર્ષે MBBSની ડિગ્રી પ્રાપ્ત કરી છે. તાજેતરમાં મેહરીનને ગાંધીનગર ટાઉન હોલ ખાતે તથા સાનિયા મોદનને અમદાવાદ ટાગોર હોલ ખાતે પદવીદાન સમારંભમાં ડોક્ટરની ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. જેના પગલે તેઓના ખેડૂત પરિવારમાં તથા ધંધુકા ગામમાં હર્ષની લાગણી પ્રસરી જવા પામી છે. બંને બહેનોને આગળ એમ.ડી.નો અભ્યાસ કરવાની ખેવના છે.બંને બહેનોએ જણાવ્યું કે મેડિકલના વ્યવસાય સાથે ઈસ્લામે દર્શાવેલ સેવાની ભાવનને પ્રાધાન્ય આપી કારકિર્દી ઘડવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તો સમાજની અન્ય દીકરીઓ પણ આ જ રીતે ભણી જુદા જુદા ક્ષેત્રોમાં આગળ વધી સમાજ સેવાના કાર્યોમાં અગ્રેસર રહેવા શીખ આપી હતી. અત્રે નોંધનીય છે કે ચાલુ વર્ષે નીટની પરીક્ષામાં ૯૯.૭૪% લાવી મહેરીનનો નાનો ભાઈ આદિલ હુશેન પણ હાલ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં MBBSનો અભ્યાસ કરે છે.

### બેંગકોકમાં ગુંજ્યો સ્થિર ભવિષ્ય માટેનો નિર્ણાયક સંદેશ; ડો. નઈમ સિરાજુદ્દીન તિરમીઝીનું સંબોધન

# સ્થિર નિર્ણાયક ભવિષ્ય અને વિકાસ લક્ષ્યો માટે વિશ્વને એકબીજાના સહકારની આવશ્યકતા

અમદાવાદ, તા.૧૮

આંતરરાષ્ટ્રીય સસ્ટેનેબલ ફ્યુચર કોન્ફરન્સ યુનાઈટેડ નૅશન્સ ઈકોનોમિક એન્ડ સોશ્યલ કમીશન ફૉર એશિયા એન્ડ પેસિફિક (UNESCAP)ના કોન્ફરન્સ સેન્ટર ખાતે બેંગકોક (થાઈલેન્ડ)માં યોજાઈ હતી. આ કોન્ફરન્સમાં સ્થિર અને દીર્ઘકાલીન ભવિષ્ય તથા યુનાઈટેડ નૅશન્સના ૧૭ સ્થિર વિકાસ લક્ષ્યો (SDGs) અંગે વ્યાપક ચર્ચાઓ કરવામાં આવી હતી.

આ કોન્ફરન્સમાં વિશ્વભરના આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓએ ઉત્સાહપૂર્વક



ભાગ લીધો અને પોતાના વિચારો તેમજ કાર્યયોજનાઓ રજૂ કરી હતી.

માનવતાવાદી કાર્યો માટે જાણિતા બિઝનેસમેન ડૉ. નઈમ તિરમીઝી અમદાવાદ (ઈન્ડિયા)થી આમંત્રિત વક્તા અને પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના સંબોધનમાં સ્થિર અને દીર્ઘકાલીન ભવિષ્ય અંગે વિસ્તૃત અને દૃઢ અભિપ્રાયો વ્યક્ત કર્યા હતા. તેમણે બદલાતી હવામાન પરિસ્થિતિ, વધતા તાપમાન, સમુદ્રના વધતા સ્તરો તથા ઘટતી જૈવિક વિવિધતા જેવા અત્યંત ગંભીર અને તાત્કાલિક ધ્યાન માંગતા મુદ્દાઓ પર ચિંતા વ્યક્ત કરી હતી.

તે સિવાય બીજા દિવસે પ્રિન્સ પેલેસ બેંગકોક ખાતે યોજાયેલ છઠ્ઠી ગ્લોબલ ચેન્જ મેકર્સ કોન્ફરન્સમાં ડૉ. નઈમ તિરમીઝીને ચીફ ગેસ્ટ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. જ્યાં તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં વિશ્વના જુદા-જુદા દેશોમાંથી પધારેલા અગ્રણી મહેમાનો કે જેમણે ચેન્જમેકર્સ તરીકે મહત્ત્વના કાર્યો કર્યા છે તેમને ડૉ. નઈમ તિરમીઝીના હસ્તે એવોર્ડ અપાવી સન્માનિત કરવામાં આવ્યા હતા. ડૉ. તીરમીઝીએ પોતાના વ્યક્તવ્યમાં દુનિયામાં સ્થિરતા, પ્રાથનિક સુવિધાઓ અને વિકાસ માટે તેમના કાર્યો માટે બિરદાવી ચેન્જમેકર્સનું મહત્ત્વ સમઝાવ્યું હતું.

### જિલ્લા કલેક્ટર દ્વારા આદેશો જારી કરાયા

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રચારમાં પોસ્ટરો-દીવાલ ચીતરવા પર પ્રતિબંધ

## સરકારી ઈમારતો તેમજ જાહેર ઉપયોગની મિલકતો પર પ્રતિબંધ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૮

ગુજરાતમાં આગામી દિવસોમાં યોજાનારી પાલિકા અને પંચાયતોની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને રાજ્ય ચૂંટણી આયોગે આચારસંહિતાના કડક અમલ માટે જિલ્લા તંત્રને સ્પષ્ટ માર્ગદર્શિકા આપી છે. તેના અનુસંધાને જિલ્લા કલેક્ટર દ્વારા મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે, જેમાં ચૂંટણી પ્રચાર દરમિયાન જાહેર સ્થળોએ બેનરો, પોસ્ટરો અને દીવાલો ચીતરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

ચૂંટણી સમયગાળા દરમિયાન સામાન્ય રીતે શહેર અને ગામડાઓમાં વીજળીના થાંભલા, સરકારી કચેરીઓ, બસ સ્ટોપ અને અન્ય જાહેર સ્થળોએ રાજકીય પ્રચાર સામગ્રીનો ભરમાર જોવા મળતો હોય છે. જો કે, આ વખતે તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે કોઈપણ સરકારી મિલકત પર બિનઅનુમતિ પ્રચાર સામગ્રી લગાવવી કાયદેસર ગુનો ગણાશે. આદેશ મુજબ, ટેલિફોન અને ઈલેક્ટ્રિક થાંભલા, સરકારી વાહનો, સરકારી ઈમારતો તેમજ જાહેર ઉપયોગની અન્ય મિલકતો પર કોઈપણ પ્રકારના બેનરો કે પોસ્ટરો લગાવવા પર પ્રતિબંધ રહેશે. જો કોઈ ઉમેદવાર અથવા સમર્થક આ નિયમોનો ભંગ કરશે તો તેમના સામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.ખાનગી મિલકતોના ઉપયોગ માટે પણ કડક નિયમો લાગુ કરવામાં આવ્યા છે. કોઈપણ ઉમેદવાર કે પક્ષ જો ખાનગી માલિકીની મિલકત પર પ્રચાર કરવા માંગે, તો તે માટે માલિકની લેખિત મંજૂરી લેવી ફરજિયાત રહેશે. માલિકની મંજૂરી વગર પ્રચાર સામગ્રી લગાવવામાં આવશે તો તે કાયદેસર ગુનો ગણાશે. તંત્રએ પ્રચાર સામગ્રીના કદ માટે પણ મર્યાદા નક્કી કરી છે. ૧૫ ફૂટ બાય ૮ ફૂટથી મોટા હોર્ડિંગ્સ લગાવી શકાશે નહીં, જ્યારે ૮ ફૂટથી ઊંચા કટઆઉટ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. આ સાથે પ્રચાર માટે કરવામાં આવતો દરેક ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચના હિસાબમાં દર્શાવવો ફરજિયાત રહેશે.

આ જાહેરનામાનો સૌથી મહત્વનો પાસો એ છે કે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તમામ પ્રચાર સામગ્રી દૂર કરવાની જવાબદારી ઉમેદવારની રહેશે. ઉમેદવારોએ પોતાની પ્રચાર સામગ્રી હટાવીને સંબંધિત મિલકતોને મૂળ સ્થિતિમાં પરત લાવવી પડશે.

આ આદેશ આગામી ૩૦ એપ્રિલ ૨૦૨૬ સુધી અમલમાં રહેશે. તંત્રએ ચેતવણી આપી છે કે જો કોઈ વ્યક્તિ કે રાજકીય પક્ષ આ નિયમોનું ઉલ્લંઘન કરશે તો તેમના સામે કડક શિક્ષાત્મક અને કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

### રેલવેતંત્ર દ્વારા મુસાફરોને લઈ કરાઈ જાહેરાત

# સાબરમતી રેલવે સ્ટેશન પર ૧૯મી એપ્રિલે મેજર બ્લોક રહેશે

## ઓખા-અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ, વંદે ભારત ટ્રેન પણ સ્ટેશન પર સ્ટોપેજ લેશે નહીં

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

અમદાવાદના સાબરમતી રેલવે સ્ટેશન પરથી મુસાફરી કરતા રેલવે પેસેન્જરો માટે રેલવે તંત્રે જાહેરાત કરી છે. રેલવે પ્રશાસન દ્વારા સાબરમતી સ્ટેશન પર જરૂરી એન્જિનિયરિંગ કામગીરી કરવા માટે આગામી ૧૯ એપ્રિલના રોજ 'રેલવે બ્લોક' લેવામાં આવનાર છે. આ બ્લોકને કારણે સાબરમતી સ્ટેશન પરથી પસાર થતી બે મુખ્ય ટ્રેનોના સ્ટોપેજમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

રેલવે તંત્ર દ્વારા લેવામાં આવેલા બ્લોકને કારણે બે ટ્રેનો પ્રભાવિત થશે. પોરબંદર-દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ. આ ટ્રેન નિર્ધારિત તારીખે સાબરમતી રેલવે સ્ટેશન પર ઊભી રહેશે નહીં. ઓખા-અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ, આધુનિક સુવિધાઓથી સજ્જ વંદે ભારત ટ્રેન પણ બ્લોક દરમિયાન સાબરમતી સ્ટેશન પર સ્ટોપેજ લેશે નહીં.

બ્લોક દરમિયાન આ બંને ટ્રેનો સાબરમતી રેલવે સ્ટેશન પર ઊભી રહેવાની નથી, જેના કારણે મુસાફરોએ અમદાવાદના અન્ય નજીકના સ્ટેશનોનો ઉપયોગ કરવો પડશે અથવા રેલવે હેલ્પલાઈન પરથી વિગતો મેળવવી પડશે. એન્જિનિયરિંગ કામગીરી રેલવે ટ્રેકની જાળવણી અને સુરક્ષા માટે અનિવાર્ય હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

# કોંગ્રેસ હંમેશા અવરોધની રાજનીતિમાં રોકાયેલી રહી છે : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા



ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે કે કોંગ્રેસ ૨૦૨૬માં મહિલા અનામતના મુદ્દાનો વિરોધ તો કર્યો જ હતો પરંતુ જ્યારે તેનો અમલ ખરેખર નજીક તો ત્યારે તેને રોકવાનો પ્રયાસ પણ કર્યો અને આ કંઈ નવું નથી; તે એક સુસંગત પેટર્ન છે. ૧૯૯૬થી ૨૦૧૦ સુધી અનેક તકો હોવા છતાં કોંગ્રેસે બિલને આગળ વધતા અટકાવ્યું જ્યારે ૨૦૨૩માં, સ્પષ્ટ બહુમતી હોવા છતાં તેને તેનું સમર્થન કરવાની ફરજ પડી. પરંતુ ૨૦૨૯માં ૨૦૨૬માં અમલીકરણનો મુદ્દો આવતાની સાથે જ, તેમનો સાચો રંગ ફરીથી ખુલી ગયો. મોદીજીનો વિરોધ કરતી વખતે તેમણે દેશ અને મહિલા અધિકારોનો પણ વિરોધ કર્યો છે. તેમણે વધુમાં જણાવ્યું છે કે આ ફકત રાષ્ટ્રીય સ્તર સુધી મર્યાદિત નથી- ગુજરાતમાં પણ, ૨૦૧૦માં કોંગ્રેસે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં મહિલા અનામત ૩૩ ટકાથી વધારીને ૫૦ ટકા કરવાના નિર્ણયનો વિરોધ કર્યો હતો. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે મહિલા સશક્તિકરણ ફકત શબ્દો સુધી મર્યાદિત છે. જ્યારે વાસ્તવમાં કોંગ્રેસ હંમેશા અવરોધની રાજનીતિમાં રોકાયેલી રહી છે. તેથી, હવે સમય આવી ગયો છે કે લોકો નિવેદનોના આધારે નહીં પણ ઈતિહાસ અને તથ્યોના આધારે નિર્ણય લે.

# ટ્રમ્પે કહ્યું કે જો બુધવાર સુધીમાં કોઈ સમજૂતી ન થાય તો ઈરાન યુદ્ધવિરામનો અંત આવી શકે છે

(એજન્સી) વોશિંગ્ટન, તા.૧૮

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે ચેતવણી આપી હતી કે જો બુધવાર સુધીમાં દુશ્મનાવટનો અંત લાવવા માટે વ્યાપક કરાર ન થાય તો ઈરાન સાથે યુદ્ધવિરામ સમાપ્ત થઈ શકે છે, જે ગલ્ફમાં સતત તણાવ વચ્ચે લશ્કરી વૃદ્ધિ તરફ પાછા ફરવાનો સંકેત આપે છે. ફોનિક્સ, એરિઝોનાથી વોશિંગ્ટન પરત ફરતી વખતે એર ફોર્સ વનમાં પત્રકારો સાથે વાત કરતા, ટ્રમ્પે યુદ્ધવિરામ લંબાવવા અંગે અનિશ્ચિતતાનો સંકેત આપ્યો. "કદાચ હું તેને લંબાવીશ નહીં, પરંતુ (ઈરાની બંદરો પર) નાકાબંધી ચાલુ રહેશે," તેમણે કહ્યું. "તો તમારી પાસે નાકાબંધી છે અને કમનસીબે આપણે ફરીથી બોમ્બ ફેંકવાનું શરૂ કરવું પડશે". આ ટિપ્પણીઓ અમેરિકા અને ઈરાન વચ્ચે સ્થગિત રાજદ્વારી પ્રયાસોની પૃષ્ઠભૂમિ સામે આવી છે, જેમાં પાકિસ્તાનમાં તાજેતરમાં થયેલી પરોક્ષ વાટાઘાટોનો પણ સમાવેશ થાય છે જે સફળતા પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગઈ છે. જ્યારે બેકચેનલ વાતચીતથી તણાવ ઓછો થવાની આશા જાગી હતી, ત્યારે બંને પક્ષો પ્રતિબંધોમાં રાહત, પરમાણુ પ્રતિબદ્ધતાઓ અને દરિયાઈ સુરક્ષા સહિતના મુખ્ય મુદ્દાઓ પર વિભાજિત રહ્યા છે. હોર્મુઝ સ્ટ્રેટની આસપાસ ચાલી રહેલા તણાવને કારણે પરિસ્થિતિ વધુ જટિલ બની છે, જે એક મહત્વપૂર્ણ વૈશ્વિક ઊર્જા કોરિડોર છે જે વિશ્વના લગભગ ૨૦ ટકા તેલ અને પ્રવાહી કુદરતી ગેસ શિપમેન્ટનું સંચાલન કરે છે. જોકે વોશિંગ્ટનએ જાળવી રાખ્યું છે કે જળમાર્ગ "ખુલ્લો" છે અને નેવિગેશન માટે સલામત છે, તેહરાને વારંવાર ચેતવણી આપી છે કે જો યુએસ દબાણ ચાલુ રહેશે તો ઍક્સેસ પ્રતિબંધિત થઈ શકે છે. યુએસએ એપ્રિલના મધ્યભાગથી ઈરાની બંદરોને લક્ષ્ય બનાવીને નૌકાદળ નાકાબંધી લાગુ કરી છે, જેનો હેતુ તેહરાન સાથે જોડાયેલા દરિયાઈ હિલચાલને પ્રતિબંધિત કરવાનો છે. અમેરિકન અધિકારીઓએ કહ્યું છે કે ઈરાની બંદરોમાં પ્રવેશવા અથવા



છોડવાનો પ્રયાસ કરતા જહાજોને અમલીકરણ શાસન હેઠળ પાછા ફેરવી દેવામાં આવ્યા છે. જોકે, ઈરાને આ પગલાની નિંદા ગેરકાયદેસર અને ઉશ્કેરણીજનક ગણાવી છે. ઈરાની નેતાઓએ સ્ટ્રેટની સ્થિતિ અને વ્યાપક વાટાઘાટો અંગેના યુએસ દાવાઓનો પણ વિરોધ કર્યો છે. તેહરાનના અધિકારીઓએ સૂચવ્યું છે કે કોઈપણ ચાલુ નાકાબંધી હોર્મુઝ દ્વારા શિપિંગ ઍક્સેસને સીધી અસર કરી શકે છે, જે પુરવઠા વિક્ષેપો પ્રત્યે સંવેદનશીલ વૈશ્વિક બજારોમાં ચિંતા ઉભી કરે છે. ટ્રમ્પની તાજેતરની ટિપ્પણીઓ બંને પક્ષો વચ્ચે વધતી જતી ખાઈ પર ભાર મૂકે છે, જ્યારે બંને જાહેરમાં સોદા માટે ખુલ્લા રહેવાનો સંકેત આપે છે.

સરળ હપ્તાથી તમારા મનપસંદ દાગીના વસાવો
જૂના અને જાણીતા એ.એન.ફારૂકી જ્વેલર્સ
૮,૯, બંગલાવાલા માર્કેટ નાડિયાવાડ, છીપાવાડ, અમદાવાદ
ફોન : 9879301694-9824237132

ALVI HAJJ - UMRAH SERVICE
(M) 75740 94933, 88490 94933
ઈરાક જીયારત ૧૦-મે-૨૦૨૬
બકરા ઈદ પછી ઉમરાહ સફર
મોહર્રમ પછી ઉમરાહ સફર
ગ્યારવી શરીફ બગદાદમાં સાથે ઉમરાહ
શોપ નં. ૪૧૫, શીતલવર્ષા, જમાલપુર ચાર રસ્તા પાસે, અમદાવાદ.

Javed 9998284123 | Irshad 9824656769
مرغوب عالم
Bombay Wala LUCKY babyshop
★જીયાણા ★રેડીમેડ કપડા ★ફેન્સી ડ્રેસ ★છઠ્ઠી ★ગરમ કપડા ★ગીફ્ટ સેટ
૩૦૯૬/૧, ત્રણ દરવાજા, અહમદઆબાદ-૧.

# ઈરાને હોર્મુઝ ફરી બંધ કરતાં ૨ વેપારી જહાજો પર ગોળીબાર

## તેમના ટેલિગ્રામ ચેનલ પર પોસ્ટ કરાયેલા એક સંદેશમાં, ઈરાનના સર્વોચ્ચ નેતા મુજતબા ખામેનાઈએ જણાવ્યું હતું કે ઈરાનની નૌકાદળ તેના દુશ્મનો પર ‘નવી કડવી હાર’ લાદવા માટે તૈયાર છે

(એજન્સી) તા.૧૮

ત્રણ દરિયાઈ સુરક્ષા અને શિપિંગ સ્ત્રોતો અનુસાર, શનિવારે હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થવાનો પ્રયાસ કરતી વખતે બે વેપારી જહાજો પર ગોળીબાર થયો હતો, જ્યારે ઈરાન મહત્ત્વપૂર્ણ જળમાર્ગ પર કડક નિયંત્રણ ફરીથી સ્થાપિત કરવા તરફ આગળ વધ્યું હતું. આ ઘટના તેહરાન દ્વારા ફરી એકવાર સામુદ્રધુની પર લશ્કરી દેખરેખ કડક કરવાની જાહેરાત બાદ બની હતી, જે ચાલુ સંઘર્ષ પહેલા વૈશ્વિક તેલ વેપારનો લગભગ પાંચમો ભાગ હતો. દિવસની શરૂઆતમાં, દરિયાઈ ટ્રેકિંગ ડેટામાં આઠ ટેક્રરોનો કાફલો માર્ગ પર નેવિગેટ કરતો દર્શાવવામાં આવ્યો હતો - જે સાત અઠવાડિયા પહેલા ઈરાન પર યુએસ-ઈઝરાયેલ યુદ્ધ શરૂ થયા પછી પ્રથમ નોંધપાત્ર વ્યાપારી હિલચાલ દર્શાવે છે. જો કે, સંબંધિત સરળતાની ટૂંકી બારી ઝડપથી બંધ થતી દેખાઈ. ઈરાનના સશસ્ત્ર દળોએ બાદમાં જાહેર કર્યું કે સ્ટ્રેટ દ્વારા પરિવહન ફરીથી કડક લશ્કરી નિયંત્રણમાં આવી ગયું છે, જેમાં યુનાઈટેડ સ્ટેટ્સ પર ઈરાની બંદરો પર નાકાબંધી લાદવાના બહાને વારંવાર ઉલ્લંઘન અને ‘ચાંચિયાગીરી’ના કૃત્યો કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. એક પ્રવક્તાએ જણાવ્યું હતું કે તેહરાને શરૂઆતમાં



વાટાઘાટો પછી તેલ ટેક્રરો અને વાણિજ્યિક જહાજો માટે મર્યાદિત, નિયંત્રિત માર્ગની મંજૂરી આપી હતી, આ નિર્ણયને "સદ્ભાવનાથી" લેવામાં આવ્યો હતો. પ્રવક્તાએ ઉમેર્યું હતું કે, યુએસની સતત કાર્યવાહીને કારણે તે વ્યવસ્થા પાછી ખેંચી લેવામાં આવી હતી. ટેલિગ્રામ પર પોસ્ટ કરાયેલા એક સંદેશમાં, ઈરાનના સુપ્રીમ લીડર મુજતબા ખામેનાઈએ એક ઉદ્ધત નોંધમાં ચેતવણી આપી હતી કે દેશની નૌકાદળ તેના વિરોધીઓને "નવી કડવી હાર" પહોંચાડવા માટે તૈયાર છે. કલાક અગાઉ, યુનાઈટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન અંગે "કેટલાક સારા સમાચાર" આપવાનો સંકેત આપ્યો હતો પરંતુ વિગતો આપવાનું બંધ કરી દીધું હતું. તેમણે ચેતવણી પણ આપી હતી કે જો બુધવારે (૨૨ એપ્રિલ) વર્તમાન બે અઠવાડિયાના યુદ્ધવિરામ સમાપ્ત થાય તે પહેલાં શાંતિ કરાર ન થાય તો દુશ્મનાવટ ફરી શરૂ થઈ શકે છે. ગુરૂવારે ઈઝરાયેલ અને લેબનોન વચ્ચે યુએસ-મધ્યસ્થી દ્વારા ૧૦ દિવસના યુદ્ધવિરામ બાદ ઈરાને તાજેતરમાં જ હોર્મુઝ સ્ટ્રેટને કામચલાઉ રીતે ફરીથી ખોલવાની જાહેરાત કરી હતી. ઈરાનના તાજેતરના પગલા પર યુનાઈટેડ સ્ટેટ્સ તરફથી તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

# લેબેનોન સાથે યુદ્ધવિરામ છતાં ઈઝરાયેલનું હિઝબુલ્લાહ સામેનું ‘મિશન’ પૂરૂં થયું નથી એમ નેતાન્યાહુએ જણાવ્યું હતું

(એજન્સી) તા.૧૮

ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ શુક્રવારે જણાવ્યું હતું કે, લેબેનોનમાં હિઝબુલ્લાહ સામે ઈઝરાયેલનું ‘મિશન’ પૂરૂં થયું નથી, તેમ એનાડોલુ અહેવાલ આપે છે.

"રોકેટ ધમકી અને ડ્રોન ધમકી અંગે અમે કેટલીક બાબતો કરવાની યોજના બનાવી રહ્યા છીએ, જેની હું વિગતવાર માહિતી આપીશ નહીં," નેતાન્યાહુએ એક ટેલિવિઝન નિવેદનમાં જણાવ્યું હતું. ઉત્તરીય મોરચાના પરિણામ પર સ્થાનિક ટીકાને સંબોધતા નેતાન્યાહુએ કહ્યું કે, ઈઝરાયેલે "જબરદસ્ત સિદ્ધિઓ" હાંસલ કરી છે. "પ્રથમ વખત, અમે સમગ્ર ઉત્તરીય સરહદ પર એક વ્યાપક સુરક્ષા બફર ઝોન સ્થાપિત કર્યો છે," તેમણે કહ્યું અને ઉમેર્યું કે, આ ઝોન લેબેનોનથી ગોલાન હાઈટ્સ પાર માઉન્ટ હર્મોન (જબલ અલ-શેખ) અને દક્ષિણ સીરિયામાં યાર્મુક વિસ્તાર સુધી ફેલાયેલો છે. તેમણે કહ્યું કે, બફર, જેને તેમણે "યલો લાઈન" તરીકે ઓળખાવ્યો હતો, તેનો હેતુ સીધા ઘૂસણખોરી અને ટેક્ર ફાયરના ભયને દૂર કરવાનો છે, નોંધ્યું કે, કોઈપણ તાત્કાલિક ધમકીઓનો સામનો કરવા માટે ઈઝરાયેલી દળો લાઈન પર તૈનાત છે. નેતાન્યાહુએ એમ પણ કહ્યું કે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની વિનંતી પર યુદ્ધવિરામ પર સંમતિ સધાઈ હતી.

"તેમની વિનંતી પર અમે લેબેનોન સરકાર સાથે સંયુક્ત રાજદ્વારી અને લશ્કરી ઉકેલ માટે તક આપવા માટે લેબેનોનમાં



કામચલાઉ યુદ્ધવિરામ પર સંમત થયા," તેમણે કહ્યું. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે કહ્યું કે, વોશિંગ્ટન ઈઝરાયેલને લેબેનોન પર વધારાના હુમલાઓ કરવાથી સક્રિયપણે પ્રતિબંધિત કરી રહ્યું છે કારણ કે, એક નવો યુદ્ધવિરામ શરૂ થઈ રહ્યો છે. ટ્રમ્પે ગુરૂવારે તેલ અવીવ અને બેરૂતમાં સ્થાનિક સમય મધ્યરાત્રિથી શરૂ થતા લેબેનોનમાં ૧૦ દિવસના યુદ્ધવિરામની જાહેરાત કરી. લેબેનોનના આરોગ્ય મંત્રાલયે શુક્રવારે જણાવ્યું હતું કે, ૨ માર્ચથી લેબેનોન પર ઈઝરાયેલી હુમલાઓમાં મૃત્યુઆંક ૨,૨૯૪ પર પહોંચી ગયો છે, જેમાં ૭,૫૪૪ લોકો ઘાયલ થયા છે.

# તરસ્યા ગાઝામાં પાણી પુરવઠા ફરજ પરના બે ટ્રકચાલકોનાં મોતથી યુનિસેફ કાળઝાળ

## યુએન એજન્સીએ જણાવ્યું હતું કે શુક્રવારે સવારે ઉત્તર ગાઝામાં મન્સૌરા પાણી ભરણ બિંદુ પર નિયમિત પાણી ભરતી વખતે આ ઘટના બની હતી

(એજન્સી) તા.૧૮

યુએન બાળ એજન્સી યુનિસેફે શુક્રવારે જણાવ્યું હતું કે ગાઝા પટ્ટીમાં પરિવારોને સ્વચ્છ પાણી પહોંચાડવા માટે કરાર કરાયેલા બે ટ્રક ચાલકોના ઈઝરાયેલી આગમાં મૃત્યુ થયા બાદ તે "રોષે ભરાયો" છે. યુએન એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે શુક્રવારે સવારે ઉત્તર ગાઝામાં મન્સૌરા પાણી ભરતી બિંદુ પર નિયમિત પાણી ભરતી વખતે આ ઘટના બની હતી, જે ગાઝા શહેરને પાણી પૂરું પાડે છે. હુમલામાં બે અન્ય ઘાયલ થયા હતા. યુનિસેફે જણાવ્યું હતું કે તેણે સ્થળ પર પ્રવૃત્તિઓ સ્થગિત કરી દીધી છે અને ઈઝરાયેલી અધિકારીઓને તપાસ કરવા હાકલ કરી છે, ભાર મૂક્યો છે કે માનવતાવાદી કાર્યકરો, નાગરિકો અને મહત્વપૂર્ણ પાણીના માળખાને આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદા હેઠળ સુરક્ષિત રાખવું જોઈએ. વોશિંગ્ટનમાં ઈઝરાયલના દૂતાવાસે ટિપ્પણી માટેની વિનંતીનો તાત્કાલિક જવાબ આપ્યો ન



હતો. ઓક્ટોબરમાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચે થયેલા યુદ્ધવિરામથી બે વર્ષ સુધી ચાલેલા સંપૂર્ણ યુદ્ધનો અંત આવ્યો, પરંતુ ઈઝરાયેલી સૈનિકો ગાઝાના અડધાથી વધુ ભાગને વસ્તીવિહોણા વિસ્તાર પર નિયંત્રણમાં રહ્યા, બાકીના સાંકડા દરિયાકાંઠાના પટ્ટામાં હમાસ સત્તામાં છે. સ્થાનિક તબીબોના જણાવ્યા અનુસાર, ત્યારથી અત્યાર સુધીમાં ૭૫૦ થી વધુ પેલેસ્ટીનીઓ માર્યા ગયા છે, જ્યારે આતંકવાદીઓએ ચાર ઈઝરાયેલી સૈનિકોને મારી નાખ્યા છે. ઈઝરાયેલ અને હમાસે યુદ્ધવિરામના ઉલ્લંઘન માટે એકબીજા પર દોષારોપણ કર્યું છે.

# ૧૦ દિવસના નાજુક યુદ્ધવિરામના કારણે લેબેનીઝ લોકો તબાહ થયેલા દક્ષિણમાં પાછા ફર્યા

## જો ઈઝરાયેલ કામચલાઉ યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરે છે તો તેની આંગળી ‘ટ્રિગર પર’ રહેશે : હિઝબુલ્લાહ

(એજન્સી) તા.૧૭

લેબેનોન અને ઈઝરાયેલ ૧૦ દિવસના યુદ્ધવિરામ માટે સંમત થયા પછી વિસ્થાપિત લેબેનીઝ લોકોએ દક્ષિણમાં તેમના ઘરોમાં સાવધાનીપૂર્વક પાછા ફરવાનું શરૂ કરી દીધું છે, જ્યારે લેબેનીઝ સેના રહેવાસીઓને પાછા ફરવામાં વિલંબ કરવા માટે હાકલ કરે છે અને હિઝબુલ્લાહ ચેતવણી આપે છે કે, ઈઝરાયેલી ઉલ્લંઘનના કિસ્સામાં તેની ‘ટ્રિગર પર આંગળી’ છે. યુદ્ધવિરામ અમલમાં આવ્યાના કલાકો પછી શુક્રવારે સવારે હજારો લોકો દક્ષિણ લેબેનોનના વિસ્તારોમાં ધસી આવ્યા હતા, ઘણા લોકો એક મહિનાથી વધુ સમયથી ઈઝરાયેલી હુમલાઓથી પ્રભાવિત ઘરો અને ગામડાઓમાં પાછા ફરવા ગયા હતા.

‘લોકો રાહ જોઈ શકતા ન હતા,’ અલ જઝીરાની ઝીના ખોદરે નબાતીહથી અહેવાલ આપ્યો, જે સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાંનો એક છે. ભલે ૧૦ દિવસ થયા હોય પણ તેઓ પોતાના ઘરે પાછા ફરવા માંગે છે. તેમાંથી કેટલાક ફક્ત એ જોવા માટે આવી રહ્યા છે કે, તેમના ઘરોમાં શું બાકી છે, તેમના જીવનનો શું બાકી છે.

‘તેઓ બતાવવા માંગે છે કે, તેઓ પોતાની જમીન છોડવા માંગતા નથી,’ ખોદરે ઉમેર્યું. જ્યારે યુદ્ધવિરામ મોટાભાગે યથાવત દેખાય છે, ત્યારે લેબેનોનની સેનાએ શુક્રવારે ઈઝરાયેલ પર શરૂઆતમાં અનેક ઉલ્લંઘનોનો આરોપ લગાવ્યો હતો, જેમાં દક્ષિણ લેબેનીઝ ગામડાઓ પર સમયાંતરે ગોળીબારનો સમાવેશ થાય છે.

લેબેનોનની રાષ્ટ્રીય સમાચાર એજન્સીએ એ પણ અહેવાલ આપ્યો હતો કે, મજદલ સેલેમ શહેરમાં એક છોકરાનું મોત થયું હતું, જ્યારે બચાવકર્તાઓએ ટાયરમાં યુદ્ધવિરામના થોડા સમય પહેલા હુમલાઓમાં માર્યા ગયેલા ઓછામાં ઓછા ૧૩ લોકોના મૃતદેહ શોધી કાઢ્યા હતા. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને ચેતવણી આપી હતી કે, યુદ્ધવિરામ ‘ચાલુ લશ્કરી કાર્યવાહી દ્વારા પહેલાથી જ નબળી પડી શકે છે’ અને ‘સરહદની બંને બાજુ નાગરિકોની સલામતી’ માટે હાકલ કરી હતી. લેબેનીઝ અધિકારીઓના જણાવ્યા અનુસાર, તાજેતરના યુદ્ધમાં દક્ષિણ લેબેનોનના ભાગોમાં ઈઝરાયેલી હવાઈ હુમલાઓ અને



જમીની આક્રમણથી ૨૧૦૦થી વધુ લોકો માર્યા ગયા છે અને લગભગ ૧૨ લાખ લોકો વિસ્થાપિત થયા છે.

**‘અનિવાર્ય’:** જ્યારે રહેવાસીઓએ તેમના વતનને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કર્યું, ત્યારે કેટલાકે રહેવાનું વચન આપ્યું, જ્યારે અન્ય - પાછા ફરવા માટે કંઈ ન મળતા અથવા નાજુક યુદ્ધવિરામ તૂટી શકે છે તેના ડરથી - કહ્યું કે, તેઓ ફરીથી ત્યાંથી ચાલ્યા જશે. ‘ત્યાં વિનાશ છે અને તે રહેવા યોગ્ય નથી. અનિવાર્ય. અમે અમારી વસ્તુઓ લઈ રહ્યા છીએ અને ફરીથી જઈ રહ્યા છીએ,’ ફદેલ બદરેદ્દીને કહ્યું, જે તેમના નાના પુત્ર અને પત્ની સાથે નબાતીહ પરત ફર્યા હતા. ‘ભગવાન અમને રાહત આપે અને આ આખી વસ્તુનો કાયમી અંત લાવે - અસ્થાયી રૂપે નહીં - જેથી અમે અમારા ઘરો અને જમીનો પર પાછા ફરી શકીએ.’

અલ જઝીરાના ખોદરે નબાતીહમાં ‘તમે જ્યાં જુઓ ત્યાં તમને નુકસાન, વિનાશ દેખાય છે’ કહ્યું. ‘છેલ્લા ૪૬ દિવસમાં આ સંઘર્ષમાં ઘણું બધું ખોવાઈ ગયું છે.’ જો યુદ્ધવિરામ ચાલુ રહે છે, તો તે યુએસ-ઈરાન વાટાઘાટોમાં તણાવના મુખ્ય મુદ્દાઓમાંથી એકને હળવો કરી શકે છે. ઈરાન અને મધ્યસ્થી પાકિસ્તાને કહ્યું હતું કે, લેબેનોનને એક અલગ યુએસ-ઈરાન યુદ્ધવિરામ માળખામાં આવરી લેવું જોઈએ, જ્યારે ઈઝરાયેલે દાવો કર્યો હતો કે, તે તે કરારનો ભાગ નથી અને તેના હુમલા ચાલુ રાખ્યા હતા.

ઈરાનના સેન્ટર ફોર સ્ટ્રેટેજિક સ્ટડીઝના સંશોધક અલી અકબર દરેનીએ જણાવ્યું હતું કે, ઈઝરાયેલ-લેબેનોન યુદ્ધવિરામથી યુએસ અને ઈરાન વચ્ચે વ્યાપક વાટાઘાટોમાં એક અવરોધ દૂર થયો છે કારણ કે, તેહરાન પ્રાદેશિક સંઘર્ષને એકબીજા સાથે જોડાયેલો માને છે, તેને ‘મોર્ચાની એકતા’ તરીકે વર્ણવે છે. પાકિસ્તાનના વડાપ્રધાન શેહબાઝ શરીફ, જેમના દેશે ગયા અઠવાડિયે યુએસ અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ વાટાઘાટોનું આયોજન કર્યું હતું, તેમણે શુક્રવારે ઈઝરાયેલ-લેબેનોન યુદ્ધવિરામનું સ્વાગત કર્યું અને ‘આશા વ્યક્ત કરી કે તે ટકાઉ શાંતિ માટે માર્ગ મોકળો કરશે.’

તેમણે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મધ્યસ્થી ભૂમિકાની પણ પ્રશંસા કરી, જેમણે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ અને લેબેનોનના રાષ્ટ્રપતિ જોસેફ આઉનને ‘અર્થપૂર્ણ વાટાઘાટો’ માટે વ્હાઈટ હાઉસમાં આમંત્રણ આપ્યું છે. આઉને શુક્રવારે કહ્યું હતું કે, ઈઝરાયેલ સાથે સીધી વાટાઘાટો ‘નિર્ણાયક’ હશે અને સરકાર ઈઝરાયેલના ઉપાડને સુરક્ષિત કરવાની આશા રાખે છે. દક્ષિણ લેબેનોનમાંથી કેદીઓને મુક્ત કરો અને વધુ હિંમતવાન વિવાદોનો ઉકેલ લાવો.

‘યુદ્ધવિરામ એ વાટાઘાટો આગળ વધારવાનો પ્રવેશદ્વાર છે,’ આઉને રાષ્ટ્રપતિ દ્વારા શેર કરાયેલા એક નિવેદનમાં ઉમેર્યું.

# જોર્ડનના મંત્રીએ લેબેનોનમાં યુદ્ધવિરામ જાળવવા અને સાર્વભૌમત્વને ટેકો આપવા માટે વૈશ્વિક પગલાં લેવાની હાકલ કરી

(એજન્સી) અમ્માન, તા.૧૮

જોર્ડનના વિદેશ મંત્રી આયમાન સફાદીએ શુક્રવારે ઈઝરાયેલ અને લેબેનોન વચ્ચે યુદ્ધવિરામ ટકાવી રાખવા અને તેના સમગ્ર પ્રદેશમાં રાજ્ય સત્તા વિસ્તારવાના પ્રયાસોમાં બેરૂતને ટેકો આપવા માટે સંકલિત પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય પ્રયાસો કરવા હાકલ કરી. તુર્કીમાં અંતાલ્યા ડિપ્લોમસી ફોરમના સાઈડલાઈન પર બોલતા સફાદીએ કહ્યું કે, દેશમાં સ્થિરતાને મજબૂત બનાવવાના પ્રયાસોના ભાગરૂપે, શસ્ત્રોનું નિયંત્રણ ફક્ત લેબનીઝ રાજ્યના હાથમાં હોવું જરૂરી છે.

તેમણે લેબેનોનમાં ૧૦-દિવસીય યુદ્ધવિરામ કરારને સુરક્ષિત કરવામાં તેમની ભૂમિકા બદલ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની પણ પ્રશંસા કરી, જે ગુરૂવારે મધ્યરાત્રિથી અમલમાં આવ્યો, યુદ્ધવિરામને પ્રાદેશિક તણાવ ઘટાડવા તરફ એક મુખ્ય પગલું ગણાવ્યું, એમ જોર્ડન ન્યૂઝ એજન્સીએ અહેવાલ આપ્યો.

પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સમકક્ષો સાથેની બેઠકો દરમિયાન, સફાદીએ વૈશ્વિક સમુદાયને પ્રાદેશિક સ્થિરતાને સુરક્ષિત રાખવામાં મદદ કરવા માટે મક્કમ વલણ અપનાવવા વિનંતી કરી અને લેબેનોન, સીરિયા અને કબજા હેઠળના પશ્ચિમ કાંઠે ઈઝરાયેલની વધતી જતી કાર્યવાહી સામે ચેતવણી આપી.

તેમણે ખાસ કરીને ઈઝરાયેલી વસાહતોના સતત વિસ્તરણ, પેલેસ્ટીન ભૂમિ પર કબજો જમાવવો અને જેરૂસલેમ અને શહેરના ઈસ્લામિક અને ખ્રિસ્તી પવિત્ર સ્થળોની ઐતિહાસિક અને કાનૂની સ્થિતિ બદલવાના પ્રયાસોનો ઉલ્લેખ કર્યો, આવા પગલાંને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન અને શાંતિની સંભાવનાઓ માટે ખતરો ગણાવ્યા. સફાદીએ ગાઝામાં પરિસ્થિતિને સ્થિર કરવાના




પ્રયાસોને આગળ વધારવાના મહત્ત્વ પર પણ ભાર મૂક્યો, જેમાં ત્યાંના લોકોને માનવતાવાદી સહાયની સતત ડિલિવરીનો સમાવેશ થાય છે. તેમણે આંતરરાષ્ટ્રીય કાયદા, રાજ્ય સાર્વભૌમત્વ અને નેવિગેશનની સ્વતંત્રતાના સિદ્ધાંતોને જાળવી રાખીને પ્રાદેશિક તણાવના મૂળ કારણોને સંબોધિત કરવાના ઉદ્દેશ્ય સાથે યુએસ અને ઈરાન વચ્ચે તાજેતરના યુદ્ધવિરામ કરાર પર નિર્માણ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

સફાદીએ જોર્ડનના વલણને પુનઃપુષ્ટિ આપતા કહ્યું કે, અમ્માન પ્રાદેશિક સુરક્ષા સુનિશ્ચિત કરવા અને પ્રદેશમાં ન્યાયી અને કાયમી શાંતિ પ્રાપ્ત કરવા માટે કામ કરવાનું ચાલુ રાખશે, જેમાં બે-રાજ્ય ઉકેલના ભાગરૂપે સ્વતંત્ર પેલેસ્ટીની રાજ્યની સ્થાપનાનો સમાવેશ થાય છે. તેમણે ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલના સભ્ય દેશો સાથે જોર્ડનની એકતા અને તેમની સુરક્ષા અને સ્થિરતાને સુરક્ષિત રાખવા માટેના પગલાં માટે તેના સમર્થનનો પણ પુનરોચ્ચાર કર્યો.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

# વિપક્ષની ઊંઘ ઊડી નહીં અને 'મહિલાના મસીહા' બનીને મોદી બાજી મારી ગયા !



મહિલા અનામત બિલ ૨૦૨૬ના સમર્થનમાં બોલતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાને ભારતીય મહિલાઓના તારણહાર તરીકે રજૂ કરતા કહ્યું કે ભારતીય લોકશાહીને વધુ જીવંત અને સહભાગી બનાવવા માટે વિધાનસભાઓમાં મહિલાઓ માટે અનામત એ સમયની જરૂરિયાત છે. તેમણે દુઃખ વ્યક્ત કર્યું કે દાયકાઓથી તેમાં વિલંબ થયો તે ''ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ'' છે. તેમણે ઉમેર્યું કે અગાઉની સરકારો દ્વારા લોકશાહી સંસ્થાઓમાં મહિલાઓને તેમનું યોગ્ય સ્થાન પૂરું પાડવાના વારંવાર પ્રયાસો છતાં તે પસાર થયું નથી. તેમણે એ હકીકત પર ભાર મૂક્યો કે ભારતની લગભગ અડધી વસ્તી ધરાવતી મહિલાઓ ''સમિતિઓ બનાવવામાં આવી હતી, બિલના ડ્રાફ્ટ રજૂ કરવામાં આવ્યા હતા, પરંતુ તેઓએ ક્યારેય દિવસનો પ્રકાશ જોયો નહીં.'' દુઃખની વાત છે કે RSS કેડર તરીકે મહિલાઓના મસીહા તરીકે તેમનો અવતાર જૂઠાણા, અપ્રમાણિકતા અને બેશરમીથી ભરપૂર છે.

બલરાજ મધોક (ઝિંદગી કા સફર ૩: દીનદયાળ ઉપાધ્યાય કી હત્યા સે ઈન્દિરા ગાંધી કી હત્યા તક, ૨૦૦૩) અને હેમેન્દ્ર નાથ પંડિત (ધ એન્ડ ઓફ અ ડ્રીમ: એન ઈનસાઈડ વ્યૂ ઓફ ધ આરએસએસ ટુડે, ૧૯૫૦) જેવા આરએસએસના અગ્રણી વિચારકો દ્વારા ઉજાગર કરાયેલા આરએસએસના ટોચના કાર્યકરો સાથે સંકળાયેલા સેક્સ કૌભાંડોમાં ન જઈએ તો, આપણે આરએસએસના આર્કાઈવ્સની તપાસ કરવી જોઈએ જેથી આરએસએસ દ્વારા કરવામાં આવતી ભયાનક પુરુષ-અરાજકતાવાદી હિન્દુ-વિરોધી મહિલા વિચારધારા અને પ્રથાઓ જાણી શકાય.

આરએસએસની અંદરઃ પુરુષો સ્વયંસેવકો છે અને સ્ત્રીઓ નોકર છે. ૧૯૨૫માં સ્થાપિત આરએસએસ એક વિશિષ્ટ પુરુષ સંગઠન બનવાનું હતું, તેના કાર્યકરોને સ્વયંસેવક અથવા સ્વયંસેવકો તરીકે ઓળખવામાં આવતા હતા. આરએસએસના ટોચના નેતાઓએ તેની મહિલા પાંખ શરૂ કરવાનો નિર્ણય લીધો ત્યારે મહિલાઓને પુરુષો કરતાં નીચા દરજ્જાની ગણવાનો પોતાનો ઈરાદો સ્પષ્ટ કર્યો હતો; ૧૯૩૬માં રાષ્ટ્ર સેવિકા સમિતિ. તેના નામકરણથી સ્પષ્ટ થયું કે મહિલા સભ્યોને સ્વયંસેવક કે સ્વયંસેવકો નહીં પણ રાષ્ટ્ર સેવિકા (રાષ્ટ્ર માટે દાસી) અથવા હિન્દુ રાષ્ટ્રની મહિલા સેવકો કહેવામાં આવતી હતી. રાષ્ટ્ર સેવિકા સમિતિમાં મહિલાઓની સેવકો તરીકેની આ ઓળખ માત્ર એક ટેકનિકલ મુદ્દો જ નહીં પરંતુ હિન્દુ મહિલાઓ પ્રત્યે RSSના વલણનું પરિણામ હતું જે સમાજમાં મહિલાઓની ગૌણ ભૂમિકાને મહિમા આપે છે. આ રાષ્ટ્ર સેવિકા સમિતિના સભ્યો (જેમની વેબસાઈટ અનુસાર લગભગ ત્રણ લાખ) ફક્ત એવા છે જેઓ 'વફાદારી/કૌમાર્ય' જાળવવા, 'નમ્ર' રહેવા, 'અડગ' રહેવા અને 'અનૈતિકતા અને દુષ્ટ ટેવો'નો શિકાર ન બનવાની પ્રતિજ્ઞા લે છે. RSSના પુરુષ સ્વયંસેવકો આવી કોઈ પ્રતિબદ્ધતા રાખતા નથી.

**RSS મનુસ્મૃતિને ભારતના બંધારણ તરીકે માંગે છે**

વાસ્તવમાં, RSSનું આ સ્ત્રી વિરોધી વલણ સ્પષ્ટપણે દૃશ્યમાન થયું જ્યારે ભારતીય બંધારણ સભા દ્વારા લોકશાહી ધર્મનિરપેક્ષ બંધારણને બહાલી આપવામાં આવી (૨૬ નવેમ્બર, ૧૯૪૯), તેણે તેને નકારી કાઢ્યું અને મનુસ્મૃતિ અથવા મનુ કોડને ભારતના બંધારણ તરીકે જાહેર કરવાની માંગ કરી. પ્રકરણ V અને IXના અવલોકનથી ખબર પડશે કે હિન્દુ સ્ત્રીઓને કેવી રીતે માનવીય પ્રાણી તરીકે ગણવામાં આવતી હતી.

**સ્ત્રીઓ અંગે મનુના કાયદા**

૧. દિવસ અને રાત સ્ત્રીને તેમના (પરિવારના) પુરુષો દ્વારા આશ્રિત રાખવી જોઈએ અને જો તેઓ પોતાને ઈન્દ્રિય આનંદમાં જોડે છે, તો તેમને એકના નિયંત્રણમાં રાખવી જોઈએ. (પ્રકરણ IX/શ્લોક ૨)

૨. બાળપણમાં તેના પિતા (તેણી)નું રક્ષણ કરે છે, યુવાનીમાં તેનો પતિ (તેણી)નું રક્ષણ કરે છે, અને વૃદ્ધાવસ્થામાં તેના પુત્રો (તેણી)નું રક્ષણ કરે છે; સ્ત્રી ક્યારેય સ્વતંત્રતા માટે યોગ્ય નથી. (IX/૩)

૩. બધી જાતિઓનું સર્વોચ્ચ કર્તવ્ય એ છે કે નબળા પતિઓએ પણ તેમની પત્નીઓનું રક્ષણ કરવાનો પ્રયાસ કરવો જોઈએ. (IX/૬)

૪. વિશ્વાસપાત્ર અને આજ્ઞાકારી નોકર હેઠળ ઘરમાં બંધાયેલી સ્ત્રીઓ (સારી રીતે) રક્ષિત નથી; પરંતુ જે પોતાની મરજીથી પોતાનું રક્ષણ કરે છે, તેઓ સારી રીતે રક્ષિત છે. (IX/૧૨)

૫. સ્ત્રીઓ સુંદરતાની પરવા કરતી નથી, કે તેમનું ધ્યાન ઉંમર પર કેન્દ્રિત નથી; (વિચારીને), '(તે પૂરતું છે કે) તે એક પુરુષ છે,' તેઓ પોતાને સુંદર અને કદરૂપા લોકોને સમર્પિત કરે છે. (IX/૧૪)

૬. પુરુષો પ્રત્યેના તેમના જુસ્સા દ્વારા, તેમના પરિવર્તનશીલ સ્વભાવ દ્વારા, તેમના કુદરતી નિર્દયતા દ્વારા, તેઓ તેમના પતિઓ પ્રત્યે બેવફા બની જાય છે, ભલે તેઓ આ (દુનિયા)માં ગમે તેટલી કાળજીપૂર્વક રક્ષિત હોય. (IX/૧૫)

૭. (તેમને બનાવતી વખતે) મનુએ સ્ત્રીઓને (તેમના) પલંગ, (તેમના) આસન અને આભૂષણનો પ્રેમ, અશુદ્ધ ઈચ્છાઓ, ક્રોધ, અપ્રમાણિકતા, દ્વેષ અને ખરાબ વર્તનનો પ્રેમ ફાળવ્યો. (IX/૧૭)

૮. સ્ત્રીઓ માટે પવિત્ર ગ્રંથો સાથે કોઈ (સંસ્કારાત્મક) વિધિ (કરવામાં આવતી નથી), આ રીતે કાયદો નક્કી થાય છે; સ્ત્રીઓ (જેઓ) શક્તિથી વંચિત છે અને વૈદિક ગ્રંથોના (જ્ઞાનથી) વંચિત છે, તેઓ (પોતે) અસત્ય જેટલી જ અશુદ્ધ છે, તે એક નિશ્ચિત નિયમ છે. (IX/૧૮)

**ગીતા પ્રેસને ગાંધી શાંતિ પુરસ્કાર જે હિન્દુ મહિલાઓને બદનામ કરે છે**

ગીતા પ્રેસ, ગોરખપુરને ૨૦૨૨ ગાંધી શાંતિ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો, જે ભારત સરકાર દ્વારા ૧૯૯૫માં મહાત્મા ગાંધીની ૧૨૫મી જન્મજયંતીની ઉજવણી દરમિયાન સ્થાપિત પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય પુરસ્કાર છે. તે વ્યક્તિઓ/સંગઠનોને એનાયત કરવામાં આવવાનો હતો જેમણે તેમના દ્વારા અપનાવવામાં આવેલા આદર્શોને આગળ વધારવામાં યોગદાન આપ્યું હતું. ગીતા પ્રેસને આ પુરસ્કાર આપનાર જ્યુરીનું નેતૃત્વ પીએમ મોદી કરી રહ્યા હતા.

પીએમ મોદીએ ગીતા પ્રેસને ''ગાંધી શાંતિ પુરસ્કાર ૨૦૨૧ એનાયત થવા બદલ અભિનંદન આપ્યા. તેમણે છેલ્લા ૧૦૦ વર્ષોમાં લોકોમાં સામાજિક અને સાંસ્કૃતિક પરિવર્તનને આગળ વધારવા માટે પ્રશંસનીય કાર્ય કર્યું છે,'' આકસ્મિક રીતે, ગીતા પ્રેસ પણ ૨૦૨૨માં તેની શતાબ્દી ઉજવી રહ્યું હતું.

ગીતા પ્રેસને મળેલો પુરસ્કાર માત્ર ગાંધીવાદી મૂલ્યો, માનવતાવાદ અને સારા સામાજિક ધોરણોમાં વિશ્વાસ રાખનાર લોકો માટે જ નહીં, પરંતુ લિંગ આધારિત અન્યાયનો વિરોધ કરનાર દરેક માટે આઘાતજનક હતો. ભારતીય લોકશાહી અને ધર્મનિરપેક્ષ પ્રજાસત્તાક માટે આ દુઃખદ ક્ષણ હતી, કારણ કે મોદી સરકારે ગીતા પ્રેસને આદર્શ ગણાવ્યો, જ્યારે તે એવું 'હિન્દુ' સાહિત્ય પ્રકાશિત કરે છે જેમાં સતી પ્રથા અને મહિલાઓ પર હિંસાનું સમર્થન જોવા મળે છે.

ગીતા પ્રેસ દ્વારા પ્રકાશિત લોકપ્રિય ધાર્મિક સાહિત્યમાં વિધવા, છૂટાછેડા લીધેલી અથવા ત્યજી દેવાયેલી મહિલાઓના પુનર્વિવાહનો વિરોધ કરવામાં આવે છે. ઉપરાંત, મહિલાઓ રોજગાર મેળવે અથવા બળાત્કાર જેવી ઘટનાઓની જાણ કરે તે બાબતોનો પણ વિરોધ દર્શાવવામાં આવે છે. આ સાહિત્ય મુજબ, હિન્દુ મહિલાઓ માટે આ જ માર્ગને શ્રેષ્ઠ ગણવામાં આવે છે.

ગીતા પ્રેસે આ વિષય પર ઘણા ગ્રંથો પ્રકાશિત કર્યા છે. તેમાં હનુમાન પ્રસાદ પોદ્દારનું 'નારી શિક્ષા', સ્વામી રામસુખદાસનું 'ગૃહસ્થમાં કેવી રીતે રહેવું', જય દયાલ ગોઈંદકાનું 'સ્ત્રીઓ માટે કર્તવ્ય શિક્ષા' અને 'નારી ધર્મ', તેમજ 'કલ્યાણ' મેગેઝિનનો મહિલાઓ વિષયક વિશેષ અંક સામેલ છે. આ પુસ્તકો અંગ્રેજી સહિત વિવિધ ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ છે અને વિદેશમાં રહેતા ભારતીયોમાં પણ લોકપ્રિય છે.

**ગીતા પ્રેસના સાહિત્યમાંથી કેટલીક બાબતો (સારાંશરૂપે) :**

- જો પતિ પત્ની પર હિંસા કરે, તો પત્નીએ તેને પોતાના ભાગ્ય કે અગાઉના કર્મોનું પરિણામ માનીને સહન કરવું જોઈએ એવું જણાવવામાં આવે છે.
- બળાત્કારના કેસમાં, પીડિત સ્ત્રી અને તેના પતિએ શક્ય હોય ત્યાં સુધી મૌન રાખવું વધુ સારું ગણવામાં આવે છે.
- સ્ત્રીના પુનર્વિવાહનો વિરોધ કરવામાં આવે છે અને તેને અયોગ્ય ગણવામાં આવે છે.
- પુરુષને કેટલીક પરિસ્થિતિઓમાં બીજા લગ્ન કરવાની મંજૂરી આપવામાં આવે છે, જેમ કે સંતાન ન હોય અથવા અન્ય કારણોસર.
- વિધવા સ્ત્રીને પુનર્વિવાહ કરવાની મંજૂરી નથી, પરંતુ તેને અન્ય રીતે પુરુષના આધિન રહેવાની સલાહ આપવામાં આવે છે.
- સ્ત્રી માટે પુરુષ સમાન અધિકારોની માંગ કરવી યોગ્ય નથી એવું કહેવામાં આવે છે, અને તેને ઓછા અધિકારો સાથે વધુ ફરજો સ્વીકારવી જોઈએ એવું દર્શાવવામાં આવે છે.

આ સાહિત્યમાં સતી પ્રથાને પણ એક પ્રકારની ધાર્મિક ભાવના તરીકે રજૂ કરવામાં આવી છે. તે મુજબ, પતિના મૃત્યુ પછી પત્નીએ તેની સાથે અગ્નિસંસ્કાર કરવો એ પરંપરા નહીં પરંતુ તેની વ્યક્તિગત ધાર્મિક શ્રદ્ધા ગણવામાં આવે છે.

આ ઉપરાંત, 'નારી ધર્મ' જેવા ગ્રંથોમાં ઘણા શ્લોકો દ્વારા જણાવવામાં આવે છે કે સ્ત્રીઓ સ્વતંત્ર જીવન જીવવા માટે યોગ્ય નથી. આ પુસ્તકોમાં સ્ત્રીઓની સ્વતંત્રતા અંગે અયોગ્યતા દર્શાવતો અભિગમ જોવા મળે છે. સાથે જ, ગર્ભવતી સ્ત્રીઓએ 'સારા ગુણો ધરાવતા પુત્ર'નો જન્મ થાય તે માટે વિવિધ ધાર્મિક વિધિઓ કરવાની સૂચનાઓ પણ આપવામાં આવે છે.

લેખ અનુસાર, સંસદીય વિપક્ષે મહિલાઓ પ્રત્યેના પોતાના સમર્થનના દાવા સામે પીએમ મોદીને પડકારવા માટે આ મુદ્દાઓ ઉઠાવ્યા નહીં, જેને અજ્ઞાનતા તરીકે દર્શાવવામાં આવ્યું છે.

આ તમામ મુદ્દાઓ આરએસએસની અમાનવીય વિચારધારા અને તેની પ્રથાઓ તરફ સંકેત કરે છે. આ વાર્તાનો મુખ્ય સાર એ છે કે પીએમ મોદીના નેતૃત્વ હેઠળની આરએસએસ-ભાજપ સરકાર ભારતની મહિલાઓ, ખાસ કરીને હિન્દુ મહિલાઓને પ્રભાવિત કરવામાં સફળ રહી છે. લેખ અનુસાર, આ સફળતા મહિલાઓ પ્રત્યેના સચ્ચા આદરને કારણે નહીં, પરંતુ વિરોધ પક્ષ આરએસએસની પ્રવૃત્તિઓ અને વિચારો વિશે પૂરતી જાણકારી ન ધરાવતો હોવાને કારણે છે. અન્ય શબ્દોમાં કહીએ તો, વિરોધીઓનું અજ્ઞાન પીએમ મોદી માટે લાભરૂપ બની રહ્યું છે.

**-પ્રોફેસર શમસુલ ઈસ્લામ**
**(સૌ. : મુસ્લિમ મિરર.કોમ)**

# ''શું મોદી સરકારે બોલાવેલું ખાસ સત્ર ખરેખર મહિલા અધિકારો વિશે છે કે પોતાની શક્તિના નાટક વિશે છે ? તેમાં સરમુખત્યારશાહી સ્પષ્ટપણે દેખાય છે''

## મોદી સરકારના તાજેતરના પગલા નારી શક્તિના નામે પેક થઈ રહ્યાં છે તેથી એક પ્રશ્ન ઉદભવે છે કે, 'નારી શક્તિ' કે 'પોતાની શક્તિ'

રાજ્યની ચૂંટણીઓ દરમિયાન જ મોદી સરકાર મહિલા અનામત બિલમાં ઝડપી સુધારાઓ કરી રહી છે, જેથી એક સ્વાભાવિક પ્રશ્ન ઉભા થાય છે કે આમાં ખરેખર સશક્તિકરણનો હેતુ છે ખરો? વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સપ્ટેમ્બર ૨૦૨૩માં પસાર થયેલા મહિલા અનામત બિલમાં સ્પષ્ટ પુનર્વિચાર કરીને તેમાં દૂરગામી રાજકીય પરિણામો ધરાવતા સુધારાઓને આગળ ધપાવવા માટે તેમણે સંસદનું ખાસ સત્ર બોલાવવાની હાકલ કરી છે. મોદીએ ૨૦૨૩માં 'નારી શક્તિ બિલ'માં રહેલાં 'ઐતિહાસિક' કાયદાના ગુણોની પ્રશંસા કરી હતી. નારી શક્તિના ઉદ્દેશ્યને સમર્થન આપતી સરકારનો બિલમાં પુનર્વિચાર, વિચારવો પડે તેવો છે. લગભગ ત્રણ દાયકાથી ઘડાઈ રહેલાં આ બિલનો ઈતિહાસ વિવાદાસ્પદ અને જટિલ રહ્યો છે. બિલને 'મહિલા-આગેવાની હેઠળના વિકાસ' તરફના એક મહત્વપૂર્ણ પગલા તરીકે આવકારવામાં આવ્યું હતું.

એક ભવ્ય ભાષણમાં, મોદીએ કહ્યું હતું કે, ભગવાને તેમને આ બિલને આગળ લઈ જવાની તક આપી છે.'' સરકાર હવે આ બિલમાં એવા સુધારા પ્રસ્તાવિત કરી રહી છે જેના કારણે વિપક્ષી પક્ષોના ભવાં પણ ઉચકાયાં છે.

હવે આ બિલ અંગે ચિંતા થવાનું મુખ્ય કારણ એ છે કે, સરકારે સર્વપક્ષીય બેઠક માટેની વિનંતી સ્વીકારી નથી. ઉપરાંત સરકાર જુલાઈના ચોમાસુ સત્ર સુધી પણ રાહ જોવા તૈયાર નથી.

**ખાસ સત્ર બોલાવવાની ઉતાવળ**

આસામ, પુડુચેરી, તમિલનાડુ, કેરળ અને પશ્ચિમ બંગાળમાં રાજ્ય કે જ્યાં ચૂંટણી પ્રચાર તેજીથી ચાલી રહ્યો છે ત્યારે ખાસ સત્ર બોલાવવાની ઉતાવળ કેમ કરાઈ રહી છે?

આ પ્રશ્નનો જવાબ આપતા પહેલા, ચાલો આપણે થોડા ડેટા પોઈન્ટ પર નજર કરીએ. જેથી મૂલ્યાંકન કરી શકાય કે, 'નારી શક્તિ બિલ' કે જેને મોદી 'ભગવાનને આપેલી તક' કહે છે તે ખરેખર તેમના હૃદયમાં છે ખરું?

★ આસામમાં, ભારતીય જનતા પાર્ટી (BJP)એ ફક્ત છ મહિલાઓને મેદાનમાં ઉતારી છે, જોકે પાછલી ચૂંટણી સાત મહિલાઓ હતી. વર્તમાન મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાના નેતૃત્વ હેઠળની પાર્ટીમાં ફક્ત ૭% મહિલાઓને જ ટિકિટ અપાઈ છે.

★ તમિલનાડુમાં, જ્યાં ભાજપ ૨૭ બેઠકો પર ચૂંટણી લડી રહી છે, તેમાં ફક્ત પાંચ મહિલા ઉમેદવારોને ટિકિટ અપાઈ છે.

★ પશ્ચિમ બંગાળમાં, જ્યાં ભાજપ એવી મહિલા સામે ચૂંટણી લડી રહ્યું છે, જેણે સૌથી લાંબા સમય સુધી એક મહિલા મુખ્યમંત્રી તરીકે સેવા આપી છે. અહીં ભાજપે ૧૧૯ ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી છે જેમાં ફક્ત એક જ મહિલાનું નામ છે. વર્તમાન મુખ્યમંત્રી મમતા બેનરજી ચૂંટણીમાં રણનીતિના ભાગ રૂપે મહિલા ઉમેદવારોની પસંદગી કરે છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં, તૃણમૂલ કોંગ્રેસ એકમાત્ર એવી પાર્ટી હતી જેણે ૩૩% મહિલા અનામતનું બિલ અમલમાં આવ્યા પહેલાં જ ૩૮% મહિલાઓને ટિકિટ આપી હતી. જે બિલમાં ૩૩ ટકા મહિલાઓની અનામત છે અને તેને ઐતિહાસિક ગણાવનાર ભાજપે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં, ભાજપે ૪૪૦ બેઠકોમાંથી ફક્ત ૬૯ મહિલાઓને એટલે કે ૧૬% મહિલાઓને જ ટિકિટ આપીને હતી.

**હાર્દ પર ચૂંટણી?**

પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલા ચૂંટણી પ્રચારની વચ્ચે બોલાવવામાં આવેલાં ખાસ સત્રનું હાર્દ આ જ છે? અંશત રીતે આનો જવાબ હા છે. કારણ કે તે તમામ પક્ષોને મુશ્કેલીમાં મૂકે છે. કોઈ પણ મહિલા વિરોધી તરીકે ઓળખાવા માંગતું નથી.

ખાસ સત્ર બોલાવવાનો મોદી સરકારનો સમય શંકાસ્પદ છે. એવું લાગે છે કે તેમની અપેક્ષા એવી છે કે, વિપક્ષના સાંસદો ચૂંટણી પ્રચાર છોડીને સંસદમાં ત્રણ દિવસ વિતાવે અને સરકારનો પ્રયાસ પણ તેના રાજકીય વિરોધીઓને હંફાવી દેવાનો હોય તેવું લાગે છે. બીજા શબ્દોમાં કહીએ તો મહિલા વિરોધી હોવાનો આરોપ કોણ પસંદ કરે?

**૨૦૨૩થી એક પરિવર્તન**

'ખાસ સત્ર બોલાવવાની ઉતાવળ' કરવા પર પ્રશ્ન ઉઠાવતા, કોંગ્રેસ સંસદીય પક્ષના અધ્યક્ષ સોનિયા ગાંધીએ મહિલા અનામતના નામે સીમાંકનને આગળ ધપાવવા બદલ મોદી પર પ્રહાર કર્યા છે. 'ધ હિન્દુ'માં પ્રકાશિત એક લેખમાં, સોનિયા ગાંધીએ આ પગલાને 'બંધારણ પર હુમલો' ગણાવ્યો અને ચેતવણી આપતા જણાવ્યું કે, લોકસભાની સંખ્યા વધારવા માટેની કોઈપણ કવાયત 'રાજકીય રીતે હોવી જોઈએ અને માત્ર અંકગણિત રીતે સમાન નહીં.'

આ અંકગણિત સંદર્ભ એ વ્યાપક અટકળો સાથે સંબંધિત છે કે, સરકાર એક અલગ સીમાંકન બિલ પર પણ વિચાર કરી રહી છે જે લોકસભા બેઠકોની સંખ્યા ૫૪૩થી વધારીને ૮૦૦થી વધારે કરવા માંગે છે.

ખાસ સત્રના પરિણામની આગાહી કરવી મુશ્કેલ છે પરંતુ એક વાત સ્પષ્ટ છે કે, આ સત્ર ફક્ત મહિલા અનામત બિલ પર જ આધારિત નથી. આ બિલ સપ્ટેમ્બર ૨૦૨૩માં અમલમાં આવ્યું હતું અને તેનો અમલ ભવિષ્યની વસ્તી ગણતરી અને સીમાંકન કવાયત સાથે જોડી દેવામાં આવે તેવી સરકારની ઈચ્છા હતી.

હવે, જો સરકારના ઈરાદા પર શંકા કરવામાં આવે છે, તો તે પોતે જ દોષિત થઈ જાય છે. ૨૦૨૩માં, કોંગ્રેસ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીથી જ મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની તરફેણમાં હતી પરંતુ તે વખતે સરકારે તેમ કરવાનો ઈન્કાર કર્યો હતો. તેના બદલે 'નારી શક્તિ'ને કલમ ૩૩૪-A હેઠળ નવી વસ્તી ગણતરી અને સીમાંકન કવાયત સાથે જોડી દીધી.

**'શક્તિ' એટલે 'નારી શક્તિ' નહીં**

હવે બિલમાં પુનર્વિચારનો હેતુ વિપક્ષને ૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે સીમાંકન માટે સંમત થવા માટે દબાણ કરવાનો છે. સરકારનો ઉદ્દેશ્ય હવે વચન આપેલ જાતિ વસ્તી ગણતરીને સીમાંકન કવાયતથી અલગ કરવાનો છે. ફરી એકવાર, મોદી સર્વસંમતિ અને પરામર્શના મહત્વપૂર્ણ લોકશાહી પાટા વિના તેમના કાર્યસૂચિને આગળ વધારવાનો પ્રયાસ કરી રહ્યા છે.

**નારી શક્તિના નામે પેક કરવામાં આવી રહ્યું હોવા છતાં, તેમાં સરમુખત્યારશાહી સ્પષ્ટપણે દેખાય છે**

હવે પ્રશ્ન વિપક્ષ શું કરશે તેનો છે. બંધારણીય સુધારા માટે બિલ બે તૃતીયાંશ બહુમતીથી પસાર થવું જરૂરી છે. જે ૧૬ એપ્રિલ અને ૧૮ એપ્રિલ વચ્ચે ખાસ સત્ર ચાલુ થશે ત્યારે જાણી શકાશે.

સ્પષ્ટ વાત એ છે કે રાજ્ય અને સંસદીય મતવિસ્તારોની સીમાઓ ફરીથી દોરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. વસ્તી સંખ્યા સીમાંકન નક્કી કરતી હોવાથી ઉત્તર અને દક્ષિણ ભારત વચ્ચે અસમાન વિતરણનો ભય પણ છે. સ્પષ્ટપણે, ભાજપ ચૂંટણી સંતુલનને તેના રાજકીય પક્ષમાં ઢાળવા માંગે છે.

તો હવે આપણે સમજી ગયા છીએ તે નારી શક્તિ વિશે નથી. 'નારી શક્તિ' ફક્ત એક બહાનું છે. જે પ્રશ્ન સપ્ટેમ્બર ૨૦૨૩માં સ્પષ્ટ રીતે ઉકેલાઈ ગયો હતો તે પ્રશ્નને ચોક્કસ સમયે ફરીથી ખોલવાનું કોઈ કારણ નહોતું.

**-હરિન્દર બાવેજા**
**(સૌ. : ધ ક્વિન્ટ)**

### રાજીનામું આપી ઘરે જઈ ગળેફાંસો ખાઈ લીધો

# જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા મહિલા કર્મીએ કર્યો આપઘાત

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૧૮

જૂનાગઢ શહેરના મંગલધામ વિસ્તારમાં આજે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. શહેરની સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા એક મહિલા કર્મચારીએ અગમ્ય કારણોસર આત્મહત્યા કરી લેતા પરિવાર અને હોસ્પિટલ સ્ટાફમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ખાસ વાત એ છે કે, મહિલાએ આજે સવારે જ પોતાની સરકારી નોકરીમાંથી રાજીનામું આપ્યું હતું અને ત્યારબાદ ઘરે આવી આ આત્મઘાતી પગલું ભર્યું હતું. જૂનાગઢના મધુરમ વિસ્તારમાં અલ્ટ્રા સ્કૂલ પાસે મંગલધામ-૧ વિસ્તારમાં રહેતા સુધાબેન વિજયભાઈ સોલંકી જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં પટાવાળા



તરીકે સરકારી સેવા આપતા હતા. આજે સવારે તેઓ હંમેશા મુજબ પોતાની ફરજ પર ગયા હતા અને ત્યાં નોકરીમાંથી રાજીનામું આપ્યા બાદ તેઓ પોતાના ઘરે પરત ફર્યા હતા અને કોઈ અકળ કારણોસર ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી. સી-ડિવિઝન પોલીસનો કાફલો તાત્કાલિક મંગલધામ ખાતેના તેમના નિવાસસ્થાને દોડી ગયો હતો. પોલીસે મૃતદેહને નીચે ઉતારી, પોસ્ટમોર્ટમ માટે મોકલી આપેલ. સરકારી નોકરીમાંથી અચાનક રાજીનામું આપવું અને ત્યારબાદ તરત જ આત્મહત્યા કરી લેવી એ બાબત અનેક સવાલો ઊભા કરી રહી છે. શું મહિલા કર્મચારી પર કોઈ પ્રકારનું દબાણ હતું કે પછી કોઈ અંગત મુસીબતને કારણે આ પગલું ભર્યું છે તે દિશામાં પોલીસે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે. હાલમાં આત્મહત્યા પાછળનું સચોટ કારણ જાણી શકાયું નથી પરંતુ પોલીસે અકસ્માતને મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ખેડાના ચાંદણામાં શારીરિક શોષણના કેસમાં ૮ આરોપીઓનું રિ-ન્સ્ટ્રક્શન થયું

નડિયાદ, તા.૧૮

ખેડા તાલુકાના ચાંદણા ગામમાં એક સગીર વયની બાળકી સાથે લાંબા સમય સુધી પૂર્વ આયોજનબદ્ધ રીતે શારીરિક શોષણ મામલે ખેડા ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી અત્યાર સુધીમાં કુલ ૮ આરોપીઓની ધરપકડ કરી છેઅને આજે ખેડા પોલીસ દ્વારા આરોપીઓનું રિ-કન્સ્ટ્રક્શન થયું હતું જ્યારે અન્ય એક આરોપીની શોધખોળ ચાલુ છે.આ કેસમાં એસ.ઓ.જી., એલ.સી.બી. અને ખેડા ટાઉન પોલીસની અલગ-અલગ ટીમોએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસ દ્વારા વૈજ્ઞાનિક અને ટેક્નિકલ પુરાવાઓ એકત્રિત કરીને અત્યાર સુધીમાં ૮ આરોપીઓની અટકાયત કરવામાં આવી છે. પકડાયેલા આરોપીઓમાં પરવેજખાન મુબારકખાન પઠાણ, માહિરખાન યાકુબખાન પઠાણ, ફૈઝાનખાન જહીરખાન પઠાણ, તૌફીકખાન હુશેનખાન પઠાણ, અયાનખાન લીયાકતખાન પઠાણ, મોઈનખાન ફિરોજખાન પઠાણ, મારૂફખાન મુબારકખાન પઠાણ અને સલમાનખાન આરીફખાન પઠાણનો સમાવેશ થાય છે.

હાલમાં આ કેસનો અન્ય એક આરોપી સાહીલ લીયાકતખાન ઉર્ફે દાઉદ પઠાણ હજુ પોલીસ પકડથી દૂર છે, જેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરાયા છે. પોલીસ તંત્ર દ્વારા જનતાને અપીલ કરવામાં આવી છે કે આ સંવેદનશીલ કિસ્સામાં કોઈપણ પ્રકારની અફવાઓ ફેલાવવાથી દૂર રહેવું. પોલીસ હાલ પકડાયેલા આરોપીઓ વિરૂદ્ધ કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી રહી છે.

# અમરેલીની સિવિલ હોસ્પિટલમાં એક સંસ્થા સંચાલિત અન્નક્ષેત્રમાં દલિત યુવક પર હુમલો

## સંચાલક સહિત ૭ સામે પોલીસ ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૧૮

અમરેલી શહેરમાં આવેલ સિવિલ હોસ્પિટલ પાછળના અન્નક્ષેત્રમાં દલિત યુવક પર થયેલા હુમલાની ગંભીર ઘટના સામે આવી છે. આ મામલે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા તપાસ શરૂ કરવામાં આવી છે. મહેશભાઈ પ્રેમજીભાઈ દુદાભાઈ રાઠોડ (ઉ.વ.૨૪ રહે. ગોપાલગ્રામ, જુનો હરિજનવાસ, તા. ધારી)એ અમરેલી સીટી પોલીસમાં નોંધાવેલ ફરિયાદ મુજબ બપોરના સમયે અમરેલી સિવિલ હોસ્પિટલ પાછળ આવેલ અન્નક્ષેત્રમાં ભોજન કરવા ગયા હતા. ત્યારે ભોજન દરમિયાન તેમને અચાનક ઉલ્ટી જેવું લાગતા તેઓ થાળીમાં રહેલ દાળ-ભાત પૂર્ણ કરી શક્યા ન હોતા. આ દરમિયાન અન્નક્ષેત્રના સંચાલક ભરતભાઈ આચાર્યએ તેમને બાકી રહેલું ભોજન પૂરું કરવા અથવા દંડ ચૂકવવા જણાવ્યું હતું. જેના પગલે મહેશભાઈ એ રૂા.૫૦ દંડ માટે રૂા.૫૦૦ આપ્યા હતા. બાદમાં જ્યારે તેઓ બાકી રકમ પરત માંગવા ગયા, ત્યારે આરોપીએ તેમની જાતિ અંગે પૂછપરછ કરી હતી મહેશભાઈ પોતે અનુસૂચિત જાતિના હોવાનું જણાવતા મામલો ઉગ્ર બન્યો હતો. ફરિયાદ મુજબ, આરોપી ભરતભાઈ આચાર્યએ કાળુભાઈ, હીરાભાઈ ખુમાણ અને ચતુરભાઈ દાફડા સહિત અન્ય લોકોને બોલાવી મહેશભાઈ પર હુમલો કર્યો હતો. આ તમામ આરોપીઓએ મળી પ્લાસ્ટિકની પાઈપ વડે માર મારતા ફરિયાદીને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી, તેમજ જમણા હાથની આંગળી પાસે અને ડાબા હાથમાં ફ્રેક્ચર જેવી ઈજાઓ થઈ હતી. આ ઉપરાંત આરોપીઓએ અન્ય ત્રણ અજાણ્યા ઈસમોને પણ બોલાવી હુમલો વધાર્યો હતો. તમામ આરોપીઓએ એકસાથે મળી હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી હુમલો કર્યો હોવાનો આક્ષેપ છે. આ સમગ્ર બનાવને લઈ સીટી પોલીસ સ્ટેશનમાં મહેશભાઈએ આરોપી નં.(૧)ભરતભાઈ (૨) કાળુભાઈ (૩) હીરાભાઈ ખુમાણ (૪) ચતુરભાઈ દાફડા (૫) અન્ય ત્રણ અજાણ્યા ઈસમો સામે સીટી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે અન્નક્ષેત્ર સંચાલક દ્વારા વારવાર દર્દીઓના સગાઓ સાથે માથાકૂટ કરે છે અને અપશબ્દો કેહવામાં આવે છે અનેક વખત સંચાલક ભરતભાઈ દ્વારા દર્દીઓના સગાઓને માર મારવામાં પણ આવેલ હોવાનું સૂત્રોમાંથી જાણવા મળેલ હતું.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

# વિપક્ષની ઊંઘ ઊડી નહીં અને 'મહિલાના મસીહા' બનીને મોદી બાજી મારી ગયા !



મહિલા અનામત બિલ ૨૦૨૬ના સમર્થનમાં બોલતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાને ભારતીય મહિલાઓના તારણહાર તરીકે રજૂ કરતા કહ્યું કે ભારતીય લોકશાહીને વધુ જીવંત અને સહભાગી બનાવવા માટે વિધાનસભાઓમાં મહિલાઓ માટે અનામત એ સમયની જરૂરિયાત છે. તેમણે દુ:ખ વ્યક્ત કર્યું કે દાયકાઓથી તેમાં વિલંબ થયો તે "ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ" છે. તેમણે ઉમેર્યું કે અગાઉની સરકારો દ્વારા લોકશાહી સંસ્થાઓમાં મહિલાઓને તેમનું યોગ્ય સ્થાન પૂરું પાડવાના વારંવાર પ્રયાસો છતાં તે પસાર થયું નથી. તેમણે એ હકીકત પર ભાર મૂક્યો કે ભારતની લગભગ અડધી વસ્તી ધરાવતી મહિલાઓ "સમિતિઓ બનાવવામાં આવી હતી, બિલના ડ્રાફ્ટ રજૂ કરવામાં આવ્યા હતા, પરંતુ તેઓએ ક્યારેય દિવસનો પ્રકાશ જોયો નહીં." દુ:ખની વાત છે કે RSS કેડર તરીકે મહિલાઓના મસીહા તરીકે તેમનો અવતાર જૂઠાણા, અપ્રમાણિકતા અને બેશરમીથી ભરપૂર છે. બલરાજ મધોક (ઝિંદગી કા સફર ૩: દીનદયાળ ઉપાધ્યાય કી હત્યા સે ઈન્દિરા ગાંધી કી હત્યા તક, ૨૦૦૩) અને હેમેન્દ્ર નાથ પંડિત (ધ એન્ડ ઓફ અ ડ્રીમ: એન ઈનસાઈડ વ્યૂ ઓફ ધ આરએસએસ ટુડે, ૧૯૫૦) જેવા આરએસએસના અગ્રણી વિચારકો દ્વારા ઉજાગર કરાયેલા આરએસએસના ટોચના કાર્યકરો સાથે સંકળાયેલા સેક્સ કૌભાંડોમાં ન જઈએ તો, આપણે આરએસએસના આર્કાઈવ્સની તપાસ કરવી જોઈએ જેથી આરએસએસ દ્વારા કરવામાં આવતી ભયાનક પુરુષ-અરાજકતાવાદી હિન્દુ-વિરોધી મહિલા વિચારધારા અને પ્રથાઓ જાણી શકાય. આરએસએસની અંદર: પુરુષો સ્વયંસેવકો છે અને સ્ત્રીઓ નોકર છે.૧૯૨૫માં સ્થાપિત આરએસએસ એક વિશિષ્ટ પુરુષ સંગઠન બનવાનું હતું, તેના કાર્યકરોને સ્વયંસેવક અથવા સ્વયંસેવકો તરીકે ઓળખવામાં આવતા હતા. આરએસએસના ટોચના નેતાઓએ તેની મહિલા પાંખ શરૂ કરવાનો નિર્ણય લીધો ત્યારે મહિલાઓને પુરુષો કરતાં નીચા દરજ્જાની ગણવાનો પોતાનો ઈરાદો સ્પષ્ટ કર્યો હતો; ૧૯૩૬માં રાષ્ટ્ર સેવિકા સમિતિ. તેના નામકરણથી સ્પષ્ટ થયું કે મહિલા સભ્યોને સ્વયંસેવક કે સ્વયંસેવકો નહીં પણ રાષ્ટ્ર સેવિકા (રાષ્ટ્ર માટે દાસી) અથવા હિન્દુ રાષ્ટ્રની મહિલા સેવકો કહેવામાં આવતી હતી. રાષ્ટ્ર સેવિકા સમિતિમાં મહિલાઓની સેવકો તરીકેની આ ઓળખ માત્ર એક ટેકનિકલ મુદ્દો જ નહીં પરંતુ હિન્દુ મહિલાઓ પ્રત્યે RSSના વલણનું પરિણામ હતું જે સમાજમાં મહિલાઓની ગૌણ ભૂમિકાને મહિમા આપે છે. આ રાષ્ટ્ર સેવિકા સમિતિના સભ્યો (જેમની વેબસાઈટ અનુસાર લગભગ ત્રણ લાખ) ફક્ત એવા છે જેઓ 'વફાદારી/કૌમાર્ય' જાળવવા, 'નમ્ર' રહેવા, 'અડગ' રહેવા અને 'અનૈતિકતા અને દુષ્ટ ટેવો'નો શિકાર ન બનવાની પ્રતિજ્ઞા લે છે. RSSના પુરુષ સ્વયંસેવકો આવી કોઈ પ્રતિબદ્ધતા રાખતા નથી.

**RSS મનુસ્મૃતિને ભારતના બંધારણ તરીકે માંગે છે**

વાસ્તવમાં, RSSનું આ સ્ત્રી વિરોધી વલણ સ્પષ્ટપણે દૃશ્યમાન થયું જ્યારે ભારતીય બંધારણ સભા દ્વારા લોકશાહી ધર્મનિરપેક્ષ બંધારણને બહાલી આપવામાં આવી (૨૬ નવેમ્બર, ૧૯૪૯), તેણે તેને નકારી કાઢ્યું અને મનુસ્મૃતિ અથવા મનુ કોડને ભારતના બંધારણ તરીકે જાહેર કરવાની માંગ કરી. પ્રકરણ V અને IXના અવલોકનથી ખબર પડશે કે હિન્દુ સ્ત્રીઓને કેવી રીતે માનવીય પ્રાણી તરીકે ગણવામાં આવતી હતી.

**સ્ત્રીઓ અંગે મનુના કાયદા**

૧. દિવસ અને રાત સ્ત્રીને તેમના (પરિવારના) પુરુષો દ્વારા આશ્રિત રાખવી જોઈએ અને જો તેઓ પોતાને ઈન્દ્રિય આનંદમાં જોડે છે, તો તેમને એકના નિયંત્રણમાં રાખવી જોઈએ. (પ્રકરણ IX/શ્લોક ૨)

૨. બાળપણમાં તેના પિતા (તેણી)નું રક્ષણ કરે છે, યુવાનીમાં તેનો પતિ (તેણી)નું રક્ષણ કરે છે, અને વૃદ્ધાવસ્થામાં તેના પુત્રો (તેણી)નું રક્ષણ કરે છે; સ્ત્રી ક્યારેય સ્વતંત્રતા માટે યોગ્ય નથી. (IX/૩)

૩. બધી જાતિઓનું સર્વોચ્ચ કર્તવ્ય એ છે કે નબળા પતિઓએ પણ તેમની પત્નીઓનું રક્ષણ કરવાનો પ્રયાસ કરવો જોઈએ. (IX/૬)

૪. વિશ્વાસપાત્ર અને આજ્ઞાકારી નોકર હેઠળ ઘરમાં બંધાયેલી સ્ત્રીઓ (સારી રીતે) રક્ષિત નથી; પરંતુ જે પોતાની મરજીથી પોતાનું રક્ષણ કરે છે, તેઓ સારી રીતે રક્ષિત છે. (IX/૧૨)

૫. સ્ત્રીઓ સુંદરતાની પરવા કરતી નથી, કે તેમનું ધ્યાન ઉંમર પર કેન્દ્રિત નથી; (વિચારીને), '(તે પૂરતું છે કે) તે એક પુરુષ છે,' તેઓ પોતાને સુંદર અને કદરૂપા લોકોને સમર્પિત કરે છે. (IX/૧૪)

૬. પુરુષો પ્રત્યેના તેમના જુસ્સા દ્વારા, તેમના પરિવર્તનશીલ સ્વભાવ દ્વારા, તેમના કુદરતી નિર્દયતા દ્વારા, તેઓ તેમના પતિઓ પ્રત્યે બેવફા બની જાય છે, ભલે તેઓ આ (દુનિયા)માં ગમે તેટલી કાળજીપૂર્વક રક્ષિત હોય. (IX/૧૫)

૭. (તેમને બનાવતી વખતે) મનુએ સ્ત્રીઓને (તેમના) પલંગ, (તેમના) આસન અને આભૂષણનો પ્રેમ, અશુદ્ધ ઈચ્છાઓ, ક્રોધ, અપ્રમાણિકતા, દ્વેષ અને ખરાબ વર્તનનો પ્રેમ ફાળવ્યો. (IX/૧૭)

૮. સ્ત્રીઓ માટે પવિત્ર ગ્રંથો સાથે કોઈ (સંસ્કારાત્મક) વિધિ (કરવામાં આવતી નથી), આ રીતે કાયદો નક્કી થાય છે; સ્ત્રીઓ (જેઓ) શક્તિથી વંચિત છે અને વૈદિક ગ્રંથોના (જ્ઞાનથી) વંચિત છે, તેઓ (પોતે) અસત્ય જેટલી જ અશુદ્ધ છે, તે એક નિશ્ચિત નિયમ છે. (IX/૧૮)

**ગીતા પ્રેસને ગાંધી શાંતિ પુરસ્કાર જે હિન્દુ મહિલાઓને બદનામ કરે છે**

ગીતા પ્રેસ, ગોરખપુરને ૨૦૨૨ ગાંધી શાંતિ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો, જે ભારત સરકાર દ્વારા ૧૯૯૫માં મહાત્મા ગાંધીની ૧૨૫મી જન્મજયંતીની ઉજવણી દરમિયાન સ્થાપિત પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય પુરસ્કાર છે. તે વ્યક્તિઓ/સંગઠનોને એનાયત કરવામાં આવવાનો હતો જેમણે તેમના દ્વારા અપનાવવામાં આવેલા આદર્શોને આગળ વધારવામાં યોગદાન આપ્યું હતું. ગીતા પ્રેસને આ પુરસ્કાર આપનાર જ્યુરીનું નેતૃત્વ પીએમ મોદી કરી રહ્યા હતા.

પીએમ મોદીએ ગીતા પ્રેસને "ગાંધી શાંતિ પુરસ્કાર ૨૦૨૧ એનાયત થવા બદલ અભિનંદન આપ્યા. તેમણે છેલ્લા ૧૦૦ વર્ષોમાં લોકોમાં સામાજિક અને સાંસ્કૃતિક પરિવર્તનને આગળ વધારવા માટે પ્રશંસનીય કાર્ય કર્યું છે," આકસ્મિક રીતે, ગીતા પ્રેસ પણ ૨૦૨૨માં તેની શતાબ્દી ઉજવી રહ્યું હતું.

ગીતા પ્રેસને મળેલો પુરસ્કાર માત્ર ગાંધીવાદી મૂલ્યો, માનવતાવાદ અને સારા સામાજિક ધોરણોમાં વિશ્વાસ રાખનાર લોકો માટે જ નહીં, પરંતુ લિંગ આધારિત અન્યાયનો વિરોધ કરનાર દરેક માટે આઘાતજનક હતો. ભારતીય લોકશાહી અને ધર્મનિરપેક્ષ પ્રજાસત્તાક માટે આ દુ:ખદ ક્ષણ હતી, કારણ કે મોદી સરકારે ગીતા પ્રેસને આદર્શ ગણાવ્યો, જ્યારે તે એવું 'હિન્દુ' સાહિત્ય પ્રકાશિત કરે છે જેમાં સતી પ્રથા અને મહિલાઓ પર હિંસાનું સમર્થન જોવા મળે છે.

ગીતા પ્રેસ દ્વારા પ્રકાશિત લોકપ્રિય ધાર્મિક સાહિત્યમાં વિધવા, છૂટાછેડા લીધેલી અથવા ત્યજી દેવાયેલી મહિલાઓના પુનર્વિવાહનો વિરોધ કરવામાં આવે છે. ઉપરાંત, મહિલાઓ રોજગાર મેળવે અથવા બળાત્કાર જેવી ઘટનાઓની જાણ કરે તે બાબતોનો પણ વિરોધ દર્શાવવામાં આવે છે. આ સાહિત્ય મુજબ, હિન્દુ મહિલાઓ માટે આ જ માર્ગને શ્રેષ્ઠ ગણવામાં આવે છે.

ગીતા પ્રેસે આ વિષય પર ઘણા ગ્રંથો પ્રકાશિત કર્યા છે. તેમાં હનુમાન પ્રસાદ પોદ્દારનું 'નારી શિક્ષા', સ્વામી રામસુખદાસનું 'ગૃહસ્થમાં કેવી રીતે રહેવું', જય દયાલ ગોઈંદકાનું 'સ્ત્રીઓ માટે કર્તવ્ય શિક્ષા' અને 'નારી ધર્મ', તેમજ 'કલ્યાણ' મેગેઝિનનો મહિલાઓ વિષયક વિશેષ અંક સામેલ છે. આ પુસ્તકો અંગ્રેજી સહિત વિવિધ ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ છે અને વિદેશમાં રહેતા ભારતીયોમાં પણ લોકપ્રિય છે.

**ગીતા પ્રેસના સાહિત્યમાંથી કેટલીક બાબતો (સારાંશરૂપે) :**

- જો પતિ પત્ની પર હિંસા કરે, તો પત્નીએ તેને પોતાના ભાગ્ય કે અગાઉના કર્મોનું પરિણામ માનીને સહન કરવું જોઈએ એવું જણાવવામાં આવે છે.
- બળાત્કારના કેસમાં, પીડિત સ્ત્રી અને તેના પતિએ શક્ય હોય ત્યાં સુધી મૌન રાખવું વધુ સારું ગણવામાં આવે છે.
- સ્ત્રીના પુનર્વિવાહનો વિરોધ કરવામાં આવે છે અને તેને અયોગ્ય ગણવામાં આવે છે.
- પુરુષને કેટલીક પરિસ્થિતિઓમાં બીજા લગ્ન કરવાની મંજૂરી આપવામાં આવે છે, જેમ કે સંતાન ન હોય અથવા અન્ય કારણોસર.
- વિધવા સ્ત્રીને પુનર્વિવાહ કરવાની મંજૂરી નથી, પરંતુ તેને અન્ય રીતે પુરુષના આધિન રહેવાની સલાહ આપવામાં આવે છે.
- સ્ત્રી માટે પુરુષ સમાન અધિકારોની માંગ કરવી યોગ્ય નથી એવું કહેવામાં આવે છે, અને તેને ઓછા અધિકારો સાથે વધુ ફરજો સ્વીકારવી જોઈએ એવું દર્શાવવામાં આવે છે.

આ સાહિત્યમાં સતી પ્રથાને પણ એક પ્રકારની ધાર્મિક ભાવના તરીકે રજૂ કરવામાં આવી છે. તે મુજબ, પતિના મૃત્યુ પછી પત્નીએ તેની સાથે અગ્નિસંસ્કાર કરવો એ પરંપરા નહીં પરંતુ તેની વ્યક્તિગત ધાર્મિક શ્રદ્ધા ગણવામાં આવે છે.

આ ઉપરાંત, 'નારી ધર્મ' જેવા ગ્રંથોમાં ઘણા શ્લોકો દ્વારા જણાવવામાં આવે છે કે સ્ત્રીઓ સ્વતંત્ર જીવન જીવવા માટે યોગ્ય નથી. આ પુસ્તકોમાં સ્ત્રીઓની સ્વતંત્રતા અંગે અયોગ્યતા દર્શાવતો અભિગમ જોવા મળે છે. સાથે જ, ગર્ભવતી સ્ત્રીઓએ 'સારા ગુણો ધરાવતા પુત્ર'નો જન્મ થાય તે માટે વિવિધ ધાર્મિક વિધિઓ કરવાની સૂચનાઓ પણ આપવામાં આવે છે.

લેખ અનુસાર, સંસદીય વિપક્ષે મહિલાઓ પ્રત્યેના પોતાના સમર્થનના દાવા સામે પીએમ મોદીને પડકારવા માટે આ મુદ્દાઓ ઉઠાવ્યા નહીં, જેને અજ્ઞાનતા તરીકે દર્શાવવામાં આવ્યું છે. આ તમામ મુદ્દાઓ આરએસએસની અમાનવીય વિચારધારા અને તેની પ્રથાઓ તરફ સંકેત કરે છે. આ વાર્તાનો મુખ્ય સાર એ છે કે પીએમ મોદીના નેતૃત્વ હેઠળની આરએસએસ-ભાજપ સરકાર ભારતની મહિલાઓ, ખાસ કરીને હિન્દુ મહિલાઓને પ્રભાવિત કરવામાં સફળ રહી છે. લેખ અનુસાર, આ સફળતા મહિલાઓ પ્રત્યેના સચ્ચા આદરને કારણે નહીં, પરંતુ વિરોધ પક્ષ આરએસએસની પ્રવૃત્તિઓ અને વિચારો વિશે પૂરતી જાણકારી ન ધરાવતો હોવાને કારણે છે. અન્ય શબ્દોમાં કહીએ તો, વિરોધીઓનું અજ્ઞાન પીએમ મોદી માટે લાભરૂપ બની રહ્યું છે.

**-પ્રોફેસર શમસુલ ઈસ્લામ**

**(સૌ. : મુસ્લિમ મિરર.કોમ)**

# "શું મોદી સરકારે બોલાવેલું ખાસ સત્ર ખરેખર મહિલા અધિકારો વિશે છે કે પોતાની શક્તિના નાટક વિશે છે ? તેમાં સરમુખત્યારશાહી સ્પષ્ટપણે દેખાય છે"

## મોદી સરકારના તાજેતરના પગલા નારી શક્તિના નામે પેક થઈ રહ્યાં છે તેથી એક પ્રશ્ન ઉદભવે છે કે, 'નારી શક્તિ' કે 'પોતાની શક્તિ'

રાજ્યની ચૂંટણીઓ દરમિયાન જ મોદી સરકાર મહિલા અનામત બિલમાં ઝડપી સુધારાઓ કરી રહી છે, જેથી એક સ્વાભાવિક પ્રશ્ન ઉભા થાય છે કે આમાં ખરેખર સશક્તિકરણનો હેતુ છે ખરો? વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સપ્ટેમ્બર ૨૦૨૩માં પસાર થયેલા મહિલા અનામત બિલમાં સ્પષ્ટ પુનર્વિચાર કરીને તેમાં દૂરગામી રાજકીય પરિણામો ધરાવતા સુધારાઓને આગળ ધપાવવા માટે તેમણે સંસદનું ખાસ સત્ર બોલાવવાની હાકલ કરી છે. મોદીએ ૨૦૨૩માં 'નારી શક્તિ બિલ'માં રહેલાં 'ઐતિહાસિક' કાયદાના ગુણોની પ્રશંસા કરી હતી. નારી શક્તિના ઉદ્દેશ્યને સમર્થન આપતી સરકારનો બિલમાં પુનર્વિચાર, વિચારવો પડે તેવો છે. લગભગ ત્રણ દાયકાથી ઘડાઈ રહેલાં આ બિલનો ઈતિહાસ વિવાદાસ્પદ અને જટિલ રહ્યો છે. બિલને 'મહિલા-આગેવાની હેઠળના વિકાસ' તરફના એક મહત્વપૂર્ણ પગલા તરીકે આવકારવામાં આવ્યું હતું. એક ભવ્ય ભાષણમાં, મોદીએ કહ્યું હતું કે, ભગવાને તેમને આ બિલને આગળ લઈ જવાની તક આપી છે." સરકાર હવે આ બિલમાં એવા સુધારા પ્રસ્તાવિત કરી રહી છે જેના કારણે વિપક્ષી પક્ષોના ભવાં પણ ઉચકાયાં છે. હવે આ બિલ અંગે ચિંતા થવાનું મુખ્ય કારણ એ છે કે, સરકારે સર્વપક્ષીય બેઠક માટેની વિનંતી સ્વીકારી નથી. ઉપરાંત સરકાર જુલાઈના ચોમાસુ સત્ર સુધી પણ રાહ જોવા તૈયાર નથી.

**ખાસ સત્ર બોલાવવાની ઉતાવળ :** આસામ, પુડુચેરી, તમિલનાડુ, કેરળ અને પશ્ચિમ બંગાળમાં રાજ્ય કે જ્યાં ચૂંટણી પ્રચાર તેજીથી ચાલી રહ્યો છે ત્યારે ખાસ સત્ર બોલાવવાની ઉતાવળ કેમ કરાઈ રહી છે? આ પ્રશ્નનો જવાબ આપતા પહેલા, ચાલો આપણે થોડા ડેટા પોઈન્ટ પર નજર કરીએ. જેથી મૂલ્યાંકન કરી શકાય કે, 'નારી શક્તિ બિલ' કે જેને મોદી 'ભગવાનને આપેલી તક' કહે છે તે ખરેખર તેમના હૃદયમાં છે ખરું?

★ આસામમાં, ભારતીય જનતા પાર્ટી (BJP)એ ફક્ત ૬ મહિલાઓને મેદાનમાં ઉતારી છે, જોકે પાછલી ચૂંટણી સાત મહિલાઓ હતી. વર્તમાન મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાના નેતૃત્વ હેઠળની પાર્ટીમાં ફક્ત ૭% મહિલાઓને જ ટિકિટ અપાઈ છે.

★ તમિલનાડુમાં, જ્યાં ભાજપ ૨૭ બેઠકો પર ચૂંટણી લડી રહી છે, તેમાં ફક્ત પાંચ મહિલા ઉમેદવારોને ટિકિટ અપાઈ છે.

★ પશ્ચિમ બંગાળમાં, જ્યાં ભાજપ એવી મહિલા સામે ચૂંટણી લડી રહ્યું છે, જેણે સૌથી લાંબા સમય સુધી એક મહિલા મુખ્યમંત્રી તરીકે સેવા આપી છે. અહીં ભાજપે ૧૧૯ ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી છે જેમાં ફક્ત એક જ મહિલાનું નામ છે. વર્તમાન મુખ્યમંત્રી મમતા બેનરજી ચૂંટણીમાં રણનીતિના ભાગ રૂપે મહિલા ઉમેદવારોની પસંદગી કરે છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં, તૃણમૂલ કોંગ્રેસ એકમાત્ર એવી પાર્ટી હતી જેણે ૩૩% મહિલા અનામતનું બિલ અમલમાં આવ્યા પહેલાં જ ૩૮% મહિલાઓને ટિકિટ આપી હતી. જે બિલમાં ૩૩ ટકા મહિલાઓની અનામત છે અને તેને ઐતિહાસિક ગણાવનાર ભાજપે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં, ભાજપે ૪૪૦ બેઠકોમાંથી ફક્ત ૬૯ મહિલાઓને એટલે કે ૧૬% મહિલાઓને જ ટિકિટ આપીને હતી.

**હાર્દ પર ચૂંટણી? :** પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલા ચૂંટણી પ્રચારની વચ્ચે બોલાવવામાં આવેલાં ખાસ સત્રનું હાર્દ આ જ છે? અંશત રીતે આનો જવાબ હા છે. કારણ કે તે તમામ પક્ષોને મુશ્કેલીમાં મૂકે છે. કોઈ પણ મહિલા વિરોધી તરીકે ઓળખાવા માંગતું નથી.

ખાસ સત્ર બોલાવવાનો મોદી સરકારનો સમય શંકાસ્પદ છે. એવું લાગે છે કે તેમની અપેક્ષા એવી છે કે, વિપક્ષના સાંસદો ચૂંટણી પ્રચાર છોડીને સંસદમાં ત્રણ દિવસ વિતાવે અને સરકારનો પ્રયાસ પણ તેના રાજકીય વિરોધીઓને હંફાવી દેવાનો હોય તેવું લાગે છે. બીજા શબ્દોમાં કહીએ તો મહિલા વિરોધી હોવાનો આરોપ કોણ પસંદ કરે?

**૨૦૨૩થી એક પરિવર્તન :** 'ખાસ સત્ર બોલાવવાની ઉતાવળ' કરવા પર પ્રશ્ન ઉઠાવતા, કોંગ્રેસ સંસદીય પક્ષના અધ્યક્ષ સોનિયા ગાંધીએ મહિલા અનામતના નામે સીમાંકનને આગળ ધપાવવા બદલ મોદી પર પ્રહાર કર્યા છે. 'ધ હિન્દુ'માં પ્રકાશિત એક લેખમાં, સોનિયા ગાંધીએ આ પગલાને 'બંધારણ પર હુમલો' ગણાવ્યો અને ચેતવણી આપતા જણાવ્યું કે, લોકસભાની સંખ્યા વધારવા માટેની કોઈપણ કવાયત 'રાજકીય રીતે હોવી જોઈએ અને માત્ર અંકગણિત રીતે સમાન નહીં.' આ અંકગણિત સંદર્ભ એ વ્યાપક અટકળો સાથે સંબંધિત છે કે, સરકાર એક અલગ સીમાંકન બિલ પર પણ વિચાર કરી રહી છે જે લોકસભા બેઠકોની સંખ્યા ૫૪૩થી વધારીને ૮૦૦થી વધારે કરવા માંગે છે. ખાસ સત્રના પરિણામની આગાહી કરવી મુશ્કેલ છે પરંતુ એક વાત સ્પષ્ટ છે કે, આ સત્ર ફક્ત મહિલા અનામત બિલ પર જ આધારિત નથી. આ બિલ સપ્ટેમ્બર ૨૦૨૩માં અમલમાં આવ્યું હતું અને તેનો અમલ ભવિષ્યની વસ્તી ગણતરી અને સીમાંકન કવાયત સાથે જોડી દેવામાં આવે તેવી સરકારની ઈચ્છા હતી. હવે, જો સરકારના ઈરાદા પર શંકા કરવામાં આવે છે, તો તે પોતે જ દોષિત થઈ જાય છે. ૨૦૨૩માં, કોંગ્રેસ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીથી જ મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની તરફેણમાં હતી પરંતુ તે વખતે સરકારે તેમ કરવાનો ઈન્કાર કર્યો હતો. તેના બદલે 'નારી શક્તિ'ને કલમ ૩૩૪-A હેઠળ નવી વસ્તી ગણતરી અને સીમાંકન કવાયત સાથે જોડી દીધી.

**'શક્તિ' એટલે 'નારી શક્તિ' નહીં :** હવે બિલમાં પુનર્વિચારનો હેતુ વિપક્ષને ૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે સીમાંકન માટે સંમત થવા માટે દબાણ કરવાનો છે. સરકારનો ઉદ્દેશ્ય હવે વચન આપેલ જાતિ વસ્તી ગણતરીને સીમાંકન કવાયતથી અલગ કરવાનો છે. ફરી એકવાર, મોદી સર્વસંમતિ અને પરામર્શના મહત્વપૂર્ણ લોકશાહી પાટા વિના તેમના કાર્યસૂચિને આગળ વધારવાનો પ્રયાસ કરી રહ્યા છે.

**નારી શક્તિના નામે પેક કરવામાં આવી રહ્યું હોવા છતાં, તેમાં સરમુખત્યારશાહી સ્પષ્ટપણે દેખાય છે :** હવે પ્રશ્ન વિપક્ષ શું કરશે તેનો છે. બંધારણીય સુધારા માટે બિલ બે તૃતીયાંશ બહુમતીથી પસાર થવું જરૂરી છે. જે ૧૬ એપ્રિલ અને ૧૮ એપ્રિલ વચ્ચે ખાસ સત્ર ચાલુ થશે ત્યારે જાણી શકાશે. સ્પષ્ટ વાત એ છે કે રાજ્ય અને સંસદીય મતવિસ્તારોની સીમાઓ ફરીથી દોરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. વસ્તી સંખ્યા સીમાંકન નક્કી કરતી હોવાથી ઉત્તર અને દક્ષિણ ભારત વચ્ચે અસમાન વિતરણનો ભય પણ છે. સ્પષ્ટપણે, ભાજપ ચૂંટણી સંતુલનને તેના રાજકીય પક્ષમાં ઢાળવા માંગે છે. તો હવે આપણે સમજી ગયા છીએ તે નારી શક્તિ વિશે નથી. 'નારી શક્તિ' ફક્ત એક બહાનું છે. જે પ્રશ્ન સપ્ટેમ્બર ૨૦૨૩માં સ્પષ્ટ રીતે ઉકેલાઈ ગયો હતો તે પ્રશ્નને ચોક્કસ સમયે ફરીથી ખોલવાનું કોઈ કારણ નહોતું.

**- હરિન્દર બાવેજા**

**(સૌ. : ધ ક્વિન્ટ)**

# બંગાળમાં ચૂંટણી પ્રચારમાં આસામના મુખ્યમંત્રી હિમંત બિશ્વા સરમાએ ટીએમસીને કાયમી ધોરણે ખતમ કરવાની પ્રતિજ્ઞા લીધી; TMCએ ચૂંટણી પંચમાં ફરિયાદ દાખલ કરી

(એજન્સી) કૂચ બિહાર, તા.૧૮

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાન માટે માત્ર પાંચ દિવસ બાકી છે, ત્યારે આસામના મુખ્યમંત્રી હિમંત બિશ્વા શર્માએ શનિવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) રાજ્યમાં સત્તામાં આવ્યા પછી તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) સત્તા પર આવશે, તો તેમનું રાજકારણ સમાપ્ત થઈ જશે. જેમ આપણે ગુજરાત અને ઉત્તર પ્રદેશ અને બિહારમાં કોંગ્રેસને કાયમ માટે બંધ કરી દીધી હતી. એકવાર ભાજપ અહીં જીતશે, તો ટીએમસી પણ કાયમ માટે સમાપ્ત થઈ જશે. હું તેમના દાવાઓ સાંભળીને આશ્ચર્યચકિત થઈ જાઉં છું. ક્યારેક હું ટીવી જોઉં છું અને હસું છું.

**પહેલા તબક્કાના મતદાનના થોડા દિવસો પહેલા આસામના મુખ્યમંત્રી હિમંત બિશ્વા સરમાએ કહ્યું કે, જો ભાજપ પશ્ચિમ બંગાળમાં સરકાર બનાવશે તો ટીએમસી "કાયમ માટે ખતમ" થઈ જશે. કૂચ બિહારમાં બોલતા, તેમણે મમતા બેનર્જી પર હુમલો કર્યો, જ્યારે ટીએમસીએ ચૂંટણી પંચમાં ફરિયાદ નોંધાવી, જેમાં આરોપ લગાવ્યો કે તેમની ટિપ્પણી સાંપ્રદાયિક, વિભાજનકારી અને મતદારોનું ધ્રુવીકરણ કરવાનો હેતુ છે**

"કાયમ માટે" ખતમ થઈ જશે. પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીનો પહેલો તબક્કો ૨૩ એપ્રિલે યોજાશે, જેમાં ૧૫૨ મતવિસ્તારો આવરી લેવામાં આવશે. પહેલા તબક્કામાં કૂચ બિહાર, અલીપુરદ્વાર, જલપાઈગુડી, દાર્જિલિંગ, ઉત્તર અને દક્ષિણ દિનાજપુર, માલદા, મુર્શિદાબાદ, પુરૂલિયા, બાંકુરા, ઝારગ્રામ, પશ્ચિમ મેદિનીપુર, પશ્ચિમ વર્ધમાન અને બીરભૂમ અને નાદિયાના કેટલાક મતવિસ્તારોનો સમાવેશ થાય છે. આ વિસ્તાર સરહદી જિલ્લાઓ, આદિવાસી પટ્ટાઓ, ચાના બગીચાના વિસ્તારો અને ઔદ્યોગિક વિસ્તારોને આવરી લે છે. કૂચ બિહારમાં એક જાહેર રેલીને સંબોધતા શર્માએ દાવો કર્યો હતો કે, ભાજપ રાજ્ય સરકાર બનાવશે ત્યારે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીની રાજનીતિનો અંત આવશે. મમતા મોદીથી કેમ ડરે છે કારણ કે તેઓ જાણે છે કે, જો ભાજપ ક્યારેય બંગાળમાં હુમાયુ કબીરે કહ્યું હતું કે, તે બાબરી મસ્જિદ બનાવશે. વાસ્તવમાં તેઓ કંઈ કરી શકતા નથી. ભાજપ સરકાર સાથે, આ બધું એક જ વારમાં ઉકેલાઈ જશે. આજે ટીએમસીએ હિમંત બિશ્વા શર્મા વિરૂદ્ધ ભારતીય ચૂંટણી પંચ (ECI)માં ફરિયાદ નોંધાવી હતી, જેમાં રાજ્યમાં એક ચૂંટણી રેલી દરમિયાન મમતા બેનર્જી વિરૂદ્ધ "સાંપ્રદાયિક આરોપિત, ઉશ્કેરણીજનક અને વિભાજનકારી" ટિપ્પણી કરવાનો આરોપ મૂક્યો હતો. પાર્ટી વતી સુપરત કરાયેલા પત્રમાં, ટીએમસી નેતા ડેરેક ઓ'બ્રાયને આરોપ લગાવ્યો છે કે, ૧૬ એપ્રિલે કૂચ બિહારમાં પ્રચાર કરતી વખતે સરમાએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી વિરૂદ્ધ એવા નિવેદનો આપ્યા હતા જે માત્ર ઉશ્કેરણીજનક જ નહીં પરંતુ અપમાનજનક પણ હતા. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે, આ ટિપ્પણીઓનો હેતુ વિધાનસભા ચૂંટણી પહેલા ધાર્મિક આધાર પર મતદારોનું ધ્રુવીકરણ કરવાનો હતો.

# 'શું તમે સુધારા કરવા તૈયાર છો ?': પ્રિયંકા ચતુર્વેદીએ લોકસભાના ફિયાસ્કા પછી સરકાર મહિલા અનામત બિલને સીમાંકનથી અલગ કરવા તૈયાર છે કે કેમ તે અંગે પ્રશ્ન કર્યો

**શિવસેના (UBT)ના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું કે, લોકસભામાં પ્રસ્તાવિત કાયદો પસાર ન થયા બાદ ભાજપ મહિલાઓને અનામત આપવા માંગતી નથી. બિલને જરૂરી બે તૃતીયાંશ બહુમતી મળી ન હતી, જેના પક્ષમાં ૨૯૮ મત અને વિરોધમાં ૨૩૦ મત પડ્યા હતા. તેમણે સ્પષ્ટ રાજકીય ઉદ્દેશ્યનો આગ્રહ રાખીને તેને સીમાંકનથી અલગ કરવાની માંગ કરી છે.**

(એજન્સી) તા.૧૮

શિવસેના (UBT)ના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ ૧૮ એપ્રિલના રોજ લોકસભામાં પ્રસ્તાવિત કાયદો પસાર ન થયા બાદ પ્રતિક્રિયા આપતા કહ્યું કે, ભાજપ મહિલા અનામત આપવા માંગતી નથી. બિલને જરૂરી બે તૃતીયાંશ બહુમતી મળી ન હતી, જેમાં ૨૯૮ સભ્યોએ તેના પક્ષમાં મતદાન કર્યું હતું અને ૨૩૦ સભ્યોએ તેનો વિરોધ કર્યો હતો. યુબીટી નેતાએ કહ્યું હતું કે, સરકારે મહિલા અનામત પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા સ્પષ્ટપણે દર્શાવવી જોઈએ, જેથી કાયદાને સીમાંકન પ્રક્રિયા સાથે જોડ્યા વિના અમલમાં મુકવામાં આવે. આ કાયદાને વસ્તી ગણતરી અને સીમાંકનથી અલગ કરવો જોઈએ અને ફાળવેલ બેઠકો તે આધારે મહિલાઓને આપવી જોઈએ. જેથી દેશની મહિલાઓ પણ સરકારની રાજકીય ઈચ્છાને સમજી શકે અને જાણી શકે.

તેમણે આગામી સંસદીય સત્રમાં જરૂરી સુધારા લાવવા માટે એનડીએની તૈયારી પર વધુ પ્રશ્ન ઉઠાવ્યો, ઉમેર્યું કે, "આ માટે સમગ્ર વિપક્ષ તમારી સાથે છે." માત્ર ચતુર્વેદી જ નહીં, સમગ્ર વિપક્ષે મહિલા અનામતના મુદ્દાને સીમાંકનથી અલગ કરવાની માંગણીનો પુનરોચ્ચાર કર્યો છે. કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે જણાવ્યું હતું કે, મહિલાઓ માટેના ક્વોટાને અન્ય બંધારણીય અને ચૂંટણીલક્ષી કવાયતો સાથે જોડ્યા વિના તાત્કાલિક લાગુ કરવો જોઈએ. બિલ લોકસભામાં પસાર ન થયા પછી, ભાજપે કોંગ્રેસ પર આકરા પ્રહાર શરૂ કર્યા અને તેના પર સુધારામાં વિલંબ કરવાનો આરોપ લગાવ્યો.

થરૂરે કહ્યું કે, "અમે મહિલાઓના વિરોધમાં નથી. અમે આજે પણ મહિલા અનામતને ટેકો આપવા તૈયાર છીએ. પરંતુ અમે આનો વિરોધ કર્યો છે. તમે આમાં સીમાંકનને કેમ ફસાવી રહ્યા છો ? સીમાંકન એક અલગ બાબત છે અને તેમાં ખૂબ જ ગંભીર પ્રશ્નો શામેલ છે જે ગંભીર ચર્ચાને પાત્ર છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બિલને ભારતના ચૂંટણી માળખામાં ફેરફાર કરવાનો પ્રયાસ ગણાવ્યો, જ્યારે કોંગ્રેસના ઘણા નેતાઓએ મતદાનને લોકશાહી મૂલ્યોનું રક્ષણ ગણાવ્યું હતું. ભાજપે વિરોધ પક્ષો પર સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત સુનિશ્ચિત કરવાના હેતુથી ઐતિહાસિક સુધારાને અવરોધવાનો આરોપ મૂક્યો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આરોપ લગાવ્યો કે કોંગ્રેસ, ટીએમસી અને અન્ય પક્ષો જેવા પક્ષોએ બિલ પસાર થવામાં રોક લગાવી અને રાજકીય પરિણામોની ચેતવણી આપી. જો કે, વિપક્ષે કહ્યું છે કે, તે સૈદ્ધાંતિક રીતે મહિલા અનામતને સમર્થન આપે છે પરંતુ તેને સીમાંકન અને વસ્તી ગણતરી પ્રક્રિયાઓ સાથે જોડવાનો વિરોધ કરે છે.

# 'સોમવારે સંસદનું સત્ર બોલાવો અને જૂનું બિલ લઈ આવો, પછી જોઈએ કે મહિલા વિરોધી કોણ છે' : સરકારની ચાલ નિષ્ફળ જતાં પ્રિયંકાએ વિપક્ષના હલ્લાબોલનું નેતૃત્વ કર્યું

**● 'જૂનું બિલ' ૨૦૨૩ના કાયદાનો ઉલ્લેખ કરે છે જે પહેલાથી જ વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩% અનામતની જોગવાઈ કરે છે, હકીકતમાં આ અઠવાડિયે તેને સૂચિત કરવામાં આવ્યું હતું ● સોનિયા ગાંધીએ બધા સાથી પક્ષોનો આભાર માન્યો**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

નરેન્દ્ર મોદી સરકારનું બંધારણ (૧૩૧મો સુધારો) બિલ લોકસભામાં નિષ્ફળ ગયાના એક દિવસ પછી વિપક્ષે શનિવારે વાર્તા પર નિયંત્રણ મેળવવાનો પ્રયાસ કર્યો, જેમાં કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ સરકારને એક સ્પષ્ટ જાહેર પડકાર આપ્યો હતો. તેમણે કહ્યું કે, તેઓએ સોમવારે તાત્કાલિક જૂનું મહિલા બિલ લાવવું જોઈએ. જે ૨૦૨૩માં બધા પક્ષો દ્વારા પસાર કરવામાં આવ્યું હતું. સોમવારે સંસદ રાખો, બિલ લાવો અને જોઈએ કે કોણ મહિલા વિરોધી છે. અમે બધા મતદાન કરીશું અને તમને ટેકો આપીશું. તેમણે ભાજપની આગેવાનીના NDA પર પશ્ચિમ બંગાળ અને તમિલનાડુના મતદારોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો. તમિલનાડુના શાસક DMKએ ૫૪૩ની વર્તમાન લોકસભા સંખ્યાની અંદર ક્વોટા આપવા માટે એક બિલ પણ રજૂ કર્યું. બંગાળના શાસક તૃણમૂલ કોંગ્રેસે કહ્યું કે જો તે ૨૦૧૧ની વસ્તી ગણતરી આધારિત સીમાંકન સાથે જોડાયેલ ન હોય તો તે ૫૦% ક્વોટાને પણ સમર્થન આપે છે. પ્રિયંકા ગાંધી જે 'જૂના બિલ'નો ઉલ્લેખ કરી રહ્યા હતા તે નારી શક્તિ વંદન અધિનિયમ અથવા ૨૦૨૩નો બંધારણ (૧૦૬મો સુધારો) અધિનિયમ છે, જે પહેલાથી જ લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩% અનામતની જોગવાઈ કરે છે. હકીકતમાં આ અઠવાડિયે જ તેને નોટિફાઈ કરવામાં આવ્યું હતું. તેનો અમલ ન થવાનું કારણ એ છે કે ભાજપની આગેવાની હેઠળની સરકારે એક શરત મૂકી હતી જેમાં તે અમલમાં આવે તે પહેલાં નવી વસ્તી ગણતરી અને સીમાંકન જરૂરી હતું. શનિવારે નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં પ્રિયંકા ગાંધીએ સરકારને વિલંબ કર્યા વિના કાર્યવાહી કરવા વિનંતી કરી: જો તમે કંઈક નક્કર કરવા માંગતા હો, તો ૨૦૨૩માં સર્વાનુમતે પસાર થયેલ બિલ પાછું લાવો, જેને બધા પક્ષો દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું. જો તમારે તેમાં થોડા નાના સુધારા કરવાની જરૂર હોય, જેથી તે હમણાં જ અમલમાં મૂકી શકાય, તો તે કરો. મહિલાઓને તેમના અધિકારો હમણાં જ આપો. તેમણે નવા બિલોની નિષ્ફળતાને સરકાર માટે 'કાળો દિવસ' ગણાવ્યો, અને કોંગ્રેસની આગેવાની હેઠળના વિપક્ષ સામે ભાજપને જવાબ આપ્યો કે, મહિલાઓ મૂર્ખ નથી. તેઓ બધું જુએ છે. તે પીઆર અને મીડિયા હાઈપ હવે કામ કરશે નહીં. પ્રિયંકા ગાંધીએ પુનરોચ્ચાર કર્યો કે વિપક્ષનો વલણ મહિલા અનામત સામે નથી પરંતુ તેને સીમાંકન અને વસ્તી ગણતરી સાથે જોડવા સામે છે. તેઓ વિચારતા હતા કે જો તે પસાર થશે, તો તેઓ જીતી જશે. જો તે પસાર નહીં થાય, તો તેઓ અન્ય પક્ષોને 'મહિલા વિરોધી' ગણાવીને 'મહિલાઓના તારણહાર' બનશે... આપણે જાણીએ છીએ કે મહિલાઓ માટે તારણહાર બનવું સરળ નથી. વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, 'મોદી સરકારે એક નવું બિલ રજૂ કર્યું, જેમાં દાવો કરવામાં આવ્યો કે તે મહિલા (ક્વોટા) બિલ છે, જો કે, તે ૨૦૨૩માં આ જ બિલ પસાર થઈ ગયું હતું.

**હદીસ બોધ**

તમારામાં સારા લોકો તે છે જે સ્ત્રીઓ સાથે સારી રીતે વર્તે છે. (હદીસ બોધ)

**બોધ વચન**

શ્રેષ્ઠ વર્તન ધનથી પ્રાપ્ત થતું નથી પરંતુ શ્રેષ્ઠ વર્તનથી ધન પ્રાપ્ત થાય છે. - સોક્રેટિસ

**આજની આરસી**

૧૯ એપ્રિલ રવિવાર ૨૦૨૬
૧ ઝિલકદ હિજરી ૧૪૪૭
વૈશાખ સુદ બીજ સંવત ૨૦૮૨
સુબ્હ સાદિક ૪-૫૪
ખત્મે ઝવાલ ૧૨-૩૯
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૧૬
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૦૨

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# દલિત કલ્યાણ, મુલ્કી નિયમો હૈદરાબાદમાં પ્રારંભિક હકારાત્મક કાર્યવાહી દર્શાવે છે : SEEPC રિપોર્ટ

**● ૧૮૫ દલિત વર્ગ શાળાઓની સ્થાપના; ૨.૫ કરોડ રૂપિયાના બજેટ સાથે દલિત પ્રતિનિધિત્વ સાથે દલિત વર્ગ ટ્રસ્ટ બોર્ડની રચના**

**● નિઝામ મીર ઉસ્માન અલી ખાનના દલિત કલ્યાણ પગલાં**

(એજન્સી) તા.૧૮

મુલ્કી નિયમો હકારાત્મક કાર્યવાહીના પ્રારંભિક સ્વરૂપ તરીકે કાર્ય કરતા હતા, જે પછાત જાતિઓ અને મુસ્લિમોને લાભ આપતા હતા, જેઓ તે સમુદાયના ઉચ્ચ વર્ગમાંથી આવતા ન હતા, જ્યારે તેમને ઉત્તર ભારતના અધિકારીઓના અમલદારશાહી વર્ચસ્વથી બચાવતા હતા, SEEPC સર્વેક્ષણમાં અવલોકન કરવામાં આવ્યું હતું. 'નિઝામ હેઠળ હૈદરાબાદ રાજ્યમાં પછાતપણું માપવું' શીર્ષકવાળા વિભાગમાં સમજાવવામાં આવ્યું છે કે, ૧૯૧૯માં રજૂ કરાયેલા નિયમોમાં રાજ્ય રોજગાર અને ઉચ્ચ શિક્ષણમાં પાત્રતા માટે ૧૫ વર્ષ સતત નિવાસ ફરજિયાત હતો. સર્વેક્ષણમાં જણાવાયું છે કે, તેઓ સ્થાનિક પસંદગીના એક મિકેનિઝમ તરીકે કાર્યરત હતા, જે હૈદરાબાદ રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે વંચિત જૂથો માટે પ્રવેશને વિસ્તૃત કરતા હતા. આ નિયમો હકીકતમાં રાજ્ય માળખા સાથે જોડાયેલી તકોમાં સ્થાનિક વસ્તીને પ્રાથમિકતા આપતા હતા. હૈદરાબાદના સાતમા નિઝામ મીર ઉસ્માન અલી ખાને કેટલીક નીતિઓ અમલમાં મૂકી જેના કારણે દલિતોને 'અનામત શિષ્યવૃત્તિ, છાત્રાલયો અને અલગ શાળાઓ - ૧૯૪૫ સુધીમાં ૧૮૬ દમનગ્રસ્ત વર્ગની શાળાઓ'નો લાભ મળ્યો. આ, શાળાઓમાં શિક્ષણનું માધ્યમ ઊર્દૂ હોવા છતાં અને ભદ્ર નિયંત્રણે પ્રવેશને મર્યાદિત કર્યો હતો. દલિત નેતાઓ દ્વારા રાજ્ય પર દબાણનો ઉલ્લેખ કરતા અહેવાલના એક અંશમાં કહેવામાં આવ્યું છે કે, '૧૯૩૧માં, વર્મા અને અરિગય રામાસ્વામી જેવા દલિત નેતાઓના સતત દબાણને કારણે દલિતોને સત્તાવાર રીતે આદિ હિન્દુ તરીકે માન્યતા આપવામાં આવી હતી. તે જ દાયકામાં હૈદરાબાદ શહેરમાં દલિત મ્યુનિસિપલ કાઉન્સિલર અરિગય રામાસ્વામીની નિમણૂક સાથે રાજકીય સમાવેશમાં એક સીમાચિહ્નરૂપ ઘટના બની, જે રજવાડાના શાસન હેઠળ દલિત શહેરી પ્રતિનિધિત્વના પ્રારંભિક ઉદાહરણોમાંનું એક છે.' હૈદરાબાદના રજવાડાએ માળખાકીય ગેરલાભ સ્વીકારતા દલિત વર્ગ ટ્રસ્ટ બોર્ડની રચના કરવામાં આવી. તેમાં દલિત સમુદાયનું પ્રતિનિધિત્વ હતું અને તેનું બજેટ રૂા.૨.૫ કરોડથી વધુ હતું, અહેવાલમાં જણાવાયું છે. બોર્ડે હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથો માટે છાત્રાલયો, શાળાઓ, શિષ્યવૃત્તિઓ અને કલ્યાણ સેવાઓ માટે ભંડોળ પૂરૂં પાડ્યું હતું. 'હૈદરાબાદનું પછાતપણુંનું વર્ગીકરણ બ્રિટિશ ભારતના જાતિ વસ્તી ગણતરી મોડેલથી અલગ હતું. તે સમુદાય-આગેવાની હિમાયત, વ્યવહારિક શાસન અને શાળા નોંધણી અને છાત્રાલય પ્રવેશ જેવા શૈક્ષણિક ઍક્સેસ ડેટા દ્વારા આકાર પામ્યું હતું. બાકાત રાખવાની આ જીવંત, અનુભવ-આધારિત માન્યતાએ રાજ્યના લાભોની ફાળવણી અને દલિત વર્ગો તરીકે ઔપચારિક ઓળખને માર્ગદર્શન આપ્યું,' અહેવાલમાં જણાવાયું છે.

# એક દિવસમાં ૯૬ કોલ : કેરળના દલિત વિદ્યાર્થીને લોન એપ દ્વારા મૃત્યુ પહેલાં હેરાન કરવામાં આવ્યો, પોલીસનો દાવો

**કન્નુર કોલેજમાં પડી જવાથી દલિત વિદ્યાર્થી નીતિન રાજનું મૃત્યુ, પોલીસે જાતિ ભેદભાવ અને લોન એપ દ્વારા હેરાનગતિની તપાસ કરી, ફેકલ્ટી બુક કરાઈ, લોન એપ તપાસ હેઠળ, યુનિવર્સિટીએ તપાસનો આદેશ આપ્યો**

(એજન્સી) તા.૧૮

કેરળના કન્નુર જિલ્લામાં ૨૨ વર્ષીય દલિત મેડિકલ વિદ્યાર્થીના મૃત્યુની અનેક દૃષ્ટિકોણથી તપાસ કરવામાં આવી રહી છે, પોલીસે કથિત જાતિ ભેદભાવ અને લોન એપ દ્વારા હેરાનગતિ બંનેને સંભવિત પરિબળો તરીકે ગણાવ્યા છે. તિરૂવનંતપુરમના વતની નીતિન રાજ આર એલનું શુક્રવારે અંજારકાન્ડી વિસ્તારમાં એક ખાનગી ડેન્ટલ કોલેજ કેમ્પસમાં ઈમારત પરથી પડી જવાથી મૃત્યુ થયું. તેમના મૃત્યુથી રાજ્યભરમાં વિરોધ પ્રદર્શનો શરૂ થયા છે, આરોપ છે કે, તેમને તેમની જાતિ, દેખાવ અને કૌટુંબિક પૃષ્ઠભૂમિને કારણે ફેકલ્ટી તરફથી અપમાનનો સામનો કરવો પડ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, નીતિને ફેબ્રુઆરીમાં એક ઓનલાઈન લેન્ડિંગ એપ પરથી રૂા.૧૩,૫૦૦ની લોન લીધી હતી, જેમાં એક મહિનાની અંદર રૂા.૧૯,૦૦૦ની ચૂકવણીની માંગ કરવામાં આવી હતી. કન્નુર શહેર પોલીસ કમિશનર નિધિનરાજ પીએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીને ભારે હેરાનગતિનો ભોગ બનવું પડ્યું હતું, તેના મૃત્યુના થોડા સમય પહેલા જ તેને ધિરાણકર્તાઓ તરફથી એક જ દિવસમાં ૯૬ કોલ અને મેસેજ મળ્યા હતા. નીતિન પર દબાણ વધુ ફેલાયું હતું. કોલેજના એક ફેકલ્ટી સભ્યને એપ દ્વારા વિદ્યાર્થીના સંપર્કો એક્સેસ કર્યા પછી તે જ ગ્રુપમાંથી ૨૬ કોલ મળ્યા હોવાના અહેવાલ છે. શિક્ષકે કોલેજ વહીવટીતંત્ર સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, નીતિનને તરત જ પ્રિન્સિપાલ દ્વારા બોલાવવામાં આવ્યો હતો. કમિશનરે જણાવ્યું હતું કે, 'ચેમ્બરમાંથી બહાર આવ્યાના લગભગ ૧૦ મિનિટ પછી તેણે બિલ્ડિંગ પરથી કૂદી પડ્યો હતો.' તપાસકર્તાઓનું માનવું છે કે, વિદ્યાર્થી પરિસ્થિતિથી પરેશાન થઈ ગયો હશે, જેમાં એવી શક્યતા પણ શામેલ છે કે, તેણે તેના શિક્ષક માટે મુશ્કેલી ઊભી કરી હતી. જાતિ ભેદભાવના આરોપો નાણાકીય હેરાનગતિના ખૂણા ઉપરાંત, પોલીસે જણાવ્યું હતું કે, નીતિનને કોલેજમાં કથિત ભેદભાવ અને અપમાનનો પણ સામનો કરવો પડ્યો હતો, જે તેના પર ભારે પડી શકે છે.

# કેરળના દલિત વિદ્યાર્થીનું મૃત્યુ : પરિવારે હોસ્પિટલની સારવાર પર શંકા વ્યક્ત કરી

**તેની બહેન રેખાએ જણાવ્યું હતું કે, કોલેજ સત્તાવાળાઓએ ઘાયલ થયા પછી તેને આપવામાં આવેલી સારવારની વિગતો હજુ સુધી જાહેર કરી નથી**

(એજન્સી)

તિરૂવનંતપુરમ, તા.૧૮

૧૫ એપ્રિલ, બુધવારે શંકાસ્પદ આત્મહત્યા કેસમાં કન્નુરની ડેન્ટલ કોલેજમાં ઈમારત પરથી પડીને મૃત્યુ પામેલા બીડીએસ વિદ્યાર્થીના પરિવારે આરોપ લગાવ્યો હતો કે, ઘટના પછી તેને સમયસર સારવારનો ઈન્કાર કરવામાં આવ્યો હતો. બેચલર ઓફ ડેન્ટલ સર્જરીના પ્રથમ વર્ષના વિદ્યાર્થી નીતિન રાજ આરએલ (૨૨) ૧૦ એપ્રિલના રોજ ઈમારત પરથી પડી ગયા પછી મેડિકલ કોલેજ બ્લોક નજીક ગંભીર રીતે ઘાયલ મળી આવ્યા હતા અને બાદમાં તેનું મોત નિપજ્યું હતું. પરિવારે આરોપ લગાવ્યો હતો કે, ફેકલ્ટી સભ્યો દ્વારા જાતિ અને રંગને કારણે હેરાનગતિને કારણે રાજે પોતાનું જીવન સમાપ્ત કર્યું હતું. તેના બ્લડ ગ્રુપને ઓળખવામાં વિલંબ પત્રકારો સાથે વાત કરતા તેની બહેન રેખાએ જણાવ્યું હતું કે, કોલેજ સત્તાવાળાઓએ ઘાયલ થયા પછી તેને આપવામાં આવેલી સારવારની વિગતો હજુ સુધી જાહેર કરી નથી. 'તેને બે કલાક સુધી મેડિકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યો હતો. સારવારમાં વિલંબ થયો કારણ કે, તેનું બ્લડ ગ્રુપ ઓળખી શકાયું ન હતું. મેડિકલ કોલેજને બ્લડ ગ્રુપ ઓળખવામાં કેટલો સમય લાગે છે,' તેણીએ પૂછ્યું. પરિવાર સંસ્થા દ્વારા કરવામાં આવેલા દાવાઓ પર વિશ્વાસ કરતો નથી, રેખાએ ઉમેર્યું. 'તેઓ દાવો કરે છે કે, પાંચ યુનિટ બ્લડ આપવામાં આવ્યું હતું. અમે જાણવા માંગીએ છીએ કે તેને શું સારવાર આપવામાં આવી હતી. જે વિદ્યાર્થીઓએ તેને જોયો હતો તેમણે કહ્યું કે, તેને ફક્ત એક પગમાં ફ્રેક્ચર થયું છે,' તેણીએ કહ્યું. રેખાએ આરોપ લગાવ્યો કે, ડેન્ટલ કોલેજનો ભાગ બનેલી મેડિકલ કોલેજ દ્વારા અત્યાર સુધી કોઈ સ્પષ્ટતા આપવામાં આવી નથી. તેણીએ કોલેજ સત્તાવાળાઓના દાવાઓને પણ નકારી કાઢ્યા કે લોન એપ્લિકેશન સંબંધિત મુદ્દો સામે આવ્યા પછી પરિવારનો સંપર્ક થઈ શક્યો નથી. બહેનનો આરોપ છે કે, કોલેજમાં કંઈક શંકાસ્પદ બન્યું કોલેજે દાવો કર્યો હતો કે, લોન એપ્લિકેશન દ્વારા પૈસા ઉછીના લીધા પછી રાજ દબાણ હેઠળ હતો, જેના સંચાલકોએ ચૂકવણી માટે એક શિક્ષકનો સંપર્ક પણ કર્યો હતો. 'જો તેના પિતા ફોન પર ઉપલબ્ધ ન હતા, તો તેઓએ વૈકલ્પિક સંપર્ક નંબર માંગવો જોઈતો હતો,' તેણીએ કહ્યું. 'કોલેજમાં કંઈક શંકાસ્પદ બન્યું છે. લોન એપ ઓપરેટરો દ્વારા તેમનો સંપર્ક કરવામાં આવતાં ચિંતિત શિક્ષિકા પ્રત્યે સહાનુભૂતિ રાખીને રાજ પોતાનું જીવન સમાપ્ત નહીં કરે,' રેખાએ કહ્યું. તેણીએ વધુમાં આરોપ લગાવ્યો કે, રાજનો ફોન તેના મૃત્યુ પહેલાં કોલેજના અધિકારીઓએ લઈ લીધો હતો. 'જો ફોન તેની પાસે હોત તો તે અમારો સંપર્ક કરી શક્યો હોત અને પોતાનો વિચાર બદલી શક્યો હોત. પરંતુ તેમણે તેને ફોન આપ્યો ન હતો,' તેણીએ આરોપ લગાવ્યો. રેખાએ કહ્યું કે, પરિવાર રાજ સાથે સંકળાયેલી લોનની સમસ્યાથી વાકેફ હતો, પરંતુ આરોપ લગાવ્યો કે, કોલેજના ફેકલ્ટી દ્વારા તેને હેરાન કરવામાં આવ્યો હતો. આરોપી કોલેજમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યો, પરંતુ ફરાર અગાઉ, પોલીસે બે ફેકલ્ટી સભ્યો સામે આત્મહત્યા માટે ઉશ્કેરણી અને અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની જોગવાઈઓ હેઠળ કેસ નોંધ્યો હતો, જેના આરોપો બાદ રાજને તેની જાતિ અને રંગને કારણે હેરાન કરવામાં આવ્યો હતો. સસ્પેન્ડ કરાયેલા બે આરોપીઓ હાલમાં ફરાર છે. દરમિયાન, ટેલિવિઝન ચેનલોએ રાજનો એક કથિત વોઈસ સંદેશ પ્રસારિત કર્યો જેમાં તેણે ફેકલ્ટી સભ્યો દ્વારા હેરાનગતિનો આરોપ લગાવ્યો હતો અને પરીક્ષામાં ઈરાદાપૂર્વક નાપાસ થવાનો ભય વ્યક્ત કર્યો હતો, જો કે, તેણે પોતાનો અભ્યાસક્રમ પૂર્ણ કરવાની આશા પણ વ્યક્ત કરી હતી. કેસની તપાસ કરી રહેલી વિશેષ તપાસ ટીમે રાજના સહાધ્યાયીઓ પાસેથી નિવેદનો નોંધ્યા છે, જેમાંથી કેટલાકે એવો પણ આરોપ લગાવ્યો છે કે, તેમને કોલેજના શિક્ષકો તરફથી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

# RCB vs DC : ફોર્મમાં રહેલી RCB દબદબો જાળવી રાખવા તૈયાર, KL રાહુલની ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં વાપસી




બેંગ્લુરૂ, તા.૧૮

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૨૦૨૬માં શનિવારે એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે એક રોમાંચક મુકાબલો રમાવા જઈ રહ્યો છે. આ મેચમાં દિલ્હી કેપિટલ્સના સ્ટાર બેટર KL રાહુલ પોતાના હોમ ગ્રાઉન્ડ પર પરત ફરી રહ્યા છે, જ્યાં તેમનો સામનો શાનદાર ફોર્મમાં ચાલી રહેલી રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ (RCB) સામે થશે. ૨૦૨૫માં પોતાનું પ્રથમ ટાઈટલ જીત્યા બાદ RCBની ટીમ અત્યારે અત્યંત મજબૂત દેખાઈ રહી છે અને તે પોતાના વિજયી અભિયાનને આગળ ધપાવવા માટે મક્કમ છે.

**RCBની 'ગ્રીન ઈનિશિયેટિવ' અને ગ્રીન જર્સીનો પડકાર**

વર્ષ ૨૦૧૧થી ચાલી આવતી પરંપરા મુજબ, આ મેચમાં RCBની ટીમ પર્યાવરણની જાળવણી અને ટકાઉપણું (Sustainability)ના સંદેશ સાથે પરંપરાગત લાલને બદલે 'ગ્રીન જર્સી' પહેરીને મેદાનમાં ઉતરશે. રિસાયકલ કરેલી સામગ્રીમાંથી બનેલી આ કિટ ટીમના કાર્બન-ન્યુટ્રલ અભિગમને દર્શાવે છે. જો કે, આ ગ્રીન જર્સી સાથે વિરાટ કોહલી અને ટીમનો રેકોર્ડ મિશ્ર રહ્યો છે, જેને ચાહકો ઘણીવાર 'ગ્રીન કર્સ' (લીલો શ્રાપ) તરીકે પણ ઓળખે છે. ઓરેન્જ કેપ ધારક વિરાટ કોહલી આ વખતે આ નસીબને બદલવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે.

**KL રાહુલ : ચિન્નાસ્વામીનો બાદશાહ**

દિલ્હી કેપિટલ્સ માટે KL રાહુલ સૌથી મોટું હથિયાર સાબિત થઈ શકે છે. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રાહુલનો રેકોર્ડ શાનદાર છે, જ્યાં તેણે ૨૦ ઈનિંગ્સમાં ૪૧.૮૪ની સરેરાશથી ૫૪૪ રન બનાવ્યા છે. સ્થાનિક પરિસ્થિતિઓથી વાકેફ હોવાને કારણે રાહુલ દિલ્હીની બેટિંગ લાઈન-અપ માટે કરોડરજ્જુ સમાન સાબિત થશે. બીજી તરફ, દિલ્હીની ટીમ હાલમાં સંઘર્ષ કરી રહી છે અને પોઈન્ટ ટેબલમાં પાંચમા ક્રમે હોવા છતાં તેમના પ્રદર્શનમાં સાતત્યનો અભાવ જોવા મળ્યો છે.

**ટીમ ન્યૂઝ અને પિચ રિપોર્ટ**

RCB માટે ચિંતાનો વિષય વિરાટ કોહલીની ફિટનેસ છે. મુંબઈ સામેની મેચમાં તેને પગની ઘૂંટીમાં ઈજા થઈ હતી, જેના કારણે તે ફરી એકવાર 'ઈમ્પેક્ટ પ્લેયર' તરીકે માત્ર બેટિંગ કરતો જોવા મળી શકે છે. દિલ્હી કેપિટલ્સમાં મિશેલ સ્ટાર્ક વર્કલોડ મેનેજમેન્ટના કારણે ઉપલબ્ધ રહેશે નહીં. ચિન્નાસ્વામીની પિચ હંમેશની જેમ બેટર્સ માટે સ્વર્ગ સમાન માનવામાં આવે છે, જ્યાં ફરી એકવાર ૨૦૦થી વધુ રનનો સ્કોર જોવા મળી શકે છે.

**સંભવિત પ્લેઈંગ - XI :**

RCB : ફિલ સોલ્ટ, દેવદત્ત પડિક્કલ, રજત પાટીદાર (કેપ્ટન), જીતેશ શર્મા, ટિમ ડેવિડ, રોમારિયો શેફર્ડ, કૃણાલ પંડ્યા, ભુવનેશ્વર કુમાર, જોશ હેઝલવુડ, રસિખ ડાર, સુયશ શર્મા. (ઈમ્પેક્ટ પ્લેયર : વિરાટ કોહલી)

DC : KL રાહુલ, પથુમ નિસાંકા, સમીર રિઝવી, ટ્રિસ્ટન સ્ટબ્સ, ડેવિડ મિલર, અક્ષર પટેલ (કેપ્ટન), વિપ્રજ નિગમ, આકિબ નબી ડાર, કુલદીપ યાદવ, લુન્ગી એન્ગિડી, મુકેશ કુમાર. (ઈમ્પેક્ટ પ્લેયર : આશુતોષ શર્મા)


## ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

**જોઈએ છે**

**સ્ટાફ જોઈએ છે**
ફૂટવેર વેરહાઉસ માટે મેનેજર જોઈએ છે કમ્પ્યુટર અને ઓનલાઈન કામના અનુભવી. સ્થળ : સરખેજ. હોલસેલ દુકાન માટે સેલ્સમેન કમ્પ્યુટર અને ફૂટવેરના અનુભવીને પ્રાથમિકતા. સ્થળ : કાલુપુર, પગાર : 15,000-20,000 સંપર્ક : 9023352535 9825752535

**જોઈએ છે**
નર્સિંગ સ્ટાફ અને લેબ ટેકનિશિયન ગાયનેક વિભાગ/NICU માટે લોખંડવાલા જનરલ હોસ્પિટલ, પ્રેમ દરવાજા પાસે, દરિયાપુર, અમદાવાદ 9824872106 9601372594

**કારીગર જોઈએ છે**
રમકડાની દુકાન માટે, પાનકોરનાકા, ત્રણ દરવાજા પાસે, 9376132254

**વેચવાનું છે**

**પ્લોટ વેચવાનો છે**
રોડ ટચ, રોડ રસ્તા સાથે ૧૫૦ વાર, જાવેદ પાર્ક-૨, પ્રાચીના સોસાયટી સામે, જુહાપુરા M. 9898074274 અડધો પ્લોટ મળશે.

ધોળકા ખાતે પાર્શ્વનાથ હોસ્પિટલ નજીક જીઈબી સબ સ્ટેશનની પાછળ, આશરે 4.50 વીઘા/૧૦૮ ગુઠા ખેતર વેચવાનું છે. ફક્ત ખરીદનાર ખેડૂતો સંપર્ક કરે. દલાલ માફ ફોન નંબર 9727792649

રસુલાબાદ શાહઆલમમાં પ્રાઈમ લોકેશન તેમજ સંપૂર્ણ સહુલતવાળી મિલકત વેચવાની છે. 90 વાર કાર્પેટ એરિયા તેમજ ત્રણ ફ્લોર સુધી 360 વારનું નવું બાંધકામ મહિને 70 હજાર ભાડું આવી શકે તેવી પ્રોપર્ટી. રૂબરૂ જોઈને નિર્ણય લો. મો. 8200422711

વેચવાના છે : ઈન્ડ. શેડ/પ્લોટ ૧૦૦૦ થી ૫૦૦૦ વાર ૧૦ હજાર વાર | નવા પુરા ચાંગોદર બાવલા • ખેડા ધોળકા • સાણંદ પિરાણા | ભાડે આપવાના છે શેડ ૧૦૦૦ ફૂટ થી ૩૦ હજાર વાર
પ્રિ-લીઝ ગોડાઉન વેચવાના છે
SAMIR CORPORATION : 93777 66742 દલાલ માફ

**તાત્કાલિક વેચવાનો છે**
3 BHK ફ્લેટ NID પાસે, પાલડી 9537136202

**બે દુકાન સાથે ૬ રૂમનું મકાન**
આશરે ૧૦૦ વારની કોમર્શિયલ બિલ્ડિંગ, રોડ ટચ, શાહપુર, ખજુરી મસ્જિદની બાજુમાં 9925011911 9898611270

**N.A. ટાઈટલ દસ્તાવેજ પ્લોટ વેચવાનો છે**
નૂરાની ફાર્મ નરીમાનપુરા 652 વાર અને 326 વાર 9727230625

TP 85 રોડ આયાત એવન્યુ ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન વ્યાજબી ભાવથી વેચવાની છે 7777999667

સરખેજ હાજી જમાલ નગર પાસે, ટાઈટલ ક્લિયર મકાન વેચવાનું છે 7777999667

**મકાન વેચવાનું છે**
3 માળનું કાલુપુર વિસ્તારમાં 9265896638 8401320861

**બંગલો વેચવાનો છે**
આશરે 240 વારનો પ્લોટ, 110 વારનું બાંધકામ, ટાઈટલ ક્લિયર, એસ.જી. ઓફિસ સામે, જુહાપુરા મો. 9426517766

**ટેનામેન્ટ વેચવાનો છે**
NA NOC મુહમ્મદી મસ્જિદ પાસે, જીવરાજ પાર્ક, વધુ વિગત માટે વ્હોટ્સએપ કરો 9725626373

**Furnished Flat For rent**
2 BHK Juhapura Broker 9825415296

**2 BHK ફર્નિશ્ડ ફ્લેટ વેચવાનો છે**
105 ચો. યાર્ડ, સુપર બિલ્ટ અપ, એમ.બી. ટાવર, ખાનપુર, અમદાવાદ 7567944644

**મકાન અને જમીન ભાડે-વેચાણ**

**2 BHK ફ્લેટ વેચાણ અથવા ભાડે આપવાનો છે**
501, રોયલ રેસિડેન્સી, નવરંગ સ્કૂલ સામે, બેરલ માર્કેટ, ચંડોળા તળાવ સામે 9228109009

**ત્રિપ્લેક્ષ વેચાણ આપવાનો છે**
ત્રણ બેડરૂમ, હોલ, કિચન, 110 વાર બાંધકામ, જમીન દસ્તાવેજ, ૯ અમીઝા રેસિડેન્સી, મદની મસ્જિદ પાસે, પટેલ મેદાન, દાણીલીમડા 9228109009

**૨ માળની દુકાન વેચાણ અથવા ભાડે આપવાની છે**
૩, ૬ અર-રહમાન કોમ્પ્લેક્ષ, નાગોરી કોમ્પ્લેક્ષની બાજુમાં, દાણીલીમડા, BRTS સામે 9228109009

**ભાડે આપવાની છે**
હોસ્પિટલના માટે જગ્યા પહેલો માળ, અંબર ટાવરથી સરખેજ, રોડ ટચ, બ્રોકર 8320798770

**ફ્લેટ વેચાણ/ભાડે લેવા માટે કોલ કરો**
ન્યુ સાઈટ ટીપી 85 સરખેજ-જુહાપુરા બ્રોકર 8320798770

**વેચાણ કે ભાડે નાનું ફાર્મ જોઈએ**
મરઘા/બકરા/ડેરી માટે યોગ્ય સંપર્ક : 9904771113

**ભાડે અથવા વેચાણ અથવા ગીરવે આપવાનું છે**
જમાલપુરમાં દુકાન સાથે બે માળનું મકાન 7359478176

**ભાડે અથવા વેચાણ આપવાનો છે**
ડુપ્લેક્ષ ફતેહવાડી કેનાલ પાસે 7359478176

**ફ્લેટ ભાડે આપવાનો છે**
2 BHK વિશાલા સર્કલ, રોડ ટચ, સોસાયટી 9998424483

**Apex Property Solution**
જમીન, મકાન, પ્લોટ, ફ્લેટ લે-વેચ તથા ભાડે માટે મળો Akik Farooqui 9099421218 Anis Farooqui 9099521218

**મકાન વેચાણ આપવાનું છે**
NANOC વાળું પ્લોટ 150 વાર કાર્પેટ આશરે મોતી બેકરીની પાછળ, સરખેજ રોડ 8488881555

**45 હજાર ચાલુ ભાડા સાથે પ્રોપર્ટી વેચવાની છે**
(સ્ટેમ્પ પેપર) 7777999667

**લગ્ન વિષયક**

**રિશ્તા મુસ્લિમ મેરેજ બ્યુરો**
ના Refer & Earn Programmeમાં જોડાઈને પાર્ટ/ફુલ ટાઈમ Work From Home કરી સારી આવક મેળવવાની હાઉસ વાઈફ/રિટાયર્ડ પર્સન/ઈન્સ્યુરન્સ એજન્ટ માટે અમૂલ્ય તક 9375007734 www.refer.rishtaforyou.com

**લગ્ન વિષયક યુનિવર્સલ મુસ્લિમ મેરેજ બ્યુરો**
21st Anniversary Special Offer ન્યુ મેમ્બરશીપ લો અથવા રિન્યુ કરાવો અને + 1 મહિનાની મેમ્બરશીપ તદ્દન FREE...FREE...FREE મેળવો ઓફર ફક્ત 30 April સુધી જ છે. Doctor/Engineer/C.A./Ph.D/M.Phil/Master Graduate/Government Employee/NRI/Business Familyના મુસ્લિમ યુવક-યુવતીઓના 7000થી વધુ Biodata જોવા અને વાલીઓને રૂબરૂ મળવા સંપર્ક કરો. 9825091851 www.ummbonline.com

**નિકાહ નેટવર્ક્સ મુસ્લિમ મેરેજ બ્યુરો**
લોકલ તથા NRI એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો 9825215334 9904969895

**અગત્યની સૂચના**
લગ્ન વિષયકની તેમજ અન્ય કોઈપણ યોજનાની જાહેરખબરમાં વિજ્ઞાપન દાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતાં પહેલા વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. જેની ખાસ નોંધ લેવી. -વ્યવસ્થાપક

**ગુજરાત ટુડે**
આપની ટચૂકડી જાxખ નીચેના સેન્ટર ઉપર પણ આપી શકો છો

**ગુજરાત ટુડે બ્યુરો સીટી ઓફિસનું સરનામું**
ઉસ્માની મંઝીલ, ખાનપુર ચકલા, અમદાવાદ

**કિસ્મત બુક સ્ટોર**
૧૯૦/એ/૩, બાવરચી એસ્ટેટ, બુખારીસાહબ દરગાહ, જમાલપુર ક્રોસ રોડ, અમદાવાદ. મો.૯૮૨૫૦૭૫૬૮૯

**જુહાપુરા ઓફિસ ફિરદોસ સિમેન્ટ**
બેંક ઓફ બરોડાની સામે, સરખેજ જુહાપુરા રોડ,મો.૯૯૯૮૮૮૦૩૩૦

**હદીસ બોધ**

તમારામાં સારા લોકો તે છે જે સ્ત્રીઓ સાથે સારી રીતે વર્તે છે. (હદીસ બોધ)

**બોધ વચન**

શ્રેષ્ઠ વર્તન ધનથી પ્રાપ્ત થતું નથી પરંતુ શ્રેષ્ઠ વર્તનથી ધન પ્રાપ્ત થાય છે.

- સોક્રેટિસ

**આજની આરસી**

૧૯ એપ્રિલ રવિવાર ૨૦૨૬
૧ ઝિલકદ હિજરી ૧૪૪૭
વૈશાખ સુદ બીજ સંવત ૨૦૮૨

| | |
|---|---|
| સુબ્હસાદિક | ૪-૫૪ |
| ખત્મેઝવાલ | ૧૨-૩૯ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૧૬ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૭-૦૨ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.

- વ્યવસ્થાપક

# 'સ્ટોઈક' સ્ટબ્સ અને 'કિલર' મિલરે KL રાહુલના જન્મદિવસની ઉજવણી યાદગાર બનાવી; બેંગ્લુરૂ સામે દિલ્હીનો રોમાંચક વિજય



બેંગ્લુરૂ, તા.૧૮

શનિવારે એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રમાયેલી IPL ૨૦૨૬ની રોમાંચક મેચમાં દિલ્હી કેપિટલ્સે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ (RCB)ને તેમના જ હોમ ગ્રાઉન્ડ પર ૬ વિકેટે પરાજય આપ્યો હતો. ૧૭૬ રનના લક્ષ્યનો પીછો કરતા દિલ્હીએ કેએલ રાહુલની અડધી સદી અને અંતિમ ઓવરોમાં ટ્રિસ્ટન સ્ટબ્સ તથા ડેવિડ મિલરની તોફાની બેટિંગના જોરે આ જીત હાંસલ કરી હતી. આ હાર સાથે બેંગ્લુરૂનું પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચવાનું સપનું અધૂરૂં રહ્યું છે.

**રાહુલની લડાયક બેટિંગ અને સ્ટબ્સ-મિલરનો ફિનિશિંગ ટચ :** પોતાના ૩૪મા જન્મદિવસ પર કેએલ રાહુલે જવાબદારીપૂર્વક બેટિંગ કરી હતી. દિલ્હીની શરૂઆત અત્યંત ખરાબ રહી હતી અને ટીમે માત્ર ૧૮ રનમાં ૩ વિકેટ ગુમાવી દીધી હતી. ભુવનેશ્વર કુમારે નવી બોલથી કહેર વર્તાવતા દિલ્હીની મુશ્કેલી વધારી હતી, પરંતુ રાહુલે લડત આપતા ટીમને પાવરપ્લેમાં ૫૦ રન સુધી પહોંચાડી હતી. રાહુલે સ્ટબ્સ સાથે મળીને ૬૯ રનની મહત્વની ભાગીદારી કરી હતી. રાહુલ ૧૧મી ઓવરમાં કૃણાલ પંડ્યાનો શિકાર બન્યો, પરંતુ તે પહેલા તેણે ટીમ માટે મજબૂત પાયો નાખ્યો હતો. મેચ જ્યારે અંતિમ તબક્કે પહોંચી ત્યારે દિલ્હીને છેલ્લી ૪ ઓવરમાં ૪૧ રનની જરૂર હતી. આ સમયે ટ્રિસ્ટન સ્ટબ્સે (અણનમ ૫૦) અને ડેવિડ મિલરે મોરચો સંભાળ્યો હતો. છેલ્લી ઓવરમાં ૧૫ રનની જરૂર હતી ત્યારે 'કિલર' મિલરે રોમારિયો શેફર્ડને બે ગગનચુંબી છગ્ગા અને એક ચોગ્ગો ફટકારીને ૧૯.૫ ઓવરમાં જ મેચ દિલ્હીના નામે કરી દીધી હતી.

**બેંગ્લરૂની બેટિંગમાં જોવા મળી નબળાઈ :** અગાઉ ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી RCBની શરૂઆત ફિલ સોલ્ટના કારણે આક્રમક રહી હતી. સોલ્ટે ૩૮ બોલમાં ૬૩ રન ફટકાર્યા હતા. વિરાટ કોહલીએ પણ ૧૯ રનની ઈનિંગ દરમિયાન શાનદાર ક્લાસ બતાવ્યો હતો, પરંતુ તે લાંબી ઈનિંગ રમી શક્યો નહીં. એક સમયે RCB ૧૦ ઓવરમાં ૯૯ રન બનાવીને મજબૂત સ્થિતિમાં હતું, પરંતુ પીચ ધીમી પડતા દિલ્હીના સ્પિનરો અક્ષર પટેલ (૨/૧૮) અને કુલદીપ યાદવે લગામ કસી હતી.

**ધીમી પીચ પર સ્પિનરોનો કહેર :** દિલ્હીના સ્પિનરોએ મધ્યમ ઓવરોમાં રન ગતિ પર રોક લગાવી દીધી હતી. બેંગ્લરૂની ટીમ છેલ્લી ૭ ઓવરમાં માત્ર ૪૩ રન બનાવી શકી અને ૪ વિકેટ ગુમાવી દીધી હતી. જિતેશ શર્મા અને રજત પાટીદાર જેવા બેટ્સમેનો રન બનાવવા માટે સંઘર્ષ કરતા જોવા મળ્યા હતા. પરિણામે, RCB ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૭૫ રન જ બનાવી શક્યું હતું, જે દિલ્હી માટે પૂરતું નહોતું. આ જીત સાથે દિલ્હીએ તેની સતત બે હારનો સિલસિલો પણ તોડ્યો છે.

# IPL 2026 : SRH બોલરોએ પોતાની હિંમત જાળવી રાખી, CSKને અંતિમ ઓવરોમાં દબાવીને ૧૦ રનનો રોમાંચક વિજય મેળવ્યો



(એજન્સી) તા.૧૮

સનરાઈઝર્સ હૈદરાબાદે IPLના ઉચ્ચ દબાણવાળા મુકાબલામાં ચેન્નાઈ સુપર કિંગ્સને ૧૦ રનથી હરાવીને તણાવપૂર્ણ અંતનો સામનો કર્યો, જેનું કારણ ડેથ ઓવરોમાં એશાન મલિંગા અને શિવંગ કુમારના શાનદાર સંયુક્ત પ્રયાસ હતા. ૧૯૫ રનનો પીછો કરતા, CSK ૮ વિકેટે ૧૮૪ રન પર મર્યાદિત રહ્યું, જેમાં મલિંગાએ ૨૯ રનમાં ૩ વિકેટ લીધી અને શિવંગ કુમારે ૩ ઓવરમાં ૧૮ રનમાં ૧ વિકેટ લીધી. પાવરપ્લે પછીના તબક્કામાં તેમનું નિયંત્રણ નિર્ણાયક સાબિત થયું કારણ કે તેઓએ મહત્વપૂર્ણ ક્ષણોમાં CSKના પીછો દબાવી દીધો. જો કે, CSKને છેલ્લી ૧૦ ઓવરમાં ફક્ત ૮૪ રનની જરૂર હતી, SRHના બોલરો નિયમિતપણે પ્રહાર કરતા રહ્યા. મલિંગાએ યોર્કર, હાર્ડ લેન્થ અને શોર્ટ બોલને ચતુરાઈથી મિશ્રિત કર્યા, જ્યારે શિવંગે બેટ્સમેનોને દબાણમાં રાખવા માટે ઉપયોગી ટર્ન અને બાઉન્સ કાઢ્યા. CSKના પીછો કરવામાં આશાસ્પદ ક્ષણો હતી પરંતુ ક્યારેય સંપૂર્ણ રીતે સફળ રહી નહીં. સંજુ સેમસને પ્રથમ બોલ પર છગ્ગો ફટકારીને વિસ્ફોટક શરૂઆત કરી, પરંતુ નીતિશ રેડ્ડીએ તેને ઝડપથી દૂર કર્યો. આયુષ મ્હાત્રે (૧૩ બોલમાં ૩૦)એ શરૂઆતમાં જ ગતિ જાળવી રાખી, પરંતુ હેનરિક ક્લાસેનના તીક્ષ્ણ કેચ પહેલા હેમસ્ટ્રિંગની ઈજાને કારણે તે ધીમો પડી ગયો. મલિંગાના ભારે બોલને ખોટી રીતે પકડ્યા બાદ રૂતુરાજ ગાયકવાડ (૧૨ બોલમાં ૧૯) પણ આઉટ થયો. ૩ વિકેટે ૬૬ રન પર, સીએસકેએ સરફરાઝ ખાન (૧૯ બોલમાં ૨૫) અને મેથ્થુ શોર્ટ (૩૦ બોલમાં ૩૪) દ્વારા ફરીથી બોલિંગ કરવાનો પ્રયાસ કર્યો, ૪૬ રન ઉમેર્યા, પરંતુ જરૂરી રેટ વધતો રહ્યો. ડેવાલ્ડ બ્રેવિસ શિવંગ કુમાર પર હુમલો કરવાનો પ્રયાસ કરતા શૂન્ય રન પર આઉટ થયો, અને શોર્ટ અને શિવમ દુબે (૧૬ બોલમાં ૨૧) વચ્ચે ૩૫ રનની ભાગીદારી હોવા છતાં, સ્કોરિંગ રેટ ખરેખર પાછો ક્યારેય આવ્યો નહીં. મલિંગા, સાકિબ હુસૈન (૧/૩૨) અને શિવંગે ખાતરી કરી કે સીએસકેના પાવર-હિટર્સને મિડલ અને ડેથ ઓવરમાં શાંત રાખવામાં આવે. પ્રફુલ હિંગે પણ અંતમાં પોતાની હિંમત જાળવી રાખી, શરૂઆતની મુશ્કેલીઓ છતાં અંતિમ ઓવરમાં ફક્ત સાત રન આપી દીધા. અગાઉ, અભિષેક શર્માના ૨૨ બોલમાં વિસ્ફોટક ૫૯ રન હોવા છતાં, SRHએ ૯ વિકેટે ૧૯૪ રન બનાવ્યા હતા. શરૂઆતમાં CSKનો પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય મોંઘો લાગ્યો કારણ કે અભિષેકે ૧૫ બોલમાં અડધી સદી ફટકારી હતી, પરંતુ મુકેશ ચૌધરીએ ટ્રેવિસ હેડ (૨૩) અને ઈશાન કિશન (૦)ની મુખ્ય વિકેટો લઈને રમતને પલટી નાખી હતી. ૭૫ રન વિના, SRH ૨ વિકેટે ૭૫ રન અને પછી ૪ વિકેટે ૧૧૨ રન પર સરકી ગયું, ક્લાસેનના સતત ૫૯ રન છતાં ગતિ ગુમાવી. તે સતત પ્રતિકાર કરનાર એકમાત્ર બેટ્સમેન હતો, જ્યારે બાકીના ખેલાડીઓને વેગ આપવામાં મુશ્કેલી પડી રહી હતી. CSKના બોલિંગ આક્રમણનું નેતૃત્વ ઓવરટન (૩/૩૭) અને અંશુલ કંબોજ (૩/૨૨) દ્વારા કરવામાં આવ્યું હતું, જેઓ મધ્ય અને ડેથ ઓવરમાં શાનદાર રહ્યા હતા. નૂર અહમદે પણ પરિસ્થિતિને મજબૂત બનાવી રાખી હતી, જ્યારે ગુર્જપનીત સિંહના શિસ્તબદ્ધ સ્પેલથી દબાણ વધ્યું હતું. અંતે, SRHના શિસ્તબદ્ધ બોલિંગ પ્રયાસે ફરક પાડ્યો કારણ કે તેઓએ અંતિમ ઓવરોમાં CSKને દબાવીને ૧૦ રનથી કઠિન વિજય મેળવ્યો.

# દલિત કલ્યાણ, મુલ્કી નિયમો હૈદરાબાદમાં પ્રારંભિક હકારાત્મક કાર્યવાહી દર્શાવે છે : SEEPC રિપોર્ટ

**● ૧૮૫ દલિત વર્ગ શાળાઓની સ્થાપના; ૨.૫ કરોડ રૂપિયાના બજેટ સાથે દલિત પ્રતિનિધિત્વ સાથે દલિત વર્ગ ટ્રસ્ટ બોર્ડની રચના**

**● નિઝામ મીર ઉસ્માન અલી ખાનના દલિત કલ્યાણ પગલાં**

(એજન્સી) તા.૧૮

મુલ્કી નિયમો હકારાત્મક કાર્યવાહીના પ્રારંભિક સ્વરૂપ તરીકે કાર્ય કરતા હતા, જે પછાત જાતિઓ અને મુસ્લિમોને લાભ આપતા હતા, જેઓ તે સમુદાયના ઉચ્ચ વર્ગમાંથી આવતા ન હતા, જ્યારે તેમને ઉત્તર ભારતના અધિકારીઓના અમલદારશાહી વર્ચસ્વથી બચાવતા હતા, SEEPC સર્વેક્ષણમાં અવલોકન કરવામાં આવ્યું હતું. 'નિઝામ હેઠળ હૈદરાબાદ રાજ્યમાં પછાતપણું માપવું' શીર્ષકવાળા વિભાગમાં સમજાવવામાં આવ્યું છે કે, ૧૯૧૯માં રજૂ કરાયેલા નિયમોમાં રાજ્ય રોજગાર અને ઉચ્ચ શિક્ષણમાં પાત્રતા માટે ૧૫ વર્ષ સતત નિવાસ ફરજિયાત હતો. સર્વેક્ષણમાં જણાવાયું છે કે, તેઓ સ્થાનિક પસંદગીના એક મિકેનિઝમ તરીકે કાર્યરત હતા, જે હૈદરાબાદ રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે વંચિત જૂથો માટે પ્રવેશને વિસ્તૃત કરતા હતા. આ નિયમો હકીકતમાં રાજ્ય માળખા સાથે જોડાયેલી તકોમાં સ્થાનિક વસ્તીને પ્રાથમિકતા આપતા હતા. હૈદરાબાદના સાતમા નિઝામ મીર ઉસ્માન અલી ખાને કેટલીક નીતિઓ અમલમાં મૂકી જેના કારણે દલિતોને 'અનામત શિષ્યવૃત્તિ, છાત્રાલયો અને અલગ શાળાઓ - ૧૯૪૫ સુધીમાં ૧૮૬ દમનગ્રસ્ત વર્ગની શાળાઓ'નો લાભ મળ્યો. આ, શાળાઓમાં શિક્ષણનું માધ્યમ ઊર્દૂ હોવા છતાં અને ભદ્ર નિયંત્રણે પ્રવેશને મર્યાદિત કર્યો હતો. દલિત નેતાઓ દ્વારા રાજ્ય પર દબાણનો ઉલ્લેખ કરતા અહેવાલના એક અંશમાં કહેવામાં આવ્યું છે કે, '૧૯૩૧માં, વર્મા અને અરિગય રામાસ્વામી જેવા દલિત નેતાઓના સતત દબાણને કારણે દલિતોને સત્તાવાર રીતે આદિ હિન્દુ તરીકે માન્યતા આપવામાં આવી હતી. તે જ દાયકામાં હૈદરાબાદ શહેરમાં દલિત મ્યુનિસિપલ કાઉન્સિલર અરિગય રામાસ્વામીની નિમણૂક સાથે રાજકીય સમાવેશમાં એક સીમાચિહ્નરૂપ ઘટના બની, જે રજવાડાના શાસન હેઠળ દલિત શહેરી પ્રતિનિધિત્વના પ્રારંભિક ઉદાહરણોમાંનું એક છે.' હૈદરાબાદના રજવાડાએ માળખાકીય ગેરલાભ સ્વીકારતા દલિત વર્ગ ટ્રસ્ટ બોર્ડની રચના કરવામાં આવી. તેમાં દલિત સમુદાયનું પ્રતિનિધિત્વ હતું અને તેનું બજેટ રૂા.૨.૫ કરોડથી વધુ હતું, અહેવાલમાં જણાવાયું છે. બોર્ડે હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથો માટે છાત્રાલયો, શાળાઓ, શિષ્યવૃત્તિઓ અને કલ્યાણ સેવાઓ માટે ભંડોળ પૂરૂં પાડ્યું હતું.

# એક દિવસમાં ૯૬ કોલ : કેરળના દલિત વિદ્યાર્થીને લોન એપ દ્વારા મૃત્યુ પહેલાં હેરાન કરવામાં આવ્યો, પોલીસનો દાવો

**કન્નુર કોલેજમાં પડી જવાથી દલિત વિદ્યાર્થી નીતિન રાજનું મૃત્યુ, પોલીસે જાતિ ભેદભાવ અને લોન એપ દ્વારા હેરાનગતિની તપાસ કરી, ફેકલ્ટી બુક કરાઈ, લોન એપ તપાસ હેઠળ, યુનિવર્સિટીએ તપાસનો આદેશ આપ્યો**

(એજન્સી) તા.૧૮

કેરળના કન્નુર જિલ્લામાં ૨૨ વર્ષીય દલિત મેડિકલ વિદ્યાર્થીના મૃત્યુની અનેક દૃષ્ટિકોણથી તપાસ કરવામાં આવી રહી છે, પોલીસે કથિત જાતિ ભેદભાવ અને લોન એપ દ્વારા હેરાનગતિ બંનેને સંભવિત પરિબળો તરીકે ગણાવ્યા છે. તિરૂવનંતપુરમના વતની નીતિન રાજ આર એલનું શુક્રવારે અંજારકાન્ડી વિસ્તારમાં એક ખાનગી ડેન્ટલ કોલેજ કેમ્પસમાં ઈમારત પરથી પડી જવાથી મૃત્યુ થયું. તેમના મૃત્યુથી રાજ્યભરમાં વિરોધ પ્રદર્શનો શરૂ થયા છે, આરોપ છે કે, તેમને તેમની જાતિ, દેખાવ અને કૌટુંબિક પૃષ્ઠભૂમિને કારણે ફેકલ્ટી તરફથી અપમાનનો સામનો કરવો પડ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, નીતિને ફેબ્રુઆરીમાં એક ઓનલાઈન લેન્ડિંગ એપ પરથી રૂા.૧૩,૫૦૦ની લોન લીધી હતી, જેમાં એક મહિનાની અંદર રૂા.૧૯,૦૦૦ની ચૂકવણીની માંગ કરવામાં આવી હતી. કન્નુર શહેર પોલીસ કમિશનર નિધિનરાજ પીએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીને ભારે હેરાનગતિનો ભોગ બનવું પડ્યું હતું, તેના મૃત્યુના થોડા સમય પહેલા જ તેને ધિરાણકર્તાઓ તરફથી એક જ દિવસમાં ૯૬ કોલ અને મેસેજ મળ્યા હતા. નીતિન પર દબાણ વધુ ફેલાયું હતું. કોલેજના એક ફેકલ્ટી સભ્યને એપ દ્વારા વિદ્યાર્થીના સંપર્કો એક્સેસ કર્યા પછી તે જ ગ્રુપમાંથી ૨૬ કોલ મળ્યા હોવાના અહેવાલ છે. શિક્ષકે કોલેજ વહીવટીતંત્ર સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, નીતિનને તરત જ પ્રિન્સિપાલ દ્વારા બોલાવવામાં આવ્યો હતો. કમિશનરે જણાવ્યું હતું કે, 'ચેમ્બરમાંથી બહાર આવ્યાના લગભગ ૧૦ મિનિટ પછી તેણે બિલ્ડિંગ પરથી કૂદી પડ્યો હતો.'

# કેરળના દલિત વિદ્યાર્થીનું મૃત્યુ : પરિવારે હોસ્પિટલની સારવાર પર શંકા વ્યક્ત કરી

**તેની બહેન રેખાએ જણાવ્યું હતું કે, કોલેજ સત્તાવાળાઓએ ઘાયલ થયા પછી તેને આપવામાં આવેલી સારવારની વિગતો હજુ સુધી જાહેર કરી નથી**

(એજન્સી) તિરૂવનંતપુરમ, તા.૧૮

૧૫ એપ્રિલ, બુધવારે શંકાસ્પદ આત્મહત્યા કેસમાં કન્નુરની ડેન્ટલ કોલેજમાં ઈમારત પરથી પડીને મૃત્યુ પામેલા બીડીએસ વિદ્યાર્થીના પરિવારે આરોપ લગાવ્યો હતો કે, ઘટના પછી તેને સમયસર સારવારનો ઈન્કાર કરવામાં આવ્યો હતો. બેચલર ઓફ ડેન્ટલ સર્જરીના પ્રથમ વર્ષના વિદ્યાર્થી નીતિન રાજ આરએલ (૨૨) ૧૦ એપ્રિલના રોજ ઈમારત પરથી પડી ગયા પછી મેડિકલ કોલેજ બ્લોક નજીક ગંભીર રીતે ઘાયલ મળી આવ્યા હતા અને બાદમાં તેનું મોત નિપજ્યું હતું. પરિવારે આરોપ લગાવ્યો હતો કે, ફેકલ્ટી સભ્યો દ્વારા જાતિ અને રંગને કારણે હેરાનગતિને કારણે રાજે પોતાનું જીવન સમાપ્ત કર્યું હતું. તેના બ્લડ ગ્રુપને ઓળખવામાં વિલંબ પત્રકારો સાથે વાત કરતા તેની બહેન રેખાએ જણાવ્યું હતું કે, કોલેજ સત્તાવાળાઓએ ઘાયલ થયા પછી તેને આપવામાં આવેલી સારવારની વિગતો હજુ સુધી જાહેર કરી નથી. 'તેને બે કલાક સુધી મેડિકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યો હતો. સારવારમાં વિલંબ થયો કારણ કે, તેનું બ્લડ ગ્રુપ ઓળખી શકાયું ન હતું. મેડિકલ કોલેજને બ્લડ ગ્રુપ ઓળખવામાં કેટલો સમય લાગે છે,' તેણીએ પૂછ્યું. પરિવાર સંસ્થા દ્વારા કરવામાં આવેલા દાવાઓ પર વિશ્વાસ કરતો નથી, રેખાએ ઉમેર્યું. 'તેઓ દાવો કરે છે કે, પાંચ યુનિટ બ્લડ આપવામાં આવ્યું હતું. અમે જાણવા માંગીએ છીએ કે તેને શું સારવાર આપવામાં આવી હતી. જે વિદ્યાર્થીઓએ તેને જોયો હતો તેમણે કહ્યું કે, તેને ફક્ત એક પગમાં ફ્રેક્ચર થયું છે,' તેણીએ કહ્યું. રેખાએ આરોપ લગાવ્યો કે, ડેન્ટલ કોલેજનો ભાગ બનેલી મેડિકલ કોલેજ દ્વારા અત્યાર સુધી કોઈ સ્પષ્ટતા આપવામાં આવી નથી. તેણીએ કોલેજ સત્તાવાળાઓના દાવાઓને પણ નકારી કાઢ્યા કે લોન એપ્લિકેશન સંબંધિત મુદ્દો સામે આવ્યા પછી પરિવારનો સંપર્ક થઈ શક્યો નથી. બહેનનો આરોપ છે કે, કોલેજમાં કંઈક શંકાસ્પદ બન્યું કોલેજે દાવો કર્યો હતો કે, લોન એપ્લિકેશન દ્વારા પૈસા ઉછીના લીધા પછી રાજ દબાણ હેઠળ હતો, જેના સંચાલકોએ ચૂકવણી માટે એક શિક્ષકનો સંપર્ક પણ કર્યો હતો. 'જો તેના પિતા ફોન પર ઉપલબ્ધ ન હતા, તો તેઓએ વૈકલ્પિક સંપર્ક નંબર માંગવો જોઈતો હતો,' તેણીએ કહ્યું. 'કોલેજમાં કંઈક શંકાસ્પદ બન્યું છે. લોન એપ ઓપરેટરો દ્વારા તેમનો સંપર્ક કરવામાં આવતાં ચિંતિત શિક્ષિકા પ્રત્યે સહાનુભૂતિ રાખીને રાજ પોતાનું જીવન સમાપ્ત નહીં કરે,' રેખાએ કહ્યું.


# ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

**જોઈએ છે**

**સ્ટાફ જોઈએ છે**
ફૂટવેર વેરહાઉસ માટે મેનેજર જોઈએ છે કમ્પ્યુટર અને ઓનલાઈન કામના અનુભવી.
સ્થળ : સરખેજ.
હોલસેલ દુકાન માટે સેલ્સમેન કમ્પ્યુટર અને ફૂટવેરના અનુભવીને પ્રાથમિકતા.
સ્થળ : કાલુપુર,
પગાર : 15,000-20,000
સંપર્ક : 9023352535 9825752535

---

**જોઈએ છે**
નર્સિંગ સ્ટાફ અને લેબ ટેકનિશિયન ગાયનેક વિભાગ/NICU માટે લોખંડવાલા જનરલ હોસ્પિટલ, પ્રેમ દરવાજા પાસે, દરિયાપુર, અમદાવાદ
9824872106 9601372594

---

**કારીગર જોઈએ છે**
રમકડાની દુકાન માટે, પાનકોરનાકા, ત્રણ દરવાજા પાસે, 9376132254

---

**વેચવાનું છે**

**પ્લોટ વેચવાનો છે**
રોડ ટચ, રોડ રસ્તા સાથે ૧૫૦ વાર, જાવેદ પાર્ક-૨, પ્રાચીના સોસાયટી સામે, જુહાપુરા
M. 9898074274
અડધો પ્લોટ મળશે.

---

ધોળકા ખાતે પાર્શ્વનાથ હોસ્પિટલ નજીક જીઈબી સબ સ્ટેશનની પાછળ, આશરે 4.50 વીઘા/૧૦૮ ગુઠા ખેતર વેચવાનું છે. ફક્ત ખરીદનાર ખેડૂતો સંપર્ક કરે. દલાલ માફ ફોન નંબર 9727792649

---

રસુલાબાદ શાહઆલમમાં પ્રાઈમ લોકેશન તેમજ સંપૂર્ણ સહુલતવાળી મિલકત વેચવાની છે. 90 વાર કાર્પેટ એરિયા તેમજ ત્રણ ફલોર સુધી 360 વારનું નવું બાંધકામ મહિને 70 હજાર ભાડું આવી શકે તેવી પ્રોપર્ટી. રૂબરૂ જોઈને નિર્ણય લો. મો. 8200422711

---

**વેચવાના છે : ઈન્ડ. શેડ/પ્લોટ** ૧૦૦૦ થી ૫૦૦૦ વાર ૧૦ હજાર વાર
નવા પુરા ચાંગોદર બાવલા • ખેડા ધોળકા • સાણંદ પિરાણા
**ભાડે આપવાના છે શેડ** ૧૦૦૦ ફૂટ થી ૩૦ હજાર વાર
પ્રિ-લીઝ ગોડાઉન વેચવાના છે
SAMIR CORPORATION : 93777 66742 દલાલ માફ

**તાત્કાલિક વેચવાનો છે**
3 BHK ફ્લેટ NID પાસે, પાલડી
9537136202

---

**બે દુકાન સાથે ૬ રૂમનું મકાન**
આશરે ૧૦૦ વારની કોમર્શિયલ બિલ્ડિંગ, રોડ ટચ, શાહપુર, ખજુરી મસ્જિદની બાજુમાં
9925011911 9898611270

---

**N.A. ટાઈટલ દસ્તાવેજ પ્લોટ વેચવાનો છે**
નૂરાની ફાર્મ નરીમાનપુરા 652 વાર અને 326 વાર
9727230625

---

TP 85 રોડ આયાત એવન્યુ ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન વ્યાજબી ભાવથી વેચવાની છે
7777999667

---

સરખેજ હાજી જમાલ નગર પાસે, ટાઈટલ ક્લિયર મકાન વેચવાનું છે
7777999667

---

**મકાન વેચવાનું છે**
3 માળનું કાલુપુર વિસ્તારમાં
9265896638 8401320861

---

**બંગલો વેચવાનો છે**
આશરે 240 વારનો પ્લોટ, 110 વારનું બાંધકામ, ટાઈટલ ક્લિયર, એસ.જી. ઓફિસ સામે, જુહાપુરા
મો. 9426517766

---

**ટેનામેન્ટ વેચવાનો છે**
NA NOC મુહમ્મદી મસ્જિદ પાસે, જીવરાજ પાર્ક, વધુ વિગત માટે વ્હોટ્સએપ કરો
9725626373

---

**Furnished Flat For rent**
2 BHK Juhapura
Broker
9825415296

---

**2 BHK ફર્નિશ્ડ ફ્લેટ વેચવાનો છે**
105 ચો. યાર્ડ, સુપર બિલ્ટ અપ, એમ.બી. ટાવર, ખાનપુર, અમદાવાદ
7567944644

**મકાન અને જમીન ભાડે-વેચાણ**

**2 BHK ફ્લેટ વેચાણ અથવા ભાડે આપવાનો છે**
501, રોયલ રેસિડેન્સી, નવરંગ સ્કૂલ સામે, બેરલ માર્કેટ, ચંડોળા તળાવ સામે
9228109009

---

**ટ્રિપ્લેક્ષ વેચાણ આપવાનો છે**
ત્રણ બેડરૂમ, હોલ, કિચન, 110 વાર બાંધકામ, જમીન દસ્તાવેજ, ૯ અમીઝા રેસિડેન્સી, મદની મસ્જિદ પાસે, પટેલ મેદાન, દાણીલીમડા
9228109009

---

**૨ માળની દુકાન વેચાણ અથવા ભાડે આપવાની છે**
૩, ૬ અર-રહમાન કોમ્પ્લેક્ષ, નાગોરી કોમ્પ્લેક્ષની બાજુમાં, દાણીલીમડા, BRTS સામે
9228109009

---

**ભાડે આપવાની છે**
હોસ્પિટલના માટે જગ્યા પહેલો માળ, અંબર ટાવરથી સરખેજ, રોડ ટચ, બ્રોકર
8320798770

---

**ફ્લેટ વેચાણ/ભાડે લેવા માટે કોલ કરો**
ન્યુ સાઈટ ટીપી 85 સરખેજ-જુહાપુરા બ્રોકર
8320798770

---

**વેચાણ કે ભાડે નાનું ફાર્મ જોઈએ**
મરઘા/બકરા/ડેરી માટે યોગ્ય
સંપર્ક : 9904771113

---

**ભાડે અથવા વેચાણ અથવા ગીરવે આપવાનું છે**
જમાલપુરમાં દુકાન સાથે બે માળનું મકાન
7359478176

---

**ભાડે અથવા વેચાણ આપવાનો છે**
ડુપ્લેક્ષ ફતેહવાડી કેનાલ પાસે
7359478176

---

**ફ્લેટ ભાડે આપવાનો છે**
2 BHK વિશાલા સર્કલ, રોડ ટચ, સોસાયટી
9998424483

---

**Apex Property Solution**
જમીન, મકાન, પ્લોટ, ફ્લેટ લે-વેચ તથા ભાડે માટે મળો
Akik Farooqui 9099421218
Anis Farooqui 9099521218

---

**મકાન વેચાણ આપવાનું છે**
NANOC વાળું પ્લોટ 150 વાર કાર્પેટ આશરે મોતી બેકરીની પાછળ, સરખેજ રોડ
8488881555

---

**45 હજાર ચાલુ ભાડા સાથે પ્રોપર્ટી વેચવાની છે**
(સ્ટેમ્પ પેપર)
7777999667

---

**લગ્ન વિષયક**

**રિશ્તા મુસ્લિમ મેરેજ બ્યુરો**
ના Refer & Earn Programmeમાં જોડાઈને પાર્ટ/ફુલ ટાઈમ Work From Home કરી સારી આવક મેળવવાની હાઉસ વાઈફ/રિટાયર્ડ પર્સન/ઈન્સ્યુરન્સ એજન્ટ માટે અમૂલ્ય તક
9375007734
www.refer.rishtaforyou.com

---

**લગ્ન વિષયક યુનિવર્સલ મુસ્લિમ મેરેજ બ્યુરો**
21st Anniversary Special Offer ન્યુ મેમ્બરશીપ લો અથવા રિન્યુ કરાવો અને + 1 મહિનાની મેમ્બરશીપ તદ્દન FREE...FREE...FREE મેળવો ઓફર ફક્ત 30 April સુધી જ છે. Doctor/Engineer/C.A./Ph.D/M.Phil/Master Graduate/Government Employee/NRI/Business Familyના મુસ્લિમ યુવક-યુવતીઓના 7000થી વધુ Biodata જોવા અને વાલીઓને રૂબરૂ મળવા સંપર્ક કરો.
9825091851
www.ummbonline.com

---

**નિકાહ નેટવર્ક્સ મુસ્લિમ મેરેજ બ્યુરો**
લોકલ તથા NRI એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો
9825215334 9904969895

---

**અગત્યની સૂચના**
લગ્ન વિષયકની તેમજ અન્ય કોઈપણ યોજનાની જાહેરખબરમાં વિજ્ઞાપન દાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતાં પહેલા વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. જેની ખાસ નોંધ લેવી.
-વ્યવસ્થાપક

**ગુજરાત ટુડે**
આપની ટચૂકડી જાxખ નીચેના સેન્ટર ઉપર પણ આપી શકો છો

**ગુજરાત ટુડે બ્યુરો સીટી ઓફિસનું સરનામું**
ઉસ્માની મંઝીલ, ખાનપુર ચકલા, અમદાવાદ

---

**કિસ્મત બુક સ્ટોર**
૧૯૦/એ/૩, બાવરચી એસ્ટેટ, બુખારીસાહબ દરગાહ, જમાલપુર ક્રોસ રોડ, અમદાવાદ.
મો.૯૮૨૫૦૭૫૬૮૯

---

**જુહાપુરા ઓફિસ ફિરદોસ સિમેન્ટ**
બેંક ઓફ બરોડાની સામે, સરખેજ જુહાપુરા રોડ,મો.૯૯૯૮૮૮૦૩૩૦

# અલ્હાબાદ હાઈકોર્ટે ધર્મ પરિવર્તન કેસમાં ધોરણ ૧૨ના મુસ્લિમ વિદ્યાર્થીઓ સામે નોંધાયેલ FIR રદ કરવાનો ઈન્કાર કર્યો છે

(એજન્સી) તા.૧૮

અલહાબાદ હાઈકોર્ટે ઉત્તરપ્રદેશ ગેરકાયદેસર ધર્મ પરિવર્તન પ્રતિબંધ અધિનિયમ, ૨૦૨૧ હેઠળ ધોરણ ૧૨ ના બે વિદ્યાર્થીઓ સામે નોંધાયેલ FIR રદ કરવાનો ઈન્કાર કર્યો છે. જસ્ટિસ જે.જે. મુનીર અને તરુણ સક્સેનાની બનેલી ડિવિઝન બેન્ચે અવલોકન કર્યું કે રેકોર્ડ પરની સામગ્રી, જેમાં પીડિતાના નિવેદનો અને સીસીટીવી ફૂટેજનો સમાવેશ થાય છે, તે પ્રથમ દ્રષ્ટિએ એક કેસ જાહેર કરે છે જે સંપૂર્ણ તપાસની જરૂર છે. કોર્ટે યુવાનોમાં પોતાની ધાર્મિક માન્યતાઓ અન્ય લોકો પર લાદવાનો પ્રયાસ કરવાના વલણને "વધુ ચિંતાજનક" ગણાવ્યું. તેણે નોંધ્યું કે આ જીવનનો એક એવો તબક્કો છે જ્યારે વિદ્યાર્થીઓએ આવી પ્રવૃત્તિઓમાં ભાગ લેવાને બદલે "પોતાના કૌશલ્ય વિકસાવવા અને સમાજ અને રાષ્ટ્રની સેવામાં પોતાને સમર્પિત કરવા તરફ વધુ વિચારવું જોઈએ". આ કેસ મુરાદાબાદમાં શરૂ થયો જ્યારે ધોરણ ૧૨માંની એક હિન્દુ છોકરીના ભાઈએ ફરિયાદ દાખલ કરી કે તેના મુસ્લિમ સહાધ્યાયીઓ તેને બુરખો પહેરવા માટે મજબૂર કરે છે અને તેને ઈસ્લામ ધર્મ સ્વીકારવા માટે મજબૂર કરે છે. આ ઘટના ડિસેમ્બર ૨૦૨૫માં એક ખાનગી કોચિંગ સેન્ટરમાં બની હોવાનું કહેવાય છે, જ્યાં પીડિતાને કથિત રીતે બુરખો પહેરાવવા માટે મજબૂર કરવામાં




આવી હતી. સ્થાનિક વાંધાઓ વચ્ચે કોચિંગ સેન્ટર પાછળથી બંધ કરી દેવામાં આવ્યું હતું. આરોપી વિદ્યાર્થીનીઓમાંથી એકે દાવો કર્યો હતો કે છોકરીએ તેના "કટ્ટર" ભાઈ દ્વારા જોવામાં ન આવે તે માટે સ્વેચ્છાએ બુરખો પહેર્યો હતો. જોકે, હાઈકોર્ટે FIR રદ કરવાની અરજીઓને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે કેસ ડાયરીમાં CCTV પુરાવા સહિત આરોપોને સમર્થન આપતી "ઘણી બધી સામગ્રી" છે. તેણે કહ્યું કે બદનક્ષીભર્યું અથવા બનાવટી FIRના દાવાઓ રેકોર્ડ દ્વારા સાબિત થયા નથી અને પીડિતાના નિવેદનને આ તબક્કે નકારી શકાય નહીં. બેન્ચે સ્પષ્ટતા કરી કે શું કૃત્યો ૨૦૨૧ના કાયદા હેઠળ ગેરકાયદેસર ધર્માંતરણ અથવા લાલચ છે તે તપાસનો વિષય છે, કાર્યવાહી રદ કરવાનો નહીં. તેણે અરજીઓ ફગાવી દીધી અને એક આરોપીને આપવામાં આવેલી વચગાળાની રાહત ખાલી કરી, તપાસ ચાલુ રાખવાની મંજૂરી આપી. નોંધનીય છે કે, મુરાદાબાદ પોલીસે અગાઉ સૂચવ્યું હતું કે બળજબરીથી ધર્માંતરણના કોઈ પુરાવા મળ્યા નથી, છતાં પરિવારની ફરિયાદને પગલે FIR આગળ વધી. કોર્ટનો આદેશ સગીરોમાં કથિત ધાર્મિક પ્રભાવને લગતા સંવેદનશીલ કેસોમાં ન્યાયતંત્રના સાવધ વલણ પર ભાર મૂકે છે, જ્યારે યુવાનો દ્વારા વ્યક્તિગત અને રાષ્ટ્રીય વિકાસ કરતાં ધર્મના પ્રચારને પ્રાથમિકતા આપવાની ચિંતાઓ પર પ્રકાશ પાડે છે.

# સરકારી શાળાઓના વિલીનીકરણથી દલિત, આદિવાસી અને છોકરીઓને સૌથી વધુ અસર કેવી રીતે થાય છે

## રાજ્યો 'ઓછી નોંધણી ધરાવતી' શાળાઓને વિલીનીકરણ કરવા માટે ઉતાવળ કરી રહ્યા છે, ત્યારે જાતિ ભૂગોળ અને લિંગ અવરોધો સૌથી વધુ સંવેદનશીલ વર્ગખંડોમાંથી બહાર ધકેલાઈ રહ્યા છ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

ભારતમાં શાળા એકત્રીકરણ ડિઝાઇનમાં એકસમાન નથી કે અમલીકરણમાં સુસંગત નથી. દરેક રાજ્ય શાળાઓને તર્કસંગત બનાવવા માટે અંતર અને નોંધણી થ્રેશોલ્ડ પર આધારિત પોતાના માપદંડો લાગુ કરે છે છતાં એક સામાન્ય થ્રેડ રાજ્યોમાં ચાલે છે : આ સરકારી નીતિની અસરો ખૂબ જ અસમાન છે. અભ્યાસ અને નિષ્ણાતોના અહેવાલો સૂચવે છે કે, બંધ થવાથી બધા બાળકોને એક જ રીતે અસર થઈ રહી નથી. તેના બદલે, બોજ પહેલાથી જ હાંસિયામાં રહેલા લોકો - છોકરીઓ, દલિત અને આદિવાસી વિદ્યાર્થીઓ અને ગ્રામીણ અને દૂરના વિસ્તારોના બાળકો પર અપ્રમાણસર રીતે પડી રહ્યો છે. સંશોધનમાંથી પુરાવા દર્શાવે છે કે, આ આકસ્મિક નથી, પરંતુ નીતિ કેવી રીતે ડિઝાઇન કરવામાં આવી છે તેમાં બનેલ છે. સિંગાપોરની નેશનલ યુનિવર્સિટીના નિખીથા મેરી મેથ્યુ દ્વારા ૨૦૨૫ના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, એકત્રીકરણના નિર્ણયો વારંવાર સમુદાયોની સામાજિક રચનાને અવગણે છે. "આ એકત્રીકરણના નિર્ણયો ફક્ત નોંધણી મર્યાદાના આધારે લેવામાં આવ્યા હતા, અસરગ્રસ્ત સમુદાયોની સામાજિક રચનાને ધ્યાનમાં લીધા વિના. જાતિ-આધારિત રહેણાંક અલગતાના ભારતના સંદર્ભમાં આ ખાસ કરીને સમસ્યારૂપ છે : ઓછી વસ્તીવાળા રહેઠાણો ઘણીવાર હાંસિયામાં ધકેલાઈ ગયેલા જાતિ જૂથોનું ઘર હોય છે," તેણીએ નોંધ્યું. પરિણામ એક માપી શકાય તેવું અને અસમાન ઘટાડો છે. પાંચ રાજ્યો - આંધ્રપ્રદેશ, આસામ, હરિયાણા, મધ્યપ્રદેશ અને ઓડિશામાં જાહેર શાળાઓમાં નોંધણી બંધ થયા પછી ૯.૯૨ ટકાનો ઘટાડો થયો. પરંતુ અનુસૂચિત જાતિઓમાં, આ ઘટાડો લગભગ ૧૧.૮ ટકાનો તીવ્ર હતો. ઓછી મૂળભૂત સુવિધાઓ ધરાવતા ગામડાઓમાં, નોંધણીમાં ૧૦ ટકાથી વધુનો ઘટાડો થયો, જ્યારે સારા વિસ્તારોમાં તે મોટાભાગે યથાવત રહ્યો. "એકત્રીકરણ નીતિઓ હેઠળ હાંસિયામાં ધકેલાઈ ગયેલા વિદ્યાર્થીઓનો હિસ્સો વધુ ધરાવતી શાળાઓ બંધ થવાની શક્યતા વધુ હોય છે. એટલે કે, ગામડામાં પણ હાલના નોંધણી-આધારિત માપદંડોને જોતાં જે શાળાઓ હાંસિયામાં ધકેલાઈ ગયેલા વિદ્યાર્થીઓનો હિસ્સો વધુ હોય છે તે બંધ થવાની શક્યતા વધુ હોય છે. આ પરિણામ દર્શાવે છે કે, શાળા બંધ થવાનું નક્કી કરવા માટે ફક્ત જથ્થાત્મક થ્રેશોલ્ડ પર આધાર રાખવાથી હાંસિયામાં ધકેલાઈ ગયેલા સામાજિક જૂથોને અનિચ્છનીય અને અપ્રમાણસર લક્ષ્ય બનાવવામાં આવી શકે છે," મેથ્યુએ પોતાના પેપરમાં લખ્યું છે. જમીન પર આ સંખ્યાઓ રોજિંદા અવરોધોમાં પરિણમે છે. આદિવાસી અને ડુંગરાળ પ્રદેશોમાં, જ્યાં વસાહતો છૂટાછવાયા છે અને પરિવહન મર્યાદિત છે, ત્યાં પડોશી શાળાઓ બંધ થવાથી ઘણીવાર શિક્ષણ શારીરિક રીતે અપ્રાપ્ય બને છે. નાના બાળકો લાંબા અંતરની મુસાફરી કરવા માટે સંઘર્ષ કરે છે, જ્યારે માતાપિતા, ખાસ કરીને છોકરીઓના, તેમને અલગ પ્રદેશમાં મોકલવામાં અનિચ્છા રાખે છે. "હિમાચલ પ્રદેશમાં લગભગ ૬૨ ટકા છોકરીઓ સરકારી શાળાઓમાં નોંધાયેલી છે. અનુસૂચિત જાતિઓમાં આ નિર્ભરતા વધુ છે - લગભગ ૭૨ ટકા એસસી વિદ્યાર્થીઓ સરકારી સંસ્થાઓમાં અભ્યાસ કરે છે. આ શાળાઓ બંધ થવાથી ગ્રામીણ ગરીબો, ખાસ કરીને છોકરીઓ અને દલિત વિદ્યાર્થીઓ પર અપ્રમાણસર અસર પડશે," શિક્ષણવિદ ઓપી ભૂરૈતાએ નિર્દેશ કર્યો. હરિયાણામાં, સમાન ચિંતાઓ ઉભરી આવી છે. "૧,૪૦૦થી વધુ સરકારી શાળાઓનું મર્જર થઈ ચૂક્યું છે. આ શાળાઓમાં મોટાભાગના વિદ્યાર્થીઓ છોકરીઓ અને દલિત બાળકો પર સૌથી વધુ અસર પડી રહી છે," ભારતીય જ્ઞાન વિજ્ઞાન સમિતિ (BGVS)ના પ્રમોદ ગૌરીએ જણાવ્યું. લિંગ અને વર્ગ અસમાનતામાં વધુ સ્તરો ઉમેરે છે. જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીના પ્રોફેસર એસ. શ્રીનિવાસ રાવ દ્વારા ૨૦૧૭માં કરવામાં આવેલા એક બહુ-રાજ્ય અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, "તેમના (છોકરીઓ) શિક્ષણ બંધ કરવાથી ઘણીવાર વહેલા લગ્ન થાય છે. ઉંમર". "અભ્યાસમાં જાણવા




મળ્યું છે કે, રંગિનીગુડા (ઓડિશા)ની છોકરીઓ પ્રાથમિક શિક્ષણ પછી પણ આગળ વધી શકી નથી કારણ કે, હાઈસ્કૂલો ૫ કિમી દૂર જેપોરમાં અથવા ૧.૫ કિમી દૂર ટંકુઆમાં આવેલી છે. માતાપિતા પણ તેમની દીકરીઓને એકલી મોકલવામાં અચકાતા હોય છે અને તેમને ફક્ત જૂથોમાં જ જવા દેતા હતા," તે નોંધે છે. "રાજસ્થાનમાં, જ્યારે એકમાત્ર કન્યા શાળાઓને સહ-શૈક્ષણિક શાળાઓમાં ભેળવી દેવામાં આવી હતી, જેના કારણે ઘણા બાળકો શાળા છોડી દેતા હતા. આમ, છોકરી શાળામાં હોય ત્યારે પણ ખૂબ જ પ્રતિકૂળ અને અસંવેદનશીલ પિતૃસત્તાક વલણનો સામનો કરે છે. તેણીને રોજિંદા લૈંગિકવાદનો સામનો કરવો પડે છે અને શિક્ષણ પૂર્ણ કરવા માટે સંઘર્ષ કરવો પડે છે, ઉપરાંત ઘરે અને સમુદાયમાં ભેદભાવના માળખા સાથે વાટાઘાટો કરવા માટે તેણીના રોજિંદા સંઘર્ષો પણ થાય છે જે તેણીને 'બોજ' અને 'જવાબદારી' તરીકે જુએ છે. "છોકરીઓ પર રોકાણને બગાડ તરીકે જોવામાં આવે છે અને આ ધારણા ક્ષેત્રીય સ્થળોએ પણ વ્યાપકપણે જોવા મળી છે," અભ્યાસમાં આગળ નોંધ્યું છે. 'ભારતમાં સંદર્ભિત શૈક્ષણિક અભ્યાસ' (રૂટલેજ ઈન્ડિયા, ૨૦૨૧)ના એક પ્રકરણમાં, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશનલ પ્લાનિંગ એન્ડ એડમિનિસ્ટ્રેશન (NIEPA)ના આયશા મલિકે નોંધ્યું છે કે, છોકરીઓ સૌથી વધુ પ્રભાવિત થઈ હતી. "આ નીતિ હેઠળ મહિલા વિદ્યાર્થીઓને સૌથી વધુ અસર થઈ હતી, કારણ કે, તેમને તેમના ઘરોથી નવી બનાવેલી શાળાઓમાં દૂર મુસાફરી કરવી પડતી હતી. સાંસ્કૃતિક તફાવતોને કારણે આ નવી બનાવેલી શાળાઓમાં બાળકો માટે શાળાનું વાતાવરણ એક સમસ્યા છે. નવી બનાવેલી શાળાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા ભાષાનો સામનો કરવામાં આવતો બીજો મુદ્દો છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, બંધ કરાયેલી શાળાઓમાંથી ૧૫ ટકા વિદ્યાર્થીઓ ઓછી ફી ધરાવતી ખાનગી શાળાઓમાં જોડાયા હતા કારણ કે, નવી બનાવેલી શાળા તેમના ઘરથી લાંબા અંતરે છે, જે ગરીબ પરિવારો માટે બોજ છે. "ખાનગી શાળાઓમાં જતા મોટાભાગના વિદ્યાર્થીઓ એવા પરિવારોના હતા જેમની માસિક આવક રૂા.૫,૦૦૦થી રૂા.૧૦,૦૦૦ હતી," તેણીએ લખ્યું. વિકલાંગ બાળકો માટે જોખમો વધુ છે. ઓડિશામાં દસ્તાવેજીકૃત થયેલા એક કેસમાં બોલવાની ખામી ધરાવતા બાળકે તેની પડોશની શાળા બંધ થયા પછી અભ્યાસ છોડી દીધો કારણ કે, દૂરની શાળામાં મુસાફરી કરવી તેના પરિવાર માટે શક્ય વિકલ્પ નહોતો. આ અનુભવોને એકસાથે જોડતી બાબત સ્પષ્ટ માળખાકીય પેટર્ન છે. હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોને સેવા આપતી શાળાઓ બંધ થવાની શક્યતા વધુ હોય છે અને તે નુકસાનના પરિણામો અસમાન રીતે સહન કરવામાં આવે છે. આ પેટર્ન કર્ણાટકના કાર્યકરોને ચિંતા કરે છે, જ્યાં KPS મેગ્નેટ શાળાઓના પ્રસ્તાવિત રોલઆઉટથી પ્રવેશ અને બાકાત રાખવાની ચિંતાઓ ફરી જાગી છે. "મેગ્નેટ શાળાઓ વેતન મજૂરો, ખેડૂતોના બાળકો અને ખાસ કરીને દૂરના વિસ્તારોની છોકરીઓને શિક્ષણના અધિકારથી વંચિત રાખશે," ઓલ ઈન્ડિયા ડેમોક્રેટિક સ્ટુડન્ટ્સ ઓર્ગેનાઈઝેશનના સુભાષ બેટ્ટાડાકોપ્પાએ જણાવ્યું.

# જમ્મુ વહીવટીતંત્રે સોશિયલ મીડિયા પર 'કોમી સામગ્રી, નફરતી ભાષણ' પર ૬૦ દિવસનો પ્રતિબંધ લાદ્યો

## જાહેર વ્યવસ્થા અને સાંપ્રદાયિક સંવાદિતા અંગે ચિંતા દર્શાવતા, જમ્મુ વહીવટીતંત્રે શુક્રવારે સમગ્ર જિલ્લામાં સોશિયલ મીડિયા પર સાંપ્રદાયિક સંવેદનશીલ સામગ્રી પોસ્ટ કરવા, શેર કરવા અથવા ફોરવર્ડ કરવા પર ૬૦ દિવસનો પ્રતિબંધ લાદ્યો

(એજન્સી) જમ્મુ, તા.૧૮

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS), ૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ જિલ્લા મેજિસ્ટ્રેટ રાકેશ મિન્હાસ દ્વારા જારી કરાયેલ આ આદેશ, ધર્મ, જાતિ, ભાષા, જાતિ અથવા પ્રદેશ જેવા આધારો પર સમુદાયો વચ્ચે દુશ્મનાવટ અથવા દ્વેષને પ્રોત્સાહન આપતી કોઈપણ સામગ્રી, ટેક્સ્ટ, છબીઓ, વીડિયોઝ, ઑડિઓ, મીમ્સ, ગ્રાફિક્સ અથવા રીલ્સના પ્રસાર પર પ્રતિબંધ મૂકે છે. તાત્કાલિક અસરકારક રીતે, આ પ્રતિબંધો WhatsApp, Facebook, X, Instagram, YouTube અને Telegram સહિતના મુખ્ય પ્લેટફોર્મ પર લાગુ થાય છે. આ આદેશ જમ્મુ જિલ્લાની અંદરના તમામ વ્યક્તિઓને લાગુ પડે છે અને જો તે જિલ્લામાં જાહેર વ્યવસ્થાને અસર કરે તો બહારથી પોસ્ટ કરાયેલ સામગ્રીને પણ આવરી લે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે સોશિયલ મીડિયાનો ઉપયોગ "વધુને વધુ દુરુપયોગ" થઈ રહ્યો છે જે કોમી તણાવ પેદા કરી શકે છે, જીવનને જોખમમાં મૂકી શકે છે અને શાંતિને ખલેલ પહોંચાડી શકે છે તેવી ખોટી અને ઉશ્કેરણીજનક સામગ્રી ફેલાવવા માટે થઈ રહ્યો છે. આ નિર્દેશમાં કોઈપણ સમુદાયને નિશાન બનાવવા અથવા ડરાવવાના હેતુથી ટોળા, ગેરકાયદેસર મેળાવડા અથવા સરઘસો યોજવા માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડે છે અથવા સાંપ્રદાયિક તણાવ ઉશ્કેરે છે તેવા ભાષણો અથવા સામગ્રી શેર કરવા પર પણ પ્રતિબંધ આવી સામગ્રીના પ્રસારને રોકવા માટે જવાબદાર બનાવવામાં આવ્યા છે, પાલન ન કરવા બદલ કાનૂની પરિણામો પણ આવશે. સોશિયલ મીડિયા મધ્યસ્થીઓને સરકારના સહયોગ પ્લેટફોર્મ દ્વારા દૂર કરવાની વિનંતીઓ પર તાત્કાલિક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે, નહીં તો તેઓ IT કાયદા હેઠળ




છે. અધિકારીઓએ ચેતવણી આપી હતી કે ઉલ્લંઘન ભારતીય ન્યાય સંહિતા (BNS), ૨૦૨૩ અને માહિતી ટેકનોલોજી અધિનિયમ, ૨૦૦૦ હેઠળ કડક કાનૂની કાર્યવાહીને પાત્ર બની શકે છે, જેમાં રાષ્ટ્રીય એકતા માટે જોખમ ધરાવતા કેસોમાં દંડ અને કેદ, આજીવન કેદની સજા પણ સામેલ છે. ગ્રુપ એડમિનિસ્ટ્રેટર્સ અને ચેનલ ઓપરેટરોને સલામત-બંદર સુરક્ષા ગુમાવવાનું જોખમ લેશે. આ આદેશમાં વરિષ્ઠ પોલીસ અધિક્ષકને ઉલ્લંઘન કરનારાઓ સામે તાત્કાલિક FIR નોંધવાની ખાતરી કરવા માટે પણ સૂચના આપવામાં આવી છે. SDMsની દેખરેખ હેઠળ સબ-ડિવિઝનલ સ્તરે ખાસ મોનિટરિંગ સેલ સાથે, ૨૪/૭ સાયબર મોનિટરિંગ મિકેનિઝમ સ્થાપિત કરવામાં આવશે.

# 'નામમાં શું રાખ્યું છે ?' રાજસ્થાન સરકારે છોટુ, કાલુ, શેરૂ જેવા નામો પર પ્રતિબંધ મૂક્યો; માત્ર અર્થપૂર્ણ નામોનો જ ઉપયોગ કરવા વાલીઓને પ્રોત્સાહન આપવામાં આવશે

## આ અભિયાન પાલતુ પ્રાણીઓના નામો અને અપમાનજનક શબ્દોને લક્ષ્ય બનાવે છે; માતાપિતાને ૩,૦૦૦ નામોની સૂચિમાંથી અર્થપૂર્ણ વિકલ્પો પસંદ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. રાજસ્થાને શાળાઓમાં 'અયોગ્ય' વિદ્યાર્થીઓના નામોને બદલવા માટે 'સાર્થકનામ અભિયાન' શરૂ કર્યું છે

(એજન્સી) જયપુર, તા.૧૮

રાજસ્થાન સરકારે એક અનુકરણીય કાર્યક્રમ શરૂ કર્યો છે જેના દ્વારા તેઓ એવા વિદ્યાર્થીઓના નામોને સુધારવાનો પ્રયાસ કરે છે જેનો અર્થ એ છે કે, 'છોટુ', 'કાલુ', 'શેરૂ' અને આવા અનેક નામો હવે રાજસ્થાનના વર્ગખંડોમાં વાપરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. હા, ભારતમાં નાના બાળકોને આપવામાં આવતા સામાન્ય 'પાલતુ પ્રાણીઓના નામ' હવે રાજસ્થાનની સરકારી શાળાઓમાં માન્ય રહેશે નહીં. આ હાંસલ કરવા માટે રાજ્ય સરકારે 'સાર્થકનામ અભિયાન' (અર્થપૂર્ણ નામ અભિયાન) શરૂ કર્યું છે. આ વિભાગનો અંદાજ છે કે, સરકારી અને ખાનગી શાળાઓમાં આવા ૨,૦૦૦-૩,૦૦૦ કેસ છે.

સરકારનો દાવો છે કે, આ પહેલ અયોગ્ય, અસ્પષ્ટ અથવા નકારાત્મક અર્થ ધરાવતા નામોને દૂર કરવા અને તેમને વધુ અર્થપૂર્ણ અને આદરણીય વિકલ્પો ધરાવતા નામોથી બદલવા માટે શરૂ કરવામાં આવી છે. સરકારના મતે, કાજોદમલ, શેરૂ, કાલુ, ટિંકુ અને સમાન પરંપરાગત નામોને 'કૃષ્ણ', 'અથર્વ', 'આરવ' અને 'અખંડ' જેવા અન્ય 'આદરણીય' નામોથી બદલવા જોઈએ.

● સ્થાનિક પહેલ સમુદાયોમાં સામાજિક વર્તનને કેવી રીતે અસર કરે છે ?

મધ્યપ્રદેશના ગામડામાં થયેલી સ્થાનિક પહેલ, સામાજિક વર્તનને નોંધપાત્ર રીતે બદલી શકે છે. અપશબ્દો સામે નિયમો લાગુ કરીને અને રાષ્ટ્રગીત ગાવા જેવી સાંપ્રદાયિક પ્રવૃત્તિઓ દ્વારા આદરને પ્રોત્સાહન આપીને આ પહેલો વધુ આદરણીય અને સુમેળભર્યા સમુદાય વાતાવરણને પ્રોત્સાહન આપે છે. આવા ફેરફારો માત્ર જાહેર આચરણમાં સુધારો કરતા નથી પરંતુ હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથોને પણ સશક્ત બનાવે છે, જેનાથી એકંદર સમુદાય સુખાકારીમાં વધારો થાય છે.

● ભારતમાં નામ બદલવાની પહેલના વ્યાપક પરિણામો શું છે ?

● નામકરણ બાળકોની ઓળખ અને આત્મવિશ્વાસને કેવી રીતે અસર કરે છે ?

સ્થાનિક અહેવાલો મુજબ, રાજસ્થાન સરકારે લગભગ ૩,૦૦૦ વિકલ્પોની યાદી તૈયાર કરી છે, જેમાંથી ૧,૪૦૯ છોકરાઓ માટે અને ૧,૫૪૧ છોકરીઓ માટે છે. માતાપિતા, જેમના બાળકોના નામ પ્રતિબંધિત યાદીમાંથી રાખવામાં આવ્યા છે, તેઓ હવે સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલી આ નવી



યાદીમાંથી તેમના બાળક માટે વૈકલ્પિક નામ પસંદ કરી શકે છે. આમાં અભીર, અગ્નિભા, બાલમુકુંદ, બદ્રીનાથ, આરાધ્યા, અન્નપૂર્ણા અને વૈષ્ણવી જેવા નામોનો સમાવેશ થાય છે, આવા દરેક નામનો અર્થ હોય છે.

આ પ્રક્રિયા સ્વૈચ્છિક હોવાનું કહેવામાં આવી રહ્યું છે, ત્યારે શિક્ષકોને નજીકના ભવિષ્યમાં યોજાનારી તમામ વાલી-શિક્ષક બેઠકો (PTM)માં સંબંધિત માતાપિતા સાથે આ મુદ્દો ઉઠાવવાની સૂચના આપવામાં આવી છે. આ ઝુંબેશ ધોરણ ૧થી ૯ને આવરી લેશે અને વિદ્યાર્થીઓને માર્કશીટમાં તેમના નામ અપડેટ કરવામાં પણ મદદ કરવા માટે જોગવાઈઓ કરવામાં આવી રહી છે. મોટા વિદ્યાર્થીઓને તેમના 'અયોગ્ય' નામોને તેમની માર્કશીટમાં 'યોગ્ય' નામોમાં અપડેટ કરવાની તક પણ આપવામાં આવશે.

કેટલીકવાર માતાપિતા તેમના અર્થથી વાકેફ થયા વિના અથવા સામાજિક કારણોસર નામો પસંદ કરે છે, પરંતુ પાછળથી બાળકો તેમના કારણે હીનતાની ભાવના વિકસાવી શકે છે. રાજસ્થાનના શાળા શિક્ષણ મંત્રી મદન દિલાવરે કહ્યું કે, વિભાગ માને છે કે વ્યક્તિનું નામ તેની સામાજિક ઓળખ અને મૂલ્યોને પ્રતિબિંબિત કરે છે અને નકારાત્મક અથવા ખામીયુક્ત નામો બાળકના માનસિક વિકાસ અને આત્મવિશ્વાસ પર પ્રતિકૂળ અસર કરી શકે છે. મંત્રીએ કહ્યું કે, સત્તાવાર રેકોર્ડમાંથી જાતિ આધારિત અથવા અપમાનજનક શબ્દોને દૂર કરવાની તાત્કાલિક જરૂર છે. એવા શબ્દો કે જેનો ઉપયોગ ઐતિહાસિક રીતે અપમાનજનક રીતે કરવામાં આવ્યો છે તે રેકોર્ડ ન કરવા જોઈએ અને આદરપૂર્ણ વિકલ્પો અપનાવવા જોઈએ.

# મેં બળજબરીથી નહીં, પણ પોતાની મરજીથી ઈસ્લામ ધર્મ અપનાવ્યો : ટીવી સ્ટાર ચાહત ખન્ના

## અભિનેત્રીએ એ પણ ભાર મૂક્યો કે તે ઈદ અને દિવાળી જેવા તહેવારો સમાન ઉત્સાહથી ઉજવે છે, જે શ્રદ્ધા પ્રત્યેના તેમના સમાવેશી દૃષ્ટિકોણને પ્રતિબિંબિત કરે છે

(એજન્સી) મુંબઈ, તા.૧૮

વર્ષોથી, ભારતીય મનોરંજન ઉદ્યોગે ઘણી સેલિબ્રિટીઓને શ્રદ્ધા વિશે ઊંડાણપૂર્વક વ્યક્તિગત પસંદગીઓ કરતા જોયા છે, જે ઘણીવાર જાહેર ઉત્સુકતા અને ચર્ચાને જન્મ આપે છે. પ્રેમ માટે ધર્માંતરણથી લઈને આધ્યાત્મિક શોધ સુધી, આ યાત્રાઓએ હંમેશા ધ્યાન ખેંચ્યું છે. ટેલિવિઝન અભિનેત્રી ચાહત ખન્ના હવે પોતાની વાર્તા વિશે ખુલીને વાત કરવા માટે નવીનતમ છે. ચાહત ખન્ના ઈસ્લામ ધર્મ અપનાવવાના તેના ભૂતકાળના નિર્ણય અને ત્યારબાદની ધારણાઓ વિશે ખુલીને ચર્ચામાં આવી છે. એક એવા ઉદ્યોગમાં જ્યાં વ્યક્તિગત પસંદગીઓ ઘણીવાર જાહેર ચર્ચા બની જાય છે, ત્યાં તેની સ્પષ્ટ ટિપ્પણીઓએ શ્રદ્ધા, ઓળખ અને વ્યક્તિગત સ્વતંત્રતા વિશે નવી ચર્ચાઓ શરૂ કરી છે. બડે અચ્છે લગતે હૈંમાં તેની ભૂમિકા માટે જાણીતી, ચાહત ખન્નાએ ફરહાન મિર્ઝા સાથેના લગ્ન દરમિયાન તેના ધર્માંતરણ વિશે લાંબા સમયથી ચાલી રહેલી અટકળોને સંબોધિત કરી. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં, અભિનેત્રીએ સ્પષ્ટતા કરી કે ઈસ્લામ સ્વીકારવાનો તેમનો નિર્ણય સંપૂર્ણપણે સ્વૈચ્છિક હતો અને વ્યાપક માન્યતાની વિરુદ્ધ, બાહ્ય દબાણથી પ્રભાવિત નહોતો.



અભિનેત્રીએ એ પણ ભાર મૂક્યો કે તે ઈદ અને દિવાળી જેવા તહેવારો સમાન ઉત્સાહથી ઉજવે છે, જે શ્રદ્ધા પ્રત્યેના તેમના સમાવેશી દૃષ્ટિકોણને પ્રતિબિંબિત કરે છે. "હું ખૂબ જ ધર્મનિરપેક્ષ વ્યક્તિ છું. હું ઈદની ઉજવણી એ જ રીતે કરું છું જેટલી હું દિવાળી ઉજવું છું, પછી ભલે તે મારા લગ્ન દરમિયાન હોય કે અન્યથા. હા, મેં મારી પોતાની મરજીથી ઈસ્લામ ધર્મ અપનાવ્યો હતો. ઘણા લોકોએ કહ્યું કે મને ધર્મ પરિવર્તન કરાવવા માટે દબાણ કરવામાં આવ્યું હતું, પરંતુ મેં ક્યારેય એવું કહ્યું નથી," તેણીએ કહ્યું. ચાહત ખન્નાએ એ પણ જણાવ્યું કે કેવી રીતે તેમના નિવેદનોને ઘણીવાર સંદર્ભની બહાર લેવામાં આવે છે, જેના કારણે ગેરમાર્ગે દોરનારા વર્ણનો ઉભા થાય છે. "એક વાક્ય પસંદ કરવામાં આવે છે અને અલગ રીતે રજૂ કરવામાં આવે છે," તેણીએ કહ્યું, જાહેર નજરમાં રહેવાના પડકારો પર પ્રકાશ પાડ્યો. ૨૦૨૪માં ટેલી ટોક ઈન્ડિયા સાથેના અગાઉના ઈન્ટરવ્યુમાં, ખન્નાએ શેર કર્યું હતું કે જ્યારે તેણીએ ઈસ્લામના કેટલાક ઉપદેશો અપનાવ્યા હતા, ત્યારે તેણી આખરે છૂટાછેડા પછી સનાતન ધર્મમાં પાછી ફરી હતી. તેણીએ આ સફરને સ્વ-શોધનો તબક્કો ગણાવ્યો અને ઉમેર્યું કે તેણીને તેના મૂળ સાથે ફરીથી જોડાવા અને તેની માન્યતાઓ વિશે સ્પષ્ટતા મેળવવામાં ઘણા વર્ષો લાગ્યા. ચાહત ખન્નાએ અગાઉ ઉદ્યોગપતિ ભરત નરસિંહાણી સાથે લગ્ન કર્યા હતા અને ૨૦૧૩માં ફરહાન મિર્ઝા સાથે લગ્ન કર્યા હતા. બાદમાં લગ્ન ૨૦૧૮માં સમાપ્ત થયા હતા, જેમાં અભિનેત્રીએ માનસિક અને જાતીય સતામણીનો ઉલ્લેખ કર્યો હતો. તે હવે તેના વ્યક્તિગત વિકાસ અને તેની બે પુત્રીઓના ઉછેર પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. ૨૦૦૨માં ટેલિવિઝન ડેબ્યૂ અને ફિલ્મ 7½ ફેરેમાં ભૂમિકા સાથે નાની ઉંમરે પોતાની કારકિર્દી શરૂ કરનાર, ચાહત ખન્ના મનોરંજન ઉદ્યોગમાં એક જાણીતો ચહેરો બનીને રહી છે.

કે.પી.ગ્રુપના સહયોગથી

# ભરૂચમાં 'મૈયત ગુસલ વાન' સેવા શરૂ મૈયતને શરિયત મુજબ ગુસલ અપાશે

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૧૮

ભરૂચમાં 'મૈયત ગુસલ વાન' સેવા શરૂ કરવામાં આવી છે, જે સંપૂર્ણ આધુનિક અને જરૂરી સુવિધાઓથી સજ્જ છે. આ વાન કોઈપણ સ્થળે પહોંચી મૈયતને શરિયત મુજબ ગુસલ આપવાની સુવિધા પૂરી પાડે છે, જેથી મૃત્યુ પામનારનો માન અને સન્માન જળવાઈ રહે.

આ સેવા પાછળ K.P. Groupનું મહત્ત્વપૂર્ણ યોગદાન છે. ગ્રુપના ચેરમેન ડૉ. ફારૂક જી પટેલના માર્ગદર્શન હેઠળ આ ગુસલ વાન Rahat Medicare Pharmacyને ડોનેટ કરવામાં આવી છે.

K.P. Group હંમેશા સમાજ સેવા અને માનવતાના કાર્યોમાં આગળ રહ્યું છે અને ફરી એકવાર પોતાની સેવાભાવનાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડ્યું છે. આ ગુસલ વાન માટે ટ્રસ્ટના પ્રમુખ આદમભાઈ આબાદનગરવાળા દ્વારા રજૂઆત કરવામાં આવતા K.P. Group દ્વારા તરત જ સકારાત્મક પ્રતિસાદ આપવામાં આવ્યો હતો.



આ વાનનું સંચાલન Khidmate Khalq Charitable Trust, ભરૂચ દ્વારા કરવામાં આવશે, જ્યાં સેવાભાવી યુવાનો દ્વારા આ સેવા સંપૂર્ણપણે મફતમાં - ૨૪ કલાક ઉપલબ્ધ રહેશે.

ઉલ્લેખનીય છે કે, Khidmate Khalq Charitable Trust અને ઉમ્મતે મિલ્લત ટ્રસ્ટ છેલ્લા ઘણા વર્ષોથી મૈયતને લેવા-લાવવાની અને જરૂરિયાતમંદ પરિવારોને મદદરૂપ થવાની સેવા નિઃસ્વાર્થ ભાવથી આપી રહ્યા છે.

આ નવી સેવા દ્વારા હવે કોઈપણ જાત-પાત કે ભેદભાવ વગર દરેક વર્ગના લોકો માટે મદદ ઉપલબ્ધ થશે. Rahat Medicare Pharmacyની સ્થાપના મર્હુમ યુનુસભાઈ અમદાવાદી, મર્હુમ ઈદ્રીસભાઈ સરનારવાળા અને મર્હુમ ઐયુબભાઈ સપાટી જેવા સેવાભાવી લોકો દ્વારા કરવામાં આવી હતી.

તેમની યાદમાં અને તેમની સેવાભાવી વિચારધારાને આગળ વધારવા માટે આ પહેલ એક નેક કાર્ય બની રહી છે.

# વાપીમાં ચૂંટણી પહેલા લાગ્યા બેનર : 'રોડ નહીં તો વોટ નહીં'




(તસવીર : શકીલ સૈયદ, વાપી)

(સંવાદદાતા દ્વારા) વાપી, તા.૧૮

રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના માહોલ બન્યા બાદ પોતાના ઉમેદવારને મત અપાવવા તમામ પાર્ટીઓ ડોર ટુ ડોર પ્રચારના કામે લાગી છે એવામાં વાપી મહાનગરપાલિકા વોર્ડ નંબર ત્રણની અંદર આવેલ વલ્લભનગરમાં 'રોડ નહીં તો વોટ નહીં'ના બેનર લાગ્યા છે આ વિસ્તાર છેલ્લા બે વર્ષથી વાપી મહાનગરપાલિકામાં સમાવેશ કરવામાં આવ્યા છે એ પહેલા છિરી ગ્રામ પંચાયત વિસ્તારમાં આવતા હતા જેમાં સરપંચ ઈરમ શમશુદ્દીન ચૌધરી હતા એમના સુસરા નરૂદ્દીન ચૌધરી એમનું કારભાર સંભાળતા હતા વલ્લભનગરના રહેવાસીઓના કહેવા મુજબ આખા છિરી ગ્રામ પંચાયત વિસ્તારમાં બધી જ જગ્યા વિકાસના કાર્ય થયા છે ફક્ત અમારી સોસાયટી વલ્લભનગરમાં કોઈપણ કાર્ય કરવામાં આવ્યું નથી. પંચાયતથી વાપી મહાનગરપાલિકા વિસ્તાર બન્યા બાદ હવે મહાનગરપાલિકાની ચૂંટણી સામે આવી છે જેમાં ભાજપ તરફથી ઈરમ સમુદ્દીન ચૌધરીના પતિ શમશુદ્દીન ચૌધરીને ભારતીય જનતા પાર્ટીએ વોર્ડ નંબર ત્રણમાંથી ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે જેમાં પંચાયતના સમયમાં શમશુદ્દીન ચૌધરીની પત્ની ઈરમ ચૌધરી સરપંચ હતા વલ્લભનગરના રહેવાસીઓ ચૂંટણી પહેલા જ બેનર બાંધી વિરોધ નોંધાવ્યો છે.

વડોદરાની વિનાયક હાઉસિંગના ૩૬૦ પરિવારોનો મક્કમ નિર્ધાર

# જર્જરિત મકાનો અને ગંદકીના પ્રશ્ને તમામ પક્ષના નેતાઓ માટે સોસાયટીના દરવાજા બંધ

વડોદરા, તા.૧૮

વડોદરામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો બ્યુગલ વાગતાની સાથે જ રાજકીય પક્ષોએ મતદારોને રિઝવવા માટે લોભામણા વચનો અને ચૂંટણી ઢંઢેરાઓનો મારો શરૂ કર્યો છે. તમામ પક્ષો વિકાસની વાતો કરી રહ્યા છે, પરંતુ વડોદરા શહેરના વોર્ડ નંબર ૧૧માં આવેલ સનફાર્મા રોડ પરના 'વિનાયક હાઉસિંગ' વુડાના મકાનોની વાસ્તવિકતા કંઈક અલગ જ ચિત્ર રજૂ કરી રહી છે. અહીં વિકાસ માત્ર કાગળ પર હોય તેમ પ્રાથમિક સુવિધાઓના નામે શૂન્યતા જોવા મળી રહી છે, જેના કારણે સ્થાનિક રહીશોમાં શાસકો સામે ભારે રોષ ફાટી નીકળ્યો છે.



વિનાયક હાઉસિંગમાં આવેલા વુડાના આવાસની હાલત અત્યંત બિસ્માર અને જર્જરિત થઈ ગઈ છે. મકાનોના પોપડા ઉખડવા અને તિરાડો પડવી અહીં સામાન્ય બાબત બની ગઈ છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, મકાનોની સ્થિતિ જોતા ગમે ત્યારે કોઈ મોટી હોનારત સર્જાઈ શકે તેમ છે. છતાં તંત્ર દ્વારા આ જોખમી ઈમારતોના સમારકામ કે નવીનીકરણ બાબતે કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી. લોકો અહીં જીવના જોખમે રહેવા મજબૂર બન્યા છે.

આ વિસ્તારમાં રોડ-રસ્તાના ઠેકાણા નથી, જે રહીશોની હાલાકીમાં વધારો કરે છે. ગટર વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાયેલી છે, જેના કારણે ગંદુ પાણી રસ્તાઓ પર ઉભરાય છે. આટલું ઓછું હોય તેમ, પીવાનું પાણી પણ શુદ્ધ મળતું નથી. દૂષિત પાણીના પુરવઠાને કારણે અહીં રહેતા આશરે ૩૬૦ પરિવારોના સ્વાસ્થ્ય સામે ગંભીર ખતરો ઉભો થયો છે અને ઘરે-ઘરે માંદગીના ખાટલા જોવા મળી રહ્યા છે.રહીશોનો સૌથી મોટો આક્ષેપ એ છે કે વારંવાર કોર્પોરેશનની વોર્ડ ઓફિસમાં રૂબરૂ જઈને રજૂઆતો કરવા છતાં તંત્રના પેટનું પાણી હલતું નથી. લોકોમાં એ વાતનો સખત રોષ છે કે, "અમારા કોર્પોરેટર કોણ છે તેની પણ અમને ખબર નથી." માત્ર ચૂંટણી સમયે મતોની ઝોળી ફેલાવીને આવતા નેતાઓ જીત્યા પછી ક્યારેય આ વિસ્તારની મુલાકાત લેતા નથી. લોકોની તકલીફો જાણવાની દરકાર પણ કોઈ જનપ્રતિનિધિએ કરી નથી.

વર્ષોથી ખોટા વચનો અને 'લોલીપોપ'થી કંટાળેલા વિનાયક હાઉસિંગના રહીશોએ આ વખતે આરપારની લડાઈ લડવાનું નક્કી કર્યું છે. ૩૬૦ પરિવારોએ એકસૂરે સંકલ્પ કર્યો છે કે જ્યાં સુધી પ્રાથમિક સુવિધાઓ નહીં મળે ત્યાં સુધી કોઈ પણ પક્ષને વોટ આપવો નહીં. આટલું જ નહીં, રહીશોએ ચૂંટણી પ્રચાર માટે આવતા નેતાઓ કે કાર્યકરોને સોસાયટીમાં પ્રવેશવા ન દેવાનો પણ કડક નિર્ણય લીધો છે. લોકો હવે વચનો નહીં પણ વળતર અને વિકાસ ઈચ્છી રહ્યા છે. જો આગામી દિવસોમાં આ સમસ્યાઓનો ઉકેલ નહીં આવે, તો આગામી ચૂંટણીમાં આ વિસ્તારમાં મતદાનના આંકડા શૂન્ય રહે તેવી પૂરેપૂરી શક્યતા દેખાઈ રહી છે.

# વડોદરાની એમ.ઈ.એસ. સ્કૂલ, યાકુતપુરા ખાતે ૪૮મો વાર્ષિક ઈનામ વિતરણ તથા ઈદ મિલન કાર્યક્રમ યોજાયો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૮

બરોડા સ્ટેટ મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી સંચાલિત વડોદરા શહેરના યાકુતપુરા વિસ્તારમાં આવેલી એમ.ઇ.એસ સ્કૂલ ખાતે ૪૮મો વાર્ષિક ઇનામ વિતરણ સમારોહ તેમજ ઈદ મિલન સમારંભનું આયોજન આવ્યું હતું.

આ કાર્યક્રમની શરૂઆત તિલાવતે કુર્આન શરીફથી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે અબ્દુલ કાદરખાન પઠાણ (ડીસ્ટ્રીક જજ), ઈશાકભાઈ મન્સૂરી (નિવૃત્ત જજ) હાજર રહ્યા હતા. ઉપરાંત અતિથિ વિશેષ તરીકે જનાબ ઈબ્રાહીમ દાવજી પટેલ (પબ્લિક એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ કોસંબા)ના પ્રતિનિધિ તેમજ હનીફભાઈ દૂધા, ઐયુબભાઈ મોતાલા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન તેજસ્વી વિદ્યાર્થીઓને ઇનામો, પારિતોષિક અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. મહેમાનો દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ સાથે સંસ્કાર અને શિસ્તનું મહત્ત્વ સમજાવ્યું હતું.




(તસવીર : અતિક શેખ, વડોદરા)

આ પ્રસંગે ટ્રસ્ટી મંડળના પ્રમુખ મોઈનુદ્દીન ટી. રિફાઈ, શાળા મંત્રી નિશાર અહેમદ મલેક, અંગ્રેજી માધ્યમ શાળા મંત્રી ડોક્ટર મોહમ્મદ હુસૈન, આઈ.ડી. પટેલ, એમ.એમ.પઠાન સહિતના હોદ્દેદારો પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના અંતે તનવીર અહેમદ પઠાણે મહેમાનો તેમજ વાલીઓ અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના આચાર્ય સુબેદાર ઈમ્પ્લાસ બેન, સોસાયટી મંડળના વહીવટી અધિકારી એમ.એન. મલેક દ્વારા કરવામાં આવ્યું હતું.

# નડિયાદમાં તબીબના મકાનમાંથી રૂપિયા ૧.૦૮ લાખની ચોરી

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧૮

નડિયાદ એન.ડી. દેસાઈ હોસ્પિટલમાં નોકરી કરતા ડૉ. કુશલ રશ્મિકાંત પરીખ (ઉ.વ. ૩૮) કોલેજ કેમ્પસમાં આવેલ મકાનમાં પરિવાર સાથે રહે છે. તેઓ ગત તા.૧૧/૪/૨૬ના રોજ મકાન (રૂમ) બંધ કરી તાળુ મારી નડિયાદ રેલવે સ્ટેશનથી સર્વોદય એક્સપ્રેસમાં બેસીને મથુરા, ગોકુલ, વૃંદાવન, આગરા વગેરે સ્થળોએ ફરીને દર્શન કરવા ગયા હતા. જ્યાંથી તા.૧૭/૪/૨૬ના રોજ ઘરે પરત આવ્યા હતા. ત્યારે રૂમના મુખ્ય દરવાજાની લોખંડની જાળી વાળો દરવાજો ખુલ્લો હતો અને તેની અંદરના ભાગે આવેલ દરવાજાને અંદરના ભાગે ઈન્ટર લોકને ચાવીથી બંધ કર્યું હતું જે દરવાજાનું હેન્ડલ સાથેનું તાળું તુટેલ હાલતમાં હતું. જેથી ઘરમાં ચોરી થયાનું જણાતાં બેઠક રૂમ તથા રસોડામાં તપાસ કરતાં ત્રણેય બેડરૂમમાં આવેલ લાકડાના કબાટ તથા તિજોરીનો સામાન વેર-વિખેર હાલતમાં પડ્યો હતો અને બેડરૂમની અંદર આવેલ એક તિજોરીના લોકરમાં મુકેલ સોનાના તથા ચાંદીના દાગીના તથા રોકડ ચોરી થયાનું જણાય આવ્યું હતું જેમાં એક સોનાની ચેઈન જેનું આશરે વજન ૮.૧૯૦ ગ્રામ જેની કિંમત રૂા.૨૩,૭૦૨, એક સોનાનું મંગળસુત્ર કાળા મણકાવાળું જેનું આશરે વજન ૮.૦૫૦ ગ્રામ જેની કિંમત રૂા.૨૦,૬૬૩, ચાંદીના ઝાંઝર નંગ-૦૧ જેનું આશરે વજન ૫૦ ગ્રામ કિંમત રૂા.૨,૦૦૦, એક સોનાની વિંટી ફેબી નંગવાળી જેનું આશરે વજન પોણો તોલાની કિંમત રૂા.૨૪,૦૦૦ તેમજ રોકડ રૂા.૩૮,૦૦૦ મળી કુલ રૂા.૧,૦૮,૩૬૫ની મત્તા ચોરી ગયા હતા. આ બનાવ અંગે ડોક્ટર કુશલ પરીખની ફરિયાદ આધારે નડિયાદ ટાઉન પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

બેનાં મોત પણ એક સુરક્ષિત

# વડોદરાના સયાજીબાગ પ્રાણી સંગ્રહાલયમાં ૪૦ વર્ષ બાદ સફેદ વાઘના બચ્ચાનો જન્મ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૮

વડોદરાના સયાજીબાગ પ્રાણીસંગ્રહાલયમાં ૪૦ વર્ષના લાંબા વિરામ બાદ સફેદ વાઘના પરિવારમાં નવા મહેમાનનું આગમન થયું છે, પરંતુ આ ખુશીની સાથે શોકનો માહોલ પણ જોવા મળ્યો છે.

ડિસેમ્બર ૨૦૨૫માં રાજકોટ ઝૂથી લાવવામાં આવેલી સફેદ વાઘણ 'રાધા'એ ગત ૯ એપ્રિલના રોજ ત્રણ બચ્ચાને જન્મ આપ્યો હતો. જોકે, પ્રથમ વખત માતા બનેલી રાધા બચ્ચાને સ્તનપાન ન કરાવી શકતા કમનસીબે બે બચ્ચાના ગણતરીના દિવસોમાં જ મોત નીપજ્યા છે, જ્યારે એક બચ્ચાને બચાવવા માટે ઝૂ પ્રશાસને રાત-દિવસ એક કર્યા છે.

આ ઘટના બાદ વન્યજીવ પ્રોટોકોલ મુજબ, ઝૂના વેટરનરી ડૉક્ટરોએ ત્રીજા બચ્ચાને બચાવવા માટે તેને પોતાની દેખરેખ હેઠળ લીધું છે. પ્રાણીસંગ્રહાલયના ક્યુરેટર પ્રત્યુશ પાટણકરે જણાવ્યું હતું કે, બચ્ચાને અત્યારે ઝૂની હોસ્પિટલના ખાસ નિયોનેટલ કેર યુનિટમાં 'હેન્ડ-રેરિંગ' (માનવીય દેખરેખ) હેઠળ રાખવામાં આવ્યું છે. ચેપથી બચાવવા માટે આ બચ્ચાને ક્વોરેન્ટાઈન ફેસિલિટીમાં રાખવામાં આવ્યું છે અને તેની તબિયત હાલ સ્થિર અને સારી છે. માતા રાધા પણ સંપૂર્ણ સ્વસ્થ છે. આ નવા મહેમાનના આગમન સાથે હવે વડોદરા ઝૂમાં સફેદ વાઘની કુલ સંખ્યા વધીને ત્રણ થઈ ગઈ છે.



વડોદરાના સયાજીબાગ પ્રાણી સંગ્રહાલયમાં સફેદ વાઘના બચ્ચાનો જન્મ થતાં તેને ઓબ્ઝર્વેશન માટે રાખવામાં આવ્યો છે જે તસવીરમાં દશ્યમાન થાય છે. (તસવીર : અતિક શેખ, વડોદરા)

# ભરૂચમાં કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો જાહેર ભાજપ પર ભ્રષ્ટાચારના આક્ષેપો




(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૧૮

ભરૂચ આવનારી નગરપાલિકા ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ભરૂચ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા વિકાસલક્ષી ઘોષણાપત્ર જાહેર કરવામાં આવ્યું છે. સાથે સાથે ભાજપના કથિત ભ્રષ્ટાચાર મુદ્દે પોલખોલ કરતી પત્રિકા પણ રજૂ કરવામાં આવી હતી.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ હવે નજીક આવી રહી છે ત્યારે કોંગ્રેસ પક્ષે પાલિકામાં પોતાનું બોર્ડ બનશે તેવો આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો છે. વર્ષ ૨૦૨૬થી ૨૦૩૧ માટેનો ચૂંટણી ઢંઢેરો શહેર કોંગ્રેસ પ્રમુખ સલીમ અમદાવાદી, આગેવાન કિરણ ઠાકોર અને સુરેશ મહેતા સહિતના નેતાઓની હાજરીમાં જાહેર કરવામાં આવ્યો હતો.

કોંગ્રેસે ભાજપ પર આક્ષેપ કરતાં જણાવ્યું કે, છેલ્લા લગભગ ૩૦ વર્ષના શાસન દરમિયાન ભાજપે ક્યારેય સ્પષ્ટ ઘોષણાપત્ર જાહેર કર્યું નથી અને કોઈ ચોક્કસ રોડમેપ વિના શાસન ચલાવવામાં આવ્યું છે. જેના કારણે ભરૂચ શહેરમાં ટ્રાફિક, સફાઈ, ડંપિંગ સાઇડ, રોડ-રસ્તા અને ડ્રેનેજ જેવી મૂળભૂત સમસ્યાઓ વધતી ગઈ છે અને પ્રજા પરેશાન બની છે.

કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં શહેરની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સર્વાંગી વિકાસનો રોડમેપ રજૂ કરવામાં આવ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારણા, ટ્રાફિક વ્યવસ્થા, સફાઈ પ્રણાલી મજબૂત બનાવવી, રોડ-રસ્તા અને ડ્રેનેજ સુધારણા, મહિલાઓ અને સમાજ કલ્યાણ, શિક્ષણ, આરોગ્ય, આવાસ અને શહેરી આયોજન સહિત નાગરિક સુવિધાઓને પ્રાથમિકતા આપવામાં આવી છે.

## વાગરા પંથકમાં ચૂંટણી ટાણે પોલીસનું ફૂટ પેટ્રોલિંગ

વાગરા, તા.૧૮

વાગરા પંથકના સંવેદનશીલ વિસ્તારોમાં ચૂંટણી ટાણે વાગરા પોલીસ દ્વારા સઘન ફૂટ પેટ્રોલિંગ હાથ ધરી પ્રજામાં રહેલ ભયને દૂર કરી વિશ્વાસ સંપાદન કરવાની કામગીરી હાથ ધરવસમાં આવી હતી. રાજ્યમાં આગામી ૨૬ એપ્રિલના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે વાગરા તાલુકામાં ચૂંટણીનો માહોલ જામ્યો છે. લોકશાહીના પર્વ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને મતદારો નિર્ભય થઈને મતદાન કરી શકે તેવા ઉમદા હેતુથી વાગરા પોલીસ દ્વારા સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી છે. વાગરાના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એન.ગોહિલની સીધી દેખરેખ હેઠળ તાલુકાના સંવેદનશીલ ગણાતા વિસ્તારોમાં એરિયા ડોમિનેશન અને ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ખાસ કરીને વોરાસમની અને વિલાયત જેવા ગામોમાં પોલીસનો મોટો કાફલો રસ્તાઓ પર ઉતરી આવ્યો હતો.

# વડોદરામાં બેનર-પોસ્ટર્સ અને પ્રચારના મુદ્દે ઘર્ષણ અટકાવવા પોલીસનું પેટ્રોલિંગ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૮

વડોદરા શહેરમાં ચૂંટણી દરમિયાન વાતારવણ ડહોળાવવા માગતા તત્ત્વો સામે પોલીસ નજર રાખી કાર્યવાહી કરશે. આ માટે સોશ્યલ મીડિયા પર પણ વોચ રાખવામાં આવી રહી છે અને છેલ્લા પંદર દિવસમાં ૩ હજાર જેટલા તત્ત્વોને રાઉન્ડ અપ કરવામાં આવ્યા છે.

શહેરમાં ચૂંટણીનો માહોલ જામી રહ્યો છે ત્યારે અશાંતિ સર્જવાના પણ પ્રયાસો થઇ રહ્યા હોવાના કિસ્સાઓ બની રહ્યા હોવાથી પોલીસ દ્વારા તમામ ઈલેક્શન વોર્ડમાં પેટ્રોલિંગ વધારવામાં આવ્યું છે. જ્યારે, સોશ્યલ મીડિયા પર વાંધાજનક પોસ્ટ મૂકનારાઓ પર નજર રાખવામાં આવી રહી છે.

પોલીસે વિગતો આપતાં કહ્યું છે કે, અત્યાર સુધીમાં જુદા-જુદા કારણસર અટકાયતી પગલાંના ભાગરૂપે ૩૦૦૦ જેટલા તત્ત્વો સામે કાર્યવાહી કરવામાં આવી છે. ૧૧ ચેકપોસ્ટ ઉપર ૧૦ હજારથી વધુ વાહનો ચેક કરી ડ્રિન્ક એન્ડ ડ્રાઈવના ૭૧ કેસ કરવામાં આવ્યા છે અને ૨૨૮ વાહનો ડીટેઇન કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત ૨૩૬૪ પરવાનેદાર હથિયારોમાંથી ૧૮૨૪ હથિયારો કબજે કરવામાં આવ્યા છે. જ્યારે બેન્ક ગાર્ડ તેમજ સ્પોર્ટ્સ એકેડેમી જેવા ૫૦૬ શસ્ત્રોને મુક્તિ આપવામાં આવી છે.

# વડોદરાની ચૂંટણીઓમાં ભય અને ધમકીના કિસ્સાઓની તપાસની કોંગ્રેસ દ્વારા રજૂઆત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૮

વડોદરા જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભય અને ધમકીના માહોલની તપાસ કરવા માટે કોંગ્રેસ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

જિલ્લા કોંગ્રેસના પ્રમુખ અને પાદરાના પ્રભારી સહિતના હોદ્દેદારોએ કહ્યું છે કે, વડોદરા જિલ્લાના આઠ તાલુકાઓમાં ફોર્મ ભરતા રોકવા તેમજ ફોર્મ પાછા ખેંચાવવા માટે ભાજપને ઈશારે પોલીસ અને તંત્રએ કામ કર્યું હોવાના કિસ્સા બનેલા છે.

આ બાબતે તાલુકા કક્ષાના ચૂંટણી અધિકારીઓ સમક્ષ રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઇ કાર્યવાહી કરવામાં આવી નથી. તા.૧૩મી એપ્રિલથી આ પ્રકારની હેરાનગતિના બનાવો બની રહ્યા છે. જેથી જાણે તંત્ર જ ચૂંટણી લડી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. તો આવા કિસ્સાઓની તાકિદે અને તટસ્થ રીતે તપાસ કરી પગલાં લેવા જોઇએ.

# ડીસા વોર્ડ ૯માં અખ્ખર ચોક પર ભૂગર્ભ ગટર ઊભરાતા ગંદા પાણીના સરોવરો ભરાયા



(તસવીર : જમીલ મેમણ, ડીસા)

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૧૮

ડીસા નગરપાલિકા દ્વારા વોર્ડ ૯માં વિકાસ કર્યો ન કરતા ઠેર ઠેર ભૂગર્ભ ગટરો ઉભરાતા લોકોને રસ્તે ચાલવા ભારે હેરાનગતિ વેઠવી પડે છે.મળતી માહિતી મુજબ ડીસા મદ્રસાએ ગોસિયા નજીક આવેલ ભૂગર્ભ ગટર અઠવાડિયામાં પાંચ દિવસ ઉભરાઈ જતાં અખ્ખર ચોક સુધી ગંદા પાણીના સરોવરો ભરાઈ જતાં લોકોને ગંદા પાણીમાં થઈને પસાર થવું પડે છે આ અંગે સામજિક કાર્યકર ઈસ્માઈલભાઈ શેખે જણાવ્યું કે નગરપાલિકા દ્વારા ઘર વેરા સફાઈ વેરા વસૂલ કરવામાં આવે છે ત્યારે સુવિધા આપવામાં કેમ પાછી પાની કરે છે ? આ અંગે જાગૃત નાગરિક કયુમ ભાઈ શેખે જણાવ્યું કે આ અંગે નગરપાલિકામાં અનેકવાર રજૂઆત કરેલ પરંતુ લઘુમતી વિસ્તાર હોવાથી નગરપાલિકા દ્વારા ઓરમાયું વર્તન દાખવવામાં આવી રહ્યુ છે અત્યારે સ્થાનિક સ્વરાજ્ય ચટણી આવી રહી છે ત્યારે કેટલાય મતદારો વિકાસના કર્યો ન થતાં રોષે ભરાયેલા જોવા મળી રહ્યા છે ત્યારે જાગૃત ધારાસભ્ય પ્રવીણભાઈ માંળી ગવાડી વિસ્તારની મુલાકાત લઈ સફાઈ કરાવી લોકોને રોગના ભરડા માંથી બચાવે તેવી જનમાંગ છે.

# ઓરસંગ નદીમાં પાણી પીવા ઊતરેલા યુવકને મગરે ખેંચી જતાં કરૂણ મોત

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૮

વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકામાંથી હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ડભોઈની ઓરસંગ નદીમાં ગરમીથી રાહત મેળવવા અને પાણી પીવા ઉતરેલા એક યુવકને મગરે અચાનક ખેંચી જતાં તેનું કરૂણ મોત નિપજ્યું છે. આ ઘટનાને પગલે ભિલોડિયા ગામ સહિત સમગ્ર પંથકમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

મળતી માહિતી મુજબ, ભિલોડિયા ગામના રહેવાસી મનોજ રામાભાઈ તડવી નામનો યુવક ગત રોજ મોડી સાંજે ઓરસંગ નદી કિનારે ગયા હતા. આકરા તાપ અને ગરમીને કારણે મનોજ નદીના કાંઠે પાણી પીવા માટે ઉતર્યો હતો. આ સમયે જ નદીમાં રહેલા એક વિશાળકાય મગરે અચાનક હુમલો કરી મનોજને પાણીના ઊંડાણમાં ખેંચી જતાં તેને બહાર આવવાની તક પણ મળી ન હતી.યુવકને મગર પાણીમાં ખેંચી ગયો હોવાની જાણ થતાં જ આસપાસના લોકોમાં દોડધામ મચી ગઈ હતી. તાત્કાલિક સ્થાનિક તરવૈયાઓ અને એન.જી.ઓના સભ્યોને જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતા સમજી ડભોઈના આર.એફ.ઓ સહિત વન વિભાગની ટીમ અને સ્થાનિક પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. વન વિભાગ અને સ્થાનિક તરવૈયાઓએ ભારે જહેમત ઉઠાવીને નદીમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું, જે બાદ મનોજનો મૃતદેહ બહાર કાઢવામાં સફળતા મળી હતી. ઘટનાસ્થળેથી મૃતદેહને કબજે કરી ડભોઈની રેફરલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં ફરજ પરના તબીબો દ્વારા જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી મૃતદેહ પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો. યુવકના આકસ્મિક મોતને લઈને પરિવારજનો આક્રંદ કરી રહ્યા છે અને ગામમાં ભારે ગમગીની છવાયેલી છે.ઓરસંગ નદીમાં અવારનવાર મગર દેખાવાની ઘટનાઓ બનતી હોય છે. તંત્ર દ્વારા નદી કિનારે રહેતા લોકોને તેમજ નદીમાં જતા લોકોને સાવધ રહેવા અને પાણીના સ્ત્રોત પાસે જતી વખતે પૂરતી તકેદારી રાખવા અપીલ કરવામાં આવી છે. આ દુઃખદ અકસ્માતે ફરી એકવાર નદી કિનારે વસતા લોકોની સુરક્ષાનો પ્રશ્ન ગંભીર બનાવી દીધો છે.

## કલોલ પાલિકાની ચૂંટણી નજીક આવતાં પ્રચારકાર્ય પૂરજોશમાં

(સંવાદદાતા દ્વારા) કલોલ, તા.૧૮

કલોલમાં યોજાનાર ચૂંટણીને લઈને ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો સવારે અને સાંજે જોરશોરથી ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. બપોરે આકરી ગરમી હોવાથી પ્રચાર શાંત પડી જાય છે. કલોલમાં આવેલ વોર્ડ નં.૬ને વોર્ડ નં.૨માં સમાવેશ કરી દેવામાં આવ્યો છે. તેમજ ચૂંટણી પહેલા જ વોર્ડ નં.૬, ૭, ૧૦, ૫ વગેરે વોર્ડોમાં ભાજપના એક-એક ઉમેદવારો બિનહરીફ ચૂંટાઇ આવ્યા છે. તેને પગલે કોંગ્રેસના ઉમેદવારોએ પણ પ્રચારમાં એડીચોટીનું જોર લગાવી દીધું છે. પાલિકાના વોર્ડોમાં હાલ ચૂંટણીનો ધમધમાટ જોવા મળે છે.


**નામ બદલેલ છે**

**શેખ અનોવર અલી** બદલીને **શેખ અનવરહુસેન મોહમદફારૂખ** રાખેલ છે

સરનામું : તાહેરપુરા, હીરાપના સોસાયટી, સિદ્ધપુર, પાટણ, ગુજરાત-૩૮૪૧૫૧


# વડોદરામાં કોંગ્રેસ ઉમેદવાર આશિષ જોશીના પુત્ર પર ભાજપના કાર્યકર્તાઓ દ્વારા હુમલો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૮

વડોદરા શહેરના વોર્ડ નંબર ૧૫માં ચૂંટણી પ્રચાર દરમિયાન રાજકીય તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે. કોંગ્રેસના ઉમેદવાર આશિષ જોષીએ ભાજપ યુવા મોરચાના કાર્યકરો સામે ફરિયાદ નોંધાવી છે કે, પ્રચાર દરમ્યાન તેમના પરિવાર સાથે અશોભનીય વર્તન કરવામાં આવ્યું અને તેમના પુત્ર પર હુમલો કરવામાં આવ્યો છે.

આશિષ જોષીના જણાવ્યા મુજબ, ઉકાજી વાડીયા વિસ્તારમાં તેઓ પોતાની પત્ની, બહેન અને પુત્ર યશ સાથે પ્રચાર કરી રહ્યા હતા ત્યારે ભાજપના ઉમેદવારો અને કાર્યકરો ત્યાં આવી પહોંચ્યા હતા. આ દરમિયાન બોલાચાલી વધી જતાં ભાજપના કાર્યકરોએ હુમલો કર્યો હતો, જેમાં તેમના પુત્ર યશને હાથના ભાગે ઈજા પહોંચી છે. સમગ્ર મામલો હવે પાણીગેટ પોલીસ મથકે પહોંચ્યો છે.

આશિષ જોષીએ વધુમાં આક્ષેપ કર્યો કે, ભાજપના ઉમેદવારોને વોર્ડમાં પ્રતિસાદ ન મળતા હારના ભયથી તેઓ ગુંડાગીરી પર ઉતરી આવ્યા છે. લોકશાહીમાં ચૂંટણી પ્રક્રિયા ન્યાયિક રીતે થવી જોઈએ. સંસ્કારી નગરી વડોદરામાં આવા બનાવો દુર્ભાગ્યપૂર્ણ છે, તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે આ ઘટનાની કડક નિંદા કરી અને જિલ્લા કલેક્ટર તેમજ ચૂંટણી આયોગને રજૂઆત કરવાની પણ વાત કરી છે. સાથે જ હુમલાખોરો સામે કડક કાર્યવાહી કરીને પાસા હેઠળ ધરપકડ કરી શહેર બહાર ખસેડવાની માંગ પણ ઉઠાવી છે.


**જાહેર નોટીસ**

આથી અમો એડવોકેટ અને નોટરી **એસ.આર.રાજપૂત** તે મારા અસીલ નીચે જણાવેલ ધારણકર્તા નામોએ હાલની જાહેર નોટીસ આપવાની સૂચના મળતા આપી જણાવીએ છે કે, ડીસ્ટ્રીક્ટ-ભરૂચ, સબ ડીસ્ટ્રીક્ટ-ભરૂચ મોજે ગામ-વેજલપુરની સીમમાં આવેલ રેવન્યુ સર્વે નંબર-૧૦૭/બ અને [illegible] પૈકી પૈકી ૧ ની બીનખેતીની જમીન કે જેનો સીટી સર્વે વોર્ડ નંબર-૫ સીટી સર્વે નંબર ૧૨૭૩ માં આવેલ **શ્રી ગોકુલ નગર કો.ઓ.હા.સો.લી (જેનો રજીસ્ટ્રેશન નંબર ઘ/૩૯૩૬ તારીખ ૧૬-૦૬-૧૯૮૧)** થી આવેલ છે જેના પર આવેલ રહેણાંકના હેતુના મકાનો આવેલ છે જેને લગત વિગત નીચે મુજબ છે.

| ક્રમ | ધારણકર્તાનું નામ | ફ્લેટને લગત વિગત |
|---|---|---|
| ૧ | ગોહિલ સુશીલાબેન રણજીતભાઈ | બ્લોક નંબર કે/૧૫ જેનુ ક્ષેત્રફળ ૬૪.૫૨ ચો.મી.(૬૯૪.૨૪ ચો.ફુટ)વાળી બાંધકામ સહીતની જમીન ઇમલા વાળી મિલ્કત |
| ૨ | વનારામ અમલારામ પ્રજાપતી | બ્લોક નંબર એચ/૧૮ જેનુ ક્ષેત્રફળ ૬૪.૫૨ ચો.મી.(૬૯૪.૨૪ ચો.ફુટ)વાળી બાંધકામ સહીતની જમીન ઇમલા વાળી મિલ્કત |
| ૩ | કેશીદેવી વનારામ પ્રજાપતી | બ્લોક નંબર એચ/૧૯ જેનુ ક્ષેત્રફળ ૬૪.૫૨ ચો.મી.(૬૯૪.૨૪ ચો.ફુટ)વાળી બાંધકામ સહીતની જમીન ઇમલા વાળી મિલ્કત |
| ૪ | મિસ્ત્રી હરેશભાઈ [illegible] | બ્લોક નંબર એચ/૨ જેનુ ક્ષેત્રફળ ૬૪.૫૨ ચો.મી.(૬૯૪.૨૪ ચો.ફુટ)વાળી બાંધકામ સહીતની જમીન ઇમલા વાળી મિલ્કત |

ઉપરોક્ત જણાવેલ ધારણકર્તા સોસાયટીના સભાસદ હોઈ સોસાયટીના શેર સર્ટીફીકેટ,એલોટમેન્ટ લેટર, કબ્જા રસીદ મેળવવા માટે ફડચા અધિકારી પાસે અરજી કરેલ છે જેથી ઉપરોક્ત જણાવેલ મિલ્કત સંબંધી કોઈપણ ઇસમને તર-તકરાર હોય કે વાંધો હોય કે કોઈપણ જાતનું હીત સમાયેલુ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમો એડવોકેટને અથવા તો ફડચા અધિકારી શ્રી ગોકુલ નગર કો. ઓ.હા.સો.લી. સમક્ષ રજુ કરવા.જો કોઈ વાંધા રજુ નહી થાય તો આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ભરૂચ,તા.૧૮-૦૪-૨૦૨૬
રહે.વેજલપુર,બંબાખાના રોડ,ચામુંડા ટ્રેડર્સ,ભરૂચ.
સહી/- **એસ.આર.રાજપૂત** (એડવોકેટ એન્ડ નોટરી)મો.૯૪૨૬૮૦૭૪૧૫

### પોતાના પ્રેમી અને અન્ય ચાર મિત્રો સાથે ઘડ્યું કાવતરૂં

# દીકરીએ પ્રેમ સંબંધમાં આડખીલી રૂપ સગી માતાને જ મોતને ઘાટ ઉતારી દીધી

## હત્યા છૂપાવવા મૃતદેહ તળાવમાં ફેંક્યો : દીકરી સહિત છની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

મહીસાગર જિલ્લાના કોઠંબા પોલીસ સ્ટેશનની ટીમે એક અત્યંત જટિલ અને ચકચારી હત્યાકાંડનો ગણતરીના કલાકોમાં પર્દાફાશ કરી મોટી સફળતા મેળવી છે. કમાલપુરના નાકા તળાવમાંથી મળી આવેલી મહિલાની લાશના ગુનામાં ચોંકાવનારો વળાંક આવ્યો છે. જેમાં સગી દીકરીએ જ પ્રેમી સાથે મળી માતાની હત્યા કરાવી હોવાનું બહાર આવ્યું છે. મૃતકની દીકરીએ પ્રેમ સંબંધમાં આડખીલી બનતી માતાની પ્રેમી અને અન્ય ચાર મિત્રો સાથે મળી હત્યા નીપજાવી છે. સમગ્ર મામલે પોલીસે દીકરી સહિત ૬ની ધરપકડ કરી જેલ હવાલે કર્યા છે.

આ ગુનાની પ્રાપ્ત વિગતો અનુસાર, મૃતક પિન્કીબેન બારીયાએ પોતાની દીકરીનું લગ્ન અન્ય જગ્યાએ નક્કી કર્યું હતું. જો કે, દીકરીને કમલેશ નામના યુવક સાથે પ્રેમ સંબંધ હોવાથી આ લગ્ન તેને મંજૂર નહોતા. કમલેશે અગાઉ આ લગ્નમાં વિઘ્ન ઊભું કરી લગ્ન તોડાવ્યા હતા. લગ્ન બાબતે ચાલી રહેલી તકરારમાં દીકરીએ પોતાની માતાને રસ્તાનો કાંટો સમજી તેને હટાવવા માટે પોતાના પ્રેમી કમલેશને ઉશ્કેરણી કરી હતી. હત્યાને અંજામ આપવા માટે દીકરી, તેનો પ્રેમી કમલેશ, અન્ય મિત્રો અને ખુદ મૃતક મહિલાના પ્રેમી જયેશે ભેગા મળી ગુનાહિત કાવતરૂં રચ્યું હતું.

પોલીસની પ્રાથમિક માહિતી મુજબ, પંચમહાલના શહેરા તાલુકાના નવા ખાંધવા ગામના પિન્કીબેન વિક્રમભાઈ બારીયા વિધવા હતા. પિન્કીબેને તેમની દીકરીના લગ્ન ધારાપુર ખાતે નક્કી કર્યા હતા, પરંતુ દીકરીને ગામના જ કમલેશ સાથે પ્રેમ સંબંધ હોવાથી તેણે લગ્ન કરવાની ના પાડી દીધી હતી. જો કે, પિન્કીબેને દીકરીને નક્કી કરેલા જગ્યાએ જ લગ્ન કરવા દબાણ કરતા અંતે દીકરીએ પ્રેમી કમલેશને માતાને રસ્તામાંથી હટાવી દેવા કહ્યું હતું. આ પછી કમલેશે તેના સાથી મિત્રો તથા મૃતક મહિલાના પ્રેમી જયેશભાઈ સાથે મળીને હત્યાનું કાવતરૂં ઘડવામાં આવ્યું હતું. જેમાં ઘટનાની રાત્રે જયેશે પિન્કીબેનને બાજરીના ખેતરમાં બોલાવ્યા બાદ અગાઉથી નક્કી કર્યા મુજબ ખેતરમાં હાજર સાથી મિત્રોમાંથી એક મિત્રની બુટની દોરી કાઢી ગળે મહિલાને ટૂંપો આપી હત્યા કરી દેવામાં આવી હતી. હત્યા બાદ પુરાવાનો નાશ કરવા માટે મોટર સાયકલ મારફતે મૃતદેહને મહીસાગરના કોઠંબા તાલુકાના કમાલપુર ખાતે આવેલા નાકા તળાવમાં ફેંકી દેવામાં આવ્યો હતો. જો કે, તળાવમાંથી લાશ મળતાં ધામણીયાના ઉપસરપંચે કોઠંબા પોલીસને જાણ કરી હતી. સમગ્ર મામલે કોઠંબા પોલીસ હરકતમાં આવી હતી. જેમં પોલીસે ટેકનિકલ સોર્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી કડીઓ જોડી હતી. સઘન તપાસના અંતે પોલીસે મૃતકની દીકરી અને તેના પ્રેમી સહિતના તમામ આરોપીઓને ગણતરીના કલાકોમાં દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

### સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ ટાણે રાજ્ય-દેશનું ભવિષ્ય નક્કી કરવા મુસ્લિમ સમાજને પૂર્વ MLA ગ્યાસુદ્દીન શેખની અપીલ

# BJP અને RSSની વિચારધારા સામે અડીખમ લડતા એક માત્ર કોંગ્રેસનું સમર્થન કરી હિન્દુભાઈઓ સાથે રહી વિકાસ કરી શકાશે

## દેશનો ૧૫ ટકા મુસ્લિમ સમાજ માત્ર મુસ્લિમ નેતૃત્વ દ્વારા ધર્મના આધારે ચાલતા પક્ષો થકી ક્યારેય વિકાસ નહીં કરી શકે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૮

૨૦૧૪ થી કેન્દ્રમાં જયારથી ભાજપ શાસન આવ્યુ છે ત્યારથી મુસ્લિમ સમાજ પર સતત અત્યાચારનો કોરડો વીંઝાઈ રહયો છે. બુલડોઝર, વકફ, યુસીસી, મોબલીચીગ, ભડકાઉ ભાષણ સહિતની અગણિત યાતનાઓનો સામનો મુસ્લિમ સમાજ કરી રહ્યો છે. તેવા સમયે મુસ્લિમ સમાજની ફરજ છે કે ૭૦ વરસ સુધી કોગ્રેસ પર વિશ્વાસ કર્યો છે તો ફરી એકવાર ભાજપના અત્યાચારોની સામે લડતા કોગ્રેસ પક્ષની જાણે અજાણે થયેલ ભૂલોને માફી આપવી જોઈએ કારણકે જે કામ કરે છે તેનાથી જ ભૂલો પણ થતી હોય છે પરિણામે મુસ્લિમ સમાજે અસામાજિક તત્વો, બુટલેગરો, પોલીસના બાતમીદારો અને ગેરકાનૂની કામ કરતા લોકોની પરવા કર્યા વિના આપણા અને આપણા બાળકોના સુરક્ષિત ભવિષ્ય માટે કોગ્રેસ પક્ષનું ખુલ્લું સમર્થન કરવું જોઈએ. ભૂલોના કારણે આજે કોગ્રેસ સત્તાની બહાર છે. પરંતુ કોગ્રેસ પાર્ટીએ ક્યારેય મુસ્લિમ સમાજના ધાર્મિક માન્યતા અને શરિયત કાનૂનમાં દખલ કરી નથી. કોગ્રેસના કેટલાક ભ્રષ્ટ અને સત્તાલાલચુ લોકો ભાજપના ખોળામાં જઈ બેઠા છે અને ગણ્યાગાંઠયા નેતાઓએ સોફટ હિન્દુત્વની રાજનીતી કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો છે. પરંતુ જયાં સુધી સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સહિત કોગ્રેસ પરિવાર દેશનું નેતૃત્વ કરશે ત્યાં સુધી કોગ્રેસ પક્ષાની બિનસાંપ્રદાયિકતા નિતીને ઊની આંચ પણ આવે તેમ નથી. દેશની બિનસાંપ્રદાયિકતાની રક્ષા માટે રાહુલ ગાંધી કન્યાકુમારીથી કાશમીર સુધી ૪૦૦૦ કિ.મી.ની નફરત છોડો... ભારત જોડો... યાત્રા કાઢી સંવિધાનનું રક્ષણ અને નાગરિકોના બંધારણીય અધિકારો માટે આરએસએસ અને ભાજપની ફાસીવાદી નિતીઓને મક્કમ રીતે પડકારી રહ્યા છે તેવા સમયે રાહુલ ગાંધીના હાથ મજબૂત કરવા મુસ્લિમ સમાજની ફરજ છે. ભાજપા ગુજરાતના રસ્તે કેન્દ્રમાં સરકાર સુધી પહોંચી છે માટે ભાજપ અને ફાસીવાદી પરિબળોને નિષ્ફળ બનાવવાની શરુઆત પણ ગુજરાતમાંથી જ કરવી પડશે. રાહુલ ગાંધીએ ૨૦૨૪માં લોકસભામાં ડંકાની ચોટ પર જાહેરાત કરી છે કે 'લિખ કે લે લો-૨૦૨૭ મેં હમ ગુજરાત જીત કે દિખાયેંગે' ત્યારબાદ રાહુલ ગાંધીએ ગુજરાતમાં ૨૦૨૭ની ચૂંટણી જીતવા સંદર્ભે સંગઠન સૃજન અભિયાન હેઠળ પ્રદેશ કોગ્રેસના સંગઠનાત્મક માળખાની રચના કરી. સ્થાનિક સ્વરાજની ચૂટણીનાં પરિણામો આગામી ૨૦૨૭ની વિધાનસભાનું ભવિષ્ય નક્કી કરવાના છે ત્યારે મોટાભાઈ સમાન સેક્યુલર વિચારધારા ધરાવતા હિન્દુ ભાઈઓ સાથે ખભેથી ખભા મિલાવી કોગ્રેસ પક્ષ માટે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં એકતરફી ભારે મતદાન કરી કોગ્રેસને ૨૦૨૭ની ચૂંટણીઓમાં સમર્થન કરવાની મુસ્લિમ સમાજની ફરજ છે. આપ સૌને વિનંતી છે કે ભાજપાની બી ટીમ તરીકે કામ કરતા આમ આદમી પાર્ટી, એઆઈએમઆઈએમ સહિત અપક્ષોનો બહિષ્કાર કરી કોમી એકતા અને સદભાવનાને પ્રબળ બનાવવા તથા આપણા બાળકોના ઉજજવળ ભવિષ્ય તથા સંવૈધાનિક અધિકારોના રક્ષણ માટે જીતની પ્રબળ શક્યતા ધરાવતા કોગ્રેસ પક્ષની પેનલો માટે એકતરફી ભારે મતદાન કરી પુનઃ કોગ્રેસ પક્ષને મજબૂત બનાવવો વર્તમાન સમયની જરૂરિયાત છે. એમ કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે જણાવ્યું છે.

### ઢોસાના ખીરાથી બે બાળકોનાં મોતનો ચર્ચાસ્પદ મામલો

# એફએસએલનો રિપોર્ટ તો આવ્યો પરંતુ તેમાં કંઈ ન મળતા પોલીસ કન્ફયુઝ : રિપોર્ટ ડોક્ટરને મોકલાશે

## છેલ્લા ૧૫ દિવસથી હાઈટેક પોલીસ મોતનું રહસ્ય ઉકેલી શકી નથી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

અમદાવાદના ચાંદખેડામાં ખીરૂં ખાવાથી બે બાળકીના શંકાસ્પદ મોત મામલે FSLનો રિપોર્ટ આવ્યો છે. જેમાં FSL રિપોર્ટમાં કોઈ શંકાસ્પદ પદાર્થ મળી આવ્યો નથી. FSLનો રિપોર્ટ આવતા પોલીસ માટે તપાસ વધુ અઘરી થઈ છે અને વધુ કોકડું ગુચવાયું છે. જો કે, હવે પોલીસ મોતનું કારણ જાણવા તપાસ કરશે. 'હાઈટેક' અમદાવાદ પોલીસ ૧૫ દિવસથી ફીફા ખાંડી રહી છે.

એસીપી ડી. વી રાણાએ જણાવ્યું હતું કે, બંને બાળકીઓના મૃતદેહનું પેનલ પીએમ કરવામાં આવ્યું હતું. પીએમ દરમિયાન કેટલાક નમૂના FSLમાં મોકલવામાં આવ્યા હતાં. જેનો FSL રિપોર્ટ આવી ચૂક્યો છે. મોતનું કારણ પીએમ કરનાર ડોક્ટર પાસેથી જાણી શકાશે.

ACP રાણાએ કહ્યું કે, માતા પિતાના સેમ્પલ પણ રિપોર્ટ માટે મોકલવામાં આવ્યા હતા. હાલ રિપોર્ટ આવ્યા બાદ કોઈનો હજુ સુધી અભિપ્રાય લેવામાં આવ્યો નથી. કે.ડી. હોસ્પિટલમાં બાળકીઓના માતા-પિતાનું બ્લડ રિપોર્ટ કરાવામા આવ્યા હતાં. જેમા થોડા સિમન્ટમસની હાજરી જોવા મળી હતી. આ રિપોર્ટમાં શું આવ્યું છે તે ડોક્ટર જણાવશે. આ કેસમાં પીએમ રિપોર્ટ, બ્લડ રિપોર્ટ, માતા પિતાના બ્લડ સેમ્પલ લેવામાં આવ્યા છે. મોતના કારણ બાદ જ લાઈ ડિટેક્ટર ટેસ્ટ જો જરૂર પડશે તો કરવામાં આવશે.

૩ એપ્રિલે ઘટના બહાર આવ્યાના ૧૫ દિવસ બાદ પણ આજે ૧૮ એપ્રિલ સુધી અમદાવાદ પોલીસ બે માસૂમ બાળકીના શંકાસ્પદ મોતનું રહસ્ય શોધી શકી નથી. આખા દેશમાં 'હાઈટેક' ગણાતી અમદાવાદ પોલીસે શું આ રહસ્યમય કેસમાં હાથ હેઠા મૂકી દીધા છે ? સ્થળ તપાસ અને પૂછપરછમાં પણ કંઈ ન ઉકાળી શકેલી પોલીસ 'FSL રિપોર્ટ આવશે ત્યારે સત્ય બહાર આવશે' એવા બહાના કાઢતી રહી અને હાથ પર હાથ ઘરીને બેઠી રહી.

હવે ૧૫ દિવસ પછી FSL રિપોર્ટ પણ આવી ગયો છે. જેમાં બંને બાળકીની બોડીમાંથી કોઈ શંકાસ્પદ પદાર્થ ન હોવાનું સામે આવ્યું છે. ત્યારે હવે પોલીસ ઉંઘતી ઝડપાઈ છે. પોલીસે આ મામલે હાલ મૌન સેવી લીધું છે. લોકો શંકા સેવી રહ્યા છે કે શું આ કેસનું રહસ્ય ક્યારેય બહાર નહીં આવે ?

અત્રે ઉલ્લેખનીય છે કે, ચાંદખેડામાં મારૂતિ પ્લાઝા સોસાયટીમાં રહેતા વિમલ પ્રજાપતિ ધનશ્યામ ડેરીમાંથી ખીરૂં લાવ્યા હતા. તેમાંથી ઢોસા બનાવી ખાધા બાદ પરિવારની તબિયત લથડી હતી. જેમાં ૩ મહિનાની રાહા અને ૪ વર્ષની મિસ્ટી નામની બાળકીના મોત નિપજ્યાં હતા. ઘટના બાદ ચાંદખેડા પોલીસે અકસ્માતે મોતનો ગુના દાખલ કરીને તપાસ શરૂ કરી છે અને ખીરાની ક્વોલિટી જાણવા ઘનશ્યામ ડેરી પર FSLની ટીમે સેમ્પલ લીધા હતા. ગત ૭ એપ્રિલના રોજ FSLની હાજરીમાં ત્રણ માસની બાળકી રાહાનો ચાર દિવસે મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. પરિવારે ૪ એપ્રિલે બાળકીના મોત બાદ મૃતદેહની અંતિમવિધિ કરી હતી.

### સુરતમાં ભાજપના પ્રચાર માટે નીકળેલ અલ્પેશ કથીરિયા સામે લોકોએ રોષ ઠાલવ્યો

# પાટીદાર નેતા સામે લોકોનો આક્રોશ : અમે પાટીદારોએ દંડા ખાધા, તમે હવે ભાગો છો કેમ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

સુરત શહેરમાં ચૂંટણીનો માહોલ જામ્યો છે, પરંતુ આ વખતે ભાજપના નેતાઓ માટે પ્રચાર કરવો લોઢાના ચણા ચાવવા જેવો સાબિત થઈ રહ્યો છે. શહેરના વોર્ડ-૩ (વરાછા)માં ભાજપે અલ્પેશ કથીરિયાની પત્ની કાવ્યા પટેલની ટિકિટ આપી છે. આજે (૧૮ એપ્રિલ) અલ્પેશ કથીરિયા પોતાની ટીમ સાથે ગ્રીન ઝોન સોસાયટીમાં પ્રચાર અર્થે જતા જનતાના રોષનો સામનો કરવો પડ્યો હતો. સ્થાનિક પાટીદાર મતદારોએ નેતાઓને રોકડું પરખાવતા કહ્યું હતું કે, 'અમે આંદોલન વખતે પાટીદારોએ દંડા ખાધા છે, તો અત્યારે સવાલ પૂછીએ છીએ તો તમે ભાગી કેમ જાઓ છો ?'

અલ્પેશ કથીરિયા જ્યારે સોસાયટીમાં પ્રવેશ્યા ત્યારે તેમને અપેક્ષા હશે કે ફૂલહારથી સ્વાગત થશે, પરંતુ અહીં ચિત્ર ઉલટું હતું. પાટીદાર યુવાનોએ અલ્પેશને જૂની યાદો યાદ કરાવતા કહ્યું કે, જે આંદોલન માટે સમાજે લાઠીઓ ખાધી અને કેસો વેઠ્યા, તે શક્તિનો ઉપયોગ હવે સત્તામાં ગયા પછી કેમ નથી થતો ?

જયારે ભીડ વધી અને સવાલોનો મારો શરૂ થયો, ત્યારે અલ્પેશ કથીરિયાએ શાંતિ જાળવવાનો પ્રયાસ કરતા કહ્યું, "અમે ક્યાં ભાગીએ છીએ ? જવાબ તો આપીએ જ છીએ." જોકે, જનતાનો આક્રોશ અલ્પેશના આશ્વાસનથી શાંત થાય તેમ નહોતો. યુવકોએ સીધો રસ્તાનો મુદ્દો પકડ્યો અને પૂછ્યું કે, જો ભાજપની સત્તા છે તો કામ કેમ અટકેલા છે ? અલ્પેશે 'કોર્પોરેટર બન્યા પછી કામ થશે' તેવી વાત કરી, પણ જનતાએ તેમને વર્તમાન સત્તાના જવાબદાર ગણીને ભીંસમાં લીધા હતા. ચર્ચા દરમિયાન જયારે મામલો ગરમાયો ત્યારે અલ્પેશ કથીરિયા અને તેમની ટીમે લોકોને વીડિયો ઉતારવાની મનાઈ કરી હતી. કહ્યું, "અમે કોઈના દુશ્મન નથી, વીડિયો બંધ કરો."

ભાજપના ઉમેદવારોના સ્વાગત માટે સોસાયટીમાં ડીજે વગાડવામાં આવી રહ્યું હતું અને સમર્થકો હારતોરા કરી રહ્યા હતા. આ ભપકા વચ્ચે સોસાયટીની ગૃહિણીઓ બહાર આવી હતી અને ડીજે બંધ કરાવી દીધું હતું. મહિલાઓનો આક્રોશ હતો કે, જયારે વિસ્તારમાં રસ્તાના ઠેકાણા નથી, ખાડાઓનું સામ્રાજ્ય છે, ત્યારે આટલો મોટો દેખાડો શા માટે ? જે વ્યક્તિએ થોડીવાર પહેલા ઉમેદવારને ખેસ પહેરાવ્યો હતો, તે જ વ્યક્તિએ સુવિધાના અભાવે નેતાઓનો ઉધડો લેવાનું શરૂ કર્યું હતું.

વાત માત્ર રસ્તાઓ પૂરતી મર્યાદિત ન રહી, પણ સરકારી શિક્ષણ વ્યવસ્થા સુધી પહોંચી હતી. યુવાનોએ નેતાઓને પૂછ્યું કે, સરકારી શાળાઓની હાલત જુઓ, કોઈ મધ્યમ વર્ગનો માણસ પોતાના બાળકને ત્યાં મોકલવા માંગતું નથી. ખાનગી શાળાઓની ફી સિસ્ટમ બેફામ છે, તેમાં તમે શું સુધારો કર્યો ? નેતાઓએ સુરતમાં નવી સ્કૂલો બની હોવાનો દાવો કર્યો હતો, પરંતુ લોકોએ તેને માત્ર કાગળ પરની વાતો ગણાવીને ભ્રષ્ટાચારના આક્ષેપો કર્યા હતા.

ભાજપ જ્યારે તમામ બેઠકો જીતવાનો દાવો કરી રહી છે, ત્યારે યુવાનોએ કટાક્ષ કરતા કહ્યું કે, તમારે સાત કમળ (તમામ બેઠકો) જીતવી હોય તો જનતાના કામ પણ કરવા પડશે. લાઈટ, ગટર અને પાણી જેવી પાયાની જરૂરિયાતો માટે પણ જો જનતાએ વલખાં મારવા પડતા હોય, તો કયા મોઢે મત માંગવા આવો છો ? નેતાઓએ જ્યારે એમ કહ્યું કે, અમે બધું જ કામ કર્યું છે, ત્યારે લોકોએ પુરાવા માંગ્યા હતા અને ભ્રષ્ટાચારના આક્ષેપો કર્યા હતા.

## અમદાવાદના ચિશ્તીયા પરિવારની બે તેજસ્વી દીકરીઓએ ડૉક્ટરની ડિગ્રી મેળવી : અભિનંદનની વર્ષા



નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજ, અમદાવાદમાંથી ડો. આલિયા ફાતેમા મોઈઝુદ્દીન ચિશ્તી અને ડો. આયેશા ફાતેમા સલીમુદ્દીન ચિશ્તી એમબીબીએસની ડિગ્રી મેળવી સમગ્ર ચિશ્તીયા પરિવાર, શાહપુરનું ગૌરવ વધાર્યું છે. તેમની આ સિદ્ધિ બદલ પરિવારજનોએ ખુબ જ ગર્વની અનુભૂતિ વ્યકત કરી છે અને અલ્લાહત્આલા તેમને ભવિષ્યમાં પણ આવી જ કામયાબી અતા કરે તેવી દુઆ કરી રહ્યા છે પરિવાર અને સમગ્ર સમાજનું તથા ગુજરાતનું નામ રોશન કરનાર તેજસ્વી દીકરીઓની પ્રેરક સફળતા પાછળ એમની લગન અને પુરૂષાર્થ ખરાજ પરંતુ એમની મહેનત અને સફળતાનું સાચું કારણ જો કોઈ હોય તો દાદાની પોતાની વહાલસોઈ દીકરીઓ માટેની હરદમની દુઆ છે અને વાલીદની સતત હૂંફ, પ્રોત્સાહન અને પ્રેરણા પણ એટલા જ યશભાગી છે એમની તથા સમાજની આવી અનેક મહેનતકશી દીકરીઓને માટે પ્રેરણા અને પ્રોત્સાહનનું નિમિત બનશે.

## ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર સાથે અગ્રણી મુસ્લિમ પ્રતિનિધિ મંડળની મુલાકાત



ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે શનિવારે દેશના અગ્રણી મુસ્લિમ પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી હતી. નેતાઓ, ઉદ્યોગપતિઓ, શિક્ષણવિદો અને સામાજિક મહાનુભાવોની હાજરીમાં તેમને મળવાનો ખૂબ જ આનંદ થયો. નેતૃત્વ, પ્રગતિ અને રાષ્ટ્રનિર્માણ માટે સમર્પિત આવા શિષ્ટ મેળાવડામાં ભાગ લેવાનો ખૂબ જ લહાવો મળ્યો. એમ સુરતના અગ્રણી ઉદ્યોગપતિ ફારૂક પટેલ (ચેરમેન કેપી ગ્રુપ ઓફ કંપની)એ જણાવ્યું હતું. આ બેઠકમાં તેમની સાથે ઝફર સરેશવાલા, (શિક્ષણવિદ્ અને ઉદ્યોગપતિ), ઈનામુલ ઈરાકી (સીએમડી, જર્મન સ્ટીલ કંપની), ઈબરાર ઈરાકી, હાજી રાયમા (અગ્રણી બિઝનેસ હાઉસ, કચ્છ ગુજરાત), અલ્તાફ સાદીકોટ મહત્ત્વપૂર્ણ કાર્યકારી, દાઉદી બોહરા જમાત, જુનેદ શરીફ (સીએમડી, નિટોન વાલ્વસ લિમિટેડ), સમીના શેખ (સંવાદદાતા, ઝૂમ ટીવી), ભામલા સહેર (સામાજિક ઉદ્યોગસાહસિક), શ્રીમતી નઈમા (વીસી, એએમયુ), કૌસર જહાં (અધ્યક્ષ, હજ સમિતિ), ડો. ઝહીર કાઝી (પ્રમુખ, અંજુમન ઈસ્લામ), ડો. નિશાત હુસૈન (એઆઈએમએસ ગોલ્ડ મેડલિસ્ટ) વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### અંકલેશ્વરમાં પોલીસે ગણતરીના કલાકોમાં ભેદ ખોલી આરોપી પકડી લીધા

# આડા સંબંધમાં ગળું કાપી હત્યા કરવાનું કાવતરૂં; જમાઈ અને સગીર પુત્રે કાસળ કાઢયું

## આરોપીઓએ લાશને સારંગપુરની ઝાડીઓમાં ફેંકી દીધી હતી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૮

અંકલેશ્વરમાં બનેલી હત્યાની ઘટનાએ સમગ્ર પંથકમાં ચકચાર મચાવી દીધી છે. મૂળ ઉત્તરપ્રદેશના પરપ્રાંતીય યુવક મુન્ના લક્ષ્મણ પાલની ગળું કાપીને હત્યા કરાઈ હતી. પોલીસે તપાસ તેજ કરતા ગુનાનો ભેદ ઉકેલાયો છે. પ્રાથમિક તપાસ મુજબ, આ હત્યા પ્રેમ સંબંધોમાં સર્જાયેલી અદાવતના પરિણામે કરવામાં આવી છે. મહિલાના જમાઈ અને સગીર પુત્રે યુવકનું કાસળ કાઢ્યું હતું અને લાશ સારંગપુરની ઝાડીઓમાં ફેંકી દીધી હતી. મૃતક યુવકનો અંકલેશ્વરમાં પાનનો ગલ્લો ચલાવતી એક મહિલા સાથે અનૈતિક સંબંધ હતો. આ પ્રેમ પ્રકરણ અંગે મહિલાના પરિવારજનોને જાણ થતા ઘરમાં લાંબા સમયથી ઘર્ષણ ચાલતું હતું. પરિવારની બદનામીના ડરે મહિલાના જમાઈ અને તેના પુત્રએ યુવકને રસ્તામાંથી હટાવવાનો પ્લાન ઘડ્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે મહિલાના જમાઈ ભોલુ માનિક મંડલ અને તેના સગીર પુત્રએ મળીને આ ગુનાને અંજામ આપ્યો હતો. યુવકનું ગળું કાપીને તેની ક્રૂરતાપૂર્વક હત્યા કરવામાં આવી હતી. પુરાવાનો નાશ કરવાના આશયથી આરોપીઓએ મૃતદેહને સારંગપુર નજીક ફેંકી દીધો હતો. ઘટનાની જાણ થતા જ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. સારંગપુર નજીકથી ગળું કપાયેલી હાલતમાં યુવકનો મૃતદેહ મળી આવતા પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી આરોપીઓ સુધી પહોંચવામાં સફળતા મેળવી હતી. હાલ પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી છે અને આ હત્યામાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે દિશામાં તપાસ શરૂ કરી છે.

### ફિલ્મી ઢબે પીછો કરી બે લક્ઝરી ગાડીઓ ઝડપી

# ડીસાના ટેટાડો બ્રિજ પાસે SMCનો દરોડો ૪૩૨૦ બોટલ વિદેશી દારૂ સાથે ત્રણ ઝડપાયા

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૧૮

ગુજરાત સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે ડીસા રૂરલ પોલીસ સ્ટેશનની હદમાં મોટી કાર્યવાહી કરતા વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. ગત રોજ વહેલી સવારે ટેટોડા બ્રિજ અને ગૌશાળા પાસે પોલીસે ફિલ્મી ઢબે નાકાબંધી કરી બે ગાડીઓમાંથી કુલ રૂા.૧૧.૮૩ લાખની કિંમતનો દારૂ કબજે કર્યો હતો. સમગ્ર કાર્યવાહીમાં ગાડીઓ સહિત કુલ રૂા.૫૭.૪૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. SMCની ટીમ ડીસા રૂરલ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે, રમુણ તરફથી દારૂ ભરેલી એક ગાડી અને તેનું પાયલોટિંગ કરતી અન્ય એક ગાડી ડીસા તરફ આવી રહી છે. જેના આધારે પોલીસે ટેટોડા ગૌશાળા પાસે રોડ બ્લોક કરી વોચ ગોઠવી હતી તે દરમિયાન શંકાસ્પદ ગાડી નંબર GJ-01-HV-6916 અને તેનું પાયલોટિંગ કરી રહેલી ગાડી નંબર GJ-01-KW-4517 ત્યાં આવી પહોંચી હતી. પોલીસે રોડ બ્લોક કરતા ઈનોવા ચાલકે ગાડી પાછી વાળી ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સતર્ક પોલીસે લાકડીઓ વડે ગાડીના કાચ તોડી અંદર સવાર ત્રણ શખ્સોને ઝડપી લીધા હતા. જો કે, અંધારાનો લાભ લઈ મુખ્ય સૂત્રધાર રામ બિશ્નોઈ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. પોલીસે બંને ગાડીઓની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂની કુલ ૪૩૨૦ બોટલો મળી આવી હતી, જેની કિંમત અંદાજે રૂા. ૧૧.૮૩ લાખ થાય છે.

**નામ બદલેલ છે**

મારૂં નામ **મો. ફૈઝાન મો. સલીમ વોહરાથી** બદલીને **ખશાલા મોહંમદફૈઝાન મોહંમદસલીમ** રાખેલ છે.

હાઉસ નંબર-26, સંકલીતનગર, જુહાપુરા, અમદાવાદ.

**નામ બદલેલ છે**

મારૂં નામ **મો. સલીમ સિરાજભાઈ વોરાથી** બદલીને **ખશાલા સલીમભાઈ શિરાજભાઈ** રાખેલ છે.

હાઉસ નંબર- A/26, સંકલીતનગર, જુહાપુરા, અમદાવાદ.

# મમતા બેનરજીએ ચૂંટણી પંચ દ્વારા 'ધીમું મતદાન' અને 'ધીમી ગણતરી' કરવાની યોજનાનો આરોપ લગાવ્યો

## પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ વિધાનસભા ચૂંટણી પહેલા ટીએમસી એજન્ટોનું મનોબળ ઘટાડવા માટે આ યોજના અંગે દાવો કર્યો છે

(એજન્સી) તા.૧૮

મમતા બેનરજીએ શનિવારે ભારતીય ચૂંટણી પંચ પર રાજ્યમાં આગામી બે તબક્કાની વિધાનસભા ચૂંટણી દરમિયાન "ધીમું મતદાન" કરવા અને "ધીમી ગણતરી" કરવાની યોજના બનાવવાનો આરોપ લગાવ્યો અને આરોપ લગાવ્યો કે તે તૃણમૂલ કોંગ્રેસ (TMC) એજન્ટોને હતાશ કરવાની રણનીતિ છે. કોલકાતા નજીક ઉલુબેરિયામાં એક પ્રચાર રેલીને સંબોધતા, બેનરજીએ દાવો કર્યો કે શરૂઆતના વલણો એવી રીતે રજૂ કરવામાં આવશે જે સૂચવે છે કે ટીએમસી અનેક મતવિસ્તારોમાં પાછળ છે. તેમણે આરોપ લગાવ્યો કે આવી યુક્તિઓ મતદારોને ગેરમાર્ગે દોરવા અને મતદાન અને ગણતરી પ્રક્રિયાઓમાં સામેલ પક્ષના કાર્યકરોનું મનોબળ ઘટાડવાના હેતુ માટે છે. તેમણે તેમના સમર્થકોને સતર્ક રહેવા વિનંતી કરતા, તેમના પક્ષની ચૂંટણી સંભાવનાઓમાં વિશ્વાસ વ્યક્ત કર્યો અને કહ્યું કે ટીએમસી ૨૦૨૧ વિધાનસભા ચૂંટણી કરતાં વધુ મજબૂત જનાદેશ મેળવશે. મુખ્યમંત્રીએ તાજેતરમાં આવકવેરા વિભાગ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા કોલકાતા અને તેની આસપાસના અનેક સ્થળોએ કરાયેલા દરોડા અંગે પણ કેન્દ્રની ટીકા કરી હતી, જેમાં ટીએમસીના નેતાઓ અને સહયોગીઓ સાથે જોડાયેલા પરિસરનો પણ સમાવેશ થાય છે. તેમણે આરોપ લગાવ્યો કે કેન્દ્રીય એજન્સીઓ તેમના પક્ષને પસંદગીયુક્ત રીતે નિશાન બનાવી રહી



છે જ્યારે અન્ય રાજકીય જૂથોના નેતાઓને બચાવી રહી છે. બેનરજીએ ચૂંટણી પ્રક્રિયાની અખંડિતતા અંગે ચિંતા વ્યક્ત કરી, ઈલેક્ટ્રોનિક મતદાન મશીનો સાથે છેડછાડ થવાની શક્યતા સૂચવી હતી. તેમણે પાર્ટી એજન્ટોને સલાહ આપી કે તેઓ કોઈપણ ખામીયુક્ત મશીનોને સમારકામ પછી ફરીથી ઉપયોગમાં લેવા દેવાને બદલે બદલવા પર આગ્રહ રાખે. આ ઉપરાંત, તેમણે રાજકીય વિરોધીઓ પર ખાદ્ય પ્રથાઓ સંબંધિત મુદ્દાઓ પર દંભનો આરોપ લગાવ્યો, તેમની નીતિઓ અને કાર્યો વચ્ચે વિરોધાભાસનો આરોપ લગાવ્યો હતો. ચૂંટણી પંચે આ આરોપોનો જવાબ આપ્યો નથી.

# લોકસભામાં બંધારણ સુધારા બિલના પરાજય પછી ભાજપનું 'પતન શરૂ થઈ ગયું છે' : મમતાનો દાવો

## બંગાળના કેટલાક ભાગોમાં સતત રેલીઓને સંબોધતાં ટીએમસી સુપ્રીમોએ કહ્યું કે સંસદમાં શુક્રવારની ઘટનાઓએ બતાવ્યું છે કે ભાજપ હવે બહુમતી ધરાવતો પક્ષ રહ્યો નથી

(એજન્સી) તા.૧૮

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ શનિવારે લોકસભામાં બંધારણ (૧૩૧મો સુધારો) બિલની હારને ભાજપના "ઘટતા પ્રભાવ" સાથે જોડી દીધી અને દાવો કર્યો કે તે ભગવા પક્ષના "પતન"ના સંકેત આપે છે. હાવડાના ઉલુબેરિયા અને દક્ષિણ ૨૪ પરગણાના બરૂઈપુરમાં સતત રેલીઓને સંબોધતા, ટીએમસી સુપ્રીમોએ જણાવ્યું હતું કે સંસદમાં શુક્રવારના કાર્યક્રમોએ બતાવ્યું છે કે ભાજપ હવે બહુમતી ધરાવતો પક્ષ નથી રહ્યો અને ફક્ત બે સાથી પક્ષોના ટેકાથી જ સત્તામાં ટકી રહ્યો છે. ગઈકાલે સાબિત થયું કે તેઓ હવે બહુમતી સરકાર નથી. તે લઘુમતી સરકાર છે. તેઓ કોઈક રીતે બે પક્ષોના ટેકાથી તેને ચલાવી રહ્યા છે.



પ્રસ્તાવિત બંધારણ સુધારા બિલ શુક્રવારે લોકસભામાં પરાજિત થયું હતું. લોકસભામાં બિલના સમર્થનમાં ૨૯૮ સભ્યોએ મતદાન કર્યું હતું, જ્યારે ૨૩૦ સાંસદોએ તેની વિરુદ્ધ મતદાન કર્યું હતું. મતદાન કરનારા ૫૨૮ સભ્યોમાંથી, બિલને બે તૃતીયાંશ બહુમતી માટે ૩૫૨ મતોની જરૂર હતી. બેનરજીએ પ્રશ્ન કર્યો કે મહિલા અનામતને સીમાંકન કવાયત સાથે કેમ જોડવામાં આવ્યું છે. તેને સીમાંકન સાથે કેમ જોડવામાં આવે છે ? શું આ માછલીને લીલા રંગથી છુપાવવાનો પ્રયાસ છે ?" તેમણે દાવો કર્યો કે "કેન્દ્ર તેના વાસ્તવિક ઈરાદાઓને છુપાવવાનો પ્રયાસ કરી રહ્યું હતું. મોદી સાહેબનું પતન ગઈકાલે દિલ્હીમાં શરૂ થયું હતું. લોકસભામાં, તમે હાર્યા છો; હવે તમારે જમીન પર હારવું પડશે. બંગાળ રસ્તો બતાવશે.

મહિલા અનામતની માંગ સાથેના તેમના લાંબા જોડાણને યાદ કરતાં, બેનરજીએ કહ્યું કે તેઓ ૧૯૯૮થી આ હેતુ માટે લડી રહ્યા છે. આ મહિલા બિલ નથી. હું ૧૯૯૮થી મહિલા અનામત માટે લડી રહી છું. તેઓ જૂઠાણા ફેલાવવા માટે મીડિયાનો ઉપયોગ કરી રહ્યા છે. ટીએમસી સુપ્રીમોએ કેન્દ્ર પર મહિલા ક્વોટાને સીમાંકન સાથે જોડવાનો આરોપ લગાવ્યો જેથી તેઓ તેને એક મોટી રાજકીય યોજના તરીકે વર્ણવે છે તે છુપાવી શકે. બેનરજીએ આરોપ લગાવ્યો કે પ્રસ્તાવિત સીમાંકન કવાયતનો હેતુ રાજકીય સીમાઓ ફરીથી દોરવાનો અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોને નબળા બનાવવાનો છે. તે દેશને વિભાજીત કરવાનો, બંગાળને વિભાજીત કરવાનો અને દરેક રાજ્યને વિભાજીત કરવાનો હતો. આ રમત લોકસભા બેઠકોની સંખ્યા વધારવાનો હતો. અમે અમારા ૨૧ સાંસદોને સંસદમાં મોકલ્યા કારણ કે આ મુદ્દો મહત્વપૂર્ણ હતો. અમે બંગાળને વિભાજીત થવા દઈશું નહીં. મુખ્યમંત્રીએ કહ્યું કે ભાજપને મહિલા સશક્તિકરણ પર તેમના પક્ષને ભાષણ આપવાની જરૂર નથી, ટીએમસીએ પહેલાથી જ દેશના મોટાભાગના પક્ષો કરતાં મહિલાઓ માટે વધુ પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરી દીધું છે. તેણીએ કહ્યું કે પાર્ટીના ચૂંટાયેલા લોકસભા સાંસદોમાં મહિલાઓનો હિસ્સો લગભગ ૩૭ ટકા અને તેના રાજ્યસભા સભ્યોમાં ૪૬ ટકા છે. અમે પંચાયતો અને નગરપાલિકાઓમાં મહિલાઓને ૫૦ ટકા અનામત આપી છે. મને બીજી પાર્ટી બતાવો જેણે આ કર્યું હોય.

તેમણે કહ્યું કે, શું તમે જોયું કે નીતિશ કુમારનું શું થયું? ચૂંટણી દરમિયાન તેઓએ તેમનો ઉપયોગ કર્યો અને પછી તેમને બાજુ પર ધકેલી દીધા છે. કુમારે મંગળવારે બિહારના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું, જેનાથી રાજ્યમાં પહેલી વાર ભાજપની આગેવાની હેઠળની સરકાર બની હતી. બેનરજીએ લોકોને ભાજપ દ્વારા રોકડ સહાયનું વચન આપતી પ્રસ્તાવિત યોજના હેઠળ ફોર્મ ભરવા સામે પણ ચેતવણી આપતા કહ્યું કે, હવે, ભાજપના નેતાઓ કહી રહ્યા છે કે તેઓ ૩,૦૦૦ રૂપિયા આપશે. ભૂલથી પણ તે ફોર્મ ભરશો નહીં. તેઓ તમારૂં નામ અને સરનામું લઈ રહ્યા છે. પછી તેઓ તમારા ખાતામાંથી બધા પૈસા ઉપાડી લેશે. તે બધા છેતરપિંડી છે. બેનરજીએ ભાજપ પર વિધાનસભા ચૂંટણી દરમિયાન કેન્દ્રીય એજન્સીઓ અને સુરક્ષા દળોનો "દુરૂપયોગ" કરવાની યોજના બનાવવાનો પણ આરોપ લગાવ્યો. "IAS અને IPS અધિકારીઓનું પોતાનું ગૌરવ છે. અમે કેન્દ્રીય દળોનો ઉપયોગ કરીને બંગાળ કબજે કરવાની દરેક યોજનાને નિષ્ફળ બનાવીશું. ગઈકાલે, દિલ્હીમાં મોદીનું પતન શરૂ થયું. બંગાળમાં ચૂંટણી હાર બીજી હાર હશે.

# સીમાંકન બિલ ઉત્તર વિરુદ્ધ દક્ષિણ જેવી ગહન ચર્ચાનો વિષય બની ગયું છે ૫૦ ટકા બેઠકો વધારવાની ફોર્મ્યુલા દક્ષિણના રાજ્યો સાથે 'અન્યાય' છે?

## શું સીમાંકન બિલ ૨૦૨૬ ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર દ્વારા દક્ષિણ ભારતીય રાજ્યો પર પ્રભુત્વ મેળવવા માટે અપનાવેલી પદ્ધતિ છે, જ્યાં તેનો કોઈ રાજકીય આધાર નથી? શું તે ઉત્તર વિરુદ્ધ દક્ષિણ વિભાજનને વધુ ગહન કરશે અને હિન્દી હાર્ટલેન્ડને દક્ષિણ દ્વારા સંચાલિત દ્રવિડ રાજકારણ પર વીટો પાવર જેવી સત્તા આપશે ?

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

તમિલનાડુના મુખ્યમંત્રી અને DMK નેતા એમ.કે. સ્ટાલિને સીમાંકન બિલની એક નકલ બાળી હતી અને તેમની સાવકી બહેન અને સાંસદ કનિમોઝીએ તેને "સંઘીય માળખા પર સૌથી મોટો હુમલો" ગણાવ્યો છે. કેટલાક અન્ય વિપક્ષી નેતાઓએ મહિલા અનામત બિલને "અયોગ્ય" અને દક્ષિણ ભારતીય રાજ્યોને છેતરવા માટે "ટ્રોજન હોર્સ" ગણાવ્યું છે. આ હોબાળા વચ્ચે, સૌથી મહત્વપૂર્ણ પ્રશ્ન એ પૂછવામાં આવી રહ્યો છે કે શું દક્ષિણ ભારતના રાજ્યોને વસ્તી નિયંત્રણના લક્ષ્યને પ્રાપ્ત કરવા બદલ સજા આપવી જોઈએ? શું તમારા રાજ્યની વસ્તી વધારવા અને રાષ્ટ્રીય રાજકારણ પર કબજો મેળવવાની યોગ્ય રણનીતિ એવી રીતે છે કે ઓછી વસ્તીવાળા રાજ્યો, ઓછા લોકો સાથે, વસ્તી નિયંત્રણમાં પ્રશંસનીય કાર્ય કરવાને કારણે સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થામાં તેમનો મત ગુમાવી દેશે?

**સીમાંકન બિલ ૨૦૨૬ : લોકસભા બેઠકોમાં વધારો**

ભારતીય બંધારણ મુજબ, લોકસભામાં મહત્તમ ૫૫૦ સભ્યો હશે, જેમાં રાજ્યોમાંથી ૫૩૦ સભ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ૨૦ સભ્યો હશે. જોકે, કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરાયેલ બંધારણ સુધારો બિલ, સભ્યોની મહત્તમ સંખ્યા ૮૫૦ સુધી વધારીને, રાજ્યોમાંથી ૮૧૫ સભ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ૩૫ સભ્યો સુધી કરશે. દક્ષિણ ભારતના ચાર રાજ્યો દ્વારા બિલના વિરોધ પાછળનું મૂળભૂત કારણ તેમને એવી આશંકા છે કે તેઓ પોતાનું મહત્વ ગુમાવશે કારણ કે ઉત્તર ભારતના વધુ વસ્તીવાળા રાજ્યો સંસદમાં પ્રભુત્વ મેળવશે.

દક્ષિણના રાજ્યો તમિલનાડુ, કેરળ, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને કર્ણાટકે રાષ્ટ્રીય વસ્તી નિયંત્રણ લક્ષ્યોને સફળતાપૂર્વક પ્રાપ્ત કર્યા છે, જ્યારે ઉત્તરીય રાજ્યો જેમ કે યુપી, બિહાર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં વસ્તીમાં ભારે વધારો જોવા મળ્યો છે. જો લોકસભાની બેઠકો વર્તમાન વસ્તી દ્વારા ફરીથી ગોઠવવામાં આવે, તો લોકસભામાં દક્ષિણનો હિસ્સો ૨૪%થી ઘટીને ૧૮% થઈ જશે. "હિન્દી હાર્ટલેન્ડ"ને સંસદમાં કાયમી વીટો જેવી સત્તા મળશે, જે વસ્તી નિયંત્રણ મિશનમાં સારું પ્રદર્શન કરનારા રાજ્યો માટે એક સજા સમાન હશે.

આ રાજ્યોને બોર્ડ પર લાવવા અને તેમના ડરને દૂર કરવાના પ્રયાસમાં, કેન્દ્ર સરકારે દરેક રાજ્યમાં બેઠકોમાં એકસમાન ૫૦% વધારો કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. જો આ ફોર્મ્યુલા લાગુ કરવામાં આવે છે, તો તમિલનાડુ માટે બેઠકોની સંખ્યા ૩૯થી વધારીને ૫૯, કેરળ માટે ૨૦થી વધારીને ૩૦, કર્ણાટક માટે ૨૮થી વધારીને ૪૨ અને આંધ્રપ્રદેશ માટે ૪૨થી



વધારીને ૬૪ કરવામાં આવશે. જોકે, ઉત્તર ભારતીય રાજ્યો માટે સંખ્યામાં વધારો વધુ પ્રમાણમાં હશે. લોકસભામાં બેઠકોની સંખ્યા ૫૪૩થી વધારીને ૮૫૦ કરવામાં આવશે, પરંતુ આ સંખ્યાનો આધાર સ્પષ્ટ નથી, અને તે ૧૯૭૧ અને ૨૦૧૧ની વસ્તી ગણતરીમાં નોંધાયેલી વસ્તી વૃદ્ધિના પ્રમાણસર હોય તેવું લાગતું નથી.

વધુમાં તે વધુ વસ્તીવાળા રાજ્યોની તરફેણ કરશે. તે એ હકીકત દ્વારા સમજી શકાય છે કે તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, કેરળ અને તેલંગાણા ભારતના ૧.૪ અબજ લોકોમાં લગભગ ૨૦% હિસ્સો ધરાવે છે. જ્યારે તેઓ ભારતના જીડીપીમાં લગભગ ૩૦% ફાળો આપે છે, ત્યારે તેમને કર વિનિમયમાં ઓછો લાભ મળે છે. તેઓ આરોગ્ય, શિક્ષણ અને આર્થિક સંભાવનાઓમાં પણ દેશના બાકીના ભાગો કરતાં આગળ છે. નીચા વસ્તી વૃદ્ધિ દરને કારણે ઉત્તર કરતા અહીં બાળકનો જન્મ થવાની શક્યતા ઓછી છે. હવે તેમને આ સારા કામ માટે સજા કરવામાં આવશે. દક્ષિણ ભારતીય રાજ્યોની આશંકા ડીએમકે સાંસદ કનિમોઝીના શબ્દોમાં વ્યક્ત કરવામાં આવી છે જે તેમણે સીમાંકન બિલનો વિરોધ કરતી વખતે સંસદમાં આ વાત કહી હતી. તેમણે કહ્યું કે, "આજે, તમિલનાડુનો પ્રજનન દર ૧.૬ છે, જે ફ્રાન્સ, ઓસ્ટ્રેલિયા અને યુનાઈટેડ સ્ટેટ્સ કરતા ઓછો છે. અમે વસ્તી વિષયક સંક્રમણ પૂર્ણ કર્યું છે. ૧૯૭૧થી ઉત્તર પ્રદેશની વસ્તી ૧૨૦ ટકા વધી છે અને તમિલનાડુમાં ફક્ત ૧૫ ટકા વધી છે.

# "કેમ્પસનું ભગવાકરણ અને અસંમતિનું દમન બંધ થવું જોઈએ" : LSRના પૂર્વ વિદ્યાર્થીઓનું જાહેર નિવેદન

## એક જાહેર નિવેદનમાં તેઓએ કહ્યું છે કે, અમે, LSRના નીચે સહી કરનાર પૂર્વ વિદ્યાર્થીઓ, શૈક્ષણિક સ્વતંત્રતા અને સંસ્થાકીય સ્વાયત્તતા માટે ખતરો, ભગવાકરણના એજન્ડામાં સંસ્થાની સતત ભાગીદારી અને વિદ્યાર્થીઓના અસંમતિને શાંત કરવા અને શિસ્તબદ્ધ કરવાની વર્ષો જૂની યુક્તિઓની સખત નિંદા કરીએ છીએ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

દિલ્હીની લેડી શ્રી રામ કોલેજ (LSR)ના પૂર્વ વિદ્યાર્થીઓએ વિદ્યાર્થી વિરોધને સમર્થન આપતું જાહેર નિવેદન બહાર પાડ્યું છે, જેમાં મહિલા અનામત બિલને સમર્થન આપતા પ્રિન્સિપાલનો વીડિયો ભાજપ પ્લેટફોર્મ પર આવ્યા પછી ભગવાકરણ અને વહીવટી દમનનો આરોપ લગાવ્યો છે. સંપૂર્ણ નિવેદન આ મુજબ છેઃ ૧૩ એપ્રિલના રોજ, ભારતીય જનતા પાર્ટીના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર પોસ્ટ કરાયેલા એક વિડિઓમાં લેડી શ્રી રામ કોલેજ ફોર વુમનના પ્રિન્સિપાલ, પ્રોફેસર કનિકા આહુજા, તેમની સત્તાવાર ક્ષમતામાં મહિલા અનામત બિલ પર બોલતા જોવા મળ્યા, જે શાસક પક્ષના વૈચારિક રાજકારણનું સંસ્થાકીય સમર્થન છે. ત્યારબાદના વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનો થયા, જેમાં પક્ષના પ્લેટફોર્મ સાથે શૈક્ષણિક કાર્યાલયને બદનામ કરવા બદલ જવાબદારીની માંગ કરવામાં આવી હતી, તેમને વહીવટી દમનનો સામનો કરવો પડ્યો. અમે, LSRના નીચે સહી કરનાર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, શૈક્ષણિક સ્વતંત્રતા અને સંસ્થાકીય સ્વાયત્તતા માટે ચાલુ ખતરા, ભગવાકરણના મોટા એજન્ડામાં સંસ્થાની સતત ભાગીદારી અને વિદ્યાર્થી અસંમતિને શાંત કરવા અને શિસ્તબદ્ધ કરવાની વર્ષો જૂની યુક્તિઓની સખત નિંદા કરીએ છીએ. LSR ઐતિહાસિક રીતે રાજકારણમાં મહિલાઓની ભાગીદારીને અનિચ્છનીય માને છે, અને મહિલા વિદ્યાર્થીઓના જોડાણ અને સંગઠિત રાજકારણ સાથે જોડાણને આશ્રયપૂર્વક મર્યાદિત કરે છે. આ પિતૃસત્તાકતાના એ જ મિકેનિક્સનું પ્રતિરૂપ છે જે "આશ્રય" અને "રક્ષણ" આપવાની આડમાં મહિલાઓના રાજકીય જોડાણને ઘટાડે છે, જેમાં 'બિરાજકીય' વિદ્યાર્થીઓના એકત્રીકરણનો પ્રતિકાર કરવા માટે એક અનુકૂળ સાધન બની જાય છે. વહીવટીતંત્રે વારંવાર કેમ્પસમાં ભગવાકરણના રાજકારણને વધવા દીધું છે, જેમાં સમર્થનનું આ પ્રદર્શન એક ઉદાહરણ છે. વિદ્યાર્થીઓના અધિકારો વર્ષોથી ધીમે ધીમે ખતમ થઈ રહ્યા છે અને વહીવટીતંત્રની રાજકીય નિકટતા નક્કી કરે છે કે કેમ્પસમાં કેવા પ્રકારના કાર્યક્રમો યોજી શકાય છે અને કોને તે યોજવાની પરવાનગી મળે છે. વર્ષોથી, LSRમાં સંસ્થાકીય હાંસિયામાં રહેલા વિદ્યાર્થીઓને અધિકારીઓ દ્વારા ઈરાદાપૂર્વક પરવાનગી અટકાવવાને કારણે કેમ્પસ પરિસરની બહાર પોતાને ગોઠવવાની ફરજ પાડવામાં આવી છે, જ્યારે હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો પર નિર્દેશિત ઉશ્કેરણીજનક ટિપ્પણીઓ કરનારા વક્તાઓ કેમ્પસમાં મુક્તિ સાથે પ્રવેશ કરે છે. તાજેતરની ઘટના પછી થયેલા વિદ્યાર્થી વિરોધ પ્રદર્શનોમાં અધિકારીઓ પાસેથી જવાબદારી અને ઘટનાની વાજબી સમજૂતીની માંગ કરવામાં આવી હતી. તેને ચિંતાજનક રીતે વહીવટી દમન સાથે જવાબ આપવામાં આવ્યો છે. પુખ્ત વિદ્યાર્થીઓના માતાપિતાને બોલાવવામાં આવ્યા છે અને ધમકી આપવામાં આવી છે જે આંદોલનોને તોડવાની નિંદનીય વ્યૂહરચના છે. કોઈપણ ઉલ્લંઘન માટે મહિલાઓને સજા કરવા માટે બ્રાહ્મણ પરિવાર એકમનો ઉપયોગ કરવાની એક જૂની યુક્તિ છે. શિસ્તભંગના પગલાં અને હકાલપટ્ટીની ધમકીઓ આપવામાં આવી છે અને દિલ્હી યુનિવર્સિટીમાં કોઈપણ વિરોધ અથવા સભા માટે પૂર્વ પરવાનગી ફરજિયાત કરતી વિવાદાસ્પદ અને ગેરબંધારણીય પ્રોક્ટોરિયલ નોટિસ ગભરાટ ફેલાવવામાં છે. અનુમાન મુજબ, વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને જાહેર ચર્ચામાં "ટોળા", "આતંકવાદી" અને રાષ્ટ્રવિરોધી તરીકે બદનામ કરવામાં આવ્યા છે. વહીવટીતંત્ર દ્વારા સામૂહિક દેખરેખના ઉપયોગના અહેવાલો બહાર આવ્યા છે, જેમાં સીસીટીવી લગાવવા અને પ્રોફેસરો દ્વારા વિરોધકર્તાઓને પ્રોફાઈલ કરવાનો સમાવેશ થાય છે. એ નોંધનીય છે કે મહિલાઓની સલામતીના નામે દેખરેખ તકનીકોનો ઉપયોગ કરવાની હાકલ LSR વહીવટીતંત્ર દ્વારા કોઈ નવી યુક્તિ નથી. ૨૦૧૯માં, જાતીય સતામણી અંગે મહિલા વિદ્યાર્થીઓની વાજબી ચિંતાઓનો જવાબ કોલેજ દ્વારા સીસીટીવી લગાવવાનો પ્રસ્તાવ હતો, જેનો ઉપયોગ ગુપ્ત રીતે રાજકીય સંગઠન પર દેખરેખ રાખવા માટે કરવામાં આવતો હતો. આ પછી, સીસીટીવી લગાવવા અને તેને ન્યાયી ઠેરવવા માટે મહિલા સંસ્થાઓના સાધનનો ઉપયોગ કરવા સામે કેમ્પસમાં વિરોધ પ્રદર્શનો કરવામાં આવ્યા હતા. વહીવટીતંત્રના દમનકારી પગલાં બંધારણીય રીતે બાંયધરીકૃત અધિકારોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે, જેને દિલ્હી હાઈકોર્ટ દ્વારા તાજેતરના નાદિયા વિરુદ્ધ ડૉ. બીઆર આંબેડકર યુનિવર્સિટી ઓફ દિલ્હી (૨૦૨૬)ના ચુકાદામાં ચોક્કસપણે સમર્થન આપવામાં આવ્યું છે. LSRનો વિદ્યાર્થી આંદોલનોને શિક્ષાત્મક અને બદલાના પગલાંથી દબાવવાનો સંસ્થાકીય ઈતિહાસ રહ્યો છે. વિદ્યાર્થીઓના આંદોલનોને ઘણીવાર વહીવટીતંત્ર દ્વારા વિદ્યાર્થીઓ સામે અસંમતિ દર્શાવવાની પોતાની ભાષાનો ઉપયોગ કરીને વિભાજીત કરવામાં આવ્યા છે. ૨૦૧૮માં પિંજરા તોડ વિરોધ પ્રદર્શન, જેમાં OBC અનામત અને છાત્રાલયના વિસ્તરણની માંગ કરવામાં આવી હતી, તેના પરિણામે, વહીવટીતંત્રે ફક્ત પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયના આવાસને જાળવી રાખવાનો



વિવાદાસ્પદ નિર્ણય લીધો. ત્યારબાદ, કોવિડ પછી, અનિશ્ચિત નવીનીકરણ વિલંબને કારણે વિદ્યાર્થી સંગઠન માટે છાત્રાલયનું માળખાગત સુવિધા સંપૂર્ણપણે અપ્રાપ્ય હતું. ૨૦૨૦માં આ સમય દરમિયાન ન્જીઇ વિદ્યાર્થી, ઐશ્વર્યા રેડ્ડી, જેને ફક્ત પ્રથમ વર્ષની છાત્રાલય બનાવવાના નવા નિયમોને કારણે છાત્રાલય ખાલી કરવાની ફરજ પડી હતી, તેનું આત્મહત્યાથી મૃત્યુ થયું, જેને ફક્ત સંસ્થાકીય હત્યા તરીકે વર્ણવી શકાય છે. કોલેજ હોસ્ટેલમાં સબસિડીવાળી રહેઠાણ એ હાંસિયામાં ધકેલાઈ ગયેલા પૃષ્ઠભૂમિના સેંકડો વિદ્યાર્થીઓ માટે LSR જેવી સંસ્થામાં પ્રવેશ મેળવવાનો એકમાત્ર રસ્તો હતો. સંસ્થાકીય પ્રતિભાવ વિદ્યાર્થી કલ્યાણના હૃદય પર પ્રહાર કરે છે. રોગચાળા અને શૈક્ષણિક સંસ્થાઓના લોકડાઉનને કારણે વિદ્યાર્થી સંગઠનમાં અસંગતતા સર્જાઈ રહી છે, ત્યારે દેશભરના યુનિવર્સિટી વહીવટીતંત્રે સામૂહિક સ્મૃતિ ભૂંસી નાખીને વિદ્યાર્થી રાજકારણને દબાવવાનું અનુકૂળ માન્યું છે. આ દમન અને તેની સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓના રોષને ૧૫ એપ્રિલના રોજ કેમ્પસમાં ફાટી નીકળેલા વિશાળ વિરોધ પ્રદર્શનો દ્વારા પ્રસારિત કરવામાં આવ્યો છે. આ વિરોધ પ્રદર્શનો યુનિવર્સિટીમાં LSRના "અપવાદવાદ" અને મહિલાઓને રાજકારણથી દૂર રાખવાના તેના સ્પષ્ટ અંતર અને આશ્રયના વિચારને નકારી કાઢે છે. સંગઠિત રાજકારણ સાથે જોડાણને મંજૂરી ન આપતો અરાજકીય અપવાદવાદનો દાવો અને વિદ્યાર્થી રાજકારણને ધમકી આપવા માટે પ્રોક્ટોરિયલ નોટિસનો ઉપયોગની વિડંબના એ છે કે કેમ્પસમાં વિદ્યાર્થી એકતા ન બનાવવા માટે ઉપયોગમાં લેવાતા સાધનો છે. વિડંબના એ છે કે તે એક સંસ્થાના વડા છે જે રાજકારણમાં મહિલાઓની ભાગીદારીને ઘટાડે છે - જે ભાજપના સત્તાવાર હેન્ડલ પર મહિલા અનામત બિલને સમર્થન આપી રહ્યા છે. ઉતાવળમાં સીમાંકન લાગુ કરવા માટે બિલનો ઉપયોગ કરવાનો સરકારનો ભયાનક હેતુ હિન્દુત્વના ધ્યેયો પૂરા કરવા માટે મહિલાઓનું સાધન બનાવવાનો છે. મહિલા કોલેજ દ્વારા આ વાતને ઓળખવી અને તેની ટીકા કરવી જોઈએ. પ્રિન્સિપાલના સમર્થન સામેની લડાઈ બિલ સામે વિદ્યાર્થીઓના વિરોધ સુધી જ મર્યાદિત નથી, અને આ બિલ હવે સંસદમાં પરાજિત થઈ ગયું છે. નીચે આપેલા હસ્તાક્ષરિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ન્જીઇ ના વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સાથે એકતામાં ઉભા છે. આ મુદ્દાઓ અમારા માટે વ્યક્તિગત છે કારણ કે અમે સંસ્થાના પૂર્વ વિદ્યાર્થીઓ છીએ, પરંતુ આ મુદ્દાઓ - અસંમતિ સામે દમન, મહિલાઓની રાજકીય સ્વતંત્રતામાં ઘટાડો અને વિભાજનકારી રાજકારણ માટે શૈક્ષણિક જગ્યાઓનું સાધન બનાવવા એ કોઈપણના અંતરાત્માને હચમચાવી નાખે છે.

અમે નીચેની માંગણીઓ કરીએ છીએઃ

૧. વિદ્યાર્થીઓનું તાત્કાલિક રક્ષણ : વિરોધ પ્રદર્શનમાં સામેલ વિદ્યાર્થીઓ સામે સસ્પેન્શન અને શિસ્તબદ્ધ પગલાં લેવાની બધી ધમકીઓ રદ કરવી જોઈએ અને લેખિત ખાતરી આપવામાં આવે છે કે કોઈ દંડાત્મક કે બળજબરીભર્યા પગલાં લેવામાં આવશે નહીં.

૨. વહીવટીતંત્ર તરફથી જવાબદારી : સમર્થન અંગે આચાર્ય તરફથી ઔપચારિક જાહેર સ્પષ્ટતા, સાથે સ્પષ્ટ સંસ્થાકીય નીતિ સુનિશ્ચિત કરવી કે શૈક્ષણિક સત્તાના હોદ્દાઓનો ઉપયોગ પક્ષપાતી રાજકીય સમર્થન માટે ન થાય.

૩. દેખરેખ અને ધાકધમકી પ્રથાઓનો અંત : વિદ્યાર્થીઓની કોઈપણ દેખરેખ અથવા પ્રોફાઈલિંગની તાત્કાલિક સમીક્ષા અને રોક અને વિરોધ પ્રદર્શનોમાં ભાગ લેવા અથવા અટકાવવાના સાધન તરીકે પુખ્ત વિદ્યાર્થીઓના માતા-પિતાનો સંપર્ક ન કરવાની દ્રઢ પ્રતિબદ્ધતા.

૪. લોકશાહી ભાગીદારી અને DUSU જોડાણ : દિલ્હી યુનિવર્સિટી વિદ્યાર્થી સંઘની ચૂંટણીમાં મહિલા કોલેજોના સમાવેશ પર ઔપચારિક, સમય-મર્યાદા પરામર્શની શરૂઆત, યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને સંપૂર્ણ રાજકીય સહભાગીઓ તરીકે માન્યતા આપવી જોઈએ.

# TCSએ જાતીય સતાવણીના દાવાઓને નકારી કાઢ્યા : નિવેદનમાં કહ્યું કે, નાસિક કેસમાં મુસ્લિમ મહિલાને 'HR અને માસ્ટરમાઈન્ડ' તરીકે નિશાન બનાવવામાં આવી છે અને આવી કોઈ ફરિયાદ મળી નથી

## હિન્દુત્વ આઉટલેટ્સે નિદા ખાનને HR મેનેજર અને "માસ્ટરમાઈન્ડ" તરીકે દર્શાવી હતી, જોકે તે HRમાં ન હતી અથવા ભરતીમાં પણ સામેલ ન હતી

(એજન્સી) તા.૧૮

ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસે શુક્રવારે તેના નાસિક યુનિટમાં કથિત જાતીય ગેરવર્તણૂક અને ધાર્મિક બળજબરી અંગે ચાલી રહેલી તપાસ વચ્ચે એક વિગતવાર નિવેદન જારી કર્યું છે, જેમાં સ્પષ્ટતા કરવામાં આવી કે કેટલાક અહેવાલોમાં HR મેનેજર અને "માસ્ટરમાઈન્ડ" તરીકે દર્શાવવામાં આવેલી મુસ્લિમ મહિલા કર્મચારી સંસ્થામાં કોઈ સત્તાનું પદ ધરાવતી નથી. આ કંપનીએ કહ્યું છે કે નિદા ખાન, જેને કેટલાક અહેવાલોમાં HR મેનેજર અને "માસ્ટરમાઈન્ડ" તરીકે વર્ણવવામાં આવી છે, તે HR મેનેજર પણ નથી અને ભરતી માટે જવાબદાર પણ નથી. તેણી BPO ભૂમિકામાં પ્રોસેસ એસોસિયેટ તરીકે કામ કરતી હતી અને ફરિયાદો અથવા ભરતી પર કોઈ નેતૃત્વ જવાબદારીઓ કે અધિકાર ન હતો. એક અઠવાડિયાથી વધુ સમય સુધી, ઘણા મુખ્ય પ્રવાહના મીડિયા આઉટલેટ્સે સતત અહેવાલ આપ્યો હતો કે નિદા ખાન સંસ્થામાં HR મેનેજર હતી અને તેમણે મહિલા કર્મચારીઓની જાતીય સતામણી, પીછો કરવો, બળજબરી અને સંબંધિત ગેરવર્તણૂકની અનેક ફરિયાદોને અવગણી હતી અથવા તેના પર કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહી હતી. TCS એ તેના નાસિક યુનિટને બંધ કરી દેવાયાના અહેવાલોને પણ નકારી કાઢ્યા હતા, અને કહ્યું હતું કે કામગીરી રાબેતા મુજબ ચાલુ છે અને ગ્રાહકોને સેવા આપવામાં આવી રહી છે. આ આરોપોને સંબોધતા, કંપનીએ કહ્યું કે તેની સિસ્ટમ્સ અને રેકોર્ડ્સની પ્રારંભિક સમીક્ષામાં તેના નૈતિકતા અથવા POSH (જાતીય સતામણી નિવારણ) ચેનલો દ્વારા આરોપિત પ્રકૃતિની કોઈ ફરિયાદો આવી નથી. કંપનીએ કહ્યું કે તેણે સ્વતંત્ર દેખરેખ સાથે પ્રમુખ અને COO આરતી સુબ્રમણ્યમની આગેવાની હેઠળ આંતરિક તપાસ શરૂ કરી છે. તેણે બાહ્ય સલાહકારો તરીકે કન્સલ્ટિંગ ફર્મ ડેલોઈટ અને કાયદા કંપની ટ્રાઈલીગલને રોક્યા છે. TCSના સ્વતંત્ર ડિરેક્ટર કેકી મિસ્ત્રીની અધ્યક્ષતામાં એક દેખરેખ સમિતિની પણ રચના કરવામાં આવી છે જે તારણોની સમીક્ષા કરવા અને આગળની કાર્યવાહીની ભલામણ કરશે. આ નિવેદનમાં, TCS એ કોઈપણ પ્રકારના બળજબરી અથવા ગેરવર્તણૂક પ્રત્યે તેની "શૂન્ય સહિષ્ણુતા નીતિ"નો પુનરોચ્ચાર કર્યો અને કહ્યું કે તે તેના કર્મચારીઓની સલામતી, ગૌરવ અને સુખાકારી સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે. TCS-સંબંધિત કેસમાં કથિત ધાર્મિક પરિવર્તન અને જાતીય સતામણીના અનેક FIRનો સમાવેશ થાય છે, ત્યારે અત્યાર સુધીના તથ્યો વધુ નિયમિત કાનૂની વિવાદ સૂચવે છે. નાસિક શહેર





પોલીસે ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) ના BPO યુનિટના કર્મચારીઓ વિરૂદ્ધ જાતીય શોષણથી લઈને ધાર્મિક પરિવર્તનની નવ FIR દાખલ કરી છે. આ આરોપો દાનિશ શેખ સામે હતા, જેમના પર બળાત્કાર, જાતીય સતામણી અને ધાર્મિક બળજબરીનો આરોપ છે. પોલીસ કહે છે કે કાર્યવાહી સ્વતંત્ર ફરિયાદો પર આધારિત છે જે ગેરવર્તણૂકની પેટર્ન દર્શાવે છે, આરોપીના પરિવારજનો દાવો કરે છે કે કેસને વ્યક્તિગત સંબંધોના વિવાદથી અન્યાયી રીતે વિસ્તૃત કરવામાં આવ્યો છે અને અસંબંધિત કર્મચારીઓને ખોટી રીતે ફસાવવામાં આવ્યા છે. આ FIRમાં રહેલા એક કર્મચારીની પત્નીએ આરોપ લગાવ્યો હતો કે આ કેસ દાનિશ શેખ અને ફરિયાદીઓમાંના એક વચ્ચેના "ખોટાં સંબંધો" અંગે છે, તેણીએ દાવો કર્યો હતો કે "અન્ય બધાના જીવન બરબાદ થઈ ગયા છે." તેણીએ કહ્યું કે તેમાંથી એકને તાજેતરમાં કેમ્પસ ભરતી દ્વારા નોકરી પર રાખવામાં આવ્યો હતો અને તે કંપનીમાં માંડ ત્રણ મહિનાથી કામ કરતો હતો. બચાવ પક્ષના વકીલ બાબા સૈયદે પણ ફરિયાદોની સમયરેખા પર પ્રશ્ન ઉઠાવ્યો હતો અને સૂચવ્યું હતું કે આ કેસ વ્યક્તિગત વિવાદ તરીકે શરૂ થયો હતો અને પછી અનેક ફોજદારી કેસોમાં ફેરવાઈ ગયો હતો. તેમણે કહ્યું કે આ મામલો એક મહિલા કર્મચારી દ્વારા કલમ ૩૭૬ હેઠળ બળાત્કારનો આરોપ લગાવતી ફરિયાદથી ઉદભવ્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે આરોપી દાનિશ તેના કોલેજનો મિત્ર હતો જેણે પાછળથી તેને TCSમાં નોકરી મેળવવામાં મદદ કરી હતી, જેના પછી તેમના સંબંધો વિકસ્યા હતા.

બંને દીકરીઓ સાથે પરિવારની મોભીની મહેનત રંગ લાવી

# ધંધુકાના ખેડૂત પરિવારની બબ્બે દીકરીઓ મહેરીન તથા સાનિયા મોદન બની ડોક્ટર







(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૮

શિક્ષણ એ સફળતાનો પાયો છે. તેને આત્મસાત કરી ચૂકેલા ધંધુકાના વ્યવસાયે ખેડૂત એવા મોદન પરિવારે સરકારના 'બેટી બચાવો બેટી પઢાવો' સૂત્રને આર્થક કર્યું છે. એક જ પરિવારની બબ્બે દીકરીઓ ચાલુ વર્ષે MBBSની ડિગ્રી હાંસલ કરી સમગ્ર સમાજ માટે પ્રેરણાદાયી બની છે. તો ઈસ્લામે પ્રબોધેલ ઈલ્મ હાંસલ કરવા જરૂર પડે તો ચીન પણ જાઓ. તેને સાર્થક કરતા દીકરીઓને સારી રીતે ભણાવવા માટે ધંધુકાથી અમદાવાદ સ્થળાંતર કર્યું હતું. ખેતી કરતા કરતા નથ્થુભાઈએ પોતાના નાના પુત્ર ઉમરફારૂકને એમ.એ., બી.એડ. ભણાવી શિક્ષક બનાવ્યો હતો. જે શિક્ષક તરીકે સરકારી શાળામાં સૌરાષ્ટ્ર ખાતે નોકરી સ્વીકારી હતી. દરમ્યાન તે જ મોદન પરિવારની બે દીકરીઓએ પ્રાથમિક અભ્યાસ ધંધુકાની સરકારી શાળામાં કર્યો હતો. દીકરીઓની હીર પારખી ગયેલ પરિવાર ધો.૧૦ના અભ્યાસ માટે અમદાવાદ ખાતે સ્થાયી થયા હતા. જેમાં મહેરીન ઉસ્માનગની મોદનને અમદાવાદની દીવાન બલ્લુભાઈ શાળામાં પ્રવેશ મળતા ધો.૧૨ સાયન્સ સુધી ત્યાં અભ્યાસ કર્યો'તો. સાનિયા ઉમરફારૂક જુહાપુરાની ધી ન્યુ એજ હાઈસ્કૂલમાં ધો.૧૧-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી હતી. બંને બહેનો ૨૦૨૦ની બેન્ચમાં શાળા કક્ષાએ તથા નીટની પરીક્ષામાં સખત અને સતત મહેનત કરી ટોપર્સ બની હતી. જેના પગલે મોદન મહેરીનને એમ.કે.શાહ મેડિકલ કોલેજમાં તથા સાનિયા મોદનને શ્રીમતી એન.એચ.એલ. મ્યુ. મેડિકલ કોલેજમાં સરકારી ક્વોટામાં એડમિશન મળ્યું હતું. બંને પિતરાઈ બહેનોએ સાડા પાંચ વર્ષ મન દઈને અભ્યાસ પાછળ મહેનત કરતા ચાલુ વર્ષે MBBSની ડિગ્રી પ્રાપ્ત કરી છે. તાજેતરમાં મેહરીનને ગાંધીનગર ટાઉન હોલ ખાતે તથા સાનિયા મોદનને અમદાવાદ ટાગોર હોલ ખાતે પદવીદાન સમારંભમાં ડોક્ટરની ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. જેના પગલે તેઓના ખેડૂત પરિવારમાં તથા ધંધુકા ગામમાં હર્ષની લાગણી પ્રસરી જવા પામી છે. બંને બહેનોને આગળ એમ.ડી.નો અભ્યાસ કરવાની ખેવના છે.બંને બહેનોએ જણાવ્યું કે મેડિકલના વ્યવસાય સાથે ઈસ્લામે દર્શાવેલ સેવાની ભાવનને પ્રાધાન્ય આપી કારકિર્દી ઘડવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તો સમાજની અન્ય દીકરીઓ પણ આ જ રીતે ભણી જુદા જુદા ક્ષેત્રોમાં આગળ વધી સમાજ સેવાના કાર્યોમાં અગ્રેસર રહેવા શીખ આપી હતી. અત્રે નોંધનીય છે કે ચાલુ વર્ષે નીટની પરીક્ષામાં ૯૯.૭૪% લાવી મહેરીનનો નાનો ભાઈ આદિલ હુશેન પણ હાલ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં MBBSનો અભ્યાસ કરે છે.

માતાનું મોત, બંને પુત્રી હોસ્પિટલમાં સારવાર હેઠળ

# સુરતમાં માતાએ બે પુત્રીને અનાજમાં નાખવાની ગોળી પીવડાવી પોતે પણ ગટગટાવ્યું

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૮

શહેરના સિંગણપોર વિસ્તારમાં આવેલ સુમન પ્રતિક આવાસમાં રહેતા રત્નકલાકારની પત્નીએ ત્રણ દિવસ પહેલા પોતાના ઘરે તેમની બે દીકરીઓને અનાજમાં નાખવાની ગોળી પીવડાવી પોતે પણ અનાજમાં નાખવાની ગોળી ગટગટાવી લીધી હતી. બંને બાળકીઓની હત્યા કરવાના ઈરાદે તેમણે ઝેરી દવા પીવડાવ્યા બાદ પોતે પણ અનાજમાં નાખવાની ગોળી ગટગટાવી લીધી હતી. બનાવની વિગત એવી છે કે સુરતના સિંગણપોર વિસ્તારમાં સુમન પ્રતીક આવાસમાં ભાડેથી રહેતા જયસુખભાઈ કાનજીભાઈ ખરક (પટેલિયા) રત્ન કલાકાર તરીકે કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના લગ્ન મિતલ નામની યુવતી સાથે થયા હતા. લગ્નજીવનના સમયગાળા દરમિયાન તેમને સંતાનમાં એક છ વર્ષની દીકરી વિનિશા અને ચાર વર્ષની દીકરી આરવી છે. છેલ્લા ઘણા સમયથી પતિ પત્ની વચ્ચે કોઈના કોઈ કારણથી ઝઘડો થતો હતો. જેના કારણે મિતલબેનને માઠું લાગી આવતું હોવાનું જાણવા મળ્યું છે. આ દરમિયાન ગત તારીખ ૧૫/૪/૨૦૨૬ ના રોજ મિતલબેન તેમની બંને દીકરીઓ સાથે ઘરે એકલા હાજર હતા. ત્યારે બપોરે તેમણે અનાજમાં નાખવાની ગોળી પાણીના ગ્લાસમાં નાખી તેમની દીકરી વેનિશા તથા આરવીને મારી નાખવાના ઈરાદે જબરજસ્તીથી પીવડાવી દઈ અનાજમાં નાખવાની ગોળી તેમણે પણ ગટગટાવી લીધી હતી. જેથી બાદમાં જયસુખભાઈ ને આ વાતની જાણ થતા તેઓ તાત્કાલિક ઘરે આવ્યા હતા અને ત્રણેયને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન ગદરોજ મિતલબેનનું મોત નીપજ્યું હતું. જ્યારે તેમને બંને દીકરી વિનિશા અને આરવી હજુ પણ સારવાર હેઠળ છે. બનાવને પગલે ભોગ બનનાર જયસુખભાઈએ આ મામલે સીગણપુર પોલીસ મથકમાં તેમની પત્ની મિત્તલ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે બંને દીકરીની હત્યાની કોશિશનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# તમારા ઉમેદવારોને ઓળખો



**અંકલેશ્વર** નગરપાલિકાના વોર્ડ નં.૮ના આમ આદમી પાર્ટીના ઉમેદવાર અફરોઝ શાહનવાઝબેગ મીરઝા આમ તો ગૃહિણી છે. અલબત્ત રાજકીય પક્ષ આમ આદમી પાર્ટીથી પ્રભાવિત થઈને પ્રથમ વખત ચૂંટણીમાં ઝંપલાવ્યું છે. તેણી આજ સુધી સામાજિક સેવા સાથે નીડર મહિલા તરીકે અગ્રેસર રહેલ છે. અફરોઝ મીરઝાએ ચૂંટણી લડવા પાછળનો ઉદ્દેશ્ય જણાવતા કહ્યું કે વોર્ડ નં.૮ની પાણી-ગટર-રોડ-રસ્તા તથા અનિયમિત વીજળી સપ્લાયની સમસ્યાના કાયમી નિકાલ માટે પ્રયત્ન કરશે. જો હું ચૂંટાઈશ તો દરેક વિસ્તારમાં સાફ-સફાઈ-સમગ્ર વિસ્તાર સ્વચ્છ અને સુંદર રહે તેવા મારા પ્રયત્નો રહેશે. જેથી સ્થાનિક પ્રજા તંદુરસ્તી સાથે જીવન જીવે તેવો હેતુ છે. અંકલેશ્વર શહેર સુંદર-સ્વચ્છ, નિરોગી અને વિકાસના પંથે અગ્રેસર રહે તે જરૂરી છે.



**અંકલેશ્વર** નગરપાલિકાના વોર્ડ નં.૫ના કોંગ્રેસના ઉમેદવાર નફીસાબીબી નુરમહંમદ કુરેશી જાગૃત ગૃહિણી છે. તેઓ છેલ્લા ૧૫ વર્ષથી કોંગ્રેસ પક્ષમાં સક્રિય છે. હાલ કુરેશી સમાજમાં વાઈસ પ્રેસિડેન્ટ તરીકે સેવા બજાવે છે. ચૂંટણી લડવા પાછળનો ઉદ્દેશ્ય જણાવતા કહ્યું કે સમાજ સેવાના કાર્યક્રમો થકી બહેનોને આગળ આવીને પગભર કરવા માટેનો પ્રયાસ કરીશ. નફીસાબીબીએ જણાવ્યું કે જો હું ચૂંટાઈશ તો સમાજની બહેનોને સિલાઈ મશીન તથા પોતે રોજી રોજગારથી વંચિત ન રહે તેવા પ્રયાસો નિષ્ઠાપૂર્વક કરીશ.



**અંકલેશ્વર** નગરપાલિકાના વોર્ડ નં.૫ના કોંગ્રેસના ઉમેદવાર નગીનભાઈ ચંપકભાઈ વસાવા એફ.વાય. બી.કોમ. સુધી અભ્યાસ કરી હાલ ફેરપ્રાઈઝ શોપ ચલાવે છે. તેઓ છેલ્લા ૩૦ વર્ષથી રાજકીય અનુભવ ધરાવે છે. નગીનભાઈ પોતાના વ્યવસાય સાથે ગરીબોના નાનામોટા કામો કરીને તેઓને મદદરૂપ થવા હંમેશા તૈયાર રહે છે. ચૂંટણી લડવા પાછળનો ઉદ્દેશ્ય જણાવતા કહ્યું કે લોકો તથા ગરીબ અને કચડાયેલા વર્ગને પગભર કરવાનો મારો પ્રયાસ રહેશે. જો હું ચૂંટાઈશ તો શહેરના જે વિસ્તારમાં સુવિધાઓ નથી તે પૂર્ણ કરવાનો મારો પ્રયાસ રહેશે. લોકોની સેવા માટે જ રાજકીય પાર્ટીમાં જોડાયો છું.



**અંકલેશ્વર** નગરપાલિકાના વોર્ડ નં.૫ના કોંગ્રેસના ઉમેદવાર વિનયભાઈ દલસુખભાઈ પટેલ નોકરી કરે છે. તેઓ છેલ્લા ૧૫ વર્ષથી લોકસેવાના કાર્યોમાં જોડાયેલ છે. તેઓ પોતાના સમાજની સમસ્યાઓના હલ માટે મદદરૂપ થવા માટે તત્પર રહે છે. વિનયભાઈ પટેલ ગરીબ અને કચડાયેલા લોકોની સેવા માટેનો ઉદ્દેશ્ય ધરાવે છે. તેમણે કહ્યું કે હું ચૂંટાઈશ તો પ્રથમ શહેરના રસ્તાના ખાડા પૂરવા તથા શહેરને સ્વચ્છ બનાવવા સઘન પ્રયાસ હાથ ધરીશ.



**અંકલેશ્વર** નગરપાલિકાના વોર્ડ નં.૫ના કોંગ્રેસના ઉમેદવાર યાશ્મીન ફારૂક શાહ ગૃહિણી છે. તેઓ છેલ્લા ૨૦ વર્ષથી કોંગ્રેસના સભ્ય તરીકે લોકસેવાના કામોને વરેલા છે. યાશ્મીન શાહ સમાજની મહિલાઓને હરહંમેશા મદદરૂપ થવા આગળ રહે છે. ચૂંટણી લડવા પાછળનો તેમનો ઉદ્દેશ્ય પોતાના સમાજના લોકો પગભર થાય અને આગળ વધે તે છે. જો હું ચૂંટાઈશ તો પોતાના વિસ્તારમાં પાણી, ગટર તથા રસ્તાઓ સારા બને તેવા પ્રયાસો કરીશ.



અંકલેશ્વર નગરપાલિકા વોર્ડ નં.૨ કોંગ્રેસના ઉમેદવાર ભાવિકા હર્ષદભાઈ પરમાર (ધો.૧૨ પાસ) કર્યા પછી પત્રકારત્વ ક્ષેત્રે કાર્યરત છે. તેઓ છેલ્લા ૧૦ વર્ષથી રાજકીય અનુભવ ધરાવે છે. ભાવિકા પરમાર સમાજના કામોમાં અગ્રિમતા ધરાવે છે તેમજ સમાજ પ્રત્યે લાગણી રાખી સમાજના ભલા માટે કાર્યો કરે છે અને સમાજ માટે જરૂર પડે મદદરૂપ પણ થાય છે. વોર્ડ નં.૨માં અધૂરા કામો પૂર્ણ કરવા અને જરૂરિયાત મુજબના કામો તેમજ પ્રજાજનોની માંગણી અનુસાર કામ કરવાનો ઉદ્દેશ હોવાનું તેઓએ જણાવ્યું છે. તેઓએ પ્રજાજનોની સુખાકારીના અધૂરા કામો પૂર્ણ કરવા કટિબદ્ધતા વ્યક્ત કરી છે. ઉપરાંત અંકલેશ્વર નગરપાલિકામાં વોર્ડ નં.૨ના વિકાસ માટે સતત પ્રયત્ન કરીશું તેમજ તે અંગે ધારદાર રજૂઆત કરી કામો કરવા અંગે અગ્રેસર રહીશું તેમ જણાવ્યું છે.



અંકલેશ્વર નગરપાલિકા વોર્ડ નં-૨ના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઉમેદવાર આરતી શૈલેષ મોરે ધો.૭ પાસ છે, ગૃહિણી છે. તેઓ છેલ્લા ૫ વર્ષથી લોકસેવાના કામોમાં સક્રિય છે. મરાઠી સમાજના તહેવારો તેમજ પ્રસંગોમાં મહત્ત્વપૂર્ણ જવાબદારી સાથે કામગીરી કરી રહ્યા છે. આરતીબેને ચૂંટણી લડવા પાછળનો ઉદ્દેશ્ય જણાવ્યો કે, વોર્ડ નં.૨ના આંબાવાડી વિસ્તારમાં પાણી, ડ્રેનેજ, વરસાદી પાણીનો નિકાલ તેમજ સફાઈ તથા બાકી શૌચાલયો તેમજ અન્ય અધૂરા કામોને અગ્રિમતા આપવાની નેમ વ્યક્ત કરી છે. જો તેઓ ચૂંટાશે તો વોર્ડ-૨ના તમામ કામોને આવરી લેવામાં આવશે તેમજ આંબાવાડીનું નામ બદલી આંબેડકર નગર રાખવા પ્રયત્ન કરીશ. અંકલેશ્વર શહેરના વિકાસના કામો મંજૂર કરાવવા સાથ અને સહકાર આપીશ. કોંગ્રેસ પક્ષના આદેશો અને નિયમોનું પાલન કરીશ.



અંકલેશ્વર નગરપાલિકા વોર્ડ નં.૨ના ભારતીય રાષ્ટ્રીય કોંગેસના ઉમેદવાર અકબરશા ગુલાબશા ફકીર (ધો.૧૦-ના પાસ) છે. જોકે તેઓ પત્રકારત્વના ક્ષેત્ર સાથે જોડાયેલ છે અને છેલ્લા ૩૫ વર્ષથી કોંગ્રેસ પક્ષ સાથે સક્રિયપણે જોડાયેલ છે. અકબરશા છેલ્લા ૧૫ વર્ષથી મદ્રેસા-એ-મોહંમદિયાના ટ્રસ્ટી તરીકે તેમજ સાહ દિવાન સમાજમાં ટ્રસ્ટી તરીકે સેવા બજાવે છે. તેઓએ વોર્ડ નં.૨ના શ્રમ વિસ્તારોમાં વિકાસના કામો પૈકી અધૂરા કામો પૂર્ણ કરવા તેમજ અનેક સમસ્યાઓના નિરાકરણ માટે પ્રયત્નશીલ રહીશ. જો હું ચૂંટાઈશ તો વોર્ડ નં.૨ના રોડ-રસ્તા, ડ્રેનેજ તેમજ વરસાદી પાણીનો કાયમી નિકાલ, સાફ-સફાઈ તેમજ પીવાના પાણી દિવસમાં બે વાર મળે તેવો પ્રયત્ન કરીશ. ઉપરાંત અંકલેશ્વર નગરપાલિકામાં છેલ્લા ૨૦ વર્ષમાં થયેલા વિકાસના કામોમાં ગેરરીતિઓ તેમજ ભ્રષ્ટાચાર બાબતે આર.ટી.આઈ દ્વારા માહિતી મેળવી ભ્રષ્ટાચારનો પર્દાફાશ કરવો તે અમારા અગ્રિમતા રહેશે.



અંકલેશ્વર નગરપાલિકા વોર્ડ નં.૨ના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઉમેદવાર શબ્બીર હુસેન અબ્દુલકાદર શેખ (ધો.૧૦ પાસ) છે અને તેઓ વેપારી છે. છેલ્લા ૨૫ વર્ષથી રાજકીય ક્ષેત્રે કામ કરવાનો અનુભવ ધરાવે છે. તેઓ સમાજના કામોમાં અગ્રેસર છે. તેમજ મદ્રેસા-એ-મોહંમદિયા ટ્રસ્ટમાં સેક્રેટરી તરીકે કાર્ય કરે છે. ઉપરાંત અન્ય સંસ્થાઓમાં કાર્યશીલ છે. શબ્બીરભાઈ શેખે પોતાના ચૂંટણી લડવાના ઉદ્દેશ્ય અંગે જણાવ્યું કે, વોર્ડ નં.૨માં સમાવેશ વિસ્તારમાં તમામ નાત-જાતના ભેદભાવ વગર વિકાસના કામો કરવામાં તથા લોકોને મદદરૂપ થવા ઉદ્દેશ છે. જો હું ચૂંટાઈશ તો લોકકાર્યો કરવામાં સક્રિય ભૂમિકા ભજવીશ. તો તમામ કામો પૂર્ણ કરવા વચન આપું છું. ઉપરાંત અંકલેશ્વર શહેરની પ્રજા માટે સ્વચ્છતા, ગંદા પાણીના નિકાલ તેમજ શુદ્ધ પીવાનું પાણી તથા ટ્રાફિકની સમસ્યા હલ કરવાનો મુદ્દો અગ્રેસર રહેશે.

# અંકલેશ્વર : આંબેડકર જયંતી અંગે અભદ્ર પોસ્ટ કરનાર યુવાન વિરૂદ્ધ ફરિયાદ

અંકલેશ્વર, તા.૧૮

અંકલેશ્વરમાં સોશિયલ મીડિયા પર ડૉ. બાબા સાહેબ આંબેડકર અંગે અપમાનજનક લખાણ પોસ્ટ કરવાના મામલે એક યુવાન વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે યુવાનની અટકાયતી પગલાં ભરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, અંકલેશ્વર શહેરના રોહીતવાસ, રામકુંડ રોડ વિસ્તારમાં રહેતા અને ભરૂચ ખાતે આવેલી એક હાઉસિંગ ફાઈનાન્સ કંપનીમાં રિલેશનશીપ મેનેજર તરીકે નોકરી કરતા રવિન્દ્રકુમાર ઠાકોરભાઈ ચૌહાણ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે.ફરિયાદ મુજબ તેઓ ભરૂચ ખાતે નોકરી દરમિયાન પોતાના મોબાઈલમાં "ભીમોત્સવ આયોજક સમિતિ-૨૦૨૬" નામના વોટ્સએપ ગ્રુપમાં મુકાયેલી પોસ્ટ જોઈ હતી. જેમાં અભી_પરશુવંશી_ટીમ_૨૨૯૯ નામની ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. પરથી આંબેડકર જયંતી અંગે હિન્દી ભાષામાં અભદ્ર અને લાગણી દુભાય તેવા લખાણ સાથે પોસ્ટ કરવામાં આવી હોવાનુ સામે આવ્યું હતું.

ફરિયાદીએ આક્ષેપ કર્યો છે કે, આ પોસ્ટ દ્વારા અમારા સમાજ તેમજ ડૉ. બાબા સાહેબ આંબેડકરને માનનારા લોકોની લાગણી દુભાઈ છે તેમજ જુદી-જુદી જાતિઓ વચ્ચે દ્વેષ અને દુશ્મનાવટ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જેના કારણે જાહેર સુલેહ-શાંતિ ભંગ થવાની શક્યતા ઉભી થઈ હતી. પોસ્ટ કરનાર વ્યક્તિનું નામ અભિષેક પંડિત હોવાનુ જાણવા મળતા તેના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા અંકલેશ્વર એ ડિવિઝન પોલીસ સમક્ષ ફરિયાદ આપવામાં આવી છે. પોલીસ દ્વારા ફરિયાદના આધારે અભિષેક પંડિતની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુરતના મગદલ્લામાં

# ચૂંટણી પ્રચાર અર્થે નીકળેલા ભાજપ મહિલા ઉમેદવારના પતિનો ઘેરાવો

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૮

સુરત મહાનગરપાલિકાની આગામી ચૂંટણી દરમિયાન ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોનો ઠેર-ઠેર વિરોધ હવે પાર્ટી માટે પણ ચિંતાનો વિષય બન્યો છે. વરાછાથી માંડીને અડાજણ જેવા વિસ્તારોમાં પણ ભાજપના વિરોધ બાદ હવે મગદલ્લા ગામમાં પણ પ્રચારમાં નિકળેલા ભાજપના ઉમેદવારોનો વિરોધ જોવા મળ્યો છે. વોર્ડ નં. ૨૨ના ભાજપના ઉમેદવારોનો સ્થાનિકો દ્વારા ઘેરાવ કરીને વિકાસ કાર્યો મુદ્દે હિસાબ પૂછતા ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. સ્થાનિકોના આક્રોશને પગલે નાછૂટકે ભાજપના ઉમેદવારોએ રવાના થવાનો વારો આવ્યો હતો.મનપાની ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ભાજપના ઉમેદવારોને ચૂંટણી પ્રચારમાં નવ નેજા પાણી આવી રહ્યા છે. અલગ-અલગ વોર્ડ વિસ્તારોમાં ભાજપનાં કાર્યકરો - ઉમેદવારોના વિરોધ વચ્ચે હવે મગદલ્લામાં પણ ભાજપના કાર્યકરોના વિરોધનો વીડિયો વાયરલ થવા પામ્યો છે. વોર્ડ નં.૨૨ (ભટાર-વેસુ-ડુમસ)ના ઉમેદવારો દ્વારા હાલમાં પુરજોરમાં ડોર ટુ ડોર પ્રચાર અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ તબક્કે ગત રોજ ભાજપના ઉમેદવારો મગદલ્લા ગામમાં પ્રચાર અર્થે પહોંચ્યા હતા. જ્યાં સ્થાનિકો દ્વારા મહિલા ઉમેદવારના પતિનો ઘેરાવ કરીને ગામની સમસ્યાઓ અંગે વાકેફ કર્યા હતા. જેને પગલે જવાબ આપવામાં મહિલા ઉમેદવારનાં પતિની હાલત કફોડી થવા પામી હતી.

# અંકલેશ્વરના મોટા કુંભારવાડમાં મકાનમાંથી રૂા.૧.૬૫ લાખના માલમતાની ચોરી

(સંવાદદાતા દ્વારા)
અંકલેશ્વર, તા.૧૮

અંકલેશ્વરના શહેરના મોટા કુંભારવાડમાં તસ્કરોએ એક મકાનને નિશાન બનાવી દોઢ લાખ રૂપિયા રોકડા અને ત્રણ કાંડા ઘડિયાળ મળી કુલ રૂા.૧.૬૫ લાખની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. અંકલેશ્વરના મુલ્લાવાડ નજીક આવેલ મોટા કુંભારવાડમાં રહેતા જુલ્ફીકાર સદરૂદ્દીન બાલાના મકાનમાં નીચેના માળના મુખ્ય દરવાજાને તાળું મારી પરિવાર સાથે ઉપરના માળે સુતા હતા દરમ્યાન તસ્કરોએ તેમના મકાનને નિશાન બનાવી દરવાજાનું તાળું તોડી મકાનમાં પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ ત્રણ તિજોરી તોડી સામાન વેરવિખેર કરી અંદરથી રોકડા રૂપિયા ૧ લાખ ૫૦ હજાર અને રૂા.૧૫ હજારની કિંમતની ત્રણ ઘડિયાળની ચોરી કરી ફરાર થઇ ગયા હતા.આ ચોરી અંગે એ ડિવિઝન પોલીસને જાણ કરતા પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને તપાસ શરૂ કરી હતી જો કે નજીકમાં લગાવેલ સીસીટીવી કેમેરામાં બે શકમંદો નજરે પડ્યા હતા. પોલીસે રોકડ રકમ અને ત્રણ ઘડિયાળ મળી કુલ રૂપિયા ૧.લાખ ૬૫ હજારની ચોરીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# વાગરા : દહેજની કંપનીમાંથી સવા ત્રણ કરોડની ઘરફોડ ચોરી કરનાર ગેંગ ઝબ્બે

(સંવાદદાતા દ્વારા) વાગરા, તા.૧૮



(તસવીર : અમજદ સૈયદ, વાગરા)

વાગરા તાલુકાના દહેજની GFL કંપનીમાંથી સવા ત્રણ કરોડની ઘરફોડ ચોરી કરનાર ગેંગને દહેજ પોલીસે ઝડપી પાડી ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો હતો. ગુજરાત ફ્લોરો કેમિકલ્સ લિમિટેડ કંપનીના વેરહાઉસમાંથી થયેલી ૩,૧૬,૮૩૦૦૦ રૂપિયા ની માતબર રકમની ચોરીના ભેદનો દહેજ પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલ લાવી નાખ્યો છે. અધધ મોટી રકમની ચોરીમાં સંડોવાયેલ પંજાબ, રાજસ્થાન અને સ્થાનિક રહેવાસી એવા કુલ ૬ શખ્સોની પોલીસે ધરપકડ કરી મુદ્દામાલ રિકવર કર્યો હતો. ગત તા.૧૫થી ૧૬ એપ્રિલના સમયગાળા દરમિયાન તસ્કરોએ વેરહાઉસનો પાછળનો દરવાજો તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને આશરે અંદાજે ૧૫ લાખની કિંમત ધરાવતા ૨૧ નંગ કિંમતી મિકેનીકલ સીલ જેની કુલ કિંમત કરોડ ૧૫ લાખ ઈન્ડસ્ટ્રીયલ વાલ્વ અને અન્ય સ્પેરપાર્ટસ મળી કુલ ૩.૧૬ કરોડથી વધુના મટીરિયલની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા.

ઘટનાની ગંભીરતાને જોતા વડોદરા રેન્જ આઈજી અને ભરૂચ એસપીની સૂચનાથી દહેજ પોલીસ ઈન્સ્પેક્ટર એચ.બી. ઝાલાના માર્ગદર્શન હેઠળ અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. સીસીટીવી ફૂટેજ અને બાતમીદારોની મદદથી તપાસ હાથ ધરતા સર્વેલન્સ ટીમને ચોક્કસ માહિતી મળી હતી કે ચોરીના મુદ્દામાલ સાથે એક વાદળી રંગની બ્રેઝા ગાડી રહીયાદ ચોકડી તરફ આવી રહી છે. પોલીસે વોચ ગોઠવી ગાડીને આંતરી હતી, જેમાં તપાસ કરતા ચાર ઈસમો મળી આવ્યા હતા અને ગાડીમાંથી ચોરીના મિકેનીકલ સીલ પણ મળી આવ્યા હતા. પકડાયેલા આરોપીઓની સઘન પૂછપરછમાં અન્ય બે સાગરીતોના નામ પણ ખુલ્યા હતા, જેઓ રહીયાદ ચોકડી પાસે આવેલી એક પતરાની દુકાનમાં બાકીનો મુદ્દામાલ સંતાડીને બેઠા હતા.ઉલ્લેખનીય છે કે મુખ્ય આરોપી વિશાલદીપસીંગે અગાઉ નવેઠા ચોકડી પાસેથી એક બાઈક ચોર્યું હોવાની અને માધવ ઈન્ડસ્ટ્રીઝમાં થયેલી ચોરીમાં પણ પોતાની સંડોવણી હોવાની કબૂલાત કરી હતી. પોલીસે કુલ રૂપિયા ૩,૨૧,૬૮,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ કેસમાં ઉત્તર પ્રદેશનો બલવિંદરસિંગ નામનો એક આરોપી હજુ વોન્ટેડ છે, જેને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# પાટણમાં વોર્ડ નં.૧ના અપક્ષ ઉમેદવારને સભા-રેલી માટે કેમ મંજૂરી અપાતી નથી ?

## કલેક્ટર કચેરી સામે ધરણા પ્રદર્શન કરવા ચીમકી

(સંવાદદાતા દ્વારા) પાટણ,તા.૧૮

પાટણ નગરપાલિકાની ચૂંટણીને લઈ રાજકીય પક્ષોનો ચૂંટણી પ્રચાર વેગ પકડી રહ્યો છે. ત્યારે વોર્ડ નં.૧ના અપક્ષ ઉમેદવાર એડવોકેટ સુશીલ લિમ્બાચીયાને વહીવટીતંત્ર દ્વારા સભા અને રેલી માટે મંજુરી નહીં અપાતા તેઓના સમર્થકોમાં રોષ ફેલાયો છે. તો બીજી બાજુ પાટણ જિલ્લા રૂરલ બાર એસોસિએશનના વકીલો પણ આ અપક્ષ ઉમેદવારના સમર્થનમાં આવ્યા છે અને ચીમકી ઉચ્ચારી છે કે જો ૨૪ કલાકમાં એડવોકેટ અપક્ષ ઉમેદવારને પ્રચાર અને સભા માટે પરવાનગી આપવામાં નહીં આવે તો પાટણના તમામ વકીલો કલેકટર કચેરી સામે ધરણા પ્રદર્શન સાથે જરૂર પડશે આમરણાંત ઉપવાસ પર પણ ઉતરશે. વોર્ડ નંબર ૧માંથી અપક્ષ ઉમેદવારી નોંધાવનાર સુશીલ લિમ્બાચીયાએ પ્રશાસન પર કિન્નાખોરી અને પક્ષપાતનો આરોપ લગાવ્યો છે. તેમણે જણાવ્યું કે અપક્ષ ફોર્મ ભર્યા બાદ તેમને વિવિધ પક્ષો તરફથી દબાણ અને લાલચ આપવામાં આવી હતી. તેઓ મક્કમ રહેતા હવે પ્રશાસન દ્વારા તેમને હેરાન કરવામાં આવી રહ્યા છે. લિમ્બાચીયાના જણાવ્યા અનુસર કોઈપણ કાર્યક્રમની પરવાનગી માટેની અરજી છેલ્લી ઘડી સુધી રોકી રાખવામાં આવે છે. સભાના આગલા દિવસે નકારાત્મક રિપોર્ટ આપી મંજુરી રદ કરવામાં આવે છે. અગાઉ આયોજિત રેલીની પરવાનગી પણ વ્યાજબી કારણો વગર છેલ્લી ઘડીએ રદ કરાઈ હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો. આ મામલે પાટણ જિલ્લા રૂરલ બાર એસોસિએશનના પ્રમુખ આર.ડી. દેસાઈએ વહીવટી તંત્ર અને એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.આઈ. ભોય સામે નારાજગી વ્યકત કરી હતી. તેમણે જણાવ્યું કે, સુશીલ લીમ્બાચીયા વ્યવસાયે વકીલ છે અને તેમને પ્રચાર કરતા રોકવા માટે પ્રશાસન જાણી જોઈને મંજુરી આપતું નથી.

# સુરત ખાતે લિંબાયતમાં ભાજપ-કોંગ્રેસ આમને સામને આવતાં વાતાવરણ ઉગ્ર બન્યું

## બાળકોને ભાજપનો ખેસ પહેરાવતા વિવાદ

લિંબાયતના મદનપુરમાં કોંગ્રેસના પ્રચાર અભિયાન દરમિયાન પહોંચેલા ભાજપના કાર્યકરો ભુલકાઓને પણ ભાજપનો ખેસ પહેરાવીને લઈ ગયા હોવાના આક્ષેપો ઉઠવા પામ્યા છે. હાલમાં શાળાઓમાં વેકેશનનો માહોલ જામ્યો છે ત્યારે ભાજપના ઉમેદવાર દ્વારા ભુલકાઓને પાર્ટી પ્રચારમાં જોતરી દેવામાં આવ્યા હોવાના આક્ષેપો વચ્ચે ભારે વિવાદ સર્જાયો છે. સમગ્ર ઘટનાના વીડિયો સોશિયલ મીડિયામાં પણ વાયરલ થવા પામ્યા છે.

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૮

ભાજપનો ગઢ ગણાતાં લિંબાયતમાં ગત રોજ એક સોસાયટીમાં પ્રચાર અભિયાન દરમિયાન કોંગ્રેસ અને ભાજપના કાર્યકરો આમને - સામને આવી જતાં એક તબક્કે વાતાવરણ તંગ બન્યું હતું. કોંગ્રેસના ઉમેદવારો દ્વારા સોસાયટીમાં જનસંપર્ક અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે જ ભાજપનાં કાર્યકરો ત્યાં ઘસી આવ્યા હતા અને કોંગ્રેસીઓનો વિરોધ કરતાં વાતાવરણ તંગ બન્યું હતું, અલબત્ત, ભાજપના કાર્યકરો દ્વારા કોંગ્રેસી કાર્યકરોનાં વિરોધની સાથે જય શ્રી રામના નારા લગાવતાં એક તબક્કે હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો અને કોંગ્રેસી ઉમેદવારો પણ જોર - શોરથી જયશ્રી રામના નામા લગાવવા લાગ્યા હતા.લિંબાયતના મદનપુર ખાતે આવેલ સોસાયટીમાં ગત રાત્રિના સમયે કોંગ્રેસ પાર્ટીના ઉમેદવારો દ્વારા પ્રચાર અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. મતદારો સમક્ષ પોતાની વાત રજૂ કરી રહેલા કોંગ્રેસી ઉમેદવારો વચ્ચે અચાનક ભાજપનાં કાર્યકરો ઘસી આવ્યા હતા અને કોંગ્રેસી ઉમેદવારોનો વિરોધ કરતાં એક તબક્કે વાતાવરણ તંગ બન્યું હતું. બંને પક્ષો વચ્ચે શાબ્દિક યુદ્ધ સર્જાતાં રહેવાસીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા. ભાજપના કાર્યકરો દ્વારા કોંગ્રેસની બેઠક દરમિયાન હંગામો કરવામાં આવ્યો હોવાના આક્ષેપો વચ્ચે ભાજપના ઉમેદવાર દ્વારા કોંગ્રેસી ઉમેદવારોના સવાલોનો જવાબ આપવાને બદલે જયશ્રી રામના નારા લગાવવામાં આવ્યા હતા. જેને પગલે કોંગ્રેસી ઉમેદવારો દ્વારા પણ ભાજપને જવાબ આપતાં માઈક પર જ જયશ્રી રામનો ઉદ્ઘોષ કરવામાં આવ્યો હતો. આમને - સામને આવેલ ભાજપ અને કોંગ્રેસના કાર્યકરોના સૂત્રોચ્ચાર વચ્ચે વાતાવરણ તંગ બનતાં સોસાયટીના રહેવાસીઓ પણ હેબતાઈ ગયા હતા.

ફિલ્મી ઢબે પીછો કરી બે લક્ઝરી ગાડીઓ ઝડપી

# ડીસાના ટેટાડો બ્રિજ પાસે SMCનો દરોડો ૪૩૨૦ બોટલ વિદેશી દારૂ સાથે ત્રણ ઝડપાયા

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૧૮

ગુજરાત સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે ડીસા રૂરલ પોલીસ સ્ટેશનની હદમાં મોટી કાર્યવાહી કરતા વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. ગત રોજ વહેલી સવારે ટેટોડા બ્રિજ અને ગૌશાળા પાસે પોલીસે ફિલ્મી ઢબે નાકાબંધી કરી બે ગાડીઓમાંથી કુલ રૂા.૧૧.૮૩ લાખની કિંમતનો દારૂ કબજે કર્યો હતો. સમગ્ર કાર્યવાહીમાં ગાડીઓ સહિત કુલ રૂા.૫૭.૪૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.SMCની ટીમ ડીસા રૂરલ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે, રમુણ તરફથી દારૂ ભરેલી એક ગાડી અને તેનું પાયલોટિંગ કરતી અન્ય એક ગાડી ડીસા તરફ આવી રહી છે. જેના આધારે પોલીસે ટેટોડા ગૌશાળા પાસે રોડ બ્લોક કરી વોચ ગોઠવી હતી તે દરમિયાન શંકાસ્પદ ગાડી નંબર GJ-01-HV-6916 અને તેનું પાયલોટિંગ કરી રહેલી ગાડી નંબર GJ-01-KW-4517 ત્યાં આવી પહોંચી હતી. પોલીસે રોડ બ્લોક કરતા ઈનોવા ચાલકે ગાડી પાછી વાળી ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સતર્ક પોલીસે લાકડીઓ વડે ગાડીના કાચ તોડી અંદર સવાર ત્રણ શખ્સોને ઝડપી લીધા હતા. જો કે, અંધારાનો લાભ લઈ મુખ્ય સૂત્રધાર રામ બિશ્નોઈ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.પોલીસે બંને ગાડીઓની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂની કુલ ૪૩૨૦ બોટલો મળી આવી હતી, જેની કિંમત અંદાજે રૂા. ૧૧.૮૩ લાખ થાય છે. પોલીસે દારૂ, બે મોંઘીદાટ ગાડીઓ અને અન્ય ચીજવસ્તુઓ મળી કુલ રૂા.૫૭,૪૮,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.આ મામલે પોલીસે સ્થળ પરથી ૩ આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે ફરાર મુખ્ય સૂત્રધાર રામ બિશ્નોઈ સહિત કુલ ૫ શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા છે. ડીસા રૂરલ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# સુરત ખાતે વરાછામાં પણ ભાજપના ઉમેદવારોના વિરોધને પગલે હોબાળો મચ્યો

## પ્રાથમિક સુવિધાઓ અંગે સ્થાનિકોનાં સવાલોનો જવાબ આપવામાં ઉમેદવારો નબળા પડ્યા

### વીડિયો ન ઉતારવા માટે અલ્પેશ કથીરિયાની અપીલ

વરાછા વિસ્તારની સોસાયટીમાં ડોર ટુ ડોર પ્રચાર અર્થે નીકળેલા ભાજપનાં ઉમેદવારો સાથે અલ્પેશ કથિરીયા પણ હાજર હતા. આ દરમિયાન સ્થાનિકો દ્વારા ઉમેદવારોનાં સ્વાગત બાદ તેમની પાસેથી પ્રાથમિક સુવિધાઓ મુદ્દે પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. જો કે, પ્રશ્નોનાં જવાબ આપવાને બદલે ઉમેદવારો દ્વારા ગોળ ગોળ જવાબો આપવામાં આવતાં એક તબક્કે મહિલાઓ દ્વારા વિરોધ નોંધાવ્યો હતો. આ સ્થિતિ વચ્ચે અભિયાનમાં સામેલ અલ્પેશ કથિરીયા દ્વારા રહેવાસીઓને વીડિયો ન ઉતારવાની સલાહ આપવામાં આવી હતી અને જણાવવામાં આવ્યું હતું કે, વીડિયો ઉતાર્યા વિના પણ રજુઆત થઈ શકે છે.

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૧૮

સુરત મહાનગર પાલિકાની ચૂંટણીને આડે હવે ગણતરીનાં દિવસો બાકી છે ત્યારે ભારતીય જનતા પાર્ટીનાં મોવડી મંડળની ચિંતામાં સતત વધારો જોવા મળી રહ્યો છે. ભાજપ ઉમેદવારોનો તેમના ગઢમાં જ છાશવારે વિરોધની ઘટનાઓને પગલે હવે ઉમેદવારો પણ ડોર ટુ ડોર પ્રચાર અભિયાન દરમિયાન ખાસ સાવચેતી રાખી રહ્યા છે. આ દરમિયાન એક તબક્કે ભાજપનો ગઢ ગણાતાં વરાછા વિસ્તારમાં પણ ભાજપનાં ઉમેદવારોનું સ્થાનિકો દ્વારા ફુલ- હાર પહેરાવ્યા બાદ સ્થાનિક સમસ્યાઓ અંગે વિરોધ નોંધાવ્યો હતો. અલબત્ત, આ ઘટનાનાં વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ભારે હોબાળો મચી જવા પામ્યો છે.

સુરત મહાનગર પાલિકાનાં વોર્ડ નં. ૩ (વરાછા - સરથાણા - સીમાડા - લસકાણા)માં ગત રોજ ભારતીય જનતા પાર્ટીનાં ઉમેદવારો દ્વારા ડોર ટુ ડોર પ્રચાર અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમિયાન સોસાયટીનાં રહેવાસીઓ દ્વારા ભાજપનાં ઉમેદવારો સમક્ષ શાળા અને રસ્તા સહિતની સમસ્યાઓ અંગે પ્રશ્નો પૂછતાં ઉમેદવારો પણ એક સમયે હેબતાઈ ગયા હતા. નક્કર જવાબ આપવાને બદલે ભાજપનાં ઉમેદવારો દ્વારા હવે પછી આ સમસ્યાઓ દૂર કરવા અંગેની હૈયાધરપત આપી હતી. જો કે, છેલ્લા ૩૦ વર્ષથી સત્તાની ધુરા સંભાળનારા ભાજપ દ્વારા આ વિસ્તારમાં મુળભુત સુવિધાઓ અંગે આંખ આડા કાન કરવામાં આવ્યા હોવાનાં આક્ષેપો સાથે સ્થાનિકોએ વિરોધ કરતાં ભાજપનાં કાર્યકરો રવાના થઈ ગયા હતા. આ પ્રકારની ઘટનાને પગલે હવે ભાજપનાં ઉમેદવારોમાં પણ ગર્ભિત ડરનો માહોલ જોવા મળી રહ્યો હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

## હોર્મુઝ સ્ટ્રેટમાં ભારતીય ધ્વજવાળા જહાજો પર ગોળીબાર થયા બાદ ભારતે ઈરાની રાજદૂતને સમન્સ પાઠવ્યા

### ઓમાન નજીક બે ભારતીય ધ્વજવાળા જહાજો પર ગોળીબાર થયા બાદ કોઈ ઈજા કે નુકસાન થયું નથી, પરંતુ બંનેને હોર્મુઝ સ્ટ્રેટમાં પાછા ફરવાની ફરજ પડી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

ભારતે શનિવારે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ હોર્મુઝ સ્ટ્રેટમાં બે ભારતીય ધ્વજવાળા જહાજો પર ગોળીબાર થયા બાદ ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી, ઈરાનના રાજદૂત મોહમ્મદ ફતાલીને વિદેશ સચિવ વિક્રમ મિસરી સાથે મુલાકાત માટે બોલાવ્યા હતા. બંને અધિકારીઓ વચ્ચેની બેઠક વિશ્વના સૌથી સંવેદનશીલ દરિયાઈ કોરિડોરમાંના એકમાં ભારતીય શિપિંગની સલામતી સુનિશ્ચિત કરવા અને પશ્ચિમ એશિયા યુદ્ધમાં ગૂંગળામણનો મુદ્દો બની ગયેલા હોર્મુઝ સ્ટ્રેટમાં ભારત જનારા જહાજોને સુવિધા આપવાની પ્રક્રિયા વહેલી તકે ફરી શરૂ કરવા પર કેન્દ્રિત હતી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, 'નવી દિલ્હીમાં ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનના રાજદૂતને આજે સાંજે વિદેશ સચિવ સાથે મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા. બેઠક દરમિયાન, વિદેશ સચિવે આજે વહેલી તકે હોર્મુઝ સ્ટ્રેટમાં બે ભારતીય ધ્વજવાળા જહાજો સાથે થયેલી ગોળીબારની ઘટના પર ભારતની ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી.' તેમણે ઉમેર્યું કે મિસ્ત્રીએ 'ભારત વેપારી શિપિંગ અને નાવિકોની સલામતીને મહત્વ આપે છે' પર ભાર મૂક્યો હતો, જ્યારે યાદ કર્યું હતું કે ઈરાને અગાઉ આ માર્ગ દ્વારા ભારત જતા જહાજો માટે સલામત માર્ગની સુવિધા આપી હતી. 'વેપારી જહાજો પર ગોળીબારની આ ગંભીર ઘટના પર ચિંતા વ્યક્ત કરતા, વિદેશ સચિવે રાજદૂતને ભારતના વિચારો ઈરાનના અધિકારીઓને જણાવવા અને ભારત જતા જહાજોને સ્ટ્રેટ પાર કરવાની સુવિધા આપવાની પ્રક્રિયા વહેલી તકે શરૂ કરવા વિનંતી કરી,' જયસ્વાલે કહ્યું. MEA પ્રવક્તાના જણાવ્યા અનુસાર ઈરાની રાજદૂતે 'ઈરાની અધિકારીઓને આ વિચારો પહોંચાડવાનું કામ હાથ ધર્યું'. આ દરમિયાન, સૂત્રોએ પુષ્ટિ આપી હતી કે કોઈ ઈજા થઈ નથી અને બંને જહાજોને કોઈ નુકસાન થયું નથી, પરંતુ હોર્મુઝ સ્ટ્રેટમાં મુખ્ય વૈશ્વિક તેલ શિપિંગ લેન પર ઓમાનના ઉત્તરપૂર્વમાં ગોળીબાર થયા બાદ બંને જહાજોને પાછા ફરવાની ફરજ પડી હતી. આ જહાજોમાંથી એક વેરી લાર્જ ક્રૂડ કેરિયર (VLCC) છે, જે કોરિડોરમાંથી પસાર થતા ટ્રાફિકના સ્કેલ અને વ્યૂહાત્મક મહત્વને રેખાંકિત કરે છે. વધતા તણાવ વચ્ચે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને સ્ટ્રેટનો ઉપયોગ લીવરેજ તરીકે કરવા સામે ચેતવણી આપી હતી, તેહરાન પર રૂટ ખુલ્લો રાખવા અંગે નીતિમાં ફેરફાર કરવાનો આરોપ લગાવ્યો હતો. 'તેઓ થોડા ક્યૂટ થઈ ગયા, જેમ તેઓ ૪૭ વર્ષથી કરી રહ્યા છે,' ટ્રમ્પે કહ્યું, 'અમે તેમની સાથે વાત કરી રહ્યા છીએ. તેઓ ફરીથી સ્ટ્રેટ બંધ કરવા માંગતા હતા... અને તેઓ અમને બ્લેકમેલ કરી શકતા નથી.' સાવચેતીપૂર્વક આશાવાદી નોંધ લેતા, તેમણે ઉમેર્યું, 'તે ખરેખર ખૂબ સારી રીતે ચાલી રહ્યું છે, અને અમે જોઈશું, પરંતુ દિવસના અંત સુધીમાં અમારી પાસે કેટલીક માહિતી હશે.'

## ઈરાની નૌકાદળ દ્વારા ભારતીય ટેન્કરો પર ગોળીબાર, નવી દિલ્હી તરફથી તીવ્ર પ્રતિક્રિયા

### જગ અર્નવ અને સન્માર હેરાલ્ડ - જહાજો પર સીધો હુમલો કરવામાં આવ્યો, જેનાથી પ્રદેશમાં દરિયાઈ સુરક્ષા અંગે નવી ચિંતાઓ ઉભી થઈ

(એજન્સી) તા.૧૮

શનિવારે ઓમાનની ઉત્તરે ઈરાની નૌકાદળ દ્વારા લગભગ બે મિલિયન બેરલ ઈરાકી તેલ વહન કરતા મોટા ક્રૂડ ઓઈલ ટેન્કર સહિત બે ભારતીય જહાજો પર ગોળીબાર કરવામાં આવ્યો, આ બાબતથી વાકેફ લોકોએ જણાવ્યું હતું કે, ભારતીય જહાજોને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પાછા ફરવાની ફરજ પાડવામાં આવી હોવાના અહેવાલો બહાર આવ્યાના થોડા સમય પછી. બે જહાજો, જગ અર્નવ અને સન્માર હેરાલ્ડ, આ ઘટનામાં સામેલ હતા. જગ અર્નવ અને સન્માર હેરાલ્ડ - જહાજો પર સીધો હુમલો કરવામાં આવ્યો, જેનાથી પ્રદેશમાં દરિયાઈ સુરક્ષા અંગે નવી ચિંતાઓ ઉભી થઈ. ''બંને જહાજો પર ગોળીબાર કરવામાં આવ્યો,'' એક અધિકારીએ જણાવ્યું. ઈરાને અગાઉ કહ્યું હતુંકે, અમેરિકા અને ઈઝરાયલ સાથેના સંઘર્ષમાં સામેલ ન હોય તેવા દેશોને નિશાન બનાવવામાં આવશે નહીં. આ ઘટનાક્રમને કારણે ભારતના વિદેશ મંત્રાલયે આકરો વિરોધ નોંધાવ્યો છે, નવી દિલ્હીએ આ મામલે ઈરાની રાજદૂતને સમન્સ પાઠવ્યું છે. ભારતીય નૌકાદળ ઘટનાની વિગતો મેળવવાનો પ્રયાસ કરી રહ્યું છે કારણ કે હોર્મુઝના સામુદ્રધુનીમાં ભારતીય નૌકાદળનું કોઈ જહાજ નથી, એમ તેમણે ઉમેર્યું. ઓમાનના અખાતમાં ભારત પાસે બે વિનાશક, એક ફ્રિગેટ અને એક ટેન્કર છે.

**યુએસ-ઈરાન સંઘર્ષ અંગે નવીનતમ અપડેટ્સ અનુસરો** : ઘટના પછી કોઈ ઈજાના અહેવાલ નથી. ભારત દ્વારા સખત વિરોધ નોંધાવવામાં આવ્યો છે, જેમાં સંયુક્ત સચિવે ઈરાની રાજદૂતને ગોળીબાર શા માટે થયો તે સમજાવવા કહ્યું છે. મરીન ટ્રાફિક અનુસાર, ભારતના ધ્વજ હેઠળ સફર કરતું બલ્ક કેરિયર જગ અર્નવ, સાઉદી અરેબિયાના અલ જુબેલથી મુસાફરી કરી રહ્યું હતું અને ભારત તરફ જઈ રહ્યું હતું. બલ્ક કેરિયર જગ અર્નવ ભારતના ધ્વજ હેઠળ સફર કરી રહ્યું હતું. આ દરમિયાન, બીજુંજહાજ, સનમાર હેરાલ્ડ, ઈરાકથી ક્રૂડ ઓઈલ લઈને ભારત જઈ રહ્યું હતું. સનમાર હેરાલ્ડ ઈરાકથી ક્રૂડ ઓઈલ લઈ જઈ રહ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ભારત ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ દ્વારા કરવામાં આવેલા ગોળીબારને ગંભીરતાથી લઈ રહ્યું છે અને દેશ હોર્મુઝના સામુદ્રધુનીમાં ખુલ્લા અને મુક્ત નેવિગેશન માટે ઉભો છે. ઈરાન અને ઓમાન વચ્ચે સ્થિત હોર્મુઝ સ્ટ્રેટ, વિશ્વના સૌથી મહત્વપૂર્ણ તેલ પરિવહન કોરિડોરમાંનો એક છે, જેમાંથી વૈશ્વિક ક્રૂડ શિપમેન્ટનો ૨૦% હિસ્સો પસાર થાય છે. ભારત એવા દેશોમાંનો એક છે જ્યાં સૌથી વધુ જહાજો આ સ્ટ્રેટમાંથી પસાર થાય છે, જે ગલ્ફ ક્ષેત્રમાંથી ઉર્જા આયાત પર તેની નિર્ભરતા દર્શાવે છે. યુએસ સાથેના યુદ્ધ દરમિયાન, ઈરાને ભારતને એવા મિત્ર દેશોમાં સામેલ કર્યું છે જેમના જહાજો મહત્ત્વપૂર્ણ સ્ટ્રેટમાંથી પસાર થવાની મંજૂરી આપી રહ્યા છે જ્યારે અન્યને ડ્રોન-મિસાઈલ હુમલાની ધમકીઓથી રોકી રહ્યા છે.

## કેન્દ્ર સરકાર તમિલનાડુના અધિકારો 'ઝૂંટવી' રહી છે: ઉદયનિધિ સ્ટાલિન

(એજન્સી) ઈરોડ, તા.૧૮

તમિલનાડુના નાયબ મુખ્યમંત્રી ઉધયનિધિ સ્ટાલિને શનિવારે ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આરોપ લગાવ્યો હતો કે કેન્દ્ર સરકાર રાજ્યના હકના ભંડોળ રોકી રહી છે અને તમિલનાડુના અધિકારો ''ઝૂંટવી'' રહી છે. ૨૩ એપ્રિલે યોજાનારી વિધાનસભા ચૂંટણીના પ્રચાર અર્થે ઈરોડ જિલ્લાના ગોબીચેટ્ટીપાલયમમાં એક રેલીને સંબોધતા તેમણે આ નિવેદન આપ્યું હતું. ડીએમકે (DMK) યુવા પાંખના વડા ઉધયનિધિએ દાવો કર્યો હતો કે કેન્દ્ર સરકારે શિક્ષણ માટે ફાળવવામાં આવેલા આશરે ૩,૦૦૦ કરોડ રૂપિયા હજુ સુધી મુક્ત કર્યા નથી. તેમણે સીમાંકન (Delimitation) પ્રક્રિયાના મુદ્દે પણ કેન્દ્રને ઘેર્યું હતું અને જણાવ્યું હતું કે મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિન દેશના પ્રથમ નેતા હતા જેમણે આ પ્રક્રિયા સામે વાંધો ઉઠાવ્યો હતો. લોકસભામાં સીમાંકન સંબંધિત બિલના પરાજયને તેમણે 'ઈન્ડિયા' (INDIA) ગઠબંધનની મોટી જીત ગણાવી હતી. ચૂંટણીલક્ષી વચનો અને કલ્યાણકારી યોજનાઓ પર ભાર મૂકતા ઉધયનિધિએ જણાવ્યું હતું કે, જો ડીએમકે ફરી સત્તામાં આવશે તો 'કલાઈનર મગલીર ઉરીમાઈ થોગાઈ' યોજના હેઠળ મહિલાઓને મળતી માસિક સહાય વધારીને ૨,૦૦૦ રૂપિયા કરવામાં આવશે. તેમણે આક્ષેપ કર્યો હતો કે ભાજપ અને એઆઈએડીએમકે (AIADMK)એ કાયદાકીય હસ્તક્ષેપ દ્વારા આ યોજનાને રોકવાનો પ્રયાસ કર્યો હતો, તેમ છતાં અત્યાર સુધી ૧.૩ કરોડથી વધુ મહિલાઓ તેનો લાભ લઈ રહી છે. શિક્ષણ ક્ષેત્રે નવી જાહેરાતો કરતા તેમણે કહ્યું કે સરકારી શાળાઓમાં નાસ્તાની યોજના ધોરણ ૮ સુધી લંબાવવામાં આવશે અને રાજ્યના ૩૫ લાખથી વધુ કોલેજ વિદ્યાર્થીઓને મફત લેપટોપ આપવામાં આવશે. આ ઉપરાંત, 'ઈલ્લથરસી' યોજના હેઠળ આવકવેરો ન ભરતી મહિલાઓને ઘરવપરાશની વસ્તુઓ ખરીદવા માટે ૮,૦૦૦ રૂપિયાના કૂપન આપવાનું વચન પણ તેમણે આપ્યું હતું. નોંધનીય છે કે તમિલનાડુની તમામ ૨૩૪ વિધાનસભા બેઠકો માટે ૨૩ એપ્રિલે મતદાન થશે અને ૪ મેના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે.

## સીમાંકન મુદ્દે રેવંત રેડ્ડીનો કેન્દ્ર પર પ્રહાર : ઉત્તર-દક્ષિણ વચ્ચે ભાગલા પાડવાનો આક્ષેપ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહાર કરતા આક્ષેપ કર્યો છે કે, સૂચિત સીમાંકન (Delimitation) પ્રક્રિયા દ્વારા સરકાર ઉત્તર અને દક્ષિણ ભારત વચ્ચે વિભાજન ઊભું કરવાનો પ્રયાસ કરી રહી છે. તેમણે મહિલા અનામત માટેના તાજેતરના કાયદાકીય પ્રયાસો પાછળના હેતુ પર પણ ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા મુખ્યમંત્રી રેડ્ડીએ લોકસભામાં 'બંધારણ (૧૩૧મો સુધારો) બિલ, ૨૦૨૬' નિષ્ફળ ગયા બાદ નરેન્દ્ર મોદી સરકારની આલોચના કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે આ બિલનો ઉદ્દેશ્ય માત્ર મહિલા પ્રતિનિધિત્વ વધારવાનો નહોતો, પરંતુ તેની આડમાં સંસદીય બેઠકોની સંખ્યા વધારીને રાજકીય સંતુલન બદલવાની યોજના હતી. ઉલ્લેખનીય છે કે, સંસદમાં ૩૩ ટકા મહિલા અનામત માટેના આ બિલને બે-તૃતીયાંશ બહુમતી ન મળતા તે પસાર થઈ શક્યું નહોતું. બિલની તરફેણમાં ૨૯૮ અને વિરોધમાં ૨૩૦ મત પડ્યા હતા. રેવંત રેડ્ડીએ દલીલ કરી હતી કે સરકારની વ્યાપક રણનીતિ લોકસભાની સભ્ય સંખ્યા વધારવાની છે. આ પગલાથી એવા રાજ્યોને વધુ ફાયદો થઈ શકે છે જ્યાં ભારતીય જનતા પાર્ટીનો પ્રભાવ વધારે છે. તેમણે આશંકા વ્યક્ત કરી હતી કે આવી ચાલ દ્વારા સત્તાધારી પક્ષ ભવિષ્યમાં બંધારણમાં મનસ્વી સુધારા કરવા માટે જરૂરી સંખ્યાબળ મેળવવા માંગે છે. તેમણે કેન્દ્રને ચેતવણી આપતા કહ્યું કે, સીમાંકનને મહિલા અનામત સાથે સાંકળવું ન જોઈએ, કારણ કે તેનાથી પ્રાદેશિક અસમાનતા અને ખાઈ ઊંડી થઈ શકે છે. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ''ઉત્તર અને દક્ષિણ ભારત વચ્ચે ભાગલા ન પાડો. રાષ્ટ્રની પ્રગતિમાં આપણે સૌ સમાન હિસ્સેદાર છીએ.'' તેમણે આરોપ લગાવ્યો કે સત્તાધારી પક્ષ અગાઉ પણ અનામત સહિતની બંધારણીય જોગવાઈઓમાં ફેરફાર કરવા માટે મોટું સંખ્યાબળ ઈચ્છતો હતો, પરંતુ ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં મતદારો અને વિપક્ષી ગઠબંધને તેને અટકાવ્યું હતું.

# હું માતાઓ અને બહેનોની માફી માંગુ છું : ક્વોટા બિલની હાર માટે વિપક્ષ પર PM મોદીના ભારે પ્રહાર

### મહિલાઓના અધિકારો છીનવી લીધા પછી રાજવંશીય પક્ષો હસી રહ્યા હતા : મોદીએ કોંગ્રેસને 'સુધારા-વિરોધી' પક્ષ ગણાવ્યો

### મહિલા અનામત માટેનું બંધારણ (૧૩૧મો સુધારો) બિલ શુક્રવારે પસાર ન થતાં એક દિવસ પછી પીએમ મોદીએ રાષ્ટ્રવ્યાપી સંબોધન કર્યું અને સરકારની હાર માટે વિપક્ષ પર દોષનું ઠીકરું ફોડ્યું

### 'વિરોધીઓએ મહિલા અધિકારોની ભ્રૂણહત્યા કરી છે' : લોકસભામાં ક્વોટા બિલ નિષ્ફળ ગયાના એક દિવસ પછી વડાપ્રધાન મોદીનું રાષ્ટ્રને સંબોધન

### આ ભાષણમાં, મોદીએ વિપક્ષી નેતાઓ પર સંસદમાં બિલની હારની પ્રશંસા કરવાનો આરોપ લગાવ્યો અને તેને મહિલાઓના ગૌરવ અને આત્મસન્માન પર હુમલો ગણાવ્યો હતો

(એજન્સી) તા.૧૮

સંસદમાં મહિલા અનામત બિલની હાર બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે દેશની ''માતાઓ અને પુત્રીઓ'' પાસે માફી માંગી હતી અને તેમણે ''જનીતિ''ને કારણે મહિલાઓના સપનાઓને કચડી નાખવા બદલ વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા. રાષ્ટ્રને સંબોધનમાં વડાપ્રધાને ભાર મૂક્યો કે, કેવી રીતે લોકસભાની પરીક્ષામાં બિલ નિષ્ફળ ગયા પછી વિપક્ષ ખાસ કરીને કોંગ્રેસ, ટીએમસી અને ડીએમકે ખુશીથી ટેબલ થપથપાવી રહ્યા હતા.



મોદીએ કહ્યું કે, હું બિલ પસાર કરાવવામાં નિષ્ફળ રહેવા બદલ દેશની તમામ મહિલાઓ પાસેથી માફી માંગુ છું. કોંગ્રેસ, ડીએમકે, ટીએમસી અને સમાજવાદી પાર્ટી જેવા પક્ષોના સ્વાર્થી રાજકારણને કારણે, દેશની મહિલાઓએ સહન કરવું પડ્યું છે. બંગાળ અને તમિલનાડુ, એવા રાજ્યો જ્યાં ટીએમસી અને ડીએમકે સત્તામાં છે, ત્યાં આવતા અઠવાડિયે ચૂંટણી યોજાશે.

સંવિધાન (૧૩૧મો સુધારો) બિલ, જેનો હેતુ સંસદમાં મહિલા અનામતના અમલીકરણને ઝડપી બનાવવા માટે લોકસભાની બેઠકો વધારવાનો હતો, ૨૦૧૪માં સત્તામાં આવ્યા પછી મોદી સરકાર માટે આ પહેલી મોટી હાર હતી. ભાવના અને સંઘર્ષાત્મક સ્વર સાથે વડાપ્રધાને વિપક્ષને ચેતવણી આપી કે એક મહિલા બધું ભૂલી શકે છે, પરંતુ તેનું અપમાન નહીં. સંસદમાં જે બન્યું તે ફક્ત ટેબલ થપથપાવવાનું નહોતું, પરંતુ મહિલાઓના ગૌરવ અને આત્મસન્માન પર હુમલો હતો. સંસદમાં કોંગ્રેસ અને તેના સાથી પક્ષોનું વર્તન દેશભરની મહિલાઓના મનમાં રહેશે.

સંસદમાં મહિલા અનામત બિલની હાર બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા, કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, DMK અને સમાજવાદી પાર્ટી જેવા પક્ષો પર ''સ્વાર્થી રાજકારણ'' માટે મહિલાઓને તેમના અધિકારોથી વંચિત રાખવાનો આરોપ લગાવ્યો હતો. બંધારણ (૧૩૧મો સુધારો) બિલ લોકસભામાં પાસ ન થયાના એક દિવસ પછી રાષ્ટ્રને સંબોધન કરતાં મોદીએ દેશની મહિલાઓની માફી માંગી અને કહ્યું કે, વિપક્ષે સંસદમાં મહિલાઓના પ્રતિનિધિત્વને વધારવાના હેતુથી લેવામાં આવેલા પગલાની હારની ઉજવણી કરી હતી.

સંસદમાં મહિલા અનામતના અમલીકરણને ઝડપી બનાવવા માટે લોકસભા બેઠકોની સંખ્યા વધારવાનો પ્રયાસ કરતો આ બિલ શુક્રવારે નિષ્ફળ ગયો. ૨૦૧૪માં સત્તામાં આવ્યા પછી મોદી સરકાર માટે આ પહેલો મોટો કાયદાકીય આંચકો હતો. ભાષણમાં વડાપ્રધાને વિપક્ષી નેતાઓ પર સંસદમાં બિલની હારને બિરદાવવાનો આરોપ લગાવ્યો અને તેને મહિલાઓના ગૌરવ અને આત્મસન્માન પર હુમલો ગણાવ્યો. સંસદમાં, કોંગ્રેસ, ડીએમકે, તૃણમૂલ અને સમાજવાદી પાર્ટીના નેતાઓ બિલને હરાવવા માટે તાળીઓ પાડી રહ્યા હતા. તેમણે દેશની મહિલાઓને જે હક મળ્યો હતો તે છીનવી લેતા તાળીઓ પાડી. આ મહિલાઓના આત્મસન્માન પર હુમલો છે. તેમણે વધુમાં ચેતવણી આપી હતી કે, મહિલાઓ સંસદમાં વિપક્ષના વર્તનને ભૂલશે નહીં. એક મહિલા કંઈપણ ભૂલી શકે છે, પરંતુ તેની સાથે થયેલા અન્યાયને ક્યારેય ભૂલશે નહીં. વડાપ્રધાનએ કહ્યું કે, બિલનો પરાજય ફક્ત રાજકીય આંચકો નહોતો પરંતુ દેશભરની મહિલાઓ સાથે વિશ્વાસઘાત હતો.

મોદીએ દાયકાઓથી વિપક્ષ પર વારંવાર મહિલા અનામતમાં અવરોધ ઉભો કરવાનો આરોપ પણ લગાવ્યો અને આરોપ લગાવ્યો કે પક્ષોએ તથ્યોને વિકૃત કર્યા છે અને તેના અમલીકરણને રોકવા માટે પ્રક્રિયાગત યુક્તિઓનો ઉપયોગ કર્યો છે. તેમણે કહ્યું કે, આ બિલનો હેતુ મહિલાઓને તેમનું યોગ્ય પ્રતિનિધિત્વ આપવાનો અને ૨૦૨૯ની લોકસભા ચૂંટણી સુધીમાં અનામત લાગુ કરી શકાય તે સુનિશ્ચિત કરવાનો હતો. આ સુધારો ક્યારેય કોઈની પાસેથી કંઈ છીનવી લેવાનો નહોતો. તે આપવાનું કાર્ય હતું. તે આખરે મહિલાઓને ૪૦ વર્ષોથી નકારવામાં આવેલા અધિકારો આપવાનો એક પવિત્ર પ્રયાસ હતો. ભારતની વિકાસ યાત્રામાં મહિલાઓને સમાન ભાગીદાર બનાવવાનો પ્રયાસ ગણાવતા મોદીએ કહ્યું કે, આ કાયદાનો હેતુ દેશના દરેક ક્ષેત્રમાં પ્રતિનિધિત્વને મજબૂત બનાવવાનો પણ છે. બિલની હાર પછી મોદીએ કોંગ્રેસ અને તેના સાથી પક્ષો પર મહિલા અધિકારોનું ''ભ્રૂણહત્યા'' કરવાનો આરોપ મૂક્યો. તેઓએ બંધારણ વિરૂદ્ધ, આ દેશના સ્ત્રીત્વ વિરૂદ્ધ ગુનો કર્યો છે. સત્ય એ છે કે, તેઓ મહિલા અનામતના વિચાર પ્રત્યે ઊંડો રોષ ધરાવે છે. તેમણે એમ પણ કહ્યું કે, તેમને આશા હતી કે કોંગ્રેસ તેની ભૂતકાળની ભૂલોને સુધારવા માટે તકનો ઉપયોગ કરશે, પરંતુ તેના બદલે મહિલાઓ સાથે ઊભા રહેવામાં નિષ્ફળ ગઈ છે. ઉલ્લેખનીય છે કે, આ ટિપ્પણી પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં ચૂંટણીના થોડા દિવસો પહેલા આવી હતી, જ્યાં તૃણમૂલ કોંગ્રેસ અને ડીએમકે સત્તામાં છે.

## મહિલા અનામતનું ષડયંત્ર



(એજન્સી) તા.૧૮

આખરે સસ્પેન્સનો અંત આવ્યો છે. ભારતની મહિલાઓને સશક્ત બનાવવા માટે આપણે જે 'ક્રાંતિકારી' પગલું લેવાની અપેક્ષા રાખી રહ્યા હતા, તે અચાનક એટલું તાત્કાલિક હતું કે ચાર રાજ્યોમાં ચૂંટણીઓ વચ્ચે સંસદનું ખાસ સત્ર બોલાવવામાં આવ્યું. તેમાં એક ષડયંત્રના બધા સંકેતો હતા અને 'નારીવંદન'ના પડદા પાછળ સંસદને એવી રીતે ફરીથી આકાર આપવાનો પ્રયાસ હતો કે જેથી ભાજપ માટે આગામી ચૂંટણી સરળ બને. ખાસ સત્ર (૧૬-૧૮ એપ્રિલ) શરૂ થયાના માંડ ૩૬ કલાક પહેલા બંધારણના ૧૩૧મા સુધારા બિલનો આખરે બહાર પડતાં સાચી વાત સામે આવી. શંકા મુજબ, આ સુધારો મહિલાઓના પ્રતિનિધિત્વ વધારવા વિશે નહીં અને સંસદના પુનર્ગઠન વિશે હતો. મહિલા અનામત પર, ફેરફાર સામાન્ય હતો : બેઠકો અનામત રાખતા પહેલા નવા વસ્તી ગણતરીના ડેટાની રાહ જોવાની જરૂરિયાતને દૂર કરવા માટે તેણે કલમ ૩૩૪છ માં સુધારો કર્યો. આનો અર્થ એ થયો કે મહિલાઓ માટે અનામત, સૈદ્ધાંતિક રીતે, ૨૦૨૯ની લોકસભા ચૂંટણી સુધીમાં લાગુ કરી શકાય છે. પરંતુ આપણે એ ભૂલવું ન જોઈએ કે નવી વસ્તી ગણતરી અને સીમાંકન કવાયત સાથે મહિલા અનામતને જોડતી શરત

### 'નારીવંદન' બિલના પડદા પાછળ સંસદને એવી રીતે ફરીથી આકાર આપવાનો પ્રયાસ હતો કે જેથી ભાજપ માટે આગામી ચૂંટણી સરળ બને તે અંગે યોગેન્દ્ર યાદવનું વિશ્લેષણ

ટેક્સ્ટ આખરે સામે આવ્યો. આટલા લાંબા સમય સુધી આટલા લાંબા સમય સુધી આટલા મોટા પગલાને શા માટે છુપાવી રાખવામાં આવ્યું, અને ખાસ કરીને મહિલાઓને સશક્તિકરણ માટે તે શા માટે લોકો માટે ગુપ્ત રાખવામાં આવ્યું. આ સુધારા માટે સંસદમાં બે તૃતીયાંશ બહુમતી જરૂરી હતી, જે સરકાર પાસે નહોતી. વિપક્ષના સમર્થન વિના આ બિલ પસાર થઈ શક્યું નહીં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતે વિપક્ષી પક્ષોને તેનું સમર્થન કરવા અપીલ કરી. પરંતુ તેમને અગાઉથી આ લખાણ કેમ ન આપવામાં આવ્યું, જેથી તેમની પાસે તેની યોગ્યતાનું કાળજીપૂર્વક મૂલ્યાંકન કરવા માટે પૂરતો સમય મળી શકે? વારંવાર માંગણીઓ છતાં સર્વસંમતિ બનાવવા માટે સર્વપક્ષીય બેઠક કેમ ન થઈ? અને બંગાળ અને તમિલનાડુમાં ચૂંટણી પ્રચાર વચ્ચે, મતદાનના એક અઠવાડિયા પહેલા જ ખાસ સત્ર બોલાવવાની ઉતાવળ શું હતી ? આ લખાણ કોણે રજૂ કરી હતી. તે મોદી સરકાર હતી, જ્યારે તેણે ૨૦૨૩માં એક તૃતીયાંશ અનામત સુધારો લાવ્યો હતો. તે શરતે અમલીકરણને અસરકારક રીતે એક દાયકા સુધી લંબાવ્યું. તે સમયે, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખર્ગેએ માંગ કરી હતી કે આ કલમ રદ કરવામાં આવે અને ૨૦૨૪ ની ચૂંટણીથી અનામત લાગુ કરવામાં આવે. મોદી સરકારે માંગણીને નકારી કાઢી હતી - અને હવે, ત્રણ વર્ષ પછી, એક ઐતિહાસિક સફળતાનો શ્રેય લેવાનો પ્રયાસ કરી રહી છે. સુધારાનું વાસ્તવિક ધ્યાન લોકસભા અને રાજ્ય વિધાનસભાઓનું સૂચિત પુનર્ગઠન હતું. પ્રથમ નજરમાં, લોકસભાની મહત્તમ સંખ્યા ૫૪૭ થી વધારીને (૫૪૩ ચૂંટાયેલા સભ્યો સાથે) ૮૧૫ કરવી વાજબી લાગે છે. છેવટે, મતવિસ્તારોનું કદ વધી ગયું છે, અને વધુ બેઠકોનો અર્થ વધુ સારૂં પ્રતિનિધિત્વ હોઈ શકે છે.

## ગોરેગાંવ ક્લસ્ટર સહિત મુંબઈના પુનર્વિકાસ પ્રોજેક્ટ્સ પર અદાણીનો દબદબો વધ્યો

### ધારાવી અને બાંદ્રા રિક્લેમેશન મેળવ્યા પછી, ગ્રુપે હવે મુંબઈના ગોરેગાંવમાં ૧૪૩ એકરનો મોતીલાલ નગર પ્રોજેક્ટ જીતી લીધો છે

(એજન્સી) તા.૧૮

ભારતની આર્થિક રાજધાની મુંબઈમાં, અદાણી ગ્રુપ ઉચ્ચ-મૂલ્યવાળી શહેરી જમીન સાથે જોડાયેલા આકર્ષક ઝૂંપડપટ્ટી અને ક્લસ્ટર પુનર્વિકાસ પ્રોજેક્ટ્સમાં સતત પોતાનો વ્યાપ વધારી રહ્યું છે. ધારાવી (૬૨૫ એકર)ના પુનર્વિકાસ પછી, બાંદ્રા રિક્લેમેશન (૨૪ એકર)ને સુરક્ષિત કર્યા પછી, ગ્રુપે હવે ગોરેગાંવમાં ૧૪૩ એકરમાં ફેલાયેલા મોતીલાલ નગર પ્રોજેક્ટ માટે કોન્ટ્રાક્ટ જીતી લીધો છે. ધારાવી પ્રોજેક્ટ માટે DLFને પાછળ છોડી દીધા પછી, અદાણીએ ત્યારબાદ બાંદ્રા રિક્લેમેશન અને મોતીલાલ નગર વિકાસ બંને માટે ઊંચી બોલી લગાવીને લાર્સન એન્ડ ટુબ્રોને પાછળ છોડી દીધી. આ પ્રોજેક્ટ્સ દ્વારા, ગ્રુપે તાજેતરના વર્ષોમાં મુંબઈમાં નોંધપાત્ર વિકાસ અધિકારો અને જમીનનો ઉપયોગ મેળવ્યો છે. ગયા વર્ષે, અદાણીની એક પેટાકંપનીએ દક્ષિણ મુંબઈમાં કાર્માઈકલ રોડ પર ૧.૧ એકરની ખાનગી મિલકત પણ ખરીદી હતી. વિરોધ પક્ષો વારંવાર કેન્દ્ર અને મહારાષ્ટ્ર રાજ્ય સરકાર પર આ પ્રોજેક્ટ્સ આપવામાં અદાણી ગ્રુપની તરફેણ કરવાનો આરોપ લગાવી રહ્યા છે. દરમિયાન, આ સમૂહે સુપ્રીમ કોર્ટ સુધી પહોંચતા કાનૂની પડકારોનો સફળતાપૂર્વક સામનો કર્યો છે. જોકે, ધારાવી અને મોતીલાલ નગરના રહેવાસીઓએ પારદર્શિતા અંગે ચિંતા વ્યક્ત કરી છે, જેના કારણે ધારાવીમાં વિરોધ ચાલુ છે. સરકારનો દાવો છે કે, મોતીલાલ નગરની જમીનની માલિકી મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (MHADA) પાસે રહેશે. શુક્રવારે મીડિયા સાથે વાત કરતા, MHADAના ઉપ-પ્રમુખ અને CEO સંજીવ જયસ્વાલે જણાવ્યું હતું કે, જ્યારે આ પ્રોજેક્ટ શરૂઆતમાં રૂા.૩૬,૦૦૦ કરોડનો અંદાજવામાં આવ્યો હતો, ત્યારે કુલ રોકાણ હવે રૂા.૧ લાખ કરોડ સુધી વધી શકે છે, જે અદાણી ગ્રુપ દ્વારા ભંડોળ પૂરૂં પાડવામાં આવશે. મોતીલાલ નગરને ભારતના પ્રથમ આધુનિક ટાઉનશીપ-શૈલીના પુનર્વિકાસ પ્રોજેક્ટ્સમાંના એક તરીકે સ્થાન આપવામાં આવી રહ્યું છે. હાલમાં લગભગ ૨૩૦ ચોરસ ફૂટના ઘરોમાં રહેતા પરિવારોને આશરે ૧,૬૦૦ ચોરસ ફૂટના એકમોમાં પુનઃસ્થાપિત કરવાની અપેક્ષા છે. આવાસ ઉપરાંત, આ પ્રોજેક્ટમાં રમતગમતની સુવિધાઓ, સામાજિક-સાંસ્કૃતિક કેન્દ્રો અને આધુનિક વ્યવસાય કેન્દ્રોનો સમાવેશ થશે. તે બાંધકામ અને વિકાસ (C&D) મોડેલ હેઠળ અમલમાં મૂકવામાં આવશે.

## ન્યાયતંત્રની ટીકા સુધારા માટેનું સૂચન છે, તેને નિંદા કહી શકાય નહીં : ન્યાયાધીશ મનમોહન

### સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશે કહ્યું કે, 'અંતિમ નિર્ણય માનવ મન પર રહેવો જોઈએ. પરંતુ ટેક્નોલોજીનો ઉપયોગ એક સાધન તરીકે થવો જોઈએ,'

(એજન્સી) તા.૧૮

જસ્ટિસ મનમોહને શનિવારે કહ્યું હતું કે ન્યાયતંત્રની ટીકાને નિંદા તરીકે નહીં, પરંતુ સુધારા સૂચવવાના માર્ગ તરીકે જોવી જોઈએ. તેઓ સોસાયટી ઓફ ઈન્ડિયન લો ફર્મ્સ અને સોસાયટી ઓફ લીગલ પ્રોફેશનલ્સ દ્વારા 'બધાને ન્યાય - સુલભ અને પોષણક્ષમ' થીમ પર આયોજિત કાનૂની સંમેલન અને પુરસ્કાર સમારોહમાં બોલી રહ્યા હતા. તેમણે કહ્યું કે, 'ગઈ વખતે, મેં સિસ્ટમ સુધારવા વિશે વાત કરી હતી અને મારા ભાષણની કેટલાક લોકો દ્વારા ગેરસમજ કરવામાં આવી હતી, જાણે કે તે સિસ્ટમની નિંદા હોય. જ્યારે તમે સિસ્ટમ સુધારવાની વાત કરો છો, ત્યારે તમારે ઘણીવાર સિસ્ટમમાં ઉદ્ભવતા મુદ્દાઓ વિશે વાત કરવી પડે છે. જ્યારે તમે સિસ્ટમમાં ખામીઓ પર વાત કરો છો, ત્યારે તમે ફક્ત સિસ્ટમને સુધારવા માટે કરો છો, તેની નિંદા કરવા માટે નહીં. તેથી, તેને સિસ્ટમની નિંદા તરીકે ન ગણવું જોઈએ અને જેઓ પોતાનો કેસ આગળ વધારવા માંગે છે તેમના દ્વારા તેનો ઉપયોગ હથિયાર તરીકે ન થવો જોઈએ. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશે કહ્યું કે ટીકા પ્રત્યે સંતુલિત અભિગમ દ્વારા જ સિસ્ટમને મજબૂત બનાવી શકાય છે. ટીકાને સિસ્ટમની નિંદા તરીકે ન ગણવી જોઈએ. તેને એક સૂચન તરીકે ગણવી જોઈએ. તેમણે અગાઉ નક્કી કરેલા એક કેસનો ઉલ્લેખ કરતા, ન્યાયાધીશે જાતિ વાસ્તવિકતાઓ દર્શાવવા બદલ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ હેઠળ ફિલ્મ નિર્માતા સામે દાખલ કરાયેલી FIR વિશે વાત કરી હતી. હું હમણાં જ રજૂ કરેલા મુદ્દાને સમજાવવા માંગુ છું. થોડા વર્ષો પહેલા મારી સામે એક કેસ આવ્યો હતો, જેનો મેં નિર્ણય લીધો હતો. તે ફિલ્મના નિર્માતા સામેની FIR રદ કરવા સંબંધિત હતો, જ્યાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ હેઠળ FIR દાખલ કરવામાં આવી હતી અને આરોપ એ હતો કે ફિલ્મમાં જાતિ વ્યવસ્થાના સામાજિક દુષ્ટતાને ખૂબ વિગતવાર દર્શાવવામાં આવી હતી અને તેથી નિર્માતા પર કાયદા હેઠળ



કાર્યવાહી થવી જોઈએ. તેમણે કહ્યું કે તેમણે FIR રદ કરી છે, નોંધ્યું છે કે સામાજિક મુદ્દાઓનું ચિત્રણ જરૂરી છે. નહીંતર, જનતા તેને કેવી રીતે સમજશે ? તેથી, જ્યારે આપણે સિસ્ટમમાં ઉદ્ભવતા મુદ્દાઓ વિશે વાત કરીએ છીએ અને સિસ્ટમમાં સુધારો કરવાનો પ્રયાસ કરીએ છીએ, ત્યારે તે સિસ્ટમની નિંદા નથી. તે ફક્ત એ નિર્દેશ કરે છે કે સિસ્ટમમાં ચોક્કસ સુધારાની જરૂર છે. તે તેમાં રહેલી ખામીઓને દૂર કરીને સિસ્ટમને ઉચ્ચ સ્તરે લઈ જઈ રહી છે. કાનૂની શિક્ષણ પર, તેમણે કહ્યું કે કાયદાકીય સંસ્થાઓએ તેમનો દૃષ્ટિકોણ વિસ્તૃત કરવો જોઈએ. તેઓએ ફક્ત ભારત પર ધ્યાન કેન્દ્રિત ન કરવું જોઈએ. તેમણે સમગ્ર વિશ્વને એક કેનવાસ તરીકે ગણવું પડશે. આજની દુનિયાને એક એકમ તરીકે ગણવી પડશે. તમારે સહિયારી સમસ્યાઓના ઉકેલ શોધવા પડશે. તેમણે કાનૂની વ્યવસ્થામાં ટેક્નોલોજીની ભૂમિકા વિશે પણ વાત કરી હતી. કોઈ એવું નથી કહેતું કે સમગ્ર નિર્ણય લેવાની પ્રક્રિયા ટેક્નોલોજીને સોંપવી જોઈએ. ટેક્નોલોજી માનવ-નિયંત્રિત રહેવી જોઈએ. આપણે તેને સક્ષમકર્તા તરીકે ગણવી જોઈએ. આપણે તેનો ઉપયોગ કરવો જોઈએ, પરંતુ આપણે માનવ દેખરેખ જાળવી રાખવી જોઈએ. અંતિમ નિર્ણય માનવ મન પાસે હોવો જોઈએ. પરંતુ ટેક્નોલોજીનો ઉપયોગ એક સાધન તરીકે થવો જોઈએ. તેઓએ કેસોની પેન્ડન્સી અંગે ચિંતા વ્યક્ત કરી અને તેને ઘટાડવા માટે ઉપલબ્ધ તમામ માધ્યમોનો ઉપયોગ કરવા હાકલ કરી. તેમણે એવો પણ પ્રશ્ન કર્યો કે શું મધ્યસ્થી તેના મૂળ હેતુથી દૂર ગઈ છે.

## ભારતે લેબનોનમાં ફ્રેન્ચ યુએન શાંતિ રક્ષકો પરના હુમલાની નિંદા કરી

### દક્ષિણ લેબનોનમાં એક રસ્તો સાફ કરતી વખતે એક ફ્રેન્ચ સૈનિકનું મોત થયું અને ત્રણ અન્ય ઘાયલ થયા, આ હુમલાને યુએન શાંતિ રક્ષકો અને ફ્રેન્ચ અધિકારીઓએ ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ દ્વારા કરવામાં આવ્યો હોવાનો દાવો કર્યો હતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

ફ્રેન્ચ રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને લેબનોનના રાષ્ટ્રપતિ જોસેફ આઉન અને વડાપ્રધાન નવાફ સલામ સાથેની વાતચીતમાં 'અસ્વીકાર્ય હુમલો'ની નિંદા કરી. ભારતે શનિવારે લેબનોનમાં ફ્રેન્ચ યુએન શાંતિ રક્ષકો પર થયેલા હુમલાની નિંદા કરી, લેબનોન સરકારને આ હુમલાની તાત્કાલિક તપાસ કરવા અને તેના ગુનેગારોને ન્યાય અપાવવા વિનંતી કરી. દક્ષિણ લેબનોનમાં એક રસ્તો સાફ કરતી વખતે એક ફ્રેન્ચ સૈનિકનું મોત થયું અને ત્રણ અન્ય ઘાયલ થયા, જે યુએન શાંતિ રક્ષકો અને ફ્રેન્ચ અધિકારીઓએ દાવો કર્યો હતો કે ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ દ્વારા કરવામાં આવ્યો હતો. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'અમે શહીદ બ્લુ હેલ્મેટને શ્રદ્ધાંજલિ આપીએ છીએ અને ઘાયલ થયેલા ત્રણ અન્ય શાંતિ રક્ષકોના ઝડપી સ્વસ્થ થવાની ઈચ્છા રાખીએ છીએ.' વિદેશ મંત્રાલયે યુએન પરિસર અને કર્મચારીઓની પવિત્રતાનું સન્માન કરવાના મહત્વનો પણ પુનરોચ્ચાર કર્યો અને તમામ પક્ષોને યુએન શાંતિ રક્ષકોની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા વિનંતી કરી. દરમિયાન, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને લેબનીઝ રાષ્ટ્રપતિ જોસેફ ઓન અને વડાપ્રધાન નવાફ સલામ સાથેની વાતચીતમાં 'અસ્વીકાર્ય હુમલા'ની નિંદા કરી. યુએન શાંતિ રક્ષકોએ જણાવ્યું હતું કે પ્રારંભિક મૂલ્યાંકન સૂચવે છે કે આગ બિન-રાજ્ય કલાકારો, કથિત રીતે હિઝબુલ્લાહ દ્વારા કરવામાં આવી હતી, અને તે 'ઈરાદાપૂર્વકનો હુમલો' તરીકે ઓળખાતી ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે.

### ધંધુકા શહેરમાં બાઈક ઓવરટેક કરવાની સામાન્ય બાબતે મામલો બિચકયો

# યુવાનની હત્યાને પગલે ટોળાં રસ્તા પર ઉતર્યા કેટલીક દુકાનોમાં તોડફોડ-આગચંપી : ભારેલો અગ્નિ

### એસ.પી. સહિતનો પોલીસ કાફલો દોડી આવતા પરિસ્થિતિ હાલ અંકુશમાં





(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૮

ધંધુકા શહેરમાં બાઈક ઓવરટેક કરવાની સામાન્ય બાબતે એક યુવાનની ઘાતકી હત્યાનો બનાવ બનતા સમગ્ર પંથકમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ હતી. હત્યાની ઘટનાના સમાચાર વહેતા થતા જ સ્થાનિકોના ટોળા રસ્તા પર ઉતરી આવ્યા હતા અને ઉશ્કેરાયેલા ટોળાએ કેટલીક દુકાનોમાં આગચંપી તેમજ તોડફોડ કરી હતી. હાલ પરિસ્થિતિ પર અંકુશ મેળવવા માટે એસ.પી. તથા ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો કાફલો ઘટનાસ્થળે તૈનાત કરી દેવામાં આવ્યો છે. ધારાસભ્ય કાળુ ડાભીએ જણાવ્યુ હતુ કે, બહારગામ હતો અને ઘટનાની જાણ થતાં આરએમએસ હોસ્પિટલ ગયો, ત્યાં જોયું તો એક યુવાનનું મૃત્યુ થયેલું હતું. ત્યારબાદ અમે શાંતિની અપીલ કરી, તેમના સમાજના આગેવાનો સાથે બેઠક થઈ, જિલ્લાના એસપી પણ પોલીસ કાફલા સાથે પહોંચી ગયા હતા. બધા સાથે બેઠક બાદ હાલ ધંધુકામાં શાંતિનો માહોલ છે. સમગ્ર મામલે પ્રાપ્ત પ્રાથમિક માહિતી મુજબ બાઈક ઓવરટેક કરવા મુદ્દે માથાકૂટ થઈ હતી. જે ઉગ્ર બોલાચાલી બાદ હત્યામાં પરિણમી હતી. યુવાનની હત્યા બાદ લોકોમાં રોષ ફેલાયો હતો, જેના પરિણામે અચાનક પરિસ્થિતિ વણસી હતી. ઉશ્કેરાયેલા ટોળાએ બજાર વિસ્તારમાં આવેલી અમુક દુકાનોને નિશાન બનાવી આગ ચાંપી હતી. આ હિંસક પ્રવૃત્તિને કારણે સમગ્ર શહેરમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો અને વેપારીઓએ ટપોટપ દુકાનો બંધ કરી દીધી હતી. ઘટનાની ગંભીરતાને જોતા જિલ્લા પોલીસ વડા ઓમપ્રકાશ જાટ તાત્કાલિક ધંધુકા દોડી આવ્યા હતા. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે શહેરમાં વધારાની પોલીસની ટૂકડી ઉતારી દેવામાં આવી છે. એસ ઓ જી, એલસીબી સહિત વિવિધ પોલીસ મથકના અધિકારીઓ અને પોલીસ કાફલો ખડકી દેવાયો છે. સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. દુકાનોમાં આગચંપી અને તોડફોડ કરનારા તત્વોની ઓળખ કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. પોલીસના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા અનુસાર, હાલ ધંધુકામાં સ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ છે. પોલીસે હત્યાના મૂળ કારણોની તપાસ શરૂ કરી છે અને અફવાઓ પર ધ્યાન ન આપવા નાગરિકોને અપીલ કરવામાં આવી છે. સમગ્ર મામલે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી તજવીજ તેજ કરવામાં આવી છે. આ સાથે ધંધૂકા શહેર સહિત આસપાસના વિસ્તારમાં પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી પેટ્રોલીંગ પણ જારી કરવામાં આવેલ છે. આ ઉપરાંત પોલીસ દ્વારા સમગ્ર મામલે ઘનિષ્ઠ તપાસ હાથ ધરવામાં આવી છે.

### ગુજરાત સહિત અન્ય રાજયોમાં નેટવર્ક ધરાવતી ગેંગ

# રૂ.૨૧૦ કરોડનો સાયબર ફ્રોડ કરનાર ગેંગનો પર્દાફાશ : ભાવનગરના ૧૩૫ એકાઉન્ટ ટાર્ગેટ

### દેશની ૧૫થી વધુ બેન્કો હેક કરી; એક જ રાતમાં રૂ.૭ કરોડ ચાઉં કરી લીધા



(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

ગુજરાત પોલીસના સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની ટીમે એક અત્યંત મહત્ત્વપૂર્ણ ઓપરેશન પાર પાડીને આંતરરાજ્ય સાયબર ગઠિયાઓની એક એવી ગેંગનો પર્દાફાશ કર્યો છે, જેણે દેશભરની ૧૫થી વધુ બેંકોને નિશાન બનાવી અંદાજે ૨૧૦ કરોડનું સાયબર ફ્રોડ આચર્યું છે. વડોદરા સ્થિત આ ગેંગે ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકની સિસ્ટમ હેક કરીને માત્ર ધૂળેટીની એક રાતમાં ૭ કરોડથી વધુની રકમ ચાઉં કરી લીધી હતી.

સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ દ્વારા હાથ ધરાયેલી તપાસમાં ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. આ ગેંગ માત્ર ભાવનગર બેંક સુધી સીમિત નહોતી, પરંતુ તેઓ દેશના આંધ્રપ્રદેશ, ગુજરાત, હરિયાણા, કર્ણાટક, મહારાષ્ટ્ર, તામિલનાડુ, ઉત્તરપ્રદેશ અને પંજાબ જેવા રાજ્યોમાં સક્રિય હતા. અત્યાર સુધીની તપાસમાં આ ગેંગ ૨૭૩ જેટલા સાયબર ગુનાઓમાં સંડોવાયેલી હોવાનું અને કુલ ૨૧૦ કરોડ રૂપિયાનું ફ્રોડ કર્યાનું ખૂલ્યું છે. પોલીસે ઝડપી લીધેલ આરોપીઓની પ્રાપ્ત વિગતો અનુસાર અબ્દુલ પઠાણ - મલ્ટીપલ બેંક એકાઉન્ટ ઓપન કરીને ફ્રોડના પૈસા ઉપાડીને બીજાને આપતો જ્યારે વિવેક વણઝારા - મિત્રો સાથે એકાઉન્ટ ખોલાવડાવીને કમિશનથી પૈસા મેળવતો હતો. મયંક બૈરવા - બેંક એકાઉન્ટ ઓપરેશનમાં સહયોગી હતો તેમજ રોહિત વર્મા - બેંક એકાઉન્ટમાંથી પૈસા ઉપાડીને કમિશન મેળવતો અને મોહિત રાવલ - મોબાઈલ શોપથી ફ્રોડ નેટવર્ક સાથે જોડાણનું કામ કરતો હતો. જ્યારે દિપેશ રાજપુરોહિત ઉર્ફે મોન્ટુ - મુખ્ય સંચાલક, ૪૦ જેટલા એકાઉન્ટ નેટવર્કનો હેન્ડલર હોવાની વિહતો પ્રાપ્ત થઈ છે. તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપીઓએ બેંકના CBS (કોર બેંકિંગ સર્વિસ) સોફ્ટવેરમાં રહેલી ટેક્નિકલ ખામીનો ગેરલાભ ઉઠાવી આ આખું કૌભાંડ આચર્યું હતું. આ કૌભાંડની કાર્યપદ્ધતિ મુજબ, હેકર્સે સૌપ્રથમ બેંકના જૂના અને નિષ્ક્રિય (dormant) એકાઉન્ટ્સને ટાર્ગેટ કર્યા હતા અને તે એકાઉન્ટધારકોના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર બદલીને પોતાના નંબર એક્ટિવ કરી દીધા હતા. ત્યારબાદ, સિસ્ટમની આ ખામીનો ફાયદો ઉઠાવી તેમણે એકાઉન્ટમાં ૭.૩૪ કરોડની રકમ વર્ચ્યુઅલી જનરેટ કરી હતી. અંતે, આ રકમને સગેવગે કરવા માટે તેમણે સામાન્ય લોકો પાસેથી આર્થિક લાલચ આપી ભાડેથી મેળવેલા ૧૩૫ અલગ-અલગ બેંક એકાઉન્ટ્સમાં આ રકમ ટ્રાન્સફર કરી દીધી હતી.

આ સમગ્ર ઓપરેશન ગુજરાત રાજ્યના પોલીસ વડા (CID ક્રાઇમ અને રેલ્વેઝ) ડૉ.કે. લક્ષ્મી નારાયણ રાવ તથા સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સના પોલીસ મહાનિરીક્ષક બિપીન આહિરના સીધા માર્ગદર્શન હેઠળ પાર પાડવામાં આવ્યું હતું. આ કેસમાં પોલીસ અધિક્ષક ડૉ.રાજદીપસિંહ ઝાલા, સંજય કેશવાલા અને વિવેક ભેડાના સુપરવિઝન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર જી.બી. ડોડીયા, એચ.જે. પરમાર તથા એચ.વી. દેસાઈની ટીમે હ્યુમન સોર્સ અને ટેક્નિકલ એનાલિસિસની મદદથી જટિલ તપાસ કરીને આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે વિવિધ રાજ્યોમાંથી ગેંગના સભ્યોની ધરપકડ કરી તેમની પાસેથી ૯ પાસબુક, ૩૯ ડેબિટ કાર્ડ, ૧૨ ચેકબુક અને ૪ મોબાઈલ ફોન જપ્ત કર્યા છે. આ ઉપરાંત, તપાસ દરમિયાન પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને છેતરપિંડીથી મેળવેલી રકમ પૈકી ૨.૦૪ કરોડની રકમ ફ્રીઝ કરી દીધી છે, જેથી આરોપીઓ આ પૈસાનો દુરૂપયોગ કરી શકે નહીં.

સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સના એસ.પી. ડો.રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, "આ પ્રકારની સંગઠિત ગેંગ બેંકિંગ સિસ્ટમની ટેક્નિકલ ખામીઓનો લાભ લઈને વ્યાપક સ્તરે છેતરપિંડી કરે છે. પોલીસે અત્યાર સુધીમાં કુલ ૭ આરોપીની ધરપકડ કરી છે, જ્યારે મુખ્ય સૂત્રધારની શોધખોળ હજુ ચાલુ છે અને આગામી સમયમાં વધુ ચોંકાવનારી વિગતો બહાર આવી શકે છે."

### આગામી ત્રણ દિવસ કમોસમી વરસાદને લઈ ખેડૂતો માટે ચિંતાની સ્થિતિ

# રાજયના પાંચ જિલ્લામાં વરસાદ પડવાની આગાહી : છ શહેરોમાં ગરમીનો પારો વધ્યો

### વરસાદને પગલે તાપમાન બેથી ચાર ડિગ્રી ઘટી શકે : વાદળછાયું વાતાવરણ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યના સુરત સિવાય અન્ય જિલ્લાઓના તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નોંધાયો નથી. હાલમાં ગુજરાતના ૬ શહેરોમાં ગરમીનો પારો 40°Cને પાર પહોંચી ગયો છે. રાજકોટને પાછળ છોડીને સુરેન્દ્રનગર 41.2°C સાથે સૌથી ગરમ શહેર નોંધાયું છે. છેલ્લા ૨૪ કલાકમાં સુરતના મહત્તમ તાપમાનમાં 4°Cનો વધારો નોંધાયો છે, જ્યારે ભાવનગરમાં 2°Cનો વધારો થયો છે. બીજી તરફ, ગાંધીનગર અને રાજકોટના તાપમાનમાં 1°Cનો ઘટાડો નોંધાયો છે.

૧૯થી ૨૧ એપ્રિલ દરમિયાન કમોસમી વરસાદની આગાહીને પગલે વિવિધ શહેરોમાં તાપમાન ૨થી ૪ ડિગ્રી ઘટી શકે છે. આજે અનેક શહેરોમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે.

સુરતમાં આજે (૧૮ એપ્રિલ) વહેલી સવારે કુદરતનું અનોખું રૂપ જોવા મળ્યું હતું. શહેર ગાઢ ધૂમમ્સના આઘોશમાં જોવા મળ્યું હતું. વહેલી સવારે વિઝિબિલિટી એટલી ઓછી થઈ ગઈ હતી કે સામેની બિલ્ડિંગો પણ દેખાતી બંધ થઈ ગઈ હતી, જેના કારણે વાહનચાલકો અને નોકરીયાત વર્ગને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકના જણાવ્યાં મુજબ, આજે સમગ્ર રાજ્યમાં હવામાન ખાસ કરીને સુકું રહેશે. આવનારા ત્રણ દિવસ એટલે કે ૧૯, ૨૦ અને ૨૧ એપ્રિલના રોજ રાજ્યના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. તાપમાનની વાત કરીએ તો આગામી ૭ દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર જોવા મળશે નહીં. આજના દિવસે અમદાવાદમાં તાપમાન લગભગ ૪૨ ડિગ્રી અને ગાંધીનગરમાં ૪૧ ડિગ્રી આસપાસ રહેવાની શક્યતા છે. આવતીકાલ પછી અમદાવાદમાં આકાશ વાદળછાયું રહેવાની સંભાવના છે. આ સમગ્ર હવામાન બદલાવનું મુખ્ય કારણ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે.

હવામામ નિષ્ણાતની આગાહી અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ૧૯, ૨૦અને ૨૧ એપ્રિલે બોટાદ, ભાવનગર, જૂનાગઢ, અમદાવાદ, વડોદરા, સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા સહિતના ભાગોમાં વાતાવરણમાં પલટો આવશે અને પ્રી મોન્સૂન એક્ટિવિટીનો વરસાદ થઈ શકે છે. પંચમહાલના ભાગોમાં વાદળછાયું વાતાવરણ રહેવાની સંભાવના છે. દરિયો તોફાની બનવાની સાથે દક્ષિણ સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના ભાગોમાં કરા પડવાની પણ સંભાવના છે.

આગામી ૨૬, ૨૭, ૨૮ એપ્રિલના રોજ વધુ ગરમી પડવાની આગાહી છે. રાજ્યમાં એપ્રિલના અંતમાં મહત્તમ તાપમાન ૪૨થી ૪૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાઈ શકે છે. ૨૯ એપ્રિલથી લગભગ મેની શરૂઆતમાં ફરી હવામાનમાં પલટો આલશે, જેમાં ૧૧થી ૨૦ મેમાં અરબસાગરમાં હલચલ જોવા મળશે. ૨૩ મે આસપાસ દરિયામાં ઊંચા મોજા ઉછળી શકે. મેના અંતમાં અને જૂનની શરૂઆતમાં અરબસાગરમાં ફરી એક હલચલ જોવા મળશે.

# CUET - વિષયોમાં ફેરફાર માટે વિદ્યાર્થીઓને તક આપવાનો નિર્ણય

### ૯ એપ્રિલ સુધી વિન્ડો ખુલ્લી રાખવામાં આવશે; ફી ભરેલા ઉમેદવારોને જ અપડેટની મંજૂરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા CUET (UG) ૨૦૨૬ અંગે મહત્ત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જાહેરનામા અનુસાર, અગાઉ અરજી કરનાર અને ફી ભરનાર ઉમેદવારોને પોતાના પસંદ કરેલા વિષયો સુધારવા માટે ખાસ તક આપવામાં આવી છે. આ માટે ૧૭ એપ્રિલથી ૧૯ એપ્રિલ ૨૦૨૬ સુધી ઓનલાઈન વિન્ડો ખુલ્લી રાખવામાં આવી છે. NTA દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ, CUET (UG) ૨૦૨૬ પરીક્ષા ૧૧ મેથી ૩૧ મે ૨૦૨૬ દરમિયાન દેશ-વિદેશના વિવિધ કેન્દ્રોમાં કમ્પ્યુટર આધારિત ટેસ્ટ (CBT) મોડમાં લેવામાં આવશે. આ પરીક્ષા દેશની વિવિધ યુનિવર્સિટીમાં પ્રવેશ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ ગણાય છે. અરજી પ્રક્રિયા પહેલા ૩ જાન્યુઆરીથી ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ સુધી ચાલુ હતી, જેમાં ફી ભરવાની છેલ્લી તારીખ ૩૧ જાન્યુઆરી હતી. ત્યારબાદ ઉમેદવારોની માંગને ધ્યાનમાં રાખીને નોંધણીની સમયમર્યાદા ૪ ફેબ્રુઆરી સુધી વધારવામાં આવી હતી અને ફી ભરવાની સુવિધા ૭ ફેબ્રુઆરી સુધી ઉપલબ્ધ રાખવામાં આવી હતી. હવે અનેક ઉમેદવારો તરફથી મળેલી રજૂઆતોને આધારે NTAએ વિષયોમાં સુધારા માટે આ વિશેષ તક આપી છે. નોંધનીય છે કે, આ સુવિધા માત્ર તે ઉમેદવારો માટે જ છે જેમણે સફળતાપૂર્વક નોંધણી પૂર્ણ કરી છે અને પરીક્ષા ફી ચૂકવી છે. આ માટે ૧૯ એપ્રિલના રોજ રાતના ૧૧:૫૦ વાગ્યા સુધી વિન્ડો ખુલ્લી રહેશે. ઉમેદવારોને સલાહ આપવામાં આવી છે કે, તેઓ આ સમયગાળા દરમિયાન પોતાના વિષયો ધ્યાનપૂર્વક ચકાસી અને યોગ્ય ફેરફાર કરી લે, કારણ કે, આ એક ખાસ અને અંતિમ તક માનવામાં આવી રહી છે.

**અખબારી કાગળના ભાવમાં સતત અસહ્ય વધારો**

| તારીખ | કિલોગ્રામ દીઠ ભાવ | |
|---|---|---|
| ૫ એપ્રિલ-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૬ ડિસેમ્બર-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૫ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૨૪ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૧૦ જૂન-૨૦૧૩ | રૂા. | ૨૬.૫૦ |
| ૧૦ ઓગસ્ટ-૨૦૧૩ | રૂા. | ૨૮.૦૦ |
| ૧૯ ઓક્ટોમ્બર-૨૦૧૩ | રૂા. | ૨૮.૭૫ |
| ૨૫ માર્ચ-૨૦૧૪ | રૂા. | ૩૧.૦૦ |
| ૧૦ માર્ચ ૨૦૨૦ | રૂા. | ૩૪.૨૫ |
| ૧૬ એપ્રિલ૨૦૨૧ | રૂા. | ૪૯.૫૦ |
| ૩૦ માર્ચ ૨૦૨૨ | રૂા. | ૭૦.૦૦ |
| ૫ એપ્રિલ ૨૦૨૨ | રૂા. | ૭૨.૦૦ |
| ૩૦ ડિસેમ્બર-૨૦૨૩ | રૂા. | ૫૨.૦૦ |
| ૨૮ એપ્રિલ-૨૦૨૪ | રૂા. | ૫૨.૦૦ |
| ૧૯ એપ્રિલ-૨૦૨૬ | રૂા. | ૫૬.૦૦ |

### અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ પર થયો હુમલો

# એમડી ડ્રગ્સની રેડ માટે ગયેલ પીએસઆઈ પર છરીથી હુમલો કરાતાં થયા ઈજાગ્રસ્ત

### હુમલો કરનારને ઝડપી લેવાયો : ૨૫ લાખથી વધુનું ડ્રગ્સ મળી આવ્યું



(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૮

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ પર ગત મોડી રાત્રે હુમલો થયો છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમ એમડી ડ્રગ્સની રેડ માટે ભાટ ગામ પાસે ગઈ હતી. આ દરમિયાન આરોપી અને પોલીસની કારનો અકસ્માત થયો હતો, ત્યારે આરોપીએ PSI પર છરીથી હુમલો કર્યો હતો. જોકે પોલીસે ૩૦૦ ગ્રામ જેટલું ડ્રગ્સ જપ્ત કરીને એક આરોપીની ધરપકડ કરી છે. ઈજાગ્રસ્ત પોલીસકર્મી સારવાર હેઠળ હોસ્પિટલમાં દાખલ છે. ક્રાઈમ બ્રાંચની ટીમને બાતમી મળી હતી કે, અમદાવાદના ભાટ ગામ વિસ્તારમાં એમડી ડ્રગ્સ લઈને એક યુવક કારમાં પસાર થવાનો છે. બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે કારને રોકવાની કોશિષ કરી હતી. પરંતુ યુવક નહી ઉભા રહેતા ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતાં. યુવકની કાર અને ક્રાઈમ બ્રાંચની કાર એકબીજાને અથડાતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માત થતાની સાથે જ યુવક કારમાંથી ઉતર્યો હતો અને ક્રાઈમ બ્રાંચની ટીમ પર હુમલો કરવા લાગ્યો હતો. યુવકે પોતાની પાસે રહેલી છરી કાઢી હતી અને PSI પર હુમલો કર્યો હતો. PSIને ઈજા થતાની સાથે જ અન્ય ક્રાઈમ બ્રાંચના પોલીસકર્મીઓએ યુવકને ઝડપી લીધો હતો. ક્રાઈમ બ્રાંચે યુવકની ધરપકડ કરી છે અને તેની કારની તપાસ કરી હતી. જેમાંથી ૨૫ લાખથી વધુનું એમડી ડ્રગ્સ મળી આવ્યુ હતું. ઈજાગ્રસ્ત પીએસઆઈને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અમદાવાદના મેમ્કો વિસ્તારમાં માથાભારે શખ્સે મેઘાણીનગર પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કવોડમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ પર દંડાથી હુમલો કર્યો હતો. કોન્સ્ટેબલ અને માથાભારે શખ્સને એક દિવસ પહેલા ગાર્ડનમાં બેસવા મામલે બોલાચાલી થઈ હતી. જેની અદાવત રાખીને શખ્સે પોલીસ કર્મચારી પર હુમલો કર્યો હતો. જે અંગે શહેરકોટડા પોલીસ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી.


## ચિશ્તીયા પરિવારનું ગૌરવ





નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજ, અમદાવાદમાંથી MBBSની ડિગ્રી મેળવતી
**ડો.આલીયાફાતેમા મોઈઝુદ્દીન ચિશ્તી અને ડો.આયેશાફાતેમા સલીમુદ્દીન ચિશ્તીને**
ખૂબ ખૂબ મુબારકબાદ. તેમણે ચિશ્તીયા પરિવાર, શાહપુરનું ગૌરવ વધાર્યું છે. તેમની આ સિદ્ધિ બદલ અમો ખૂબ જ ગર્વની અનુભૂતિ કરી રહ્યા છીએ. અલ્લાહત્આલા તેમને ભવિષ્યમાં પણ આવી જ કામયાબી અતા કરે તેવી દુઆ. **આમીન.**

**બાવા : હઝરત ખ્વાજા બુરહાનુદ્દીન કમાલુદ્દીન ચિશ્તી**




● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● E-mail : gujarattodaydaily@gmail.com

ગુજરાત ટુડે
રવિવાર
મેઘધનુષ
તા.૧૯-૪-૨૦૨૬

# કંઇક અલગ અને પરંપરાગત કૃષિ, ખાદ્ય-ખોરાક તેમજ ડેરી વિષય અભ્યાસક્રમોમાં ઉજ્જવળ કારકિર્દીની તક

**મિત્રો કૃષિ, ખાદ્ય ખોરાક અને ડેરી ઉદ્યોગમાં કારકિર્દીની ઉજ્જવળ તક છે કારણ કે ગુજરાતની કૃષિ યુનિવર્સિટીઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે પ્રવેશની પ્રક્રિયાની જાહેરાત થઇ ગઇ છે. ધોરણ-૧૨ અને ગુજકેટના પરિણામના આધારે પ્રવેશ મળનાર હોવાથી પરિણામો આવે તેની રાહ જુઓ અને પછી તરત જ તેની વેબસાઇટ મારફતે વિગતો જાણીને આગળ વધો. આ ક્ષેત્ર સહકારી ચળવળ સાથે સીધા જ જોડાયેલા હોવાથી કારકિર્દીની ઉત્તમ તક છે. સવાલ એટલો છે કે, તમને આવી અલગ પ્રકારની કારકિર્દી બનાવવા માટે ઊંડો રસ અને ધગશ હોવી જોઇએ. પ્રકૃતિની નજીક અને વૈજ્ઞાનિક પ્રયોગોના બેવડા રોમાંચક અનુભવ માટે આવી કારકિર્દી અપનાવવી જોઇએ**



મિત્રો ધોરણ-૧૨ પછી જ્યારે કોઇ કારકિર્દી બનાવવાની વાત આવે તો આઇટી, એમબીએ, એમસીએ, ડેટા સાયન્સ, ડેટા મેનેજમેન્ટ, સોફ્ટવેર ડેવલપર, એન્જિનિયર, વકીલ, ડોક્ટર, સીએ વગેરે...વગેરે કારકિર્દીની વાતો કરવામાં આવે છે અને પસંદગી પણ તેના ઉપર ઢોળવામાં આવે છે. પરંતુ આજે આપણે જ્યારથી આપણી માનવ સંસ્કૃતિની શરૂઆત થઇ છે ત્યારથી જ અસ્તિત્વમાં રહેલી અને આજની તારીખમાં પણ એટલી જ મહત્વની એવી કૃષિ, ખાદ્ય ખોરાક તેમજ ડેરી ઉદ્યોગના ક્ષેત્રમાં કારકિર્દીની વાત કરવી છે. તમને તો ખબર જ હશે કે કેન્દ્ર સરકાર દ્વારા અલગ સહકારી મંત્રાલય બનાવવામાં આવ્યું છે અને ગત વર્ષે સહકાર ક્ષેત્ર હરણફાળ ભરે તેવા પ્રયાસો સરકાર દ્વારા લોન્ચ કરવામાં આવ્યા છે. સરકાર દ્વારા ત્રિભુવન સહકારી યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી રહી છે તે બાબતે આપણે એક લેખાંક પણ લખ્યો હતો. આ કારકિર્દી અને સહકારી ચળવળની વાત કેમ કરી તે પ્રશ્ન તમને સ્વાભાવિક રીતે જ થશે તો તેનો જવાબ એ છે કે, આપણે જે ચર્ચા કરવાના છીએ તે કૃષિ, ખાદ્ય ખોરાક અને દૂધ ઉત્પાદનનો સહકારી ચળવળ સાથે સીધો જ સંપર્ક છે. છેવાડાના માનવી સુધી પહોંચવા માટે સહકારી ચળવળ ખૂબ જ મહત્વની છે અને આ પરંપરાગત ક્ષેત્રો પણ આ ચળવળના મુખ્ય અંગો છે. આથી હવે ધોરણ-૧૨ની પરીક્ષાઓનું પરિણામ આવવામાં ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે સહકારી ચળવળ અને પરંપરાગત કારકિર્દી બન્નેના સુભગ સમન્વયથી કેવી રીતે આગળ વધી શકાય તેની ચર્ચા કરીએ.

**ગુજરાતની કૃષિ યુનિવર્સિટીઓમાં કારકિર્દીની ઉજ્જવળ તકો : શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭**

ગુજરાત રાજ્યની ચાર અગ્રણી કૃષિ યુનિવર્સિટીઓ જેવી કે આણંદ (AAU), નવસારી (NAU), જૂનાગઢ (JAU) અને સરદારકૃષિનગર (SDAU) દ્વારા તેની સંલગ્ન કોલેજોમાં પ્રવેશ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે વિવિધ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ યુનિવર્સિટીઓ દ્વારા કૃષિ અને તેને સંલગ્ન ક્ષેત્રોમાં ટેકનિકલ અને વૈજ્ઞાનિક જ્ઞાન પ્રદાન કરતા અભ્યાસક્રમોને મુખ્ય ત્રણ કેટેગરીમાં વહેંચવામાં આવ્યા છે. આ પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓએ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ઉત્તીર્ણ થવું અને GUJCET-૨૦૨૬ની પરીક્ષા આપવી અનિવાર્ય છે.

પ્રથમ કેટેગરીમાં પરંપરાગત અને ખૂબ જ લોકપ્રિય એવા કૃષિ વિજ્ઞાનના અભ્યાસક્રમોનો સમાવેશ થાય છે. જેમાં બી.એસસી. (ઓનર્સ) એગ્રીકલ્ચર, હોર્ટીકલ્ચર (બાગાયત) અને ફોરેસ્ટ્રી (વનવિદ્યા) જેવા મહત્વના પ્રોગ્રામ્સ ઉપલબ્ધ છે. આ ઉપરાંત આધુનિક વિજ્ઞાનના ક્ષેત્રમાં બી.ટેક. (બાયોટેકનોલોજી)નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ તમામ અભ્યાસક્રમો માટે ખાસ કરીને PCB (ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી) ગ્રુપના વિદ્યાર્થીઓ પાત્રતા ધરાવે છે.

બીજી કેટેગરીમાં કૃષિ ક્ષેત્રે એન્જિનિયરીંગ અને ટેકનોલોજીના સમન્વય પર ભાર મૂકતા અભ્યાસક્રમો છે. જેમાં બી.ટેક. (એગ્રીકલ્ચરલ એન્જિનિયરીંગ), બી.ટેક. (ફૂડ ટેકનૉલોજી) અને બી.ટેક. (એગ્રીકલ્ચરલ ઈન્ફર્મેશન ટેક્નોલૉજી) જેવા વિષયો ભણાવવામાં આવે છે. આ સાથે પર્યાવરણની સુરક્ષા અને ઊર્જાના સ્ત્રોતોને ધ્યાનમાં રાખીને બી.ટેક. (રિન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયર્નમેન્ટલ એન્જિનિયરીંગ)નો અભ્યાસક્રમ પણ ઓફર કરવામાં આવ્યો છે. આ ટેકનિકલ કોર્સમાં પ્રવેશ માટે PCB અથવા PCM (ફિઝિક્સ, કેમેસ્ટ્રી, મેથ્સ) પૈકી કોઈપણ વિષય રાખનાર વિદ્યાર્થીઓ અરજી કરી શકે છે.

ત્રીજી કેટેગરીમાં સામાજિક અને પોષણ વિજ્ઞાન સાથે જોડાયેલા અભ્યાસક્રમોનો સમાવેશ થાય છે. જેમાં બી.એસસી. (ઓનર્સ) કોમ્યુનિટી સાયન્સ અને બી.એસસી. (ઓનર્સ) ફુડ ન્યુટ્રીશન એન્ડ ડાયટેટીક્સ જેવા વિષયોનો સમાવેશ થાય છે. આ ક્ષેત્રમાં પણ PCB અથવા PCM ગ્રુપના વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દી બનાવી શકે છે. આમ, ગુજરાતની આ કૃષિ યુનિવર્સિટીઓ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ખેતીથી લઈને આધુનિક ટેકનોલોજી અને ડાયટેટીક્સ સુધીના વિવિધ વિષયોમાં અભ્યાસ માટે બહોળી તકો પૂરી પાડે છે.

ગુજરાતની કૃષિ યુનિવર્સિટીઓમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવીને ઉજ્જવળ કારકિર્દી બનાવવાની આ એક ઉત્તમ તક છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે આણંદ

**હેલ્લો સ્ટુડન્ટ્સ**

**- સાહેબ સોની**

(AAU), નવસારી (NAU), જૂનાગઢ (JAU) અને સરદારકૃષિનગર દાંતીવાડા (SDAU) કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. આ યુનિવર્સિટીઓ દ્વારા એગ્રીકલ્ચર, હોર્ટીકલ્ચર, ફોરેસ્ટ્રી, બાયોટેકનોલોજી, એગ્રીકલ્ચરલ એન્જિનિયરિંગ અને ફૂડ ટેકનોલોજી જેવા અત્યંત ઉપયોગી અને આધુનિક સ્નાતક અભ્યાસક્રમો ઓફર કરવામાં આવે છે. પ્રવેશ મેળવવા માટેની પ્રાથમિક લાયકાતની વાત કરીએ તો, ઉમેદવાર ગુજરાતનો વતની હોવો જોઈએ અને તેણે માન્ય બોર્ડમાંથી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા અંગ્રેજી વિષય સાથે પાસ કરેલી હોવી જોઈએ. વધુમાં, વર્ષ ૨૦૨૬માં આયોજિત GUJCETની પરીક્ષા આપવી તમામ ઉમેદવારો માટે ફરજિયાત છે. લઘુતમ ગુણની જરૂરિયાત મુજબ, સામાન્ય અને અન્ય પછાત વર્ગના ઉમેદવારો માટે ધોરણ-૧૨ના મુખ્ય વિષયોની થીયરીમાં ૪૦% ગુણ હોવા જરૂરી છે, જ્યારે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે આ મર્યાદા ૩૫% રાખવામાં આવી છે. કેટેગરી-૩ના અભ્યાસક્રમો માટે તમામ ઉમેદવારો માટે લઘુતમ ૩૫% ગુણની મર્યાદા નિર્ધારિત કરવામાં આવી છે.

પ્રવેશ માટેની મેરિટ યાદી તૈયાર કરવાની પદ્ધતિ ખૂબ જ પારદર્શક છે. ઉમેદવારનું મેરિટ લિસ્ટ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના થીયરી વિષયોના ૬૦% ગુણ અને GUJCET-૨૦૨૬માં મેળવેલા ગુણના ૪૦% ભારાંકને આધારે બનાવવામાં આવે છે. એગ્રીકલ્ચર અને સંલગ્ન કોર્સ માટે PCB (ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી) વિષયો ધ્યાને લેવાય છે, જ્યારે એન્જિનિયરિંગ અને અન્ય ટેકનિકલ કોર્સ માટે PCM (ફિઝિક્સ, કેમેસ્ટ્રી, મેથ્સ) અથવા PCB પૈકી જેમાં વધુ ગુણ હોય તેને ધ્યાનમાં લેવામાં આવે છે. વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવવા માટે ધોરણ-૧૨ના પરિણામ અને GUJCETના પરિણામ બાદ સત્તાવાર વેબસાઈટ ug.gsauca.in અથવા gsauca.in પર નિયમિતપણે વિગતો ચેક કરવી જોઈએ અને ત્યાંથી જ ઓનલાઈન અરજી કરવાની રહેશે. આ પ્રક્રિયા પૂર્ણ કરીને વિદ્યાર્થીઓ રાજ્યની પ્રતિષ્ઠિત સરકારી કૃષિ કોલેજોમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી શકે છે.

**આ કોર્ષ કરવાથી કારકિર્દીની તકો વિશે જાણો**

ગુજરાતની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા ઓફર કરવામાં આવતા વૈવિધ્યસભર અભ્યાસક્રમો વિદ્યાર્થીઓ માટે કારકિર્દીના અનેક દ્વાર ખોલે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે જે વિદ્યાર્થીઓ કૃષિ, બાગાયત, વનવિદ્યા કે ટેકનોલોજીના ક્ષેત્રોમાં પ્રવેશ મેળવવા ઈચ્છે છે, તેમના માટે ભવિષ્યમાં કયા કયા ક્ષેત્રોમાં તકો રહેલી છે તેની વિસ્તૃત માહિતી નીચે મુજબ છે.

**કૃષિ અને બાગાયત ક્ષેત્રે કારકિર્દી (કેટેગરી-૧)**

બી.એસસી. (ઓનર્સ) એગ્રીકલ્ચર અને હોર્ટીકલ્ચર જેવા અભ્યાસક્રમો પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓ સરકારી અને ખાનગી એમ બંને ક્ષેત્રમાં ઉજ્જવળ કારકિર્દી બનાવી શકે છે. સરકારી ક્ષેત્રમાં ખેતીવાડી અધિકારી, બાગાયત અધિકારી અને ગ્રામ સેવક જેવી પદો પર નિમણૂક મેળવી શકાય છે. ખાનગી ક્ષેત્રમાં બિયારણ કંપનીઓ, ખાતર ઉદ્યોગો, અને જંતુનાશક દવાઓ બનાવતી કંપનીઓમાં રિસર્ચ એક્ઝિક્યુટિવ અથવા ટેકનિકલ ઓફિસર તરીકે કામ કરવાની તકો રહેલી છે. વધુમાં, એગ્રી-ક્લિનિક્સ અને એગ્રી-બિઝનેસ સેન્ટર્સ દ્વારા વિદ્યાર્થીઓ પોતાના સ્વતંત્ર વ્યવસાય પણ શરૂ કરી શકે છે.

**ટેકનોલોજી અને એન્જિનિયરિંગ ક્ષેત્રે તકો (કેટેગરી-૨)**

બી.ટેક. એગ્રીકલ્ચરલ એન્જિનિયરિંગ અને ફૂડ ટેકનોલોજીના સ્નાતકો માટે ઉદ્યોગ જગતમાં ખૂબ માંગ છે. ફૂડ ટેકનોલોજિસ્ટ તરીકે ફૂડ પ્રોસેસિંગ યુનિટ્સ, ડેરી ઉદ્યોગ અને ગુણવત્તા નિયંત્રણ (Quality Control) પ્રયોગશાળાઓમાં સારી તકો મળે છે. એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેક્નોલૉજીના નિષ્ણાતો કૃષિ ક્ષેત્રે ડિજિટલ ક્રાંતિ લાવવા માટે સોફ્ટવેર ડેવલપમેન્ટ અને ડેટા એનાલિસિસમાં જોડાઈ શકે છે. જ્યારે રિન્યુએબલ એનર્જીના સ્નાતકો સૌર ઊર્જા અને બાયો-ગેસ જેવા ગ્રીન એનર્જી ક્ષેત્રોમાં કામ કરી પર્યાવરણ સુરક્ષામાં ફાળો આપી શકે છે.

**ન્યુટ્રિશન અને કોમ્યુનિટી સાયન્સ (કેટેગરી-૩)**

બી.એસસી. (ઓનર્સ) ફુડ ન્યુટ્રિશન એન્ડ ડાયટેટીક્સનો અભ્યાસક્રમ કરનાર વિદ્યાર્થીઓ હોસ્પિટલોમાં ડાયેટિશિયન, હેલ્થ ક્લબમાં ન્યુટ્રિશનિસ્ટ અથવા ફૂડ ઈન્ડસ્ટ્રીમાં ન્યુટ્રિશન એડવાઈઝર તરીકે જોડાઈ શકે છે. કોમ્યુનિટી સાયન્સના સ્નાતકો સામાજિક કલ્યાણ સંસ્થાઓ, એનજીઓ (NGOs) અને ગ્રામીણ વિકાસના પ્રોજેક્ટ્સમાં નિષ્ણાત તરીકે સેવા આપી શકે છે.

**વનવિદ્યા અને બાયોટેકનોલોજી**

બી.એસસી. (ઓનર્સ) ફોરેસ્ટ્રીના વિદ્યાર્થીઓ માટે વન વિભાગમાં ફોરેસ્ટ રેન્જ ઓફિસર અથવા પર્યાવરણ પ્રેમી સંસ્થાઓમાં વન્યજીવ સંરક્ષણ માટે કામ કરવાની તક રહેલી છે. બીજી તરફ, બી.ટેક. બાયોટેકનોલોજીના વિદ્યાર્થીઓ ટીશ્યુ કલ્ચર લેબોરેટરી, ફાર્માસ્યુટિકલ કંપનીઓ અને સંશોધન સંસ્થાઓમાં સાયન્ટિફિક આસિસ્ટન્ટ તરીકે જોડાઈ શકે છે.

આમ, ગુજરાતની આ ચાર યુનિવર્સિટીઓ - AAU, NAU, JAU અને SDAU - માત્ર શિક્ષણ જ નહીં પણ રોજગારીની પણ વ્યાપક ક્ષિતિજો પૂરી પાડે છે. વિદ્યાર્થીઓએ આ તકોનો લાભ લેવા માટે સમયસર સત્તાવાર વેબસાઈટ gsauca.in પર નજર રાખવી જોઈએ.

**ઉપરોક્ત કોલમ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી શરૂ કરવામાં આવી છે. જેમાં એજ્યુકેશનને લઈ મૂંઝવતા પ્રશ્નો પર, કારકિર્દીને લગતા પ્રશ્નોના સચોટ જવાબો આપવામાં આવશે. એજ્યુકેશન લગતા પ્રશ્નો વિદ્યાર્થીઓ ગુજરાત ટુડેના ઈ-મેઈલ પર મોકલી શકે છે.**

**Email:sahebtoday@gmail.com**

# જિંદગીભરનો પૂજારી સૂર્યનો બનવા છતાં; જોઈ લે તું વારસામાં એક પડછાયો મળ્યો

પ્રેમીઓ તો ઘણાય મળી આવે, પ્રેમ નથી મળતો. મિત્રોનો આખો દરિયો છલકાતો હોય, પણ મૈત્રીનું એકાદ ઝરણું જોવા નથી મળતું. આજે સંબંધની સુગંધ વગરના સંબંધીઓનો તોટો નથી. પ્રેમમાં લાગણીનું પરફ્યુમ છાંટીને પ્રેમ કરનારાઓ કરતા, માત્રને માત્ર કોરો પ્રેમ કરનારાઓની સંખ્યા ઓછી છે. પ્રપંચનું પરફ્યુમ છાંટીને પ્રેમ કરનારાઓ કદાચ એમ માનતા હોય કે પોતે કમાયા છે, પણ બીજી રીતે તો એ નુકસાનમાં જ રહેતા હોય છે. કશુંક ગુમાવીને કમાતાં આવડે એનું નામ પ્રેમ. હું કોઈના વડે જીતાઈ જાઉં, એમાં જ મારા પ્રેમની જીત છે. કોઈના પ્રેમમાં હું હારી જાઉં તો એના જેવી બીજી કોઈ જીત નથી. કદાચ એટલે જ પ્રેમને પ્રાર્થનાની ઊંચાઈ મળી છે.

જેના મૂળિયા માટીમાં જડાઈ ગયાં હોય એને આકાશની તરસ ના હોય. પ્રેમના મૂળિયાંને જકડી રાખનારી વફાદારીની માટીને ઓળખતાં આવડવું જોઈએ. વફાદારીની માટી જેટલી મજબૂત, પ્રેમ એટલો જ સ્વસ્થ. વફાદારી જોખમાય ત્યારે જ પ્રેમ બીમાર પડે. પ્રેમને આયુષ્યમાન રાખવો હોય તો વફાદારી સ્વસ્થ અને તંદુરસ્ત હોવી જોઈએ. સાચો પ્રેમ કોઈને બાંધતો પણ નથી અને પોતે બંધાતો પણ નથી. એ તો મુક્ત પવનની જેમ વહેતો હોય - એને કશું જ અંતરાયરૂપ નથી હોતું કે નથી હોતો એ કોઈનો અંતરાયરૂપ ! કેટલાક લોકો પ્રેમને પંખી જેવો માને છે. હું કહું છું કે પ્રેમ પંખી નથી, પણ ટહુકો છે. ટહુકો પકડી ન શકાય, અનુભવી જરૂર શકાય. જેટલા જેટલા પ્રેમીઓએ પ્રેમને પકડવા કે પછી પકડીને જકડી રાખવાના અખતરા કર્યા છે એમણે ભલે પંખી મેળવ્યું, પણ ટહુકા તો ગુમાવી જ દીધા છે. પંખી હોય પણ ટહુકો ન હોય એના જેવી બીજી કરૂણતા કઈ હશે ?

પ્રેમ તો થંભી ગયેલા સમયનો એક શ્વાસ છે - જેની ગતિ ક્ષણથી સદી સુધીની હોય. આપણે એવા તકલાદી સમાજમાં જીવીએ (!) છીએ, જેને પ્રેમ વગરના લગ્ન ખપે, પરંતુ લગ્ન વગરનો પ્રેમ ન ખપે. આવા ટોળામાં જિંદગી ઉત્સવ બનવાને બદલે ઉલઝન બનીને રહી જાય છે. કરોડો માણસો પ્રેમ વગરના લગ્ન કરીને કણસી રહ્યા છે - એય તે છાનામાના ! અહીં તો કણસવા પર પણ પ્રતિબંધ છે ! પ્રેમી જેટલો નિખાલસ એનો પ્રેમ એટલો પવિત્ર. નિખાલસતા અને પવિત્રતા તો શુદ્ધ પ્રેમના ફેફસાં છે. કપટ, પ્રપંચ કે થોડી સી લુચ્ચાઈ માણસના ફોટોગ્રાફને રૂપાળો બતાવી શકે, પણ એના એક્સ-રેને નહીં. એનો એક્સ-રે તો અંદરની સચ્ચાઈ કહી જ દેતો હોય છે. પોતાના પ્રેમીને નહીં છેતરવાના પાકા નિર્ધાર સાથે પોતાના તાબામાં હોય એટલી વફાદારી સાથે જો એક પ્રેમી પ્રેમ વ્યક્ત કરે તો બેમાંથી એકેયને શરમાવુંય ન પડે અને કરમાવુંય ન પડે.

જીવન જીવવાની મોટામાં મોટી કલા હોય તો પ્રેમ છે. એનાથી મોટું કોઈ જ્ઞાન નથી. એના જેવી સમૃદ્ધ બીજી કોઈ સમૃદ્ધિ નથી. બધી જ સંપત્તિ પ્રેમની આગળ વામણી કહેવાય. દેખાતી સમૃદ્ધિ ક્યારે અદશ્ય થઈ જાય કંઈ કહેવાય નહીં, પણ અંદરથી અનુભવાતી સમૃદ્ધિ ક્યારેય અદશ્ય નથી થતી. અદશ્ય થવાનો અભિશાપ તો દશ્યને મળ્યો છે, અનુભૂતિને નહીં ! દશ્ય વિસરાઈ જાય, અનુભૂતિ નથી ભૂલાતી. પ્રેમને પામવો એટલે પરમાત્માને પામ્યા બરાબર કહેવાય. પરમાત્મા વર્તુળના પરિઘ પર ન હોય, એ તો વર્તુળના કેન્દ્રમાં જ મળે. પ્રેમ પણ કેન્દ્રમાં મળે ! પ્રેમનું



**દસ્તક**

**હર્ષદ પંડ્યા**

સરનામું - એટલે તો દિમાગ નહીં, પણ હૃદય છે ! જે વ્યક્તિ પોતાના પ્રિયજનના હૈયામાં ધબકી રહી હોય એણે મંદિર-મસ્જિદ જવાની જરૂર જ શું છે ? એ ખુદ ખુદારૂપ છે ! બીજાનું ટેન્શન બનીને જીવવામાં નહીં, બીજાનો આત્મા બનીને જીવવામાં પ્રેમનું ગૌરવ છે. આત્માના અવાજને સાંભળવાનો અટકચાળો ન કરાય, એને તો મહેસૂસ કરવાનો હોય. સંભળાય, પણ શું સંભળાયું - એનું વર્ણન થઈ શકે નહીં. 'કોઈક' ક્યાંક સ્પર્શી ગયું, પણ 'કોણ' ક્યાં સ્પર્શી ગયું એનો જવાબ મળે નહીં - આ સ્થિતિને પ્રેમ કહેવાય. આવો પ્રેમ અઘરો છે, પણ અશક્ય નથી. બે પ્રેમીઓને એકબીજાની નજીક ખેંચી લાવે છે આંસુનો અવાજ. મૌનના અજવાળામાં આંસુનો અવાજ તો જે સાંભળી શકે એ જ સાંભળે, સામાન્ય માણસનું કામ નહીં.

જ્યારે તમારાં આંસુ બોલવા માંડે ત્યારે તમારો ભગવાન- જે તમારા પ્રેમીરૂપે આવ્યો છે એ તમારી સાવ નજીક આવવા માંડશે. એ તમારાથી સહેજ પણ દૂર નહીં રહે. આંસુનો અવાજ એકબીજાના શ્વાસનું અંતર ઓગાળી નાખે છે, કારણ કે આંસુ હૃદયમાંથી પ્રગટે છે. એ ભલે આંખથી ટપકતું હોય, પણ એના મૂળિયાં હૃદયમાં છે. હૃદયની વાતને આંસુ જ પ્રગટ કરી શકે, શબ્દની તાકાત નથી. આંસુ કુદરતી છે, જ્યારે શબ્દ તો શીખવો પડે છે. પ્રેમ પણ કુદરતી જ હોય, એને શીખવાનો ના હોય. આજે 'લવગુરૂ' નામે ને તરકટ ચાલી રહ્યું છે એ પ્રેમને અને પરિણામે પ્રેમીઓને ખોખલા કરી રહ્યું છે. 'લવગુરૂ' જેવો કોઈ આતંકવાદી નથી. લવગુરૂ શોધવા ન નીકળાય, આપણે જ આપણા 'લવગુરૂ' બનવાનું છે. 'છીંક' કેવી રીતે ખાવી કે 'બગાસુ' ખાવાની યોગ્ય પદ્ધતિ કઈ - એ શીખવા માટે કોઈ ડોક્ટર પાસે ન જવાય - એ કંઈ શીખવાની વસ્તુ નથી - એ તો કુદરતી છે. બસ, પ્રેમ પણ કુદરતી છે. શીખીને કે શીખવાડીને પ્રેમ ન થાય. હા, પ્રેમને નામે નાટક જરૂર થાય - જે આજે ઠેર ઠેર ભજવાઈ રહ્યું છે. પ્રેમીઓના આવા પ્રેમના ભજવાતાં નાટકોમાંથી શુદ્ધ પ્રેમને બચાવી લેવાનો સમય પાકી ગયો છે અને એને બચાવી શકશે માત્ર ને માત્ર આંસુનો અવાજ ! કોણે કહ્યું છે મને ખબર નથી, પણ આ પંક્તિ મને ખૂબ ગમે છે.

**"મેરે અશ્કોંકા કરિશ્મા દેખિયે,**
**સામને વો મુસ્કુરાકર આ ગયે"**

આંસુની આ તાકાત છે ! આંસુનો અવાજ સાંભળતાં અને એ પછી અંદરથી ખળભળતાં આવડવું જોઈએ.

ઘણા યુવાન મિત્રો મળતા હોય છે. મોટાભાગનાનો એક જ કોમન પ્રશ્ન હોય છે : "અમને સાચો પ્રેમ ન મળ્યો. સાચો પ્રેમ મેળવવા શું કરવું ? જવાબ આપવાને બદલે હું એમને પૂછું છું : "કેવો પ્રેમ ન મળ્યો ? તમે કોને સાચો પ્રેમ કહો છો ? તમારા હૃદયમાં એવી કોઈ કારમી તરસ જાગી છે કોઈના આંસુ લૂછવાની ? કોઈના હમદર્દ બનવાનું સપનું ક્યારેય સેવ્યું છે ? કોઈના અસ્તિત્વની વાસ્તવિકતા સમજી એનો સ્વીકાર કરવાની નૈતિક તાકાત કેળવી છે તમે ?" - આ પાંચ પ્રશ્નોના જવાબો એ લોકો પાસે નથી. શાયદ અમુક જ પાસે છે. બાકી કોઈની પાસે નથી.

આપણે પડઘા તો બહુ સાંભળ્યા અને હજીય સાંભળીએ છીએ, પણ જરૂર છે મૂળ અવાજને સાંભળવાની. શંકા-કુશંકાની શૂળોમાં વિંધાવાને બદલે આવી રહેલા પ્રેમને આવકારો-એને સ્વીકારો. પ્રેમ પણ પેલા સ્વાતિનક્ષત્રની જેમ અમુક જ પળનો પડાવ લઈને આવતો હોય છે. એવું ન બને કે આપણે એના 'હોવાપણા'ની શંકા-કુશંકામાં અટવાતા રહીએ અને આપણને ઓટરટેક કરીને એ પળ આગળ નીકળી જાય ! પ્રેમને શોધવા ન નીકળાય. પ્રેમ તો ખુદ, આપણને શોધી કાઢતો હોય છે, પણ કરૂણતા એ છે કે, છે...ક આપણા અસ્તિત્વ સુધી આવી પહોંચેલા પ્રેમને આપણે ઓળખી નથી શકતા. એને 'માપવાનું' કોષ્ટક બનાવવામાં ને બનાવવામાં એને 'પામવાનું' ચૂકી જઈએ છીએ. કોઈને આપણા તાબે કરવું એના કરતા કોઈના તાબે થઈ જવામાં જ પ્રેમનો મહિમા છે. અહીં તાબે થવાનો એ અર્થ નહીં કે આપણે કોઈના ગુલામ બની જઈએ, નહીં. અહીં તો 'તાબે થવું' એટલે જેમ ભગવાનને આધીને થઈ જઈએ છીએ એવી જ રીતે જેને આપણે આપણો 'ખુદા' માની લીધો એને આધીન થઈ જવું. રાજ કપૂરે ગાયું છે કે "એક દિલ કે દો અરમાન હૈ હમ..." બસ, પ્રેમીરૂપ ખુદામાં એકાકાર થઈ જવું !

મૈત્રી વગરનો પ્રેમ વાંઝિયો અને પ્રેમ વગરની મૈત્રી વાંઝણી. એકબીજા વગર બંને અધૂરા છે. મૈત્રી વગરનો પ્રેમ, માત્ર ઔપચારિકતાની આધાશીશીનો શિકાર બની જાય અને પ્રેમ વગરની મૈત્રી અપાહિજ...મૈત્રીના મંત્રથી દીક્ષિત થયો ન હોય એવો પ્રેમ ટકાઉ ન હોય અને પ્રેમના પર્યાવરણથી અલિપ્ત રહેતી મૈત્રી ક્યારે મુરઝાઈ જાય, એ કહેવાય નહીં. મૈત્રી વગર પ્રેમ ન ટકે અને પ્રેમ વગર મૈત્રી ન ટકે. બંને માટે, બંને જણાં એકબીજાંનો શ્વાસ છે - એ એકબીજાથી અળગાં તો કેમ રહે? પતિ અને પત્ની જ્યાં સુધી એકબીજાના મિત્ર નહીં બની રહે ત્યાં સુધી એમનો ગમે તેટલો શુદ્ધ પ્રેમ પણ અખંડ નહીં રહી શકે. મૈત્રીમાં એક ગુણ છે કે એ મિત્રનાં સઘળા દોષો માફ કરી દે છે. પ્રેમને વિશુદ્ધ રાખી શકે છે માત્ર મૈત્રી જ ! આપણે જીવનભર કોઈના થઈ જઈએ, છતાં પણ એ એક પળ માટે પણ આપણા ન બની શકે તો કોઈ જ વસવસો નહીં રાખવો કારણ કે 'કોઈક'ના થઈ જવા'નો આશીર્વાદ તો માલિક આપણા જેવા 'કોઈક'ને જ આપતો હોય છે. કોઈકને આપણા બનાવવા એના કરતા કોઈકના આપણે થઈ જઈએ એમાં મજા છે ! પણ 'કોઈક' આપણું બનીને આવે, તો છેલ્લા શ્વાસ સુધી એના થઈને જીવવામાં કંઈક જુદી જ મજા છે. શબ્દપ્રીત એવું જ કંઈક કહે છે કે :

**જિંદગીભરનો પૂજારી સૂર્યનો બનવા છતાં**
**જોઈ લે તું વારસામાં એક પડછાયો મળ્યો**

**ટહુકો :**

**જહાં તક હો સકે હમ પર સિતમ ઢાયે ચલે જાઓ,**
**સમંદર મેં હમેં તૂફાંસે ઘબરાના નહીં આતા,**
**હવાદિસસે ઉલઝકર મુસ્કુરાના મેરી ફિતરત હૈ,**
**મુઝે દુશ્વારિયોં પર અશ્ક બરસાના નહીં આતા.**

**- અખ્તર શિરાની**

# મૈં ભી વહીં સો જાઉંગી...



**સ્વ**ર સમ્રાજ્ઞી આશા ભોંસલે ગયા રવિવારે ૧૨મી એપ્રિલ, ૨૦૨૬ને રોજ ચીર નિંદ્રામાં પોઢી ગઈને આખું સંગીત જગત ગમગીન થઈ ગયું. ૯૨ વર્ષની આશા તાઈ હવે આપણી વચ્ચે નથી, પણ તેણે ગાયેલાં ૧૨૦૦૦થી વધુ ગીતો ક્યારેક ને ક્યારેક તો સંગીત પ્રેમીઓનાં હૈયાંને ઉકેલતાં રહેશે. આશા તાઈએ તમામ પ્રકારનાં ગીતો, કોઈ પણ છોછ વિના, મનથી ગાયાં છે ને એ દ્વારા તેની ગાયકીનો જે વ્યાપ અનુભવાય છે, તે ગીત-સંગીતજ્ઞને હરહંમેશ આશ્ચર્યચકિત કરતો રહેશે.

૮ સપ્ટેમ્બર, ૧૯૩૩ને રોજ મહારાષ્ટ્રનાં સાંગલીમાં પંડિત દીનાનાથ મંગેશકરને ત્યાં આશાનો જન્મ. નવ વર્ષની ઉંમરે પિતા ગુમાવ્યા, તે પછી મોટી બહેન લતા સાથે ફિલ્મોમાં ગાવાનું શરૂ કર્યું. આશાએ પહેલું ગીત મરાઠી ફિલ્મ 'માઝા બાળ'માં ૧૯૪૩માં ગાયું. ૧૯૪૮માં 'ચુનરિયા' નામની ફિલ્મમાં 'સાવન આયા..' ગીતથી હિન્દી ફિલ્મોમાં પ્રવેશ કર્યો. પછી તો ભજન, પ્રાર્થના, ગઝલો, કેબ્રે, પોપ, શાસ્ત્રીય, કવ્વાલી, રવીન્દ્ર સંગીત એમ વૈવિધ્યપૂર્ણ એટલા પ્રકારોમાં ગાયું છે કે આટલી મોટી રેન્જની ગાયિકા શોધવી પડે. 'માઈ' નામની ફિલ્મમાં



## સ્ત્રી સશક્તીકરણ

- રવીન્દ્ર પારેખ

તેણે મુખ્ય ભૂમિકા ભજવી ને તેની ઉલટભેર પ્રશંસા પણ થઈ.

આશા તાઈને નામે અનેક માન અકરામ અને એવોર્ડ્સ ચડેલાં છે. કોઈ ભારતીયને વિદેશમાં મળેલાં એવોર્ડ્સમાં ગીનેસ બૂક અને ગ્રેમી એવોર્ડ સાથે આશા તાઈનું નામ સંકળાયેલું છે. આ ઉપરાંત ફિલ્મ જગતનો દાદા સાહેબ ફાળકે એવોર્ડ ૨૦૦૦માં મળ્યો હતો અને બે રાષ્ટ્રીય એવોર્ડ ૧૯૮૧માં 'ઉમરાવજાન'માં 'દિલ ચીઝ ક્યાં હૈ...' માટે અને ૧૯૮૭માં 'ઈજાઝત' ફિલ્મનાં ગીત 'મેરા કુછ સામાન...' માટે મળ્યા. આ ઉપરાંત ૨૦૦૮માં પદ્મવિભૂષણનું સન્માન પણ ભારત સરકાર તરફથી મળ્યું. આમ છતાં આશા તાઈ સરળ અને સહજ જીવનમાં માનતાં રહ્યાં. સાદગી જ તેમનું આભૂષણ હતું.

આટલી સન્માનિત વ્યક્તિએ, ૧૬ વર્ષની ઉંમરે ૩૧ વર્ષના ગણપતરાવ ભોંસલે સાથે ભાગીને લગ્ન કર્યાં હતાં ને તેમનું લગ્નજીવન સુખી ન હતું. આશા ભોંસલેને ઘરેલું હિંસાનો સામનો કરવાનું પણ આવ્યું ને ગર્ભાવસ્થામાં જ ઘર છોડવાની સ્થિતિમાં મુકાવું પડ્યું. આ લગ્નથી મોટી બહેન લતા બહુ નારાજ હતી અને બંને બહેનો વચ્ચે વર્ષો સુધી અબોલા રહ્યાં હતાં. એ પછી ગાયકીનો જુદો માહોલ ખડો થયો અને સંગીતકાર ઓ.પી. નય્યરના નિર્દેશનમાં આશા તાઈએ ઢગલો ગીતો ગાયાં. નય્યરે પણ આશાના અવાજનો મહત્તમ કસ કાઢીને વિશેષ વૈવિધ્ય અને લય બહાર આણ્યાં. બંને વચ્ચેનું ટ્યૂનિંગ એવું હતું કે ઓ.પી. નય્યર કહેતા કે આશા વગર તેમનું સંગીત અધૂરૂં છે. આ વાત આશા તાઈ પણ સ્વીકારતી કે ઓ.પી. નય્યરનો અવાજને નવો વળાંક આપવામાં તથા બેઝ મ્યુઝિક સર્જવામાં મોટો ફાળો હતો. નય્યરે પણ આશાના અવાજનું પ્રણયરંગી માધુર્ય પ્રગટાવીને 'જાઈએ આપ કહાં જાયેંગે' (મેરે સનમ), ઉડે જબ જબ ઝુલ્ફેં તેરી (નયા દૌર), આઈએ મહેરબાં (હાવડા બ્રિજ) જેવાં સદાબહાર ગીતો આપ્યાં. પણ ૧૪ વર્ષના સાંગીતિક સાથ પછી ૧૯૭૨માં કોઈ વાતે વાંકું પડતાં આ જોડી ખંડિત થઈ.

આશા ભોંસલેએ હિન્દી ઉપરાંત બંગાળી, મરાઠી, ગુજરાતી...માં પણ કેટલાંક ઉત્તમ ગીતો ગાયાં. એમાંનું અવિનાશ વ્યાસનું ગુજરાતી સર્જન 'માડી તારૂં કંકુ ખર્યુંને સૂરજ ઊગ્યો...', આશા ભોંસલે એ ગાયેલું અદભુત ભક્તિ ગીત છે. 'માડી તારૂં'માં જે રીતે આલાપ, સ્વર માધુર્યથી, ચોક્કસ સ્થળે સ્વર લંબાવીને શબ્દની સાર્થકતા સિદ્ધ કરી છે, એ આ ભક્તિ ગીતને અમર બનાવે છે. 'માડી તારૂં'ની પહેલી જ પંક્તિમાં 'કંકુ'માં 'કુ'ને લંબાવીને હવામાં ઉડાડ્યું છે ને 'ખર્યું'ને એ રીતે ગાયું છે કે, 'કંકુના ખરવાની અનૂભૂતિ થઈને રહે. 'જગ માથે જાણે પ્રભુતાએ પગ મૂક્યો, એ પંક્તિમાં 'પગ'ને એ રીતે ગાયું છે કે પ...ગ મુકાવાની મુદ્રા પ્રગટે. 'સૂરજ ઊગ્યો' શબ્દમાં 'ઊઉઉગ્યો' શબ્દ એ રીતે ગાયો છે કે અનેક રૂપે સૂર્યના ઊગવાની કળાનો સાક્ષાત્કાર થાય. 'નભનો ચંદરવો'માં આશા તાઈએ 'ન...ભ' શબ્દ એમ ગાયો છે કે તારાઓનો ચંદરવો ખૂલતો દેખાય. ગીતમાં આગળ 'પૂનમની' જ્યોતિમાં 'પૂઉઉઉનમ'ની જ્યોતિ ગાઈને ગીતમાં પૂનમનું અમૃત ફેલાવ્યું છે. આખા ગીતની વિશેષતાઓ તો અહીં બતાવવામાં લંબાણ થાય એટલે આટલાથી જ સંતોષ માનવો પડે, પણ અવિનાશ વ્યાસે જે રીતે એ સંગીતબદ્ધ કર્યું છે, તેમાં એક સાત્વિક અનૂભૂતિ થઈને રહે છે. ગીત ગુજરાતીમાં તો ખરૂં જ, પણ આશા તાઈનાં શ્રેષ્ઠ ગીતોમાં પણ અગ્રતા ક્રમે ગોઠવાઈ રહે એમ છે.

પછી તો આશા તાઈ ૧૯૮૦માં આર.ડી. બર્મન સાથે લગ્નગ્રંથિથી જોડાયાં. બંનેનાં આ બીજા લગ્ન હતાં. એમને જોડનારૂં તત્ત્વ સંગીત હતું. પંચમ દાના સંગીતમાં અનેક પ્રયોગો, યોગની કક્ષાએ થયા. કેટલાંક કમ્પોઝિશન્સ તો આશાજી જ ગાઈ શકે એવાં હતાં. પંચમ દા વિષે આશા તાઈનું કહેવું હતું કે તે ગાયકના ગળાની શક્તિનો પૂરો કસ કાઢી શકતા હતા. આશા તાઈ એવી સક્ષમ ગાયિકા હતી. આર. ડી. બર્મન પશ્ચિમી અને ભારતીય સંગીતનું સમન્વય સિદ્ધ કરતું નવું શિખર બની રહ્યા, એટલે આશા ભોંસલે પાસે 'દમ મારો દમ' (હરે રામ હરે કૃષ્ણ), 'ઓ હસીના ઝૂલ્ફોં વાલી' 'આજા આજા મૈં હૂં પ્યાર તેરા' (તીસરી મંઝિલ), 'ચુરા લિયા હૈ તુમને જો દિલકો', (યાદોં કી બારાત) જેવાં ગીતો ગવડાવ્યાં તો 'સપના મેરા ટૂટ ગયા' (ખેલ ખેલ મેં), 'કતરા કતરા ...' 'મેરા કુછ સામાન...' (ઈજાઝત) જેવાં ગીતો પણ ઉત્તમ રીતે ગવડાવ્યાં.

જો કે, આજે વાત 'મેરા કુછ સામાન...'ની કરવી છે. આર.ડી. બર્મને એ કમ્પોઝિશન કોઈ દિવ્ય અનૂભૂતિમાંથી કર્યું હોવાનું લાગે છે. સુબોધ ઘોષની એક વાર્તા પર આધારિત ગુલઝારની ફિલ્મ 'ઈજાઝત' પ્રણય વિચ્છેદની ગંભીર કથા છે. મહેન્દ્ર (નસીરુદ્દીન શાહ), સુધા (રેખા), માયા (અનુરાધા પટેલ)ની ભૂમિકાવાળી આ ફિલ્મમાં પતિ-પત્ની વચ્ચે એક અલ્લડ યુવાન છોકરી આવે છે ને નસીરૂદ્દીન, રેખા અલગ થઈ જાય છે. પત્ની તરીકે રેખા અનુરાધાથી નારાજ છે, પણ તેની કેટલીક વાતો, હરકતો રેખાને ગમે પણ છે.

રેલવે સ્ટેશનના વેઈટિંગ રૂમમાં એકાએક નસીર-રેખા અલગ થયા પછી, પહેલી વાર મળે છે, ત્યાંથી ફિલ્મ શરૂ થાય છે. એમાં જ અનુરાધા (માયા)ની મુલાકાતને વધતા સંબંધોની વાત પણ વણી લેવાઈ છે. માયા ને મહેન્દ્ર એકબીજાની નજીક આવે છે, પણ માયા કોઈક કારણસર મહેન્દ્રને છોડી જાય છે. જો કે, લાગણીનો તંતુ છૂટતો નથી. રેખા સાથે નસીરના લગ્ન થાય છે, ત્યારે માયા અલગ થઈ ગઈ છે. રેખાના આવ્યા પછી, તેને માયાનો કેટલોક સામાન જડે છે, તે તેને મોકલાવી દે છે. એ વાતે માયા ઘવાઈ હોય તેમ, એક રાત્રે મોટા કાગળ જેટલો ટેલિગ્રામ મોકલે છે ને પોતાનો થોડો સામાન હજી નસીર પાસે રહી ગયો છે, તે મંગાવે છે. એ શું માંગે છે? પત્રમાં લપેટાયેલી રાત, શાખ પરથી તૂટતું પાન, બિસ્તર પાસે રહી ગયેલું ભીનું મન... તે સંવેદન સભર એવી વસ્તુઓ માંગે છે, જે વસ્તુ નથી, પણ કેવળ અમૂર્ત ભાવ છે.

એ ગીત રૂપે આશા ભોંસલેના અવાજમાં આર.ડી.એ કમ્પોઝ કર્યું છે. માયાની માંગણીઓ જ સ્વયં કવિતા છે. ગુલઝારનું દિગ્દર્શન અને ગુલઝારનું જ કાવ્ય. એમાં છંદ નથી. એ કાવ્ય ગુલઝાર આર.ડી. બર્મનને આપીને તેને કમ્પોઝ કરવાનું કહે છે. આર.ડી. કહે છે કે કાલે તો તમે છાપામાંથી ગીત બનાવવાનું કહેશો, પણ બનાવે છે. સાધારણ રીતે ગીત કે ગઝલ છંદમાં હોય તો તે સંગીતબદ્ધ કરવાનું એટલું અઘરૂં નથી, પણ જે કવિતાની બધી જ પંક્તિઓ નાની મોટી હોય એને કમ્પોઝ કરવાનું અઘરૂં છે. ગુલઝારની આ કૃતિ કવિતા તરીકે ઉત્તમ છે, પણ તેની અનિયમિત નાજુક પંક્તિઓની તર્જ બનાવવાનું અશક્યવત હતું. ગુલઝારને લય, છંદનું સારૂં એવું જ્ઞાન છે, તોય આ છંદ વગરની કૃતિ કમ્પોઝ કરવાનું કહ્યું, તેનું કારણ એ કૃતિમાં રહેલું ઉત્તમ કાવ્યત્વ છે. હિન્દી ફિલ્મ જગતમાં 'મેરા કુછ સામાન' એકમાત્ર અછાંદસ રચના છે, જે સંગીતબદ્ધ થઈ છે.

આર.ડી. બર્મને પણ આ કવિતાને ચેલેન્જ તરીકે સ્વીકારીને લય ઊભો કરી અત્યંત હૃદયસ્પર્શી કૃતિ પડદા પર અનુરાધા પટેલના સુંદર અભિનય દ્વારા પ્રસ્તુત કરી. એ કૃતિ આજે તો એક ઈતિહાસ છે. આવી કૃતિ પ્રેક્ષકોને બહુ માફક આવતી નથી, પણ ગુલઝારને નસીબે, દર્શકોને આ કવિતા પણ પસંદ પડી, એને માટે આખી ટીમને અભિનંદન આપીએ.

ફિલ્મમાં અનુરાધા પટેલ ટેલિગ્રામમાં ઉટપટાંગ રીતે, સંવેદનશીલ માંગણીઓ નસીર પાસે કરે છે. કાવ્ય આશા તાઈના આલાપ સાથે આમ ઊઘડે છે : સા (આઆ)માન શબ્દ આ રીતે આશા તાઈ ગાય છે તો અમૂર્ત સામાન મૂર્ત સ્વરૂપ ધારણ કરે છે. એ જ રીતે તુમ્હારે પાસ પડા હૈ-માંના 'તુ (ઉઉઉ) મ્હા (આઆઆ) રે (એએએ)માં મુરકીની મજા છે તે કવિતાને વધારે અસરકારક બનાવે છે.

**મેરા કુછ સામાન તુમ્હારે પાસ પડા હૈ (૨)**
**સાવન કે કુછ ભીગે ભીગે દિન રખે હૈં**
**ઔર મેરે એક ખત મેં લિપટી રાત પડી હૈં**
**વો રાત બુઝા દો, મેરા વો સામાન લૌટા દો**
**પતઝડ મેં હૈ કુછ**
**હૈ ના**
**પતઝડ મેં કુછ પત્તોં કે ગિરને કી આહટ**
**કાનોં મેં એક બાર પહન કે લૌટ આયી થીં**
**પતઝડ કી વો શાખ અભી તક કાંપ રહી હૈ**
**વો શાખ ગિરા દો, મેરા કુછ સામાન લૌટા દો (૨)**
**એક અકેલી છત્રી મૈં જબ આધે આધે ભીગ રહે થે (૨)**
**આધે સૂખે આધે ગીલે,**
**સૂખા તો મૈં લે આયી થી**
**ગીલા મન શાયદ બિસ્તર કે પાસ પડા હો**
**વો ભીજવા દો,**
**મેરા વો સામાન લૌટા દો**
**એક સૌ સોલા ચાંદ કી રાતેં, એક તુમ્હારે કાંધે કા તિલ (૨)**
**ગીલી મેંહદી કિ ખૂશ્બૂ, જૂઠ મૂઠ કે વાદે**
**શિકવે કુછ**
**જૂઠ મૂઠ કે વાદે સબ યાદ કરા દો**
**સબ ભીજવા દો, મેરા વો સામાન લૌટા દો (૨)**
**એક ઈજાઝત દે દો બસ, જબ ઈસ કો દફનાઉંગી**
**મૈં ભી વહીં સો જાઉંગી**
**મૈં ભી વહીં સો જાઉંગી ...**

આખી કવિતા જોઈશું તો ખ્યાલ આવશે કે એને સંગીતબદ્ધ કરવાનું અશક્યવત હતું ને એટલું જ મુશ્કેલ હતું આશા તાઈ માટે ગાવાનું, પણ આખું સાહસ સફળ રહ્યું ને એને માટે ગાયકીનો રાષ્ટ્રીય પુરસ્કાર આશા તાઈને મળ્યો એ દરેક સંગીત ચાહક માટે ગૌરવપૂર્ણ ઘટના છે. એ આશા તાઈ બધી પીડાઓ દફનાવીને કહે છે - મૈં ભી વહીં સો જાઉંગી

**મૈં ભી વહીં સો જાઉંગી**
**આજે આશા તાઈ ચીર નિંદ્રામાં પોઢી ગયાં છે.**
**એમને વિનમ્ર (સં)ગીતાંજલિ....**

**મોબાઈલ નંબર : ૯૩૭૭૯૩૯૧૨૩**
**ઈ-મેઈલ : ravindra 21111946@gmail.com**

# ઈમામ અબ્દુર રહમાન અલ અવઝાઈ : ફકીહ અને આંતરરાષ્ટ્રીય ન્યાયશાસ્ત્રના આચાર્ય

**બી**જી હિજરી સદી - ઈસ્વી આઠમી સદી દરમિયાન ઈસ્લામિક ફિકહ/ન્યાયશાસ્ત્ર અને હદીસ અભ્યાસના ક્ષેત્રોમાં અસંખ્ય તેજસ્વી વિદ્વાનો ઉભરી આવ્યા. ઈમામ અબુ હનીફા, ઈમામ મલિક ઈબ્ને અનસ, અને ઈમામ સુફ્યાન અલ-સૌરી જેવા પ્રસિદ્ધ વિદ્વાનો સાથે એક પ્રસિદ્ધ નામ છે ઈમામ અલ-અવઝાઈનું.

ઈમામ ઈબ્ને ખલીકન તેમના ઐતિહાસિક મહાન કાર્ય વફાયત અલ-અયાનમાં, લખે છે: 'અલ-અવઝાઈ તેમના સમયમાં શામ/સીરિયાના ઈમામ હતા - તેઓ ગહન જ્ઞાન, ઊંડી ધાર્મિકતા અને ઉત્કૃષ્ટ નૈતિક ચારિત્ર્યથી સંપન્ન હતા.' ઈમામ અઝ-ઝહબી, તેમના સિયાર અઅલામ અલ-નુબલામાં તેમના જ્ઞાન, ફિકહ અને ઝુહદના કારણે તેમને 'સીરિયાના લોકોના ઈમામ'ની ઉપાધિ આપી છે.

**જન્મ, વંશાવળી અને પ્રારંભિક જીવન**

ઈમામ અલ-અવઝાઈનું પૂરૂં નામ છે: અબુ અમ્ર અબ્દુર-રહેમાન ઈબ્ને અમ્ર ઈબ્ને યુહમદ અલ-અવઝાઈ. ઈબ્ને સાદ તેમના અલ-તબકાત

## પ્રભાવી વ્યક્તિત્વ

- મુહમ્મદ સઈદ શેખ

અલ-કુબરામાં, નોંધે છે કે તેમનો જન્મ ૭૦૭ ઈસ્વી (૮૮ હિજરી)માં બાલબેક (આધુનિક લેબનોન)માં થયો હતો. તેઓ ઉકેલ જાતિના મવલા (સંરક્ષિત સાથી) હતા. 'અલ-અવઝા'ઈ' નામની ઉત્પત્તિ અંગે, ઈબ્ને ખલ્લિકાન લખે છે કે, 'અલ-અવઝા'એ દમાસ્કસ નજીક સ્થિત ધીઆ પ્રદેશમાં એક વસાહતનું નામ હતું. તેનાથી તેઓ અલ અવઝાઈ તરીકે ઓળખાયા.તેઓ નાના હતા ત્યારેજ એમના પિતાનું અવસાન થઈ ગયું હતું, તેથી એમનું બાળપણ અત્યંત કષ્ટોથી ભરેલું હતું. તેઓ નાની ઉંમરે તેમની માતા સાથે યમન અને ત્યારબાદ અશ-શામ/સીરિયાના પ્રદેશોમાં ફર્યા. આ જીવનના અનુભવે તેમનામાં ઊંડી સહાનુભૂતિ, નમ્રતા અને ન્યાય પ્રત્યેની અટલ પ્રતિબદ્ધતા જગાવી. એમની માતાએ એમને જ્ઞાન મેળવવા પર ભાર આપ્યું.

**શિક્ષણ અને શિક્ષકો**

ઈમામ અલ-અવઝા'ઈએ સીરિયાના ત્રણ પ્રતિષ્ઠિત વિદ્વાનો પાસેથી વિશેષ શિક્ષણ મેળવ્યું :

તેમના પ્રથમ શિક્ષક મખૂલ અશ-શામી-સીરિયાના અગ્રણી ન્યાયશાસ્ત્રી/ફકીહ હતા, જેમની પાસેથી તેમણે ઈસ્લામિક ન્યાયશાસ્ત્રના પાયા શીખ્યા. તેમના બીજા શિક્ષક: યાહ્યા ઈબ્ને અબી કથીર - હદીસના પ્રખ્યાત વિદ્વાન હતા, જેમના વર્ણનો 'સહીહ અલ-બુખારી' અને 'સહીહ મુસ્લિમ' બંને સંગ્રહોમાં દર્શાવવામાં આવ્યા છે. તેમના ત્રીજા શિક્ષક: ઈબ્ને શિહાબ અલ-ઝુહરી-હદીસ સંકલનના મહાન વિદ્વાનોમાંના એક, જેમની પાસેથી તેમણે હદીસના ઈસનાદ/ટ્રાન્સમીશન અને મતન/ટેક્સ્ટ બંનેનું વિવેચનાત્મક વિશ્લેષણ કરવાનું જ્ઞાન મેળવ્યું.

ઈમામ અઝઝહાબી તેમના પુસ્તક 'સિયાર'માં લખે છે કે અલ-અવઝા'ઈને લગભગ સિત્તેર હજાર હદીસો યાદ હતી. આ આંકડો અતિશયોક્તિપૂર્ણ લાગે છે, પરંતુ તે દર્શાવે છે કે તેમની પાસે હદીસના વિજ્ઞાનમાં અસાધારણ સ્તરની નિપુણતા હતી. યાહ્યા ઈબ્ને માઈન, ઈમામ અહમદ ઈબ્ને હનબલ અને અલી ઈબ્ને અલ-મદીની જેવા પ્રખ્યાત હદીસ નિષ્ણાતોએ સર્વસંમતિથી હદીસના વર્ણનકાર તરીકે તેમની સંપૂર્ણ વિશ્વસનીયતા-સિકાહ હોવાની પુષ્ટિ કરી છે. 'એન્સાઈક્લોપીડિયા ઓફ ઈસ્લામ' અનુસાર, તેઓ મખુલના શિષ્ય તરીકે ખાસ પ્રખ્યાત થયા, અને તેમણે હજ અને યમામા પ્રવાસો દરમિયાન અનેક હદીસો શીખી. તેમના વિદ્યાર્થીઓમાં માલિક બિન અનસ, સુફ્યાન અસ-સૌરી, અબ્દુલ્લાહ બિન મુબારક, યાહ્યા બિન સઈદ અને વલીદ બિન મુસ્લિમ વગેરે શામેલ છે. આ બધા સંબંધો તેમના જ્ઞાનની વિશાળતા દર્શાવે છે.

**અવઝાઈ મઝહબ- ન્યાયશાસ્ત્રની એક સ્વતંત્ર શાળા**

ઈમામ અલ-અવઝા'ઈ ફક્ત એક વિદ્વાન જ નહોતા, પરંતુ ઈસ્લામિક ન્યાયશાસ્ત્રમાં એક સ્વતંત્ર મઝહબ/વિચારશાળાના સ્થાપક પણ હતા - જેને 'અવઝા'ઈ મઝહબ' તરીકે ઓળખવામાં આવે છે. તેમના સમય દરમિયાન, આ શાળા લેવન્ટ/સીરિયા, ઉત્તર આફ્રિકા અને ખાસ કરીને અલ-અંદલુસ/ઈસ્લામિક સ્પેનમાં બે સદીઓ સુધી પ્રભુત્વ ધરાવતી રહી. 'એન્સાઈક્લોપીડિયા ઓફ ઈસ્લામ' અનુસાર હનફી, મલિકી અને શાફી'ઈ શાળાઓના ઉદ્ભવ પહેલા તેમના 'મઝહબે' એક વ્યાપક ન્યાયશાસ્ત્ર પરંપરા સ્થાપિત કરી હતી. ઈમામ ઈબ્ને ખલીકાન અનુસાર, તેમના મઝહબને ઈમામ મલિક પહેલાં અલ-અંદલુસમાં અપનાવવામાં આવ્યું હતું અને આઠમી સદીના અંત સુધી આ વિચારધારા ત્યાં પ્રચલિત રહી. તેમની ન્યાયશાસ્ત્ર પદ્ધતિ કુરાન અને સુન્નહ પર આધારિત તર્ક દ્વારા વર્ગીકૃત કરવામાં આવી હતી; સહાબા અને તાબી'ઈન/ઉત્તરાધિકારીઓની પરંપરાઓની પ્રાથમિકતા અને ક્યિાસ/સમાન તર્ક પ્રત્યે સાવચેત અભિગમ અપનાવવામાં આવ્યું હતું. તેઓ ઈમામ અબુ હનીફાના કેટલાક મંતવ્યો સાથે અસંમત હતા - જે મતભેદો તેમણે નમ્રતા અને દ્રઢતા બંને સાથે વ્યક્ત કર્યા હતા. મક્કામાં બંને વચ્ચે થયેલી પ્રખ્યાત ચર્ચા ઈમામ અઝઝહાબીએ તેમના પુસ્તક, સિયારમાં ખૂબ વિગતવાર નોંધી છે.

**હદીસના વિજ્ઞાનમાં યોગદાન**

અલ-અવઝાઈના હદીસના વિજ્ઞાનમાં યોગદાને તેમની શિષ્યવૃત્તિનો પાયો નાખ્યો હતો. ઈબ્ને સાદ તેમને લેવન્ટમાં હદીસ પરંપરાના મુખ્ય સ્તંભ તરીકે સૂચિબદ્ધ કરે છે. ઈમામ ઈબ્ને હિબ્બાનના સિકાત/વિશ્વસનીય કથાકારોના સંગ્રહમાં પણ તેમનું નામ મુખ્ય રીતે દર્શાવવામાં આવ્યું છે.

હદીસ શિષ્યવૃત્તિ પ્રત્યેના તેમના અભિગમની એક નિર્ણાયક લાક્ષણિકતા એ હતી કે દરેક હદીસ માટે ઈસનાદ/પ્રસારણની સાંકળની તેમની સખત તપાસ હતી; તેમણે નબળા અથવા અવિશ્વસનીય ગણાતા કોઈપણ કથાનકોને નકારી કાઢ્યા હતા.સુફ્યાન અસ્સૌરી જેવા સમકાલીન વિદ્વાનોએ હદીસ પરની તેમની પકડ અને તેમની પ્રામાણિકતાની પ્રશંસા કરી હતી. આ જ કારણ છે કે, પછીના યુગમાં, મુહમ્મદ ઈબ્ને ઈસ્માઈલ અલ-બુખારીએ તેમના 'સહીહ'માં તેમના કથાનકો ટાંક્યા હતા.

**'સિયાર' - ઈસ્લામિક આંતરરાષ્ટ્રીય કાયદો**

ઈમામ અલ-અવઝાઈનું સૌથી મહત્વપૂર્ણ યોગદાન - અને વિશ્વ ઈતિહાસના દૃષ્ટિકોણથી ખૂબ જ સુસંગત - સિયાર/ઈસ્લામિક આંતરરાષ્ટ્રીય કાયદો છે. આમાં યુદ્ધના કાયદા, બિન-મુસ્લિમોના અધિકારો, રાજદૂતોનું રક્ષણ અને સંધિ કાયદા સંબંધિત ચર્ચા વિચારણાઓ છે. ઈમામ અલ-અવઝાઈ આ નિયમો/વિચારણાને વ્યવસ્થિત રીતે સ્પષ્ટ કરનારા પ્રથમ વિદ્વાન હતા. તેમના પહેલા, આ નિયમો છૂટાછવાયા સ્વરૂપમાં અસ્તિત્વમાં હતા; તેમણે તેમને એક સુસંગત અને તાર્કિક માળખું આપ્યું. ઈસ્લામી જ્ઞાનકોષ એ હકીકત પર ખાસ ભાર મૂકે છે કે મુહમ્મદ ઈબ્ને હસન અશ-શાયબાની દ્વારા વિશ્વ-પ્રસિદ્ધ 'સિયાર' ગ્રંથોનો પાયો ઈમામ અલ-અવઝાઈના બૌદ્ધિક વારસા પર આધારિત છે.

'સિયાર' અંગેના તેમના સૌથી નોંધપાત્ર સિદ્ધાંતોમાં શામેલ છે: (૧) યુદ્ધ દરમિયાન સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધોની હત્યા પ્રતિબંધિત છે; (૨) ધાર્મિક સ્થળોએ રહેતા મૌલવીઓ અને તપસ્વિઓને યુદ્ધમાંથી મુક્તિ આપવામાં આવશે; (૩) યુદ્ધ કેદીઓ સાથે માનવતાપૂર્ણ વર્તન કરવામાં આવશે.(૪) બિન મુસ્લિમ નાગરિકો/ધીમ્મીના અધિકારોનું રક્ષણ એ રાજ્યની ફરજ છે.

ઈમામ અબુ યુસુફ (હનફી વિચારધારાના અગ્રણી વિદ્વાન) સાથેના તેમના પ્રખ્યાત પત્રવ્યવહાર ઈસ્લામિક ન્યાયશાસ્ત્રના ઈતિહાસમાં એક સીમાચિહ્નરૂપ છે. આ પત્રવ્યવહારમાં, અલ-અવઝાઈએ બિન-મુસ્લિમ પ્રદેશોમાં ઈસ્લામિક લશ્કરી ઝુંબેશ દરમિયાન નાગરિકોના રક્ષણની તરફેણમાં દલીલ કરી હતી. આ દસ્તાવેજને આધુનિક આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર કાયદાનો પુરોગામી માનવામાં આવે છે.

**વિશ્વ ઈતિહાસ અને સંસ્કૃતિમાં યોગદાન**

ઈમામ અલ-અવઝાઈનું ઐતિહાસિક મહત્વ ફક્ત ઈસ્લામિક વિદ્વતાના ક્ષેત્ર સુધી મર્યાદિત નથી. 'સિયાર'/ઈસ્લામિક આંતરરાષ્ટ્રીય કાયદાના તેમના સિદ્ધાંતોએ મધ્યયુગીન યુરોપિયન યુદ્ધ નીતિશાસ્ત્ર/જસ્ટ વોર થિયરીને પણ પ્રભાવિત કર્યો. આ ખ્યાલોએ ઈસ્લામિક સ્પેન/અલ-અંદલુસમાં તેમનાં મઝહબ/ન્યાયશાસ્ત્રના પ્રભાવ દ્વારા યુરોપિયન કાનૂની વિચારમાં પોતાનો માર્ગ શોધ્યો.

બે સદીઓથી અલ-અંદલુસમાં અવઝાઈ શાળાનો વ્યાપ સૂચવે છે કે ઈસ્લામિક સ્પેનની ન્યાયિક વ્યવસ્થા, વહીવટ અને આંતર-સાંપ્રદાયિક સંબંધોનો પાયો તેમના વિચારો પર ટકી રહ્યો હતો. ઈબ્ને ખલ્લિકનના મતે, અલ-અંદલુસના પ્રથમ કાઝી/ન્યાયાધીશ અવઝાઈ શાળાના અનુયાયી હતા.

તેમનું બીજું એક કાયમી યોગદાન એ છે કે તેઓ ખલીફાઓ અને શાસકોને પણ ન્યાયના સિદ્ધાંતો અંગે ચેતવણી આપવામાં અચકાતા નહોતા. તેમણે અબ્બાસી ખલીફા અલ-મન્સુરના અધિકારી દ્વારા કરવામાં આવેલા અત્યાચારોનો વિરોધ કરતો એક હિંમતવાન પત્ર લખ્યો. આ પત્રને તેમના સિયારમાં ટાંકીને, ઈમામ અઝઝહબી નોંધે છે કે ઈમામ અલ-અવઝાઈએ શાસકને લખ્યું હતું, 'ઈશ્વરે તમને ન્યાય ખાતર પસંદ કર્યા છે, અત્યાચાર માટે નહીં.'

**ચારિત્ર્ય અને આધ્યાત્મિકતા**

ઈમામ અલ-અવઝાઈનું વ્યક્તિત્વ તેમની વિદ્વતા જેટલું જ પ્રભાવશાળી હતું. ઈબ્ને ખલ્લિકન નોંધે છે કે, તેમના સમગ્ર જીવન દરમિયાન, તેમણે અત્યંત સાદગીપૂર્ણ જીવન જીવ્યું. બૈરૂતમાં તેમના અંતિમ વર્ષો દરમિયાન, તેઓ એક નાના ઘરમાં રહેતા હતા અને તેમના દિવસો અને રાત ઈબાદતમાં વિતાવતા હતા.

સુફયાન સૌરીએ કહ્યું હતું 'મેં અલ-અવઝાઈ જેવા કાયદાશાસ્ત્રી/ફકીહ ક્યારેય જોયા નથી જેમણે તેમના જ્ઞાન પર આટલો ઓછો ગર્વ કર્યો હોય.' ઈમામ ઝહબી તેમના એક પ્રખ્યાત વાક્યનો ઉલ્લેખ કરે છે: 'જે જ્ઞાન કાર્યમાં પરિવર્તિત થતું નથી તે બોજ છે, પ્રકાશ નથી.' તેમણે સતત અને જોરશોરથી 'ઝિમ્મી'/બિન-મુસ્લિમ નાગરિકોના અધિકારોનો બચાવ કર્યો અને ભારપૂર્વક જણાવ્યું કે તેમનું રક્ષણ કરવું મુસ્લિમોનું રક્ષણ કરવા જેટલું જ ફરજિયાત છે.

**અવસાન અને વારસો**

ઈમામ અલ-અવઝાઈનું અવસાન ૭૭૪ ઈસ્વી (૧૫૭ હિજરી)માં બૈરૂત (આધુનિક લેબનોન)માં થયું. તેમના સિયારમાં, ઈમામ ઝહબી લખે છે કે તેમના મૃત્યુના સમાચારે લેવન્ટ/સીરિયા અને અલ-અંદલુસ બંનેને ઊંડા શોકમાં ડૂબાડી દીધા. બૈરૂતમાં તેમની દરગાહ આજે પણ યાત્રાધામ તરીકે પ્રસિદ્ધ છે. તેમના વારસાનું સૌથી કાયમી પાસું ઈસ્લામિક આંતરરાષ્ટ્રીય ન્યાયશાસ્ત્ર /સિયારમાં તેમનું અગ્રણી યોગદાન છે, જેના પર અશ-શાયબાની અને અબુ યુસુફે પાછળથી વ્યાપક ગ્રંથો લખ્યા. તેમના પ્રખ્યાત કાર્ય 'ધ ઈસ્લામિક લો ઓફ નેશન્સ'માં આધુનિક વિદ્વાન માજિદ ખદ્દુરી ઈમામ અલ-અવઝાઈને આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાના પ્રારંભિક વ્યવસ્થિત સમર્થકોમાં સ્થાન આપે છે. માલિકી અને શાફી'ઈ શાળાઓના ફેલાવાને કારણે અવઝાઈ વિચારધારા આખરે વ્યવહારિક ઉપયોગથી ઝાંખી પડી ગઈ, તેમ છતાં તેના વિચારોનો પ્રભાવ આ શાળાઓના બૌદ્ધિક માળખામાં ઊંડે સુધી જડાયેલો રહ્યો છે. ઈસ્લામી વિશ્વકોષ સ્પષ્ટપણે નોંધે છે કે ઈમામ અશ-શાફી'ઈએ તેમના ઘણા સિદ્ધાંતોને તેમના પોતાના કાર્યોમાં સમાવિષ્ટ કર્યા હતા.

**નિષ્કર્ષ :** ઈમામ અબ્દુર-રહેમાન અલ-અવઝાઈ એક વિદ્વાન હતા જેમણે તેમના જ્ઞાન, ચારિત્ર્ય અને હિંમત દ્વારા ઈસ્લામિક સભ્યતાને એક નવી દિશા આપી. ફિકહ/ન્યાયશાસ્ત્રમાં તેમની સ્વતંત્ર વિચારધારા, હદીસમાં તેમની અસાધારણ નિપુણતા,સિયારમાં તેમનું અગ્રણી કાર્ય, અને ન્યાય પ્રત્યેની તેમની અવિશ્વસનીય પ્રતિબદ્ધતા - આ બધા તત્વો તેમને સામૂહિક રીતે ઈસ્લામિક ઈતિહાસના સૌથી પ્રતિષ્ઠિત વિદ્વાનોમાંના એક તરીકે સ્થાપિત કરે છે. અઝ્ઝહબી, ઈબ્ને ખલ્લીકન, ઈબ્ને સાદ અને અલ-તબરી જેવા અધિકૃત ઈતિહાસકારોના પુરાવા દર્શાવે છે કે ઈમામ અલ-અવઝાઈ ફક્ત એક પ્રાદેશિક વિદ્વાન જ નહોતા, પરંતુ વિશ્વ ઈતિહાસના એવા પસંદગીના વિચારકોમાંના એક હતા. જેમણે માનવ અધિકારો, ન્યાય અને આંતરરાષ્ટ્રીય કાયદાના ખ્યાલોને તેમના સમય કરતા સદીઓ પહેલા વ્યાખ્યાયિત કર્યા હતા.

**Email. :-msaeed181@gmail.com** (મો. ૯૬૨૪૦૪૬૬૭૭)

# સ્ટ્રોકમાં ઝડપી સારવારની કાર્યવાહી મગજના ગંભીર નુકસાનને કેવી રીતે અટકાવે છે



**સ્ટ્રો**ક એ સૌથી ખતરનાક તબીબી કટોકટીઓમાંની એક છે, જે ઘણીવાર ચેતવણી વિના ત્રાટકતી હોય છે અને મગજને ભયંકર નુકસાન પહોંચાડે છે. ડોકટરો ચેતવણી આપે છે કે, ઈસ્કેમિક સ્ટ્રોક દરમિયાન, જે સૌથી સામાન્ય પ્રકાર છે, જે લગભગ ૭૦ ટકા કેસોમાં થાય છે, અવરોધિત રક્તવાહિની મગજના કોષોને ઓક્સિજન અને ગ્લુકોઝનો પુરવઠો કાપી નાખે છે. પરિણામ વિનાશક બની શકે છે કારણ કે જો સારવારમાં વિલંબ થાય તો દર મિનિટે ૧.૯ મિલિયનથી વધુ ન્યુરોન મૃત્યુ પામે છે. મણિપાલ હોસ્પિટલના ન્યુરોઈન્ટરવેન્શનના સલાહકાર ડૉ. શરદ કુમાર જીજીએ ટાઈમ્સ નાઉ હેલ્થને જણાવ્યું હતુ કે, "લગભગ ૭૦ ટકા સ્ટ્રોક ઈસ્કેમિક (ગંભીર)હોય છે, જે રક્તસ્ત્રાવને કારણે નહીં, પરંતુ બ્લોકેજને કારણે થાય છે. જો દર્દી યોગ્ય હોસ્પિટલમાં, યોગ્ય ટીમ પાસે, પૂરતી ઝડપથી પહોંચે તો આધુનિક ન્યુરોઈન્ટરવેન્શનલ ટેકનોલોજી આવા સ્ટ્રોકને ઉલટાવી શકે છે."

**ઈસ્કેમિક સ્ટ્રોક અને મગજના નુકસાનની સમજ**

ઈસ્કેમિક સ્ટ્રોક ત્યારે થાય છે જ્યારે ગંઠાઈ જવાથી મગજને સપ્લાય કરતી મુખ્ય ધમની અવરોધાય છે. ઓક્સિજન વિના, મગજના કોષો લગભગ તરત જ મૃત્યુ પામે છે. ચેતાકોષોની સાથે, મગજ અબજો સિનેપ્સ અને માઈલ લાંબા ચેતાતંતુઓ પણ ગુમાવે છે, જે હલનચલન, વાણી અને યાદશક્તિ જેવા મહત્વપૂર્ણ કાર્યોને ગંભીર અસર કરે છે.

આ જ કારણ છે કે ડોકટરો સ્ટ્રોકની સારવારમાં, સામાન્ય રીતે લક્ષણો શરૂ થયાના પહેલા ૪.૫થી ૬ કલાકની અંદરના 'ગોલ્ડન અવર' પર ભાર મૂકે છે. તાત્કાલિક તબીબી હસ્તક્ષેપ, જેમ કે યાંત્રિક થ્રોમ્બેક્ટોમી (ગંઠાવાનું દૂર કરવું), રક્ત પ્રવાહને પુનઃસ્થાપિત કરી શકે છે અને લાંબા ગાળાના નુકસાનને નોંધપાત્ર રીતે ઘટાડી શકે છે.

ડૉ. શરદ જણાવે છે કે, "જ્યારે સ્ટ્રોકની વાત આવે છે, ત્યારે મને સૌથી વધુ ચિંતા પ્રક્રિયાની જટિલતાથી નથી થતી; તે એ છે કે લોકો હજુ પણ સ્ટ્રોક વિશે કેટલા ઓછા જાણે છે. દર્દીઓ કલાકો મોડા પહોંચે છે કારણ કે પરિવારોને ખબર નથી હોતી કે કઈ હોસ્પિટલમાં જવું જોઈએ. સ્ટ્રોક કેરમાં, તે વિલંબ ક્યારેય તટસ્થ હોતો નથી. દરેક મિનિટે ૨ મિલિયન ન્યુરોન કાયમ માટે જતા રહે છે. આપણી પાસે શ્રેષ્ઠ ટીમ, શ્રેષ્ઠ ટેકનોલોજી, શ્રેષ્ઠ પ્રોટોકોલ હોઈ શકે છે, પરંતુ જો દર્દી ગોલ્ડન અવર પીરિયડ (જે લક્ષણોની શરૂઆતથી ૬ કલાક છે) દરમિયાન આપણી પાસે ન પહોંચે તો તેનાથી કોઈ ફરક પડતો નથી કારણ કે આપણે કદાચ એક એવી લડાઈ લડી રહ્યા હોઈશું જે પહેલાથી જ આંશિક રીતે હારી ગઈ છે."

**વાસ્તવિક જીવનમાં સ્ટ્રોકના કિસ્સાઓ ઝડપી કાર્યવાહીની તાકાત**

ડૉ. શરદે વર્ણવેલા તાજેતરના કિસ્સાઓ દર્શાવે છે કે સ્ટ્રોકની વહેલી સારવાર કેવી રીતે જીવન બચાવી શકે છે.

- એક વૃદ્ધ મહિલા જેમને બીજો સ્ટ્રોક આવ્યો હતો તેમને થોડીવારમાં જ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા. ડોકટરોએ સફળતાપૂર્વક એક મોટી ગાંઠ દૂર કરી અને હવે તેમની બોલવાની અને ગતિશીલતામાં સુધારો થઈ રહ્યો છે.
- ગંભીર એનિમિયાથી પીડાતી ૪૬ વર્ષીય મહિલાના મગજમાં એક ગાંઠ થઈ ગઈ. ઝડપી હસ્તક્ષેપથી રક્ત પ્રવાહ પુનઃસ્થાપિત કરવામાં મદદ મળી, જેનાથી તેને સ્વસ્થ થવાની મજબૂત તક મળી હતી.
- એક સ્વસ્થ ૫૨ વર્ષીય પુરુષ જેને અગાઉ કોઈ જોખમી પરિબળો નહોતા, તેને અચાનક સ્ટ્રોકનો અનુભવ થયો હતો. જોકે ઝડપી સારવારથી મગજને ગંભીર, કાયમી નુકસાન અટકાવવામાં મદદ મળી હતી. આ કિસ્સાઓ એક મહત્વપૂર્ણ સંદેશ આપે છે કે, સ્ટ્રોક કોઈપણ વ્યક્તિને અસર કરી શકે છે.

**ડાબા મગજમાં સ્ટ્રોક કેમ વધુ ખતરનાક છે?**

મગજ બે ગોળાર્ધમાં વહેંચાયેલું છે, જે દરેક અલગ અલગ કાર્યો માટે જવાબદાર છે. ડાબા ગોળાર્ધમાં સ્ટ્રોક, જે શરીરની જમણી બાજુને નિયંત્રિત કરે છે, તે ખાસ કરીને ખતરનાક છે કારણ કે તે ભાષા અને વાતચીત કૌશલ્યને પણ અસર કરે છે. ડૉ. શરદ કહે છે કે, "દર્દી માત્ર હલનચલન ગુમાવે છે, પણ અફેસિયાની શરૂઆતમાં પણ પહોંચે છે, જ્યાં તેઓ મૌખિક ઉત્તેજના સમજવા, આંતરિક સ્થિતિઓને સ્પષ્ટ કરવા અથવા તેમની જરૂરિયાતોને સંચાર કરવામાં અસમર્થ હોય છે."

દર્દીઓમાં અફેસીયા થઈ શકે છે, એક એવી સ્થિતિ જે બોલવામાં, ભાષા સમજવામાં અથવા વિચારો વ્યક્ત કરવામાં મુશ્કેલી ઉભી કરે છે. આ માત્ર શારીરિક સ્વાસ્થ્યને જ નહીં પરંતુ જીવનની ગુણવત્તાને પણ ગંભીર અસર કરે છે.

**સ્ટ્રોકના સામાન્ય લક્ષણો જેની અવગણના કરવી જોઈએ નહીં**

જીવન બચી શકે તે માટે સ્ટ્રોકના લક્ષણોની વહેલા ઓળખ આ પ્રમાણે છે.

- શરીરની એક બાજુ તરફ અચાનક નબળાઈ અથવા નિષ્ક્રિયતા આવે છે.
- બોલવા અથવા સમજવામાં મુશ્કેલી.
- અચાનક મૂંઝવણ અથવા સંતુલન ગુમાવવું.
- કારણ વગર તીવ્ર માથાનો દુખાવો થવો.
- એક અથવા બંને આંખોમાં દ્રષ્ટિની સમસ્યા.

**નિવારણ અને જાગૃતિ**

જ્યારે કેટલાક સ્ટ્રોક સ્પષ્ટ જોખમ પરિબળો વિના થાય છે, ત્યારે ઘણા હાઈ બ્લડ પ્રેશર, હૃદય રોગ, ડાયાબિટીસ અને ખરાબ જીવનશૈલી જેવી પરિસ્થિતિઓ સાથે જોડાયેલા હોય છે. નિષ્ણાતો ભાર મૂકે છે કે, સ્ટ્રોકના લક્ષણો, જોખમ પરિબળો અને સમયસર સારવાર વિશે જાગૃતિ વધારવી જરૂરી છે.

સ્વસ્થ જીવનશૈલી જાળવવી, નિયમિતપણે સૂચિત દવાઓ લેવી અને કટોકટી દરમિયાન ઝડપથી કાર્ય કરવાથી ગંભીર પરિણામોનું જોખમ નાટકીય રીતે ઘટાડી શકાય છે.

(સૌ. : ટાઈમ્સનાઉન્યૂઝ)

**(નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.)**

# ભારતમાં બાળ લગ્ન અમાન્ય કરવા મુશ્કેલ

રાજસ્થાનના જોધપુરના અંતરિયાળ વિસ્તારમાં બાળ લગ્નો થવા સામાન્ય બાબત છે. જ્યારે કોઇ વડીલનું અવસાન થાય છે ત્યારે મૌસર નામના એક સામુદાયિક તહેવારનું આયોજન કરવામાં આવે છે. આ તહેવારમાં મૃતકના પરિવારના બાળકોના લગ્ન કરવામાં આવે છે. માન્યતા એવી છે કે, બાળકોના લગ્ન કરી દેવાથી મૃતકના આત્માને શાંતિ મળે છે. મૌસર વખતે જ લગ્ન કરી દેવાથી ખર્ચ બચાવવાનો વ્યવહારૂ વિચાર પણ એક પરિબળ છે.

ખુશ્બુના લગ્ન તેના પરદાદીના મૌસરમાં થયા હતા. ૧૨ વર્ષની ખુશ્બુના લગ્ન પણ તેના પરિવારે સમુદાયની પરંપરાગત પ્રથાને અનુસરીને ૨૦૧૬માં કરી દીધા. અલબત આ ઉંમરે તેને લગ્ન વિશે ઝાઝી સમજણ પણ ન હતી. પણ જેમ-જેમ તે મોટી થઈ ત્યારે તેને બાળ કન્યા હોવાનો અર્થ અને ભવિષ્યમાં તેના જીવન પર પડનારી અસર વિશે સમજણ પડવા લાગી. ખુશ્બુને ખબર પડી કે તેના વરરાજા પતિનું શિક્ષણ ઓછું છે, નોકરી નથી અને વ્યસની પણ છે. બીજી તરફ સાસરિયાઓ તરફથી તેના સાસરે મોકલવાનું દબાણ વધતા ખુશ્બુએ તેના લગ્ન ફોક કરી નાંખવાનો નિર્ણય લીધો.

લગભગ દોઢ વર્ષ પહેલાં ખુશ્બુએ જોધપુરના સ્થાનિક મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો. અહીં તેને જાણવા મળ્યુ કે, કૃતિ ભારતી દ્વારા સ્થાપિત અને નેતૃત્ત્વ હેઠળના NGO સારથી ટ્રસ્ટ, બાળ લગ્ન રદ કરવાનું અભિયાન ચલાવે છે. લગ્ન સમયે સગીર વયની હોવાથી ખુશ્બુએ જોધપુરની ફેમિલી કોર્ટમાં કૃતિ ભારતીની મદદથી તેના લગ્ન રદબાતલ જાહેર કરવાની માંગ કરતી અરજી દાખલ કરી.

વરરાજાના પરિવારે અરજીનો વિરોધ કરતા દાવો કર્યો હતો કે, લગ્ન સમયે યુગલ પુખ્ત હતું. બંને પક્ષોને સાંભળ્યા પછી જોધપુરની ફેમિલી કોર્ટના ન્યાયાધીશ વરૂણ તલવારે ૧૯ માર્ચે ખુશ્બુના લગ્ન રદ કર્યા હતા. કોર્ટે અવલોકન કર્યું કે, બાળ લગ્ન બાળકોના વર્તમાન અને ભવિષ્યને નષ્ટ કરે છે અને સમાજને આ પ્રથાને સમાપ્ત કરવા માટે પગલાં લેવા હાકલ કરી હતી.

હાલ ખુશ્બુની ઉંમર ૨૧ વર્ષ છે. તેને સાતમાં ધોરણમાં શાળા છોડી દેવી પડી હતી પરંતુ તેણે ફરીથી શિક્ષણ શરૂ કર્યું છે અને તે ઓપન સ્કૂલ સિસ્ટમ દ્વારા માધ્યમિક સ્તરની પરીક્ષાની તૈયારી કરી રહી છે.

કોર્ટે લગ્ન રદ કર્યા તે બાદ ખુશ્બુએ કહ્યું, 'આ મારા માટે એક નવા જન્મ જેવું છે. મને મુક્તિનો અનુભવ થાય છે. હું આગળ અભ્યાસ કરીન સ્વતંત્ર બનવા માંગુ છું. મેં ક્યારેય લગ્ન સ્વીકાર્યા નહોતા. છોકરાના પરિવારે કોર્ટમાં લડવાનો આગ્રહ રાખ્યો હોવાથી આ લડાઈ સરળ ન હતી કૃતિ દીદીના કારણે મને કેસ આગળ વધારવાની હિંમત મળી.' ખુશ્બુ તેના લગ્ન રદ કરાવવામાં સફળ રહી અને હવે તે ફરીથી શિક્ષણ ક્ષેત્રે જોડાઈ ગઈ છે. પરંતુ બાળ લગ્ન સામેની લડાઈમાં જ્યારે લગ્ન રદ કરવાની વાત આવે છે, ત્યારે બધા ખુશ્બુ જેટલા ખુશકિસ્મત નથી હોતા.

એક કાયદો જે ટૂંકો પડે છે

બાળ લગ્ન પ્રતિબંધ અધિનિયમ, ૨૦૦૬ હેઠળ ૨૧ વર્ષ પૂર્ણ ન કરેલો પુરૂષ અને ૧૮ વર્ષ પૂર્ણ ન કરેલી સ્ત્રી. આ કાયદો રાજ્ય વહીવટીતંત્રને બાળ લગ્ન અટકાવવા માટે સશક્ત બનાવીને બાળ લગ્નોને રોકવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પરંતુ આ કાયદા હેઠળ બાળ લગ્ન ગેરકાયદે નથી. પરંતુ તેને રદબાતલ કરી શકાય છે. જો લગ્ન સમયે પુખ્ત ન રહેલી વ્યક્તિ કે તેનો પરિવાર જિલ્લા અદાલતમાં અરજી દાખલ કરે તો કોર્ટ તે લગ્નને રદ કરી શકે છે. જો અરજદાર હજુ પણ સગીર હોય, તો અરજી વાલી અથવા બાળ લગ્ન પ્રતિબંધ અધિકારી દ્વારા દાખલ કરી શકાય છે. અરજદાર પુખ્ત થયાના બે વર્ષ પૂર્ણ કરે તે પહેલાં અરજી દાખલ કરવી આવશ્યક છે. કાયદામાં યુવક અથવા તેના પરિવાર દ્વારા છોકરીના પુનર્લગ્ન સુધી ભરણપોષણની પણ જોગવાઈ છે. કાયદાને અવગણીને દેશભરમાં બાળ લગ્ન થતા રહે છે. રાજસ્થાન અને તેના પડોશી વિસ્તારોમાં, અક્ષય તૃતીયા અને પીપલ પૂર્ણિમા જેવા ધાર્મિક પ્રસંગોને શુભ માનવામાં આવે છે અને આ દિવસે બાળ લગ્નોમાં વધારો જોવા મળે છે. પરિવાર દ્વારા આયોજિત મૃત્યુ ભોજન સમારંભ મૌસર વખતે પણ રાજ્યમાં બાળકોના લગ્ન થાય છે.

સામાજિક કાર્યકરો કહે છે કે, સામાજિક-આર્થિક પરિબળો ધરાવતી આ પ્રથાના પરિણામોની અસર છોકરીઓ પર સૌથી ખરાબ પડે છે. જે પરિવારો તેમની દીકરીઓના વહેલા લગ્ન કરી નાંખે છે તેની પાછળનું એક મુખ્ય કારણ ગરીબીને પણ માનવામાં આવે છે.

મહારાષ્ટ્રના મરાઠવાડા ક્ષેત્રમાં વર્ષોથી બાળ લગ્ન સામે લડી રહેલા સામાજિક કાર્યકર તત્વશીલ કાંબલે જણાવે છે કે, 'આ પ્રદેશમાં છોકરીઓના બાળપણમાં લગ્ન કરવા એ એક સામાન્ય ઘટના છે. આ બાબત છોકરીઓ માટે આ કંઈ અસામાન્ય નથી. તેમની માતાઓ અને દાદીઓના પણ ખૂબ જ નાની ઉંમરે લગ્ન થયા હતા. તે એક સ્થાપિત પરંપરા જેવું છે. તે મોટાભાગે ગરીબી દ્વારા પણ પ્રેરિત છે. અહીં સ્થળાંતર એક સામાન્ય બાબત છે કારણ કે, ઘણા લોકો શેરડી કાપવાનું કામ કરવા માટે ક્યારેક છ મહિના સુધી બીજા રાજ્યોમાં જાય છે. તેમને લાગે છે કે, તેમની ગેરહાજરીમાં તેમની દીકરીઓ ઘરે સુરક્ષિત રહેશે નહીં અને તેથી તેમના લગ્ન કરાવી દે છે.'



**કાયદા મુજબ બાળ નવવધુ લગ્નનો ઇન્કાર અને વિચ્છેદની માગણી અધિકાર પૂર્વક કરી શકે છે પરંતુ સામાજિક દબાણ, ચુસ્ત સમયમર્યાદા અને નબળા સમર્થનને કારણે તે તેમ કરી શક્તી નથી**

આ વિસ્તારમાં વિકૃત લિંગ ગુણોત્તરને એક બીજું પરિબળ ગણાવતા કાંબલે કહે છે કે, 'કેટલાક પરિવારો કન્યા શોધી શકતા નથી. તેથી તેઓ સગીર વયની છોકરીના પરિવારને દહેજ નહીં લેવાનું અને લગ્નનો ખર્ચ પણ ઉઠાવી લેવાની લાલચ આપે છે. સત્તાવાર આંકડાઓમાં આવા લગ્નનોમાં ઘટ જોવા મળતી હોવા છતાં પણ બાળલગ્નનું પ્રમાણ ઘટ્યું નથી. જ્યારે અમે બાળલગ્ન રોકવા માટે ગામમાં જઈએ છીએ ત્યારે અમારે ઘણીવાર ત્યાં હાજર લોકોના ગુસ્સાનો ભોગ બનવુ પડે છે. તેમનું કહેવું એવુ હોય છે કે, આવા તો ચાર, પાંચ કે દસ લગ્ન થઈ ચૂક્યા છે, તો તમે ફક્ત આ જ લગ્નને કેમ રોકી રહ્યાં છો.'

બીજી તરફ, સત્તાવાર માહિતી ૨૦૦૬નો કાયદો અમલમાં આવ્યા પછી બાળ લગ્નોમાં ઘટાડો દર્શાવે છે. રાષ્ટ્રીય કુટુંબ આરોગ્ય સર્વેક્ષણ-III (૨૦૦૫-૦૬)માં બાળ લગ્નનો વ્યાપ ૪૭ ટકાથી ઘટીને NFHS-V (૨૦૧૯-૨૧)માં ૨૩.૩ ટકા થયો હતો. રાષ્ટ્રીય ગુના રેકોર્ડ બ્યુરો દ્વારા ૨૦૧૯માં ૫૨૩, ૨૦૨૦માં ૭૮૫ અને ૨૦૨૧માં ૧,૦૫૦ કેસ નોંધાવામાં આવ્યા હતા. સરકારના કહેવા મુજબ, NCRBના આંકડામાં વધારો જરૂરી નથી કે ઘટનાઓમાં વધારો દર્શાવે છે પરંતુ આવી ઘટનાઓની જાણ કરવા માટે નાગરિકોમાં વધેલી જાગૃતિનું પરિણામ હોઈ શકે છે.

**'બાળ લગ્નનો અંત :** ભારતમાં પ્રગતિનો રૂપરેખા, ૨૦૨૩'માં યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડ દ્વારા બહાર પાડવામાં આવેલા એક અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે, ભારતે પ્રગતિ કરી છે, પરંતુ તે વિશ્વભરમાં સૌથી વધુ બાળ વધુઓનું ઘર છે. વિશ્વની ત્રણ બાળ વધુઓમાંથી એક ભારતની છે અને દેશમાં લગભગ ચાર યુવતીઓમાંથી એક યુવતીના લગ્ન તેમના ૧૮મા જન્મદિવસ પહેલાં થઈ જતા હોય છે. ભારતના ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ રાજ્યોમાં બાળપણમાં લગ્ન કરનારી અડધાથી વધુ છોકરીઓ અને મહિલાઓ રહે છે.

લગ્ન રદ કરવાની લાંબી પ્રક્રિયા

દેશમાં પહેલો બાળ લગ્ન રદ કરવાનો કેસ ૨૦૧૨માં જોધપુરમાં લક્ષ્મી સરગરાનો હોવાનું માનવામાં આવે છે. જોધપુર જિલ્લાના લુણી ગામની રહેવાસી, લક્ષ્મી એક વર્ષની હતી ત્યારે તેના લગ્ન ત્રણ વર્ષના છોકરા સાથે થયા હતા. ૨૦૧૨માં જ્યારે લક્ષ્મી ૧૮ વર્ષની થઈ ત્યારે તેના સાસરિયા તેને લેવા માટે આવ્યા અને તેને તેના થયા હોવાની લગ્નની ખબર પડી હતી.

કૃતિ ભારતીને યાદ છે કે, જ્યારે ગભરાયેલી લક્ષ્મી તેના ભાઈ સાથે તેના 'ગૌના'ને (દુલ્હનનું તેના સાસરિયાના ઘરે ઔપચારિક પ્રસ્થાન) રોકવા માટે મદદ માંગવા માટે આવી હતી.

ભારતીએ કહ્યું, 'લક્ષ્મીની વાત સાંભળીને મારો તાત્કાલિક વિચાર ગૌનાને રોકી દેવાનો હતો પરંતુ સાથે એ પણ વિચાર આવ્યો કે તેના સાસરિયાઓ થોડા મહિના પછી પાછા આવશે. તેથી કોઈ કાયમી ઉકેલ શોધવો પડશે. મેં વકીલો, કાર્યકરો અને સંશોધકોની સલાહ લીધી. ઘણા લોકોએ મને સલાહ આપી કે છૂટાછેડા એકમાત્ર વિકલ્પ છે. મેં નક્કી કર્યું કે, આપણે ૨૦૦૬ના કાયદાની કલમ ૩ હેઠળ લગ્ન રદ કરવાનો વિકલ્પ પસંદ કરવો જોઈએ. આ એક એવો રસ્તો હતો જે પહેલાં કોઈએ લીધો ન હતો, પરંતુ મને લાગ્યું કે આ રસ્તો જ બરાબર ટકી શકે છે.'

ભારતીએ લક્ષ્મીના પતિને સમજાવ્યો અને શરૂઆતમાં થોડી અનિચ્છા રાખ્યા પછી તે લક્ષ્મી સાથે લગ્નને રદબાતલ જાહેર કરતા સોગંદનામા પર સહી કરવા સંમત થયો હતો.

ભારતીએ કહ્યું, 'લક્ષ્મીનો કેસ બાળ લગ્ન રદ કરવાનો પહેલો કેસ હતો. ત્યારથી સારથી ટ્રસ્ટ ૫૩ વધુ બાળ લગ્ન રદ કરવામાં સફળ રહ્યું છે. પરંતુ આ પ્રક્રિયામાં ખૂબ જ પડકારજનક અવરોધ હોય છે.

છોકરાઓનાં પરિવારો કોર્ટમાં કેસ રદ કરવાને પડકારવામાં કોઈ કસર છોડતા નથી. તેઓ સારા વકીલોને રાખે છે અને શક્ય તેટલા લાંબા સમય સુધી કાર્યવાહીને ખેંચવાનો તમામ પ્રયાસ કરે છે કારણ કે, તમે સમાજની વિરૂદ્ધ જાવ છો. બીજો સૌથી મોટો અવરોધ જાતિ પંચાયત અથવા જાતિ પંચ હોય છે. જાતિ પંચાયતોએ એવા પરિવારોને બહિષ્કૃત કર્યા છે જેઓ લગ્ન રદ કરવાની માંગ કરતા હતા.

આ બહિષ્કારમાં પરિવારને તેમના સંબંધીઓ મળવા આવી શકતા નથી અને આ પરિવાર સ્થાનિક દુકાનોમાંથી કરિયાણાની ખરીદી પણ કરી શકતો નથી. પહેલાના દિવસોમાં તો આવા પરિવારોને કૂવામાંથી પાણી ભરવાની પણ મંજૂરી ન હતી. આવા બહિષ્કારને કારણે વિનાશક પરિણામો આવી શકે છે.'

ભારતીએ જણાવ્યું હતું કે, બાળ લગ્ન રોકવાના તેમના પ્રચાર દરમિયાન તેમને કેટલીયવાર મૃત્યુ અને બળાત્કારની ધમકીઓ મળી છે. તેમણે કહ્યું કે, આ દુશ્મનાવટ એ પિતૃસત્તાકતાનું પ્રતિબિંબ છે જે સામાજિક પ્રથાઓને નિર્ધારિત કરે છે અને સમુદાયો આ પરંપરાઓને જાળવી રાખવા માંગે છે તે કઠોરતાનું પ્રતિબિંબ છે.

૨૦૨૪માં યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડના સમર્થનથી એનફોલ્ડ પ્રોએક્ટિવ હેલ્થ ટ્રસ્ટ દ્વારા બાળ લગ્ન રદ કરવા અંગેના એક પ્રાઈમરમાં નોંધવામાં આવ્યું હતું કે, બાળ લગ્ન અંગે જાગૃતિના પ્રયાસો નિવારણ અને કાર્યવાહી તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યા છે, પરંતુ બાળ લગ્ન રદ કરવાના વિકલ્પ વિશે બાળ લગ્નમાંથી બહાર નીકળવા માંગતા લોકોને માહિતી આપવા માટે પૂરતું ધ્યાન કે સંસાધનો આપવામાં આવ્યા નથી. દસ્તાવેજમાં એ પણ નિર્દેશ કરવામાં આવ્યો છે કે, રાજ્ય સરકારની યોજનાઓ છૂટાછેડા લીધેલી મહિલાઓ માટે નાણાકીય સહાય અને રોજગારમાં અનામત આપે છે, પરંતુ જે છોકરીઓ અને મહિલાઓ પોતાના લગ્ન રદ કરાવવાનું પસંદ કરે છે તેમના માટે આવી કોઈ યોજનાઓ અસ્તિત્ત્વમાં નથી. લગ્ન રદ કરનારી છોકરીઓ સાથેની મુલાકાતોના આધારે પ્રાઈમરમાં નોંધવામાં આવ્યું હતું કે, અરજી દાખલ કરતી વખતે તેમને સામાજિક-આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. સમુદાય તરફથી બહિષ્કારનો સામનો કરતા હોવાને કારણે તેમણે આશ્રય, શિક્ષણ અને વ્યાવસાયિક તાલીમ સહિત સહાયક માળખાંની માંગ પણ કરી હતી. કાર્યકરો કહે છે કે, બાળલગ્નમાંથી છુટવા માંગનારા સામે ઘણી મુશ્કેલીઓ હોવાથી રદ કરવાની જોગવાઈ દ્વારા નિર્ધારિત બે વર્ષની મુદત ખૂબ જ સાંકડી છે. કાંબલેએ કહ્યું, 'લગ્નમાંથી બહાર નીકળવાનો અધિકાર ફક્ત કાગળ પર જ છે. વાસ્તવિકતા એ છે કે, આવા લોકો માટે કોઈ એજન્સી નથી. તે સંપૂર્ણપણે તેમના માતાપિતા અને સંબંધીઓના હાથમાં છે. જો તેમના વડીલો મંજૂરી આપે તો જ તેઓ આગળ વધી શકે છે. મને લાગે છે કે, ઓછામાં ઓછો એક કેસ હોવો જોઈએ, ફક્ત એક, જેને બીજાઓ માટે ઉદાહરણ પૂરૂં પાડી શકે.' તેમણે કેટલાક કેસોમાં હસ્તક્ષેપ કરવાનો પ્રયાસ કર્યો છે અને રદ કરવાની સલાહ આપી છે.

શું બાળ લગ્ન શરૂઆતથી જ રદ કરવા જોઈએ?

૨૦૦૬ના કાયદાની ચર્ચામાં એક મુખ્ય વાત એ છે કે, બાળ લગ્નને રદબાતલ જાહેર કરવાને બદલે શરૂઆતમાં જ તેને રોકી દેવા કરવા જોઈએ. વર્તમાન માળખાના ટીકાકારો કહે છે કે, કાયદો બાળકના હિત કરતાં સામાજિક ધોરણોને પ્રાધાન્ય આપે છે. ઈન્ડિપેન્ડન્ટ થોટ નામના NGOના સ્થાપક અને એડવોકેટ વિક્રમ શ્રીવાસ્તવે જણાવ્યું કે, 'મારૂ માનવું છે કે, કાયદો બાળ લગ્નની કાયદેસર પવિત્રતા અંગે જાણી જોઈને આ મૂંઝવણ ઉભી કરે છે. તે એ અનુભૂતિથી આવે છે કે આ પ્રથા એટલી ઊંડાણપૂર્વક મૂળ ધરાવે છે. કાયદો યથાસ્થિતિ જાળવી રાખીને બાળ લગ્નના દુષણો અંગે ફક્ત વાતો જ કરે છે. બાળ લગ્ન વિરૂદ્ધ પહેલો કાયદો ૧૯૨૯માં ઘડવામાં આવ્યો હતો. બાળ લગ્ન વિરૂદ્ધ કાયદા ઘડ્યાને લગભગ સો વર્ષ થઈ ગયા હોવા છતાં વાસ્તવિકતા એ છે કે, બાળ લગ્ન આજે પણ થઈ રહ્યા છે.'

શ્રીવાસ્તવે સંમતિની ઉંમરના પ્રશ્ન તરફ પણ ધ્યાન દોર્યું, જે ૧૮ વર્ષ છે અને કહ્યું કે, તેને ઘટાડવી જોઈએ નહીં. તેમણે ૧૧ ઓક્ટોબર, ૨૦૧૭ના રોજ સ્વતંત્ર વિચાર વિરૂદ્ધ ભારત સંઘ કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદા તરફ ધ્યાન દોર્યું, જેમાં કોર્ટે સગીર પત્ની સાથે જાતીય સંબંધને બળાત્કાર જાહેર કર્યો હતો. ઈન્ડિપેન્ડન્ટ થોટ દ્વારા દાખલ કરાયેલી અરજી પર કાર્યવાહી કરતા સુપ્રીમ કોર્ટે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ ૩૭૫ ના અપવાદ ૨ને વાંચી કાઢ્યો હતો, જે ૧૮ વર્ષથી ઓછી ઉંમરની કોઈપણ છોકરી - જેમાં પત્નીનો પણ સમાવેશ થાય છે સાથે જાતીય સંભોગને બળાત્કારનો ગુનો બનાવે છે.

શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, આ ચુકાદો બાળ લગ્નની માન્યતાના પ્રશ્ન સાથે સંબંધિત છે અને આવા લગ્નોને શરૂઆતથી જ રદબાતલ જાહેર કરવાનો કેસ બનાવે છે. કોર્ટે અવલોકન કર્યું હતું કે, : 'બધી રાજ્ય વિધાનસભાઓ માટે બાળ લગ્ન રદ કરવા માટે કર્ણાટક દ્વારા અપનાવવામાં આવેલ માર્ગ અપનાવવો સમજદારીભર્યું રહેશે અને તે દ્વારા ખાતરી કરવી જોઈએ કે છોકરી અને તેના પતિ વચ્ચે જાતીય સંભોગ POCSO કાયદા અને IPC હેઠળ સજાપાત્ર ગુનો છે.'

ભારતી માટે બાળ લગ્ન રદ થવા એ 'રિસ્ટાર્ટ બટન' જેવું છે. પરંતુ બહુ ઓછી છોકરીઓને આવા લાભ મળે છે. આવી પ્રથાનો ઉકેલ કાયદા પર પુનર્વિચાર કરવામાં અને છોકરીના હિતોને કેન્દ્ર સ્થાને રાખવામાં રહેલો હોઈ શકે છે.

**- સોની મિશ્રા**

**(સૌ. : ફ્રન્ટલાઈન.ધહિન્દુ.કોમ)**

# અહમદ બિન અબ્દુલ્લાહ હબશ હાસિબ અલ-મર્વઝી (મૃ.ઈ.સ.૮૭૪)

## Ahmed ibn Abdallah Habash Hasib Marwazi

### ગણિતશાસ્ત્ર અને ખગોળ વિદ્યાનો નિષ્ણાંત

કેટલાક મહાન લોકોના આરંભિક સંજોગોને ઈતિહાસ પોતાના પાનાઓમાં સુરક્ષિત રાખી શકતું નથી, કેમ કે તેમના બાળપણમાં કોઈ વ્યક્તિ એ અનુમાન નથી કરી શકતું કે આ બાળક ભવિષ્યમાં મહાન કાર્યો કરીને પોતાની કાબેલિયતના સામે જમાનાને ઝુકાવી દેશે. આવી જ સ્થિતિ હબશ અલ-હાસિબ અહમદ બિન અબ્દુલ્લાહ અલ-મર્વઝીની છે. કોઈ નથી જાણતું કે તેમનો જન્મ ક્યારે થયો? કયા ખાનદાનમાં તેઓ પેદા થયા? અલબત્ત એટલી જાણકારી જરૂર છે કે તેઓ તુર્કસ્તાનના મરૂ પ્રદેશમાં પેદા થયા. આ વિસ્તાર હવે 'મેરી તુર્કમાન'ના નામથી પ્રચલિત છે. અલ-હાસિબ ઈ.સ. ૮૬૪ અથવા ઈ.સ.૮૭૪માં મૃત્યુ પામ્યા. તેઓ ખલીફા મામૂન અને મોઅતસિમના શાસનકાળમાં હતા.

નામની સાથે 'હાસિબ' શબ્દ જોઈને સમજદાર લોકોને એ અંદાજ આવી ગયો હશે કે તેઓ ગણિતશાસ્ત્રમાં પારંગત હશે. વાસ્તવમાં હબશ અલ-હાસિબ અહમદ બિન અબ્દુલ્લાહ અલ-મર્વઝીએ ગણિતશાસ્ત્ર અને ખગોળવિદ્યામાં મહાન કામ કર્યું. હિસાબ-કિતાબ (Accounts)માં તો તેમણે એવા નિયમો બનાવ્યા, જેનાથી અત્યાર સુધી ગણિતશાસ્ત્રીઓ અજાણ હતા. સૂર્ય અને ચંદ્રનું પૃથ્વીથી અંતર માપવા, ઉપરાંત અન્ય તારાઓ અને નક્ષત્રો દરમ્યાનના અંતર વગેરેના માપના નિયમો, ત્રિકોણમિતિ (Trigonometry)ની શોધ અને ખૂણાની છ પ્રચલિત સમપ્રમાણતામાં સમ-સ્પર્શજ્યા (Co-tangent)ની પદ્ધતિની શોધ તેમના મહાન કાર્યોમાંથી છે. તેમના કારનામાઓનું વિવરણ અમે અહીં ઉર્દૂ સાયન્સ બોર્ડ, લાહોર દ્વારા સંપાદિત પુસ્તક 'મારૂક મુસ્લિમ સાયન્સદાં'થી નકલ કરી રહ્યા છીએ.

ત્રિકોણમિતિના સંદર્ભમાં તેમણે વિભિન્ન કામો કર્યા, જેમાંથી નીચે મુજબના સિદ્ધાંતો આજે પણ ગણિતશાસ્ત્રમાં અમલમાં છે:

જ્યા (Sines)ના સંદર્ભમાં આમ તો 'સૂર્યસિદ્ધાંતા' અને 'આર્યભટ્ટ'ના લખાણો હિન્દુસ્તાની પુસ્તકોમાં મળે છે, પરંતુ તેઓ 'Q'(સંમેય સંખ્યાઓ)ના પ્રમાણની જાણકારી ન મેળવી શક્યા. હબશે તેના પ્રમાણ જાણવા માટે નીચે મુજબના કોષ્ટકો તૈયાર કર્યા:

0', 90......0' 1, 45, 0, 30', 15', 0' ,0' = 8

હબશે પુરવાર કર્યું કે જો:

ખૂણો A $90^0$ થી ઓછો હોય તો,

વિરોધી જ્યા (Versed Sine) = $60^0$-cos A = 1 - cos A

ખૂણો A જો $90^0$ થી ઓછો હોય તો,

વિરોધી જ્યા (Versed Sine) = $60^0$+cos A = 1 + cos A

ખૂણો A જો $90^0$ હોય તો વ્યસ્ત જ્યા અને વિરોધી જ્યા બંને સમાન હોય છે.

તે ઉપરાંત તેમણે સ્પર્શજ્યા (Tangent)ના કોષ્ટકો, પડછાયાના લંબાઈના સમાસની વ્યાખ્યા, સૂર્યની ઊંચાઈથી પડછાયાની લંબાઈ જાણવાની પદ્ધતિ પણ બતાવી.

હબશે સૂર્યના સૌપ્રથમ ઝુકાવને માપવા માટે નીચે મુજબના સિદ્ધાંતો બતાવ્યા:

Sin 30 = Sin' Sin

સૂર્યના ઝુકાવની રીત E = 23', 35,

તે ઉપરાંત પૃથ્વીના ઉત્તરાર્ધમાં સૂર્યના ઝુકાવ માટે:

h = (90-0) + 80

અને પૃથ્વીના દક્ષિણાર્ધમાં સૂર્યના જુકાવ માટે:

h = (90-0) + 80

ના સિદ્ધાંતો બનાવ્યા

હબશે સમયથી સૂર્યની ઊંચાઈનું મૂલ્ય નીચે મુજબની ફોર્મ્યુલાથી શોધી:

Sin h = (VERSS P - VERS +)

Sin A 1 = MERI d VERS P

તદુપરાંત તેણે વિભિન્ન પ્રકારના કોષ્ટકો તૈયાર કર્યા જેનાથી સૂર્ય, ચંદ્ર અને તારાઓના અંતર માપી શકાય છે.

**સૂર્ય અંગેનો દષ્ટિકોણ :** સૂર્યની સરેરાશ ગતિ માટે હબશે 1, 31, 61, 91.....691 તથા 1, 2, 3......૩૦ હિજરી વર્ષ માટે 1,2,3......29, દિવસ માટે 1, h, 3, 4.......24, કલાક માટે 10, h0, 30......60 સેકંડ માટે કોષ્ટકો તૈયાર કર્યા. તેમણે એક હિજરી વર્ષ માટે સૂર્યની સરેરાશ ગતિ 14', 55', 384' અને એક દિવસ માટે 8, 59, 0ની શોધ કરી.

આ તો માત્ર અમુક જ ઉદાહરણ છે. તે ઉપરાંત પણ તેમણે કોણના પ્રચલિત છ સ્વરૂપો, તેમના માપ, સૂર્યની વાસ્તવિક સ્થિતિ, તેની સરેરાશ સ્થિતિ જાણવા માટેના નિયમો, ચંદ્રનું સૂર્યના આસપાસ અને પોતાની ધરી પર ભ્રમણ વગેરે માટેના કોષ્ટકો, ચંદ્રની વાસ્તવિક સ્થિતિ, ચંદ્રનું ક્ષેત્રફળ જાણવા માટેની પદ્ધતિઓ શોધી. સૂર્ય ઉપરાંત તેણે તારાઓની થિયરી પણ પ્રસ્તુત કરી અને આ થિયરીમાં તમામ તારાઓના ક્ષેત્રફળ જાણવાના નિયમો બનાવ્યા. ટૂંકમાં હબશે આ વિદ્યાના અનુસંધાનમાં એક મોટો ઉપકાર કર્યો, પરંતુ લોકોએ તેને ભૂલાવીને અન્યાય કર્યો છે.

**લેખનકાર્ય :** હબશ અલ-હાસિબના નીચે મુજબના પુસ્તકોનો ઉલ્લેખ ઈબ્ને નદીમ, ઈબ્ને અલ-કિફતી અને હાજી ખલીફાએ પોતાના પુસ્તકોમાં કર્યો છે. હવે આ પુસ્તકો અપ્રાપ્ય છે. માત્ર બે ખંડોમાં લખાયેલા લેખો- એક ઈસ્તંબુલમાં અને બીજો બર્લિનમાં સુરક્ષિત છે.

હબશના જે પુસ્તકોનો ઉલ્લેખ ઈબ્ને અલ-નદીમ, ઈબ્ને અલ-કિફતી અને હાજી ખલીફાએ કર્યો છે, તે નીચે મુજબ છે.:

૧. સિન્દ હિન્દ કી તર્તીબિ-નૌ.
૨. મુમ્તહિન જિઝ - ઈબ્ને યુનુસે આનું નામ 'અલ-કાનૂન' લખ્યું છે.
૩. શાહે જિઝ.
૪. દમિશ્કી જિઝ.
૫. મામૂની જિઝ.
૬. પરિમાણો, પ્રમાણ અને માપદંડો અંગે લેખ.
૭. અવકાશી તારાઓ પર લેખ.
૮. 'ઉસ્તરલાબ' (Astrolabe) પર લેખ.
૯. સીધા (ઊભા), ત્રાંસા લેવલ પર લેખ.
૧૦. તારાઓના અંતર વિશે લેખ.

આ તમામ પુસ્તકો હવે મળતા નથી. તે અંગે જેટલો અફસોસ વ્યક્ત કરવામાં આવે તે ઓછો છે.

**- મૌલાના સિરાજુદ્દીન નદવી**

**(સૌ : મુસ્લિમ વૈજ્ઞાનિકો શોધ અને સેવાઓ પુસ્તકમાંથી સાભાર)**

# વિવાદોની વચ્ચે મોટો નિર્ણય : ન્યાયાધીશ યશવંત વર્માએ રાજીનામું આપ્યું

**અલ્હાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ યશવંત વર્માએ તેમના નિવાસસ્થાનમાંથી બળી ગયેલી ચલણી નોટો મળવાના આરોપોની તપાસ ચાલી રહી હોવાને કારણે ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પોતાનું રાજીનામું આપ્યું છે**

મહત્વપૂર્ણ ઘટનામાં, નાણાકીય વિવાદમાં ફસાયા બાદ લગભગ એક વર્ષ પછી, અલ્હાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ યશવંત વર્માએ ૯ એપ્રિલ, ૨૦૨૬ના રોજ રાષ્ટ્રપતિને પત્ર લખીને જણાવ્યું કે તેઓ તાત્કાલિક અસરથી પોતાના પદ પરથી રાજીનામું આપી રહ્યા છે.

તેમના સત્તાવાર નિવાસસ્થાનમાંથી બિનહિસાબી રોકડ મળવાના આરોપોને લઈને તપાસ ચાલી રહી છે, અને આ દરમિયાન તેમણે રાજીનામું આપ્યું છે. આ મામલે, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ ન્યાયાધીશો(તપાસ) અધિનિયમ, ૧૯૬૮ હેઠળ તેમની સામે તપાસ કરવા માટે તાજેતરમાં ત્રણ સભ્યોની સમિતિ ફરીથી રચી છે.

રાષ્ટ્રપતિને લખેલા પત્રમાં, ન્યાયાધીશ વર્માએ જણાવ્યું કે તેઓ પોતાના નિર્ણયના કારણોનો ભાર પદ પર મૂકવા માંગતા નથી અને રાજીનામું આપતી વખતે તેમણે 'ઊંડી વ્યથા' વ્યક્ત કરી હતી.

પત્રમાં તેમણે એ પણ લખ્યું કે અલ્હાબાદ હાઈકોર્ટમાં ન્યાયાધીશ તરીકે સેવા આપવી તેમના માટે ગૌરવની બાબત રહી છે.તેમણે પોતાના રાજીનામા પત્રની નકલ ભારતના મુખ્ય ન્યાયાધીશને પણ મોકલી છે.ન્યાયાધીશ વર્મા પર આરોપ છે કે તેઓ દિલ્હી હાઈકોર્ટમાં કાર્યરત હતા ત્યારે બિનહિસાબી નાણાં એકત્રિત કર્યા હતા. આ મામલો ૧૪ માર્ચ, ૨૦૨૫ના રોજ તેમના દિલ્હીના સત્તાવાર નિવાસસ્થાનના સ્ટોરરૂમમાં લાગી આવેલી આગ પછી સામે આવ્યો હતો, જ્યાંથી બળી ગયેલી ચલણી નોટોના બંડલ મળ્યા હોવાનો આરોપ છે.આ ઘટના પછી, ન્યાયાધીશ વર્માને ૫ એપ્રિલ, ૨૦૨૫ના રોજ ફરી અલ્હાબાદ હાઈકોર્ટમાં મોકલવામાં આવ્યા હતા. હાલમાં તેઓ આંતરિક ન્યાયિક તપાસનો સામનો કરી રહ્યા છે. તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી તેમની પાસેથી ન્યાયિક કામકાજ પણ પાછું લેવામાં આવ્યું હતું.

આરોપોની તપાસના પરિણામ આધારે, તેમને સંસદીય પ્રક્રિયા દ્વારા પદ પરથી દૂર કરવાની કાર્યવાહીનો સામનો કરવો પડી શકે છે.આ દરમિયાન, ઓમ બિરલાએ રચેલી સમિતિમાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ અરવિંદ કુમાર, બોમ્બે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ શ્રી ચંદ્રશેખર અને કર્ણાટક હાઈકોર્ટના વરિષ્ઠ વકીલ વાસુદેવ આચાર્યનો સમાવેશ થાય છે. આ સમિતિ ૧૪૬ લોકસભા સભ્યો દ્વારા ન્યાયાધીશ વર્માને હટાવવા માટે રજૂ કરાયેલી મહાભિયોગ દરખાસ્ત પછી રચાઈ છે.



કાનૂની નિષ્ણાતોના જણાવ્યા મુજબ, 'સાબિત ગેરવર્તણૂક' અથવા 'અક્ષમતા'ના આધારે ન્યાયાધીશને પદ પરથી દૂર કરી શકાય છે.આ પ્રક્રિયા શરૂ કરવા માટે ઓછામાં ઓછા ૧૦૦ લોકસભા સભ્યો અથવા ૫૦ રાજયસભા સભ્યો દ્વારા મહાભિયોગની નોટિસ આપવી જરૂરી છે.પછી સ્પીકર આ નોટિસની તપાસ કરે છે અને જો તે સ્વીકારવામાં આવે, તો ત્રણ સભ્યોની સમિતિ બનાવે છે. આ સમિતિમાં CJI અથવા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ, હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને એક પ્રતિષ્ઠિત ન્યાયવિદનો સમાવેશ થાય છે. સમિતિનું કામ ન્યાયાધીશો (તપાસ) અધિનિયમ, ૧૯૬૮ મુજબ થાય છે.

જો સમિતિને આરોપો સાચા લાગે, તો તેનો અહેવાલ ચર્ચા અને મતદાન માટે સંસદમાં રજૂ થાય છે. મહાભિયોગ પસાર કરવા માટે હાજર અને મતદાન કરનારા સભ્યોમાંથી ઓછામાં ઓછા બે તૃતીયાંશ બહુમતી જરૂરી છે.ખાસ વાત એ છે કે, જસ્ટિસ વર્માના નિવાસસ્થાનમાંથી અડધી બળી ગયેલી ચલણી નોટોના ઢગલા મળ્યા પછી આ વિવાદ શરૂ થયો હતો. ત્યારબાદ તત્કાલીન CJI સંજીવ ખન્નાએ જસ્ટિસ શીલ નાગુ, જસ્ટિસ જીએસ સંધવાલિયા અને જસ્ટિસ અનુ શિવરામન સહિત ત્રણ ન્યાયાધીશોની આંતરિક તપાસ સમિતિ બનાવી હતી.

આ સમિતિએ મે મહિનામાં તત્કાલીન CJIને પ્રાથમિક રીતે જસ્ટિસ વર્માને દોષિત ગણાવતા પોતાનો અહેવાલ સોંપ્યો હતો. જસ્ટિસ વર્માએ CJI દ્વારા આપવામાં આવેલી રાજીનામાની સલાહ માનવાનો ઈનકાર કર્યા પછી, આ અહેવાલ આગળની કાર્યવાહી માટે રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનને મોકલવામાં આવ્યો હતો. ગયા વર્ષે, સુપ્રીમ કોર્ટે જસ્ટિસ વર્માની તે અરજી પણ ફગાવી દીધી હતી જેમાં તેમણે આંતરિક તપાસ અને તેમને હટાવવાની ભલામણને પડકારી હતી.

**- નમિતા બાજપાઈ**

**(સૌ.: ન્યુ ઈન્ડિયન એક્સપ્રેસ)**

# ઇતિહાસ પરિષદમાં ચર્ચાનો વિષય : સમાજ અને પર્યાવરણ પર મુસ્લિમ હાજરીની અસર



ભારતીય ઈતિહાસ મંચ દ્વારા ૧૧ અને ૧૨ એપ્રિલે દિલ્હીમાં બે દિવસનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ભારતીય ઈતિહાસમાં મુસ્લિમોના યોગદાનને પ્રકાશિત કરવામાં આવ્યું હતું. તેમાં ઘણા વિદ્વાનો, વિચારોવાળા લોકો, શિક્ષણવિદો અને સંસદ સભ્યો જોડાયા હતા અને તેમણે વિચારસભર ભાષણો આપ્યા હતા. વાચકોના લાભ માટે, ઈન્ડિયા ટુમોરોએ આ કાર્યક્રમના કેટલાક મુખ્ય વક્તાઓના ભાષણોને ક્રમબદ્ધ રીતે રજૂ કર્યા છે.

જયપુરની માલવિયા નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના ભૂતપૂર્વ પ્રોફેસર મોહમ્મદ સલીમ એન્જિનિયરનું ભાષણ અહીં આપવામાં આવ્યું છે. સમજ સરળ બને તે માટે અને પુનરાવર્તન ટાળવા માટે ભાષણમાં થોડા નાના ફેરફારો કરવામાં આવ્યા છે.

"આ સત્રનો વિષય છે : સામાજિક પર્યાવરણ અને સુધારાઓ પર મુસ્લિમ હાજરીનો પ્રભાવ. મારા પાસે વિગતવાર ચર્ચા કરવાનો સમય નથી, તેથી મેં થોડા મહત્વના મુદ્દાઓ પસંદ કર્યા છે, જેમની ટૂંક સમયમાં ચર્ચા કરી શકાય.

આ મુદ્દાઓ વિષય સાથે સંબંધિત છે અને તમે બધાએ કદાચ પહેલેથી સાંભળ્યા હશે. હું અમારા બંને પેનલિસ્ટનો આભારી છું, જેમણે મહત્વપૂર્ણ મુદ્દાઓ અને પડકારો રજૂ કર્યા છે. તેમણે ખાસ કરીને આજના સમયમાં અમારી જ્ઞાન પ્રણાલી અને ઈતિહાસ લેખનમાં જોવા મળતા ભેદભાવ અને પૂર્વગ્રહ પર પ્રકાશ પાડ્યો છે. સમાવેશકતાની જગ્યાએ આજે વિશિષ્ટતા જોવા મળી રહી છે.

આ પરિસ્થિતિમાં ઈસ્લામ અને મુસ્લિમો પ્રત્યે નફરતનો એક વલણ દેખાઈ રહ્યો છે, જે આ ચળવળને આગળ ધપાવે છે. તેના કારણે, મુસ્લિમો દ્વારા સમાજ, પરંપરા, સંસ્કૃતિ, કલા અને શાસનમાં આપેલા યોગદાનને માત્ર અવગણવામાં જ નથી આવતું, પરંતુ ઘણી વખત ખોટી રીતે રજૂ પણ કરવામાં આવે છે. પ્રો.એન.સુકુમારે આ મુદ્દા પર ધ્યાન દોર્યું છે અને પ્રો. અજય ગુડાવર્તીએ પણ મહત્વપૂર્ણ પ્રશ્નો ઉઠાવ્યા છે.

અહીં એક મોટો પડકાર લોકપ્રિય કથાનો છે. આ કથા તેના નિર્ણયો, નીતિઓ અને વલણમાં ઈસ્લામ અને મુસ્લિમો પ્રત્યેના દ્વેષથી પ્રભાવિત છે. તેના પરિણામે સાચી હકીકતો દબાઈ રહી છે અને એક નવો પ્રકારનો ઈતિહાસ લખાઈ રહ્યો છે. અહીં એક વાત એવી પણ કરવામાં આવી છે કે મહાત્મા ગાંધીએ ધર્મ અને રાજકારણને સાથે રાખવાની વાત કરી હતી. તેમનું માનવું હતું કે જો રાજકારણ પર ધર્મનું નિયંત્રણ ન હોય, તો ન્યાય મળવો મુશ્કેલ છે.

મારા મત મુજબ, ગાંધીજીનું દર્શન મૂલ્યો પર આધારિત છે, કારણકે ધર્મ આપણને મૂલ્યો, ચારિત્ર્ય અને નૈતિકતા શીખવે છે. જો રાજકારણમાં મૂલ્યો અને નૈતિકતા ન હોય, તો તે અયોગ્ય અને અવ્યવસ્થિત બની શકે છે.આથી, જો રાજકારણ નૈતિક મૂલ્યોના નિયંત્રણ હેઠળ ન હોય, તો સમાજ અરાજકતા તરફ જઈ શકે છે.

હાલમાં ભારતમાં ધર્મના નામે જે કંઈ પણ થઈ રહ્યું છે, તે ખરેખર ધર્મ નથી. સાચો ધર્મ તો નૈતિકતા અને સારા મૂલ્યો શીખવે છે.

જો ધર્મના નામે નફરત ફેલાવવામાં આવે, તો તે ધર્મ નથી. જો લોકો વચ્ચે ભેદભાવ કરવામાં આવે, કોઈને ઊંચું કે નીચું માનવામાં આવે, તો તે પણ ધર્મ નથી. એ કંઈક અલગ જ છે. તેથી, આ બાબત પર વિચાર કરવાની જરૂર છે. આજે અમારા પેનલિસ્ટ્સે જે મુદ્દાઓ રજૂ કર્યા છે, તેમાં હું એક વધુ મુદ્દો ઉમેરવા માંગું છું તે છે ધાર્મિકતા.

જો કોઈ વ્યક્તિ પોતાના ધર્મનું પાલન કરે છે, તો ભલે તેની અંદર કેટલીક નબળાઈઓ હોય, તો પણ તે નૈતિક જવાબદારી અને મૂલ્યો વિકસાવે છે. તેથી ધાર્મિકતા હાનિકારક નથી. ધાર્મિકતા અને સાંપ્રદાયિકતા બે અલગ અને વિરુદ્ધ બાબતો છે.જે વ્યક્તિ સાચા અર્થમાં પોતાના ધર્મનું પાલન કરે છે, તે સાંપ્રદાયિક નથી હોઈ શકતો. અને જે વ્યક્તિ ભગવાનમાં માનતો ન હોય, તે પણ સાંપ્રદાયિક હોઈ શકે છે. આપણે આજના સમયમાં આ વાત જોઈ રહ્યા છીએ. તેથી આ મુદ્દા પર વિચાર કરવો જરૂરી છે.

આપણે ધાર્મિકતા અને સાંપ્રદાયિકતાને અલગ રીતે સમજવી જોઈએ. બંનેને એક સમાન માનવું યોગ્ય નથી.આજના સમાજમાં બાકાત રાખવાની પ્રવૃત્તિના કારણે વિભાજન વધ્યું છે. આ વિભાજનથી ધ્રુવીકરણ વધ્યું છે અને તેના કારણે 'ઘેટોઈઝેશન' જેવી પરિસ્થિતિ ઉભી થઈ છે.નફરત ફેલાવવી અને બહુમતીવાદી વિચારોને પ્રોત્સાહન આપવું આ બધું ઘેટોઈઝેશનને વધુ મજબૂત બનાવે છે. જ્યારે સમાજના જુદા જૂથો વચ્ચે સંવાદ અને સંપર્ક ન હોય, ત્યારે અફવાઓ અને ગેરસમજ ઝડપથી ફેલાય છે.

આથી, બાકાત કરવાની પ્રક્રિયામાં સુરક્ષા અને સલામતી જેવા મુદ્દાઓ મહત્વના છે, પરંતુ આ રીતે બનાવાતો સમાજ દેશ માટે નુકસાનકારક છે. અંતમાં, હું કહેવા માંગું છું કે આપણો દેશ ખૂબ જ પ્રાચીન અને સંસ્કારી દેશ છે. ૭મી સદીમાં ભારતમાં ઈસ્લામનો આગમન થયો. હકીકતમાં, તે પહેલાં પણ આરબ લોકો અહીં આવતા હતા અને વેપાર સંબંધો હતા. પરંતુ ૭મી સદી પછી અહીં ઈસ્લામનો પરિચય થયો. ત્યારબાદ મુસ્લિમ શાસકો અને ખાસ કરીને સૂફી સંતોના માધ્યમથી ઈસ્લામનો સમાજ પર મોટો પ્રભાવ પડ્યો.

આ પ્રભાવ શાસકો પર પણ પડ્યો. ઈસ્લામના અનુયાયીઓ, ખાસ કરીને સૂફીઓએ સમાજને જે રીતે પ્રભાવિત કર્યો છે, તેની અસર આજે પણ જોવા મળે છે. આજના ભારતમાં સંસ્કૃતિ, પરંપરા, ખોરાક, સ્થાપત્ય, કલા, સમાજ અને શાસન વ્યવસ્થામાં ઈસ્લામ અને મુસ્લિમોના પ્રભાવ સ્પષ્ટ રીતે દેખાય છે.

હું અહીં મુસ્લિમોની હાજરીના કારણે ભારત પર પડેલા કેટલાક મુખ્ય પ્રભાવોની ચર્ચા કરૂં છું. પ્રથમ મુદ્દો છે 'તૌહીદ' એટલે કે ભગવાનની એકતા અથવા એકેશ્વરવાદ. આ વિચારનો ભારતીય સમાજના અનેક સંપ્રદાયો અને નવા ધર્મો પર અસર પડી છે.

ભારતમાં અનેક પયગંબરો અને સંદેશવાહકો આવ્યા હશે, જેઓએ દૈવી માર્ગદર્શન આપ્યું હશે, પરંતુ તેમના સંદેશો અને જીવનનું યોગ્ય રીતે સંરક્ષણ ન થતાં, સમય સાથે બહુદેવવાદ પ્રબળ બન્યો, જે આજે પણ જોવા મળે છે. તેમ છતાં, તૌહીદનો સંદેશ સંપૂર્ણ રીતે ગાયબ થયો નથી. ૭મી સદી પછી ઈસ્લામ અને મુસ્લિમોની હાજરીએ એકેશ્વરવાદને ફરી મજબૂત બનાવ્યો અને તેને પ્રોત્સાહન આપ્યું.

આર્ય સમાજ, બસવન્ના, લિંગાયત પરંપરા, રાધા સ્વામી, સ્વામી રવિદાસ, ગુરૂ નાનકજી દ્વારા પ્રેરિત શીખ ધર્મ અને અન્ય સંપ્રદાયો બતાવે છે કે બહુદેવવાદ હોવા છતાં એકેશ્વરવાદનો પ્રભાવ ભારતીય સમાજમાં હાજર છે.

જો આપણે સામાન્ય લોકો સાથે વાત કરીએ, તો તેઓ ઘણી વાર કહે છે કે તેઓ અનેક દેવતાઓમાં માનતા હોવા છતાં અંતે એક જ ભગવાનમાં વિશ્વાસ રાખે છે. આ વાત આપણે અનુભવી શકીએ છીએ. ભક્તિ ચળવળ પર પણ ઈસ્લામિક આધ્યાત્મિકતા, ખાસ કરીને સૂફી પરંપરાનો ઊંડો પ્રભાવ રહ્યો છે. ભારતમાં ભક્તિ ચળવળ ૭મી સદીથી ૧૭મી સદી સુધી ચાલી, અને તેમાં સૂફી વિચારધારાનો સ્પષ્ટ અસર જોવા મળે છે.

ભક્તિ ચળવળમાં બે મુખ્ય પ્રવાહો હતા નિર્ગુણ અને સગુણ. નિર્ગુણમાં નિરાકાર ભગવાનની ઉપાસના થાય છે, જ્યારે સગુણમાં ભગવાનના સ્વરૂપની પૂજા થાય છે. આ ચળવળમાં રામાનંદ, કબીર, ગુરૂ નાનક, દાદુ દયાળ, સંત રવિદાસ, નામદેવ, તુલસીદાસ, સુરદાસ, મીરાબાઈ, ચૈતન્ય મહાપ્રભુ, રામાનુજ, સંત એકનાથ, ત્યાગરાજ અને અન્ય ઘણા સંતોનો સમાવેશ થાય છે. આ બધા દ્વારા ભારતીય સમાજ પર ઊંડો પ્રભાવ પડ્યો છે.

બીજો મુદ્દો છે જાતિ આધારિત ભેદભાવ. આ ભેદભાવ આજે પણ સમાજમાં જોવા મળે છે, પરંતુ તેને ઘટાડવામાં ઈસ્લામ અને મુસ્લિમોની ભૂમિકા અનુભવાય છે. ઈસ્લામમાં સમાનતાનો વિચાર સમાજ પર અસરકારક રહ્યો છે.

'સતી પ્રથા' એક ખૂબ જ ખતરનાક પ્રથા હતી, જેમાં વિધવાને તેના પતિની ચિતા પર સળગાવી દેવામાં આવતી હતી. ૧૮૨૯માં આ પ્રથા સામે કાયદો બનાવવામાં આવ્યો હતો, અને રાજા રામ મોહન રાયે તેના વિરોધમાં આંદોલન કર્યું હતું. ૧૯૮૭માં પણ રૂપ કંવર નામની મહિલાને ચિતા પર સળગાવવામાં આવી હતી, જેના પછી વધુ કડક કાયદો બનાવવામાં આવ્યો.

સમાજમાં થયેલા સુધારાઓ દર્શાવે છે કે, ઈસ્લામે મહિલાઓને સમાન અધિકારો આપવાનો વિચાર આગળ વધાર્યો. ઉદાહરણ તરીકે, વિધવા પુનર્વિવાહ જેને આજે પણ કેટલાક સ્થળોએ ખોટું માનવામાં આવે છે તેને ઈસ્લામમાં સ્વીકારવામાં આવ્યું છે. તે જ રીતે, વારસામાં મહિલાઓને હિસ્સો આપવાનો વિચાર પણ મહત્વપૂર્ણ સુધારો છે, જ્યાં કાયદા દ્વારા મહિલાઓને તેમના અધિકારો આપવામાં આવ્યા છે. પૂર્વે ભારતીય સમાજમાં, જો પતિ-પત્ની સાથે રહી ન શકે, તો છૂટાછેડાની કોઈ સ્પષ્ટ વ્યવસ્થા નહોતી. જ્યારે ઈસ્લામમાં છૂટાછેડાની જોગવાઈ છે, જેમાં બંને વ્યક્તિ ગૌરવ સાથે અલગ થઈ શકે છે. ભારતમાં પણ હવે કાયદા દ્વારા છૂટાછેડાની વ્યવસ્થા અપનાવવામાં આવી છે, જે સમાજ અને સંસ્કૃતિ પર ઈસ્લામ અને મુસ્લિમોની અસરને દર્શાવે છે.

(સૌ.: ઈન્ડિયા ટુમોરો)

# 'ઈતિહાસ' એ ભાજપનો બૌદ્ધિક આધારસ્તંભ



● હિન્દુત્વના ભૂતકાળના શાસનના ઈતિહાસને બદલી નાખવાની રાજનીતિ

● ઈતિહાસમાંથી રાજાઓ અને રાજવંશોનું નવીનીકરણ કરીને, નીતિગત નિષ્ફળતાને ઢાંકવા માટે ઈતિહાસ ઘડીને જાતિ-સાંપ્રદાયિક રાજકારણ કરવાનું આયોજન

ધુરંધર ફિલ્મમાં, હિન્દુ બહાદુરી અને બાહ્ય ખતરાને સહજ રીતે ઈતિહાસનું પેકેજિંગ કરીને, તેના મુખ્ય નાયકોને, અજય સાન્યાલ (બ્રાહ્મણ), સુશાંત બંસલ (વાણિયા) અને જસકીરત સિંહ રંગી (જાટ શીખ) તરીકે નામ આપવાથી લઈને વહીવટી તથ્યોને ખોટી રીતે રજૂ કરાયા છે. નોટબંધી દરમિયાન જાવેદ અહમદને બદલે પ્રશાંત કુમારને ઉત્તર પ્રદેશના ડીજીપી તરીકે દર્શાવવામાં આવ્યા છે. આ ફિલ્મની ઘણી બાબતો એક પરિચિત પેટર્ન દર્શાવે છે કે, જમણેરી પાંખ કઈ ઓળખને મહિમા આપવાનું પસંદ કરે છે અને કઈને ઓળખને બાજુ પર રાખે છે અથવા અસ્પષ્ટ કરે છે.

આવી વિકૃતિઓ ફક્ત ધાર્મિક રૂઢિચુસ્તતા અથવા મુસ્લિમ વિરોધી ધ્રુવીકરણ વિશે નથી. તેઓ અત્યંત હોશિયારપૂર્વક, જ્ઞાન પર બ્રાહ્મણવાદી સત્તાને ફરીથી લખે છે અને વેપારી સમુદાયોના મૂડીવાદી વર્ચસ્વને કાયદેસર બનાવે છે અને બિન-બ્રાહ્મણ બિન-વાણિયા સમુદાયોમાં જાતિની તિરાડોને મોટી કરીને મુસ્લિમો સામે વ્યાપક હિન્દુ ઓળખને એકત્ર કરે છે. ખરા અર્થમાં, તેઓ હિન્દુત્વ શાસન નિષ્ફળતાઓથી ધ્યાન હટાવવા અથવા સામાજિક સંઘર્ષ પેદા કરવા માટે વિકૃત અથવા બનાવટી ઈતિહાસનો ઉપયોગ કરે છે.

**કોર્પોરેટ હિતોની સેવા માટે ઈતિહાસ પરના વિવાદ**

૨૨ ડિસેમ્બરના રોજ, ભીલ શ્રોતાઓને સંબોધિત કરતાં, ભાજપના દિગ્ગજ નેતા અને પંજાબના રાજ્યપાલ ગુલાબચંદ કટારિયાએ મહારાણા પ્રતાપ વિશે એવી ટિપ્પણી કરી હતી જેને વ્યાપકપણે અપમાનજનક ગણવામાં આવી હતી. આ ટિપ્પણી બાદ ભારતીય આદિવાસી પાર્ટીના રાજકુમાર રોતએ તેમની ટીકા કરીને આદિવાસી ઐતિહાસિક સ્મૃતિમાં પ્રતાપના કાયમી સ્થાન પર ભાર મૂક્યો હતો. જોકે, ભાજપ લાંબા સમયથી વ્યક્તિત્વનો ઉપયોગ ભાવનાત્મક ગતિશીલતા માટે કરે છે.

આ અંગે ભાજપની વ્યાપક ઈકોસિસ્ટમમાં પણ અસ્વસ્થતા જોવા મળી છે. ૨ જાન્યુઆરીના રોજ, રાજનાથ સિંહની હાજરીવાળા એક કાર્યક્રમમાં બોલતા, વિશ્વરાજ સિંહ મેવાડે ઈતિહાસના રાજકીય દુરુપયોગનો અંત લાવવા ચેતવણી આપી હતી.

કટારિયાની ટિપ્પણીઓ એવા પ્રદેશમાં રાજકીય સબટેક્સ્ટ પણ ધરાવે છે જ્યાં ખાણકામના હિતો મોટાભાગે જૈન અને અગ્રવાલ વ્યવસાયિક જૂથો દ્વારા નિયંત્રિત છે. જોકે, ભીલ અને રાજપૂત જેવા આદિવાસી-કૃષિ સમુદાયો વસ્તી વિષયક રીતે પ્રભુત્વ ધરાવે છે છતાં અપ્રમાણસર ઈકોલોજીકલ અને સામાજિક ખર્ચ પણ સહન કરે છે. રોટની સીધી ટીકા અને મેવાડની અપીલને એકસાથે જોતા તે ફલિત થાય છે કે, આદિવાસી અને કૃષિ ઈતિહાસના આર્થિક અને રાજકીય હિતોને પૂર્ણ કરવા માટે વિનિયોગ સાથે વધતી જતી અગવડતા દેખાય છે. મહત્વપૂર્ણ વાત એ છે કે, આજે RSS-BJPના પ્રોજેક્ટમાં હિન્દુ યોદ્ધાઓની સક્રિય શોધ, ઐતિહાસિક રાજવંશોનું પુનર્નિર્માણ અને સોશિયલ મીડિયા, લોકપ્રિય સાહિત્ય અને રાજ્ય-સમર્થિત માળખા દ્વારા તેમનું સંસ્થાકીયકરણ વધુને વધુ સામેલ છે. આ એ સમજવા માટે જરૂરી છે કે કેવી રીતે હિન્દુત્વ અને જાતિ આધારિત પક્ષો સાથે મળીને ઉત્તર ભારતને જાતિ-સાંપ્રદાયિક રેખાઓ પર ફરીથી આકાર આપી રહ્યા છે અને ઐતિહાસિક સાક્ષરતા અને જાહેર બુદ્ધિમત્તાને સતત ક્ષીણ કરી રહ્યા છે.

**ઉત્પાદિત ઈતિહાસની હિન્દુત્વ ફેક્ટરી**

જ્યારે આરએસએસ અને તેના મહારાષ્ટ્રીયન નેતૃત્વએ સાવરકર જેવા વ્યક્તિઓને શુદ્ધ કરવા અને શિવાજી, સંભાજી અને પેશ્વાઓ પર નવલકથાઓ અને ઉચ્ચ બજેટની ફિલ્મો દ્વારા ભવ્ય ઉપહાસ બનાવવા માટે સહાનુભૂતિશીલ વિદ્વાનોની ભરતી કરી છે, ત્યારે હિન્દુત્વ ઈકોસિસ્ટમે તે જ સમયે ઉત્તર ભારતમાં અગાઉ અજાણ્યા 'ઐતિહાસિક' વ્યક્તિઓનો પ્રવાહ પેદા કર્યો છે. આ બનાવટી વાતો જાતિગત ખામીઓનો ઉપયોગ કરવા અને લક્ષિત સમુદાયોમાં ઈરાદાપૂર્વક ઐતિહાસિક ચેતનાને સપાટ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવી છે.

તાજેતરના વર્ષોમાં, ભાજપ-સંલગ્ન પ્લેટફોર્મ્સે મહિષ્મતીના કથિત શાસક રાજા સુધન્વ ચૌહાણની કથાઓ ફેલાવી છે. રાજા સુધન્વ ચૌહાણે ઐતિહાસિક ચૌહાણો એટલે કે અજમેર-સાંભારના ઐતિહાસિક ચૌહાણો કરતાં મોટા સામ્રાજ્ય પર શાસન કર્યું હતું અને તેમને આદિ શંકરાચાર્યના શિષ્ય તરીકે દર્શાવવામાં આવ્યા હતા. અન્ય શોધ કિરણદેવીની છે, જેમણે અકબરને તેના કથિત દુષ્કૃત્યો માટે મીના બજારમાં ખંજરથી હુમલો કરવાની ધમકી આપી હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.

આમાંથી કોઈ પણ વ્યક્તિત્વ શિલાલેખો, ઈતિહાસ કે સ્થાનિક મૌખિક પરંપરાઓ દ્વારા સમર્થિત નથી. તેનાથી વિપરીત, મુઘલો અથવા શીખોની તુલનામાં લાંબા ગાળાના રાજકીય વર્ચસ્વને કારણે, રાજપૂત ભૂતકાળ હિન્દુ, ઈસ્લામિક અને શીખ સ્ત્રોતોમાં અસામાન્ય રીતે સારી રીતે દસ્તાવેજીકૃત થયેલ છે, જેના કારણે આવી બનાવટી વાતોનો ખુલાસો કરવો પ્રમાણમાં સરળ બને છે. જી.એચ. ઓઝા, નામવર સિંહ અને સિન્થિયા ટાલ્બોટ જેવા વ્યક્તિઓ દ્વારા સોળમી સદીના પૃથ્વીરાજ રાસોનો વિદ્વતાપૂર્ણ અસ્વીકાર, અને સમકાલીન જયનાક દ્વારા લખાયેલા પૃથ્વીરાજ વિજય મહાકાવ્યની તરફેણમાં, આ મુદ્દાને સ્પષ્ટ કરે છે. સિન્થિયા ટાલ્બોટ નોંધે છે કે, એક સદીથી વધુ વિદ્વતાપૂર્ણ અસ્વીકાર છતાં, રાસોની બારમી સદીની અધિકૃતતાના દાવા લોકપ્રિય સંસ્કૃતિમાં ચાલુ છે.

આ વ્યૂહરચનાનું વાસ્તવિક લક્ષ્ય એવા સમુદાયો છે જેમની પાસે સતત રાજકીય વર્ચસ્વનો અભાવ હતો અને હવે ઐતિહાસિક રેકોર્ડની ગેરહાજરીમાં લશ્કરી અથવા શાહી ભૂતકાળ શોધે છે.

**ફૂલે-આંબેડકરવાદ સામે કાલ્પનિક કથાઓની ભરમાર**

ગરુડ પ્રકાશન દ્વારા પ્રકાશિત મનોશી સિંહા રાવલના ૨૦૧૯ના પુસ્તક 'સેફ્રોન સ્વોર્ડ્સ'માં પણ અપ્રમાણિત બહાદુરીની વાર્તાઓને અધિકૃત ઈતિહાસ તરીકે રજૂ કરીને આવી ઘણી બનાવટી વાતોને મુખ્ય પ્રવાહમાં લાવવામાં આવી હતી.

RSSના વડા મોહન ભાગવત, રતન શારદા અને કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુ દ્વારા સમર્થન પામેલ, આ પુસ્તક ઉદાહરણ આપે છે કે કેવી રીતે પૌરાણિક કથાઓને કાયદેસરતામાં ફેરવવામાં આવે છે. પ્રમોટ કરાયેલા વ્યક્તિઓમાં રામપ્યારી ગુર્જરી, જોગરાજ સિંહ ગુર્જર અને હરવીર સિંહ ગુલિયાનો સમાવેશ થાય છે, જેમણે કથિત રીતે પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં ૪૦,૦૦૦ની સેના એકઠી કરી હતી અને તૈમૂર-એ-લંગને હરાવ્યો હતો. તૈમૂરનું મૃત્યુ હરવીરસિંહ ગુલિયા દ્વારા કરવામાં આવેલા ઘાને કારણે થયું હોવાનો દાવો પણ કરવામાં આવે છે. આ વાર્તાને તત્કાલીન ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે જાહેરમાં રજૂ કરી હતી. જ્યારે Alt Newsએ વિદ્વતાપૂર્ણ ચકાસણીની માંગ કરી, ત્યારે ઈતિહાસકાર હેરંબ ચતુર્વેદીએ આ દાવાને 'એકદમ વાહિયાત' ગણાવીને ફગાવી દીધો હતો.

પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં જમીનદાર જાતિઓ વચ્ચે આવી દંતકથાઓ બનાવવા અને દલિત વિરોધી હિંસામાં વધારો થવા વચ્ચેના સંબંધને અવગણી શકાય નહીં. આ કથાઓ બ્રાહ્મણવાદી વર્ણ (જાતિ) માળખામાં જાતિ શ્રેષ્ઠતાની નાજુક ભાવના પ્રદાન કરે છે, માળખાકીય અસમાનતાથી ધ્યાન ભટકાવે છે જ્યારે ફૂલે-આંબેડકરવાદી રાજકારણ દ્વારા રચાયેલી એકતાને નબળી પાડે છે.

**શ્રીમંતોની પ્રગતિ, ગરીબોનું ગૌરવ અને મુસ્લિમ ભૂતકાળની છેકાછેકી**

હિન્દુત્વની ઐતિહાસિક રચના રાજ્યના માળખા દ્વારા પણ વધુને વધુ સાકાર થાય છે. ગયા વર્ષે જુલાઈમાં, યોગી આદિત્યનાથે બહરાઈચમાં રાજા સુહેલદેવ રાજભરની ચાલીસ ફૂટ ઊંચી કાંસ્ય પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. કારવાને દસ્તાવેજીકરણ કર્યું છે કે કેવી રીતે ભાજપ અને હિન્દુ યુવા વાહિનીએ સુહેલદેવના વારસા દ્વારા રાજભર ઓબીસીને એકત્ર કર્યા છે. અમીશ ત્રિપાઠીની નવલકથા લિજેન્ડ ઓફ સુહેલદેવ (૨૦૨૦) દ્વારા તેને વધુ લોકપ્રિય બનાવવામાં આવી હતી.

છતાં સંઘ પરિવારનો સુહેલદેવ સાથેનો સંબંધ જૂનો છે. ૨૦૦૩ માં, રામભદ્રાચાર્ય દ્વારા એક શંકાસ્પદ લખાણ, તુલસી દોહા શતક પ્રચારિત કરવામાં આવ્યુ હતુ, જેને પાછળથી નામવર સિંહ દ્વારા રદિયો આપવામાં આવ્યો હતો. જેમાં મંદિર વિનાશની કથાઓ તુલસીદાસને ખોટી રીતે જવાબદાર ગણાવવામાં આવ્યા હતા. આ પ્રદેશ પર પ્રભુત્વ ધરાવતા ગહરવાર અથવા કલચુરી રાજવંશોના અગિયારમી સદીના કોઈ શિલાલેખોમાં સુહેલદેવ નામના કોઈ શાસકનો ઉલ્લેખ નથી. તેમનો પ્રથમ દેખાવ સત્તરમી સદીના મિરાત-એ-સિકંદરીમાં જોવા મળે છે, જ્યાં તેમને પરોપકારી રાજા તરીકે નહીં પરંતુ એક દમનકારી હિન્દુ શાસક તરીકે દર્શાવવામાં આવ્યા છે. આમ, પછીની કથાઓમાં એક કાલ્પનિક દમનકારી શાસકને ઐતિહાસિક રાજભર રાજા તરીકે ફરીથી અર્થઘટન કરવામાં આવે છે જેથી OBCને જાટવ-આગેવાની હેઠળના બહુજન રાજકારણથી દૂર લઈ જઈ શકાય.

આવી જ પ્રક્રિયાઓ અન્યત્ર પણ જોવા મળે છે. ૨૦૦૦ માં, ઈન્ડિયા પોસ્ટે મહારાજા બિજલી પાસીના સ્મરણાર્થે એક સ્ટેમ્પ બહાર પાડી, જેમાં તેમને પૃથ્વીરાજ ચૌહાણના સમકાલીન તરીકે ખોટી રીતે રજૂ કરવામાં આવ્યા હતા. પ્રો. બદ્રી નારાયણે 'ઈવેન્ટિંગ કાસ્ટ હિસ્ટ્રી' માં આવી શોધોનું વિશ્લેષણ કર્યું છે. તાજેતરમાં જ, યોગી સરકારે નિહાલગઢ રેલવે સ્ટેશનનું નામ બદલીને મહારાજા બિજલી પાસી સ્ટેશન રાખ્યું છે.

લખનૌની સ્થાપના માટે સત્તાવાર કથાઓમાં લક્ષ્મણ, લખન આહિર, અથવા લખન પાસીને વિવિધ રીતે જવાબદાર ગણવામાં આવે છે. સુનિતા સિંહાના અવલોકન મુજબ, ભાજપ દ્વારા 'જાતિના રાજવી ઈતિહાસ'નો આ સ્પર્ધાત્મક ઉપયોગ બસપાના આંબેડકર પાર્કને પ્રતિકાત્મક ગૌરવ સાથે બદલીને પ્રતિભાવ આપે છે. આને આરએસએસ નેતૃત્વ દ્વારા તાળીઓના ગડગડાટથી મંજૂરી આપવામાં આવી છે, જેમણે પોતે વિજય સોનકર શાસ્ત્રી જેવા કાર્યોને પ્રોત્સાહન આપ્યું છે .

આ કથાત્મક હસ્તક્ષેપો ફક્ત વૈચારિક નથી; તેઓ ઐતિહાસિક રીતે વ્યાપારી મૂડી દ્વારા પ્રભુત્વ ધરાવતા આશ્રય અને પ્રકાશનના નેટવર્કમાં જોડાયેલા છે, જે કયા ઈતિહાસને વિસ્તૃત કરવામાં આવે છે અને કઈ ઓળખને મૂલ્ય આપવામાં આવે છે તે બંનેને આકાર આપે છે.

**ક્ષત્રિયકરણ : આર્ય સમાજથી આરએસએસ સુધી**

૧૯૦૭ની શરૂઆતમાં, ડેન્ઝીલ ઈબેટસને આર્ય સમાજને મજબૂત રાજકીય વલણો ધરાવતી ચળવળ તરીકે વર્ણવ્યું હતું, જે મધ્યમ વર્ગના બ્રાહ્મણો અને શહેરી વેપારી જાતિઓના સહિયારા હિતોમાં મૂળ ધરાવે છે. તેમનો ઉદ્દેશ ગ્રામીણ જમીનદાર સમુદાયોને ફરીથી આકાર આપવાનો હતો, જે હિન્દુ અને મુસ્લિમ બંને તરીકે સહઅસ્તિત્વ ધરાવે છે. જ્યારે હિન્દુ-મુસ્લિમ એકતા તૂટી ગઈ ત્યારે હિન્દુ ગ્રામીણ જાતિઓ પણ સ્પર્ધાત્મક ક્ષત્રિય દાવાઓ દ્વારા એકબીજા સામે ઉભી થઈ હતી. આ એક એવો પ્રોજેક્ટ છે જે આરએસએસ દ્વારા વારસામાં મળ્યો અને વિસ્તૃત થયો હતો.

હાંસ (માર્ચ ૧૯૯૮)માં લખતા, સાંસ્કૃતિક વિવેચક રાજેન્દ્ર યાદવે દલીલ કરી હતી કે, ભૂમિગત OBC લોકો વર્ણ પ્રણાલીમાં ક્ષત્રિય દરજ્જો ઈચ્છતા હતા, તેના વિસર્જન માટે નહીં, જે જાતિ પરિવર્તનના અવકાશને મર્યાદિત કરે છે. ક્ષત્રિય ઈતિહાસ આ માટે સરળતાથી યોગ્ય પ્રતીકાત્મક સંસાધન પ્રદાન કરે છે જે બ્રાહ્મણવાદી સંસ્થાકીય અને વાણિયા મૂડીવાદી આધિપત્ય તરફ સહયોગના બદલામાં ભૂમિગત OBCને 'ભેટ' આપી શકાય છે. ક્ષત્રિયકરણના પ્રોજેક્ટમાં ઐતિહાસિક રીતે વિવિધ જાતિઓને પૌરાણિક વ્યક્તિઓ સાથે જોડવાનો અથવા તેમને રાજપૂત ઈતિહાસ અને વ્યક્તિઓ સોંપવાનો સમાવેશ થાય છે. સદીઓથી, બ્રાહ્મણો અને વાણિયાઓ, (પછી ભલે શાસક વર્ગ રાજપૂત, મુઘલ, મરાઠા, અફઘાન કે જાટ હોય તો પણ મોટાભાગે શાસનમાં શાહી આશ્રય દ્વારા સક્ષમ હોય) હિન્દુ પૌરાણિક અને ઐતિહાસિક કથાઓના મુખ્ય દ્વારપાલ તરીકે કાર્ય કરતા હતા.

રજવાડાઓ વિસર્જન અને પરિણામે રાજપૂત જનતાના બિન-સંસ્થાકીયકરણ સાથે, બ્રાહ્મણ-વાણિયા બૌદ્ધિક વર્ગ નિર્ણાયક રીતે રાજપૂત ઈતિહાસ અને ઓળખને વ્યાખ્યાયિત કરનારા દ્વારપાલ બન્યા હતા. ઐતિહાસિક વર્ણન પરના આ એકાધિકારે તેમને જાહેર ચર્ચામાં ઓછામાં ઓછી બે મહત્વપૂર્ણ સામાજિક-રાજકીય શક્તિઓ આપી હતી.

પ્રથમ, રાજપૂત ઈતિહાસની પસંદગીયુક્ત ચાલાકી અને વ્યૂહાત્મક ચેરી ચૂંટવા દ્વારા, તેઓ એકસાથે મુસ્લિમોને બદનામ કરી શકતા હતા અને મુસ્લિમ શાસકો સાથેના ભૂતકાળના રાજપૂત જોડાણો માટે રાજપૂતોને શરમજનક બનાવી શકતા હતા અને આમ તેમના પર ધર્મ-રક્ષાનો કાયમી બોજ લાદી શકતા હતા. બીજું, આ નિયંત્રણથી ઘણીવાર મુસ્લિમો અને રાજપૂતો બંને સામે રાજકીય જોડાણના બદલામાં, રાજપૂત રાજાશાહી અને લશ્કરી કાયદેસરતાના પ્રતીકો જાટ અથવા ગુર્જર જેવી અન્ય પ્રભાવશાળી જાતિઓને ફરીથી સોંપવામાં સક્ષમ બન્યા હતા.

ઉદાહરણ તરીકે, રાજસ્થાનમાં, અસમર્થિત ઝુંઝર સિંહ નેહરાના પ્રક્ષેપણથી ઝુંઝુનુના સ્થાપક તરીકે નવાબ મોહમ્મદ ખાનની ઐતિહાસિક ભૂમિકાને દૂર કરવામાં આવી હતી. તેવી જ રીતે, ચુરુની સ્થાપના ચુહરુ જાટને આભારી હોવાના સત્તાવાર દાવાઓમાં સમકાલીન પુરાવાનો અભાવ છે, જ્યારે સ્થાનિક મુસ્લિમ ઈતિહાસનું ભૂંસી નાખવાથી જીવંત સમુદાયો હાંસિયામાં ધકેલાઈ રહ્યા છે. તાજેતરમાં રાજસ્થાનના ગોગામેડી મંદિરમાં જે બન્યું તે આનું ઉદાહરણ છે.

એક સેમિનારમાં, કપિલ કપૂરે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સમ્રાટ હર્ષ જાટ હતા, જ્યારે હિન્દુત્વ પ્લેટફોર્મ નિયમિતપણે એલેક્ઝાન્ડરના સમકાલીન રાજા પોરસ અને મધ્ય ભારતના છઠ્ઠી સદીના શાસક યશોધર્મનને જાટ શાસકો તરીકે રજૂ કરે છે - જે વૈદિક ક્ષત્રિયકરણની આર્ય સમાજની વ્યૂહરચનાઓનું પુનરાવર્તન કરે છે .

ગુર્જરોના સૌથી વિવાદાસ્પદ દાવાઓ છે. તેમને 'ક્ષત્રિય' બનાવવાના પ્રયાસો પ્રારંભિક મધ્યયુગીન રાજપૂત રાજવંશોને ગુર્જર મૂળ સાથે જોડે છે. ૧૯૯૭માં, NH-૨૪નું નામ બદલીને ગુર્જર સમ્રાટ મિહિર ભોજ માર્ગ રાખવામાં આવ્યું, અને ૨૦૧૦માં, અક્ષરધામ ખાતે એક પ્રતિમાએ મિહિર ભોજને 'ગુર્જર સમ્રાટ' તરીકે ઓળખાવ્યા હતા. જમણેરી રાજકીય વૈજ્ઞાનિક મીનાક્ષી જૈન અને પુરાતત્વવિદ્ કે.કે. મોહમ્મદે સમાન દાવાઓ આગળ ધપાવ્યા છે. જોકે પ્રોફેસર શાંતારાણી શર્મા દ્વારા ઈન્ડિયન હિસ્ટોરિકલ રિવ્યૂમાં તેમના ખંડનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ફેક્ચર્ડ ફોરેસ્ટ, ક્વાર્ટઝાઈટ સિટીમાં થોમસ ક્રોલી નોંધે છે કે, "ગુર્જર ઈતિહાસને પુનઃપ્રાપ્ત કરવામાં આવ્યો છે, બહારના દુષ્ટ લોકો સામે એક ભવ્ય સંઘર્ષમાં બનાવવામાં આવ્યો છે." ફ્રેન્ક ચાર્લ્સ સ્પાઉલ્ડિંગે તેમના નિબંધમાં ભાર મૂક્યો હતો કે, "ગુર્જરોમાં આ મધ્યયુગીન રાજ્યના અસ્તિત્વ અને સમકાલીન ગુર્જરોના તેની સાથેના જોડાણનો સંકેત આપતી કોઈ પરંપરાઓ, લેખિત, મૌખિક અથવા અન્યથા નહોતી." (પૃષ્ઠ ૭૪), જે તેમના તાજેતરના મૂળ તરફ સંકેત આપે છે. રાજપૂત રાજવંશો પર જાટ અને ગુર્જરો દ્વારા કરવામાં આવેલા આ સ્પર્ધાત્મક દાવાઓ, જે પહેલા આર્ય સમાજ અને પછી આરએસએસ દ્વારા વિકસાવવામાં આવ્યા, હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથોને સશક્ત બનાવવાને બદલે કૃષિ એકતાને જ તોડી નાખ્યા છે.

**નિષ્કર્ષ :** હિન્દુત્વનો ઐતિહાસિક સુધારાવાદ મુખ્યત્વે મુસ્લિમ વિરોધી ધ્રુવીકરણને પ્રોત્સાહન આપે છે પરંતુ તે હિન્દુ સમાજને સંચાલિત કરવાનું પણ કાર્ય કરે છે. દલિત-બહુજન ચળવળોનો સામનો કરવા, કૃષિ એકતાને વિભાજીત કરવા અને શાસનને તમાશાથી બદલવા માટે કાર્ય કરે છે. ઈતિહાસનું નિર્માણ નીતિગત નિષ્ફળતા માટે એક વૈચારિક આધાર બની ગયું છે, જે જાતિ અને સાંપ્રદાયિક ભંગાણને વધુ ઊંડું બનાવે છે જ્યારે ઐતિહાસિક ચેતનાને જ ખોખલી કરે છે. આ પ્રક્રિયામાં, ઈતિહાસને ભૂતકાળને સમજવાના માધ્યમથી નિયંત્રણ, સ્પર્ધા અને રાજકીય વિક્ષેપના સાધનમાં ઘટાડવામાં આવે છે.

**-આદિત્ય ક્રિષ્ના ડીઓરા (સૌ. : સબરંગ ઈન્ડિયા)**